STORAGE RACK
Wholesale price as per shop/ showroom size
CUSTOMIZED
RION INDUSTRIES
FACTORY R. K. IND. ZONE-6 KUCHIYADAL TA. DIST. RAJKOT.
Rangoli FURNITURE
DHEBAR ROAD, RAJKOT.
99094 44485
97239 18483

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૧ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઇ શાહ તા. ૧૩-૫-૨૦૨૫ - મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૨૨ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

દિપકભાઈ-૯૮૨૫૩ ૫૭૧૨૪ • મહેશભાઈ-૯૭૨૫૭ ૪૫૭૪૩
રવા નાનખટાઇ
કેસર રોલ
ચોકોજામ નાનખટાઇ
ચોકો વેનીલા નાનખટાઇ
હોલસેલ અને કોર્પોરેટ ગીફ્ટ માટે પણ ઉપલબ્ધ
250 g - 500 g 1 kg પેક
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઇન રોડ, રાજકોટ

## ગુજરાતના ગૌરવસમા સિંહોની સંખ્યા ૯૦૦ ને આંબી જશે? ૯

## મનસુખ સાગઠીયાની ૨૧ કરોડની સંપતિ ટાંચમાં લેતી ED ૧૬

## રાજકોટના યુનિવર્સિટી રોડ પર ઘરમાં ઘુસી કેન્સર હોસ્પિટલની નર્સની હત્યા ૧૬

### ઓપરેશન સિંદુરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર એરબેઝ પર વડાપ્રધાનનું આગમન

# વડાપ્રધાન મોદી આદમપુર એરબેઝ પહોંચ્યાઃ જવાનોનો જુસ્સો આસમાને





## શા માટે દુશ્મનના પાયલોટ શાંતિથી સુઇ શકતા નથી : મોદીના આગમનનો સંદેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ૭ વાગ્યે આદમપુર પહોંચ્યા હતા અને અહીં એરબેઝ પર દોઢ કલાક જેટલો સમય જવાનો સાથે વિતાવ્યો હતો. ભારતની એસ-૪૦૦ સહિતની એર ડિફેન્સ સિસ્ટમ અહીં તૈનાત છે અને તેણે પાકિસ્તાન સામેના યુધ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વડાપ્રધાનના આગમન સાથે હવાઇ દળે એક તસ્વીર સોશ્યલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરી હતી જેમાં વડાપ્રધાનની સાથે ભારતીય હવાઇ દળના ફાઇટર જેટનું દ્રશ્ય છે અને તેમાં એવું લખાયું હતું કે શા માટે દુશ્મન દેશના પાયલોટ શાંતિથી ઉંઘી શકતા નથી. વડાપ્રધાનની આ મુલાકાત પાકિસ્તાનને સીધો સંદેશ તરીકે ગણવામાં આવે છે.





નવી દિલ્હી તા.૧૩

ઓપરેશન સિંદુરની સફળતા બાદ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પંજાબના આદમપુર પહોંચ્યા છે અને તેઓએ એરબેઝ ખાતે જવાનોની મુલાકાત લીધી હતી. શ્રી મોદીના આગમનની

### વડાપ્રધાને મોખરાની હરોળના એરબેઝ પર પહોંચીને પાકિસ્તાનને મોટો સંદેશ આપી દીધોઃ એરફોર્સના અધિકારીઓ સાથે પણ ઓપરેશન સિંદુર અંગે વાતચીત

### વડાપ્રધાન સવારે ૭ વાગ્યે એરબેઝ પહોંચ્યા : પાક. પર હુમલામાં સામેલ ફાઇટર જેટના પાયલોટસને મળ્યા

માહિતી અત્યંત ગુપ્ત રાખવામાં આવી હતી. તેઓ આજે સવારે ૧૧ વાગ્યે આદમપુર એરબેઝ પર પહોંચ્યા હતા અને તુર્તજ એરબેઝમાં ફરજ પરના જવાનોને મળ્યા હતા. શ્રી મોદીના આગમનથી જવાનો પણ આશ્ચર્યમાં પડી ગયા હતા અને વડાપ્રધાનને વધાવી લીધા હતા. પંજાબના આદમપુર સહિતના વિસ્તારોમાં જે રીતે પાકિસ્તાને ડ્રોન સહિતના હુમલા કર્યા છે તેને ભારતીય દળોએ મારી હટાવ્યા હતા અને આદમપુરમાં એરબેઝ પરથી પણ એરડિફેન્સ સીસ્ટમ દ્વારા નિર્ણાયક કામગીરી કરવામાં આવી હતી. આ તમામ વચ્ચે પણ એરબેઝ પર જવાનો પુર્ણ રીતે આજે પણ સક્ષમ છે તે વચ્ચે વડાપ્રધાનની આ મુલાકાતે જવાનોને નવો જુસ્સો આપી દીધો છે. વડાપ્રધાનના આગમન બાદ તેઓ જવાનો સાથે ભોજન પણ લેશે તેવું માનવામાં આવે છે.




### પાકિસ્તાનને પાઠ ભણાવ્યા બાદ હવે કાશ્મીરમાં વધુ આક્રમક વ્યુહરચના

## ઓપરેશન કેલર કાશ્મીરના સોપિયામાં જબરૂ એન્કાઉન્ટરઃ ત્રણ ત્રાસવાદી ઠારઃ કાશ્મીરમાંથી ત્રાસવાદીઓને વીણી વીણીને ખતમ કરાશે



### સુરક્ષાદળોએ સાણસા વ્યુહ ગોઠવ્યોઃ અનેક ત્રાસવાદી ઘેરાયાઃ ઓપરેશન ચાલુઃ પાકિસ્તાનને ઓપરેશન સિંદુરમાં સબક શિખવાડયા બાદ હવે ત્રાસવાદગ્રસ્ત રાજયમાં ઓપરેશન



નવી દિલ્હી તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પંજાબના આદમપુર પહોંચ્યા છે તે વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં ફરી એક વખત ત્રાસવાદ સામે જબરુ ઓપરેશન શરુ થયુ છે અને સોપિયામાં સુરક્ષાદળોએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા છે અને હજુ વધુ આતંકીઓને ઘેરી લીધા છે. ઓપરેશન સિંદુર બાદ આ સૌથી મોટુ ત્રાસવાદી ઓપરેશન હોવાનું મનાય છે. સેનાએ આ કાર્યવાહીને ઓપરેશન કેલર નામ આપ્યુ છે જે કાશ્મીરના સેકાલ કેલર વિસ્તારમાં ત્રાસવાદીઓનો મોટો અડ્ડો હોવાની માહિતી પરથી તેના પર આ ઓપરેશન શરુ કરાયુ છે. સોપિયામાં આતંકીઓ કોઈ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### નૈઋત્યનુ ચોમાસુ વહેલુ અને ઝડપથી આગળ વધી રહ્યુ છે

# ચોમાસુ બંગાળની ખાડીમાં પહોંચ્યુંઃ તા.૧૦-૧૧ જૂનનાં ગુજરાતમાં પ્રવેશ

### હવામાન વિભાગની સતાવાર આગાહીઃ આ વર્ષે ગુજરાત સહિતના રાજયોમાં ધમાકેદાર વરસાદ

### આંદામાન-નિકોબારના ટાપુ ક્ષેત્રમાં બંગાળના અખાતમાં ચોમાસાનો વરસાદ શરૂઃ આગામી દિવસોમાં દેશના ૨૩ રાજયોમાં આંધી તોફાન

નવી દિલ્હીઃ દેશમાં કાળઝાળ ગરમી અને માવઠાની સ્થિતિ વચ્ચે નૈઋત્યનુ ચોમાસુ તેના એડવાન્સ શેડયુલ મુજબ આગળ વધી રહ્યું છે અને આજે ચોમાસાએ બંગાળના અખાતમાં નિકોબારના ટાપુઓ, બંગાળની ખાડી, દક્ષિણ આંદામાન સાગર અને ઉતર આંદામાનના સમુદ્રમાં પહોંચી ગયું છે. હવામાન વિભાગે આ સારા સમાચાર આપતા જણાવ્યું કે નૈઋત્યનુ ચોમાસુ ફકત વહેલુ તા.૨૭ના કેરળ પહોંચશે અને તેની આગળ વધવાની ઝડપ પણ વધુ તો હવામાન વિભાગના જણાવ્યા મુજબ સામાન્ય રીતે તા.૧૫ જૂન બાદ નૈઋત્યનું ચોમાસુ ગુજરાત પહોંચે છે પણ આ વર્ષે તે ગુજરાતમાં વહેલુ પહોંચી જશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

શેડ ભાડે આપવાનો છે
લોઠડામાં ૮૫૦ વાર
પ્રાઇમ લોકેશન
84609 04050
78784 82696

# પંજાબમાં લઠ્ઠાકાંડ : ઝેરી શરાબના સેવનથી ૧૪ લોકોના મોત

### શરાબ સપ્લાય કરનારની ધરપકડઃ તપાસના આદેશ


અમૃતસર (પંજાબ) તા.૧૩

મજીઠા વિધાનસભા ક્ષેત્રનાં ત્રણ ગામો-ભંગાલી, ધરીએવાલ અને મરાડી કલાકામાં લઠ્ઠા કાંડ (ઝેરીલી શરાબ) એ મોતનું તાંડવ મચાવ્યું છે. ઝેરી શરાબ પીવાથી ૧૪ લોકોના મોત થયા છે. આ દુર્ઘટના સોમવારે મોડી રાત્રે બની હતી. જેના કારણે હડકંપ મચી ગયો છે.

મૃતકોમાં ચાર મરાડી કલા ગામનાં છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ મૃતકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. કારણ કે અનેક લોકો ગંભીર છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે લોકોએ અમાન્ય ઝેરીલો શરાબ પીધો હતો. શરાબ સપ્લાય કરનારની ધરપકડ કરી લેવાઈ છે. પોલીસે શરાબ વિક્રેતાઓની તલાશ શરૂ કરી દીધી છે. મૃતકોનાં શબને પીએમ માટે મોકલાયા છે. જેથી મોતના કારણોની પુષ્ટિ થાય. આ ઘટના બાદ રાજનીતિક દળોએ સરકાર પર નિશાન સાધ્યું છે. અને દોષિતો સામે સખ્ત કાર્યવાહી અને પીડિત પરિવારોને વળતર આપવાની માંગ કરી છે. સરકારે મામલાની ગંભીરતાને લઈને તપાસના આદેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે પંજાબમાં આ ઝેરી શરાબ કાંડની ત્રણ વર્ષમાં ચોથી ઘટના છે.

સેન્ટર ફોર લિવર એન્ડ પેનક્રિએટીકો-બિલિઅરી સાયન્સિસ (CLiPS)
SHALBY MULTI-SPECIALTY HOSPITALS
શેલ્બી હૉસ્પિટલ, અમદાવાદના ડોક્ટર દ્વારા
રાજકોટમાં ઓ.પી.ડી.
દર મહિનાનાં ત્રીજા ગુરૂવારે



ડો. દિવાકર જૈન
સિનિયર કન્સલ્ટન્ટ એન્ડ હેડ એચ.પી.બી. એન્ડ લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન
MBBS, MS, FACS, DNB (Surgical Gastroenterology)
Fellowship in HPB Surgery
& Liver Transplantation
સવારે 11:00 થી બપોરે 02:00 સુધી | 15/05/2025, ગુરુવાર
આ ઓપીડીમાં નીચેના દર્દીઓની તપાસ કરવામાં આવશે.
લિવર ટ્રાન્સપ્લાન્ટ | લિવર સિરોસિસ | લિવર કેન્સર | પેન્ક્રિયેટિક કેન્સર
પેન્ક્રિયેટાયટીસ | પેન્ક્રિયાસ માં પથરી | હિપેટાઈટિસ | પિત્તાશયનું કેન્સર
લિવરને લગતાં અન્ય રોગો | પિત્તનળીનાં જટિલ ઓપરેશન
ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ની વધુ જાણકારી અને એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો :
અજય હિન્દુજા : 87580 00480
શેલ્બી હૉસ્પિટલ્સઃ શિવમ પાર્ક, પ્લોટ-66, માધાપર મોરબી ઓવરબ્રિજ પાસે, 150 ફૂટ રીંગ રોડ, ધ સ્પેસની સામે, રાજકોટ

ચોથી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



ગૌ. વા. ઠા.ગીરીશભાઇ તનસુખભાઇ રૂપારેલ
(ગિરીશ પિકચર્સ)
૨૫-૦૭-૧૯૫૬ ★ ૧૩-૦૫-૨૦૨૧
અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા સત્કર્મોથી ઉજ્જવળ અમે, તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરૂષાર્થથી સફળ અમે, એક પળ ના વિસરાય તમે, જીવનની તમામ પળે પ્રાર્થી ઈશ્વરને દેવતુલ્ય આત્માને સદ્ગતિ દેજે, જન્મો જનમના પ્રભુ ઋણી અમે....
આપની પ્રેમાળ સ્મૃતિમાં
પત્નિ : સરોજબેન | પુત્રો : ગૌરવ અને સ્વ.જય
સમસ્ત રૂપારેલ પરિવાર તથા ગિરીશ પિકચર્સ સ્ટાફ ના
|| જયશ્રી કૃષ્ણ ||

પ્રીમીયમ ફેન્સી શુટીંગ-શર્ટીંગ
Raymond
D & J
Arvind
CADINI
Siyaram's
અહીં મળી જશે કલેકશનની વિશાળ રેન્જ
વિસોત સીલેક્શન
પેડક રોડ, બેંક ઓફ બરોડા સામે, બાલક હનુમાન મંદિર ચોક, રાજકોટ. ફોન. (૦૨૮૧) ૨૭૦૭૦૫૫
મવડી મેઇન રોડ, જીથરીયા હનુમાન મંદિર સામે, રાજકોટ. મો. ૯૫૧૦૬ ૫૫૦૦૦

હાથી
સ્પે. નરમ ગોળ
રેડી-ટુ-મેઈક
ગૃહિણીઓ માટે ગોળકેરી, કાચી કેરીનો મુરબ્બો, કેરીનું ગળ્યું ખમણ અને છુંદો તથા કોઇપણ પ્રકારના ગળ્યા અથાણાં બનાવા થયા સહેલા...
૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ તથા ૫૦૦ ગ્રામ ના પેકીંગ માં ઉપલબ્ધ
હાથી મસાલા
પરા બજાર : ૯૮૭૯૫ ૦૬૦૦૬
નાના મોવા સર્કલ : ૯૫૧૨૪ ૬૯૯૯૯
મવડી ચોકડી : ૯૮૯૭૭ ૪૪૭૯૨
કુવાડવા રોડ : ૯૮૨૪૨ ૨૪૮૫૩

# અમદાવાદમાંથી હવે બોગસ પાસપોર્ટ કૌભાંડ પકડાયું

## ઘુસણખોરોના ડોક્યુમેન્ટ બોગસ નીકળ્યાઃ મહિલા સહિત પાંચની ધરપકડઃ ૫૦૦ પાસપોર્ટ બની ગયાની શંકા



અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાંથી પકડાયેલા બાંગ્લાદેશીઓની તપાસ વચ્ચે બાંગ્લાદેશીઓના ૫૦૦થી વધુ પાસપોર્ટ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ શરૂ કરી છે. પાસપોર્ટ કચેરી પાસેથી મળેલી વિગતો અનુસાર તપાસ કરતા ત્રણ પાસપોર્ટ બોગસ ડોક્યુમેન્ટના આધારે બની ગયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. ક્રાઈમ ! બ્રાન્ચે એક બાંગ્લાદેશી મહિલાની ધરપકડ અને ચાર શંકાસ્પદ લોકોની અટકાયત કરી છે.

અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ઈકોનોમીક ઓફેન્સ વીંગ, ઝોન ૬ની લોકલ ક્રાઈમ બ્રાન્ચ, ઇસનપુર પોલીસ તેમજ પોલીસ હેડ કવાર્ટરની ૫ ટીમોએ મળીને સયુક્ત ઓપરેશન હાથ ધરીને ચંડોળા વિસ્તારમાંથી ૪૫૭ વિદેશીઓને પકડી પાડયા હતા. તેમજ ગેરકાયદેર બાંધકામ પર બુલડોઝર ફેરવી દીધુ હતું. આશરો આપનાર લલ્લા પણ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમીક તપાસમાં બોગસ ડોક્યુમેન્ટના આધારે પાસપોર્ટ બનાવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ તમામને ચંડોળા તળાવમાં રહેતા લોકોના બનાવટી દસ્તાવેજનો ઉપયોગ કરીને ભારતીય પાસપોર્ટ ઈશ્યુ કરાવી દીધા હતા. બનાવટી પાસપોર્ટ બનાવવાના રેકેટમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરી છે.

અત્યારે સુધીનું સૌથી મોટુ બોગસ પાસપોર્ટ બનાવવાના કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ છે. આ સાથે બોગસ પાસપોર્ટ બનાવનારા એજન્ટો પર પણ તવાઈ આવે તેવી શક્યતા સેવાય છે.

# 'વિશેષ કાયદા હેઠળના કેસોની ઝડપી સુનાવણી માટે અદાલતોની સ્થાપના કરવી પડશે' સુપ્રીમ કોર્ટનો નિર્દેશ



ન્યુ દિલ્હી ,તા.૧૩

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્ર અને રાજ્યો માટે ખાસ કાયદા હેઠળના કેસોની ઝડપી સુનાવણી માટે અદાલતોની સ્થાપના કરવી ફરજિયાત છે. સર્વોચ્ચ અદાલતે આ મુદ્દે બે અઠવાડિયામાં કેન્દ્ર અને રાજ્યોના મંતવ્યો માંગ્યા છે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચ મહારાષ્ટ્રના ગઢચિરોલીના એક નક્સલ સમર્થકની જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી. રાજ્યમાં થયેલા વિસ્ફોટમાં ક્વિક રિસ્પોન્સ ટીમના ૧૫ પોલીસકર્મીઓના મોત બાદ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો હતો. દેશના એડિશનલ સોલિસિટર જનરલ (ASG) રાજકુમાર ભાસ્કર ઠાકરેએ રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા દાખલ કરાયેલા સોગંદનામાનો હવાલો આપ્યો. ''જોકે, અમારું માનવું છે કે જ્યારે ખાસ કાયદા હેઠળ ટ્રાયલ યોજવાની હોય, ત્યારે કેન્દ્ર અથવા રાજ્યો માટે કાયદાના કાયદાકીય ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે ઝડપી ટ્રાયલ સુનિશ્ચિત કરવા માટે પૂરતા માળખાગત સુવિધાઓ સાથે ખાસ અદાલતો સ્થાપિત કરવી જરૂરી છે,'' બેન્ચે ૯ મેના તેના આદેશમાં જણાવ્યું હતું. બેન્ચે એએસજી ઠાકરેને આ બાબતે સૂચનાઓ મેળવવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો. બેન્ચે આગામી સુનાવણી ૨૩ મેના રોજ નક્કી કરી છે. ઠાકરેએ કહ્યું કે ખાસ અદાલતો સ્થાપવાનો પ્રસ્તાવ સરકારને મોકલવામાં આવ્યો છે અને તેના પર વિચારણા ચાલી રહી છે. પરંતુ ન્યાયાધીશ કાંતે પૂછ્યું કે રાજ્ય સરકાર સંવેદનશીલ કેસોનો નિર્ણય લેવા માટે ખાસ કોર્ટ કેમ નથી આપી રહી - જેમ કે હાલનો કેસ - જેના નોંધપાત્ર પરિણામો આવી શકે છે.

બેન્ચે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારોને પૂછ્યું કે તેઓ ખાસ કાયદાઓ અમલમાં આવ્યા પછી તેમની ન્યાયિક અસરનું મૂલ્યાંકન કેમ નથી કરી શકતા . બેન્ચે કહ્યું કે કેસોના ઝડપી નિકાલ માટે પૂરતા ન્યાયિક માળખાની જરૂર છે. જસ્ટિસ કાંતે કહ્યું, અમે વારંવાર કહી રહ્યા છીએ કે ન્યાયાધીશો અને અદાલતો ક્યાં છે? જો તમે હાલના ન્યાયાધીશો પર વિશેષ કાયદાઓના વધારાના કેસોનો બોજ નાખશો તો ગંભીર કેસોની સુનાવણી કેવી રીતે ઝડપી બનાવી શકશો? મારા મનમાં ખૂબ જ સ્પષ્ટ છે કે જો તમે ખાસ કાયદા હેઠળ કેસ ચલાવવા માંગતા હો, તો પહેલા પૂરતું ન્યાયિક માળખું બનાવો અને ન્યાયાધીશોની નિમણૂક કરો.

# UPI આઉટેજથી ડિજિટલ પેમેન્ટ ખોરવાયું : Paytm, GPay, PhonePe પર વપરાશકર્તાઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો



ન્યુ દિલ્હી :

સોમવારે સાંજે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) ને દેશભરમાં મોટી વિક્ષેપનો સામનો કરવો પડ્યો, જેના કારણે લાખો લોકો Google Pay, PhonePe અને Paytm જેવા પ્લેટફોર્મ પર વ્યવહારો પૂર્ણ કરી શક્યા નહીં. આઉટેજને કારણે વપરાશકર્તાઓ અને વેપારીઓ બંનેને વ્યાપક અસુવિધા થઈ, જેના કારણે હતાશા ફેલાઈ અને ઓનલાઇન ફરિયાદોનો પ્રવાહ શરૂ થયો.

અગ્રણી UPI એપ્સમાં ચુકવણી નિષ્ફળતાઓની જાણ કરવામાં આવી હતી, જેમાં વપરાશકર્તાઓને વારંવાર ભૂલ સંદેશાઓનો સામનો કરવો પડ્યો હતો અને ચુકવણીના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. ઉદાહરણ તરીકે, Paytm પર, ઘણા વપરાશકર્તાઓએ એક પોપ-અપ સંદેશ જોયો જેમાં લખ્યું હતું કે, ''UPI એપ કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહી છે.'' આ વિક્ષેપ એક મહિના કરતાં ઓછા સમયમાં ત્રીજો મોટો UPI આઉટેજ હતો, જેણે વિશ્વની સૌથી મોટી રીઅલ-ટાઇમ ચુકવણી સિસ્ટમ્સમાંની એકની સ્થિરતા અંગે ચિંતાઓ ઉભી કરી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ટૂંક સમયમાં યુઝર્સના પેમેન્ટ સમસ્યાઓના અહેવાલોથી ભરાઈ થઈ ગયા હતા, જ્યારે ડાઉનડિટેક્ટર - એક વેબસાઇટ જે આઉટેજને ટ્રેક કરે છે - માં UPI સેવાઓ સાથે જોડાયેલા સમસ્યા અહેવાલોમાં વધારો જોવા મળ્યો હતો, જે ટેકનિકલ ખામીની હદ દર્શાવે છે.

આ આઉટેજ એવા સમયે આવ્યો છે જ્યારે ભારતમાં UPIનો ઉપયોગ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી રહ્યો છે. માર્ચમાં, UPI એ ૧૮.૩૦ અબજ વ્યવહારો કર્યા, જે ફેબ્રુઆરીના ૧૬.૧૧ અબજથી પાછા ફર્યા - જે ૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. આ વ્યવહારોનું મૂલ્ય પણ તીવ્ર વધ્યું, માર્ચમાં કુલ રૂ. ૨૪.૭૭ લાખ કરોડ નોંધાયું, જે ફેબ્રુઆરીમાં રૂ. ૨૧.૯૬ લાખ કરોડથી ૧૨.૮ ટકા વધુ છે.

કરિયાણાથી લઈને કેબ ભાડા સુધી - રોજિંદા ચુકવણીમાં UPI નું ઊંડું સંકલન હોવાથી, સિસ્ટમમાં કોઈપણ ભંગાણ લાખો લોકો દ્વારા તરત જ અનુભવાય છે. ડિજિટલ ચુકવણી પર વધતી જતી નિર્ભરતા સાથે, આવા આઉટેજ ગ્રાહકોના વિશ્વાસ અને નાણાકીય વિશ્વસનીયતા માટે ગંભીર પડકાર ઉભો કરે છે.

# શતરંજ જુગારને પ્રોત્સાહન આપે છે
# તાલિબાનનું નવુ ફરમાનઃ અફઘાનિસ્તાનમાં 'ચેસ' પર પ્રતિબંધ



કાબુલઃ

અફઘાનિસ્તાનમાં રહેવું હોય તો તાલિબાન સરકારના આકરા અને ન સમજાય એવા નિયમો પણ પાળવા પડે છે. તાજેતરમાં તાલિબાન સરકારે દેશમાં શતરંજ રમવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. હવે પછી આદેશ ન આપવામાં આવે ત્યાં સુધી કોઈ વ્યક્તિ અફઘાનિસ્તાનમાં ચેસ નહીં રમી શકે. તાલિબાને આવું ફરમાન કાઢ્યું એનું કારણ જણાવતા નિવેદન મુજબ શતરંજ જુગારને પ્રોત્સાહન આપે છે અને જુગાર ઇસ્લામી કાનૂન અંતર્ગત ગેરકાનૂની છે. અફઘાનિસ્તાન સરકારના સ્પોર્ટ્સ સાથે સંકળાયેલા અધિકારીએ શતરંજ પર પ્રતિબંધ મુકાયાની પુષ્ટિ કરી છે. દેશમાં તમામ સ્પોર્ટ્સ ઇવેન્ટ મેનેજ કરનારાઓને આ વિશેની નોટિસ આપી દેવામાં આવી છે.

શરિયા કાનૂન અનુસાર શતરંજને જુગાર માનવામાં આવે છે. આવું કરવા પાછળ ધાર્મિક કારણો છે.

# જ્યાં ૧૦ થી વધુ કર્મચારી હોય ત્યાં મહિલાઓની જાતીય સતામણી રોકવા સમિતિ બનાવવા સૂચના

## સમિતિના કુલ સભ્યોમાં ૫૦ ટકા મહિલા સભ્ય હોવા જોઈએ



ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં કામકાજના સ્થળે હવે મહિલાઓ મોટી સંખ્યામાં કર્મચારી તરીકે કામગીરી કરતી હોય છે ત્યારે કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાવવા માટે જ્યાં ૧૦ કે તેથી વધુ કર્મચારી (કામદારો)ની સંખ્યા હોય ત્યાં મહિલાઓની જાતીય સતામણી અટકાવવા માટે ફરજિયાત આંતરિક સમિતિ રચવા રાજ્ય સરકારે સૂચના બહાર પાડી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અવારનવાર સરકારી કચેરી, શૈક્ષણિક સંસ્થાનો સહિત અનેક સ્થળે મહિલા કર્મચારીઓની જાતીય સતામણી થવાની ફરિયાદ પણ ઉઠતી હોય છે તેને ધ્યાનમાં રાખીને પુનઃ તાકીદ કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કામકાજના સ્થળે મહિલાની જાતીય સતામણી અંગે અગાઉની જોગવાઈઓ બાદ કેટલીક વિસંગતતાઓ અંગે નવેસરથી સૂચના જારી કરાઈ છે. મહિલાઓની જાતીય સતામણી એક્ટ-૨૦૧૩ની જોગવાઈનું પાલન થાય તે માટે કામકાજના સ્થળે આંતરિક ફરિયાદ સમિતિને બદલે આંતરિક સમિતિ કે સ્થાનિક સમિતિની રચના

દરેક એમ્પ્લોયર કે નિમણૂક કરનારાએ લેખિતમાં આદેશ કરીને કરવાની રહેશે. જેમાં કામગીરીના સ્થળે વરિષ્ઠ કક્ષાના કે તે સ્તરના મહિલા અધિકારીને પ્રમુખ અધિકારી ગણવાના રહેશે. જો આ મહિલા અધિકારી ઉપલબ્ધ ન હોય તો વહીવટી વિભાગની અન્ય કચેરીમાંથી મહિલા અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે. સમિતિના એક સભ્ય મહિલાલક્ષી હેતુ માટે પ્રતિબદ્ધ હોય તેવા બિનસરકારી સંગઠન અથવા જાતીય સતામણી સમસ્યાઓના વિષયથી પરિચિત હોય કે સામાજિક કાર્યનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેવા વ્યક્તિની નિમણૂક કરવાની રહેશે. સમિતિના કુલ સભ્યોમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્ય મહિલા હોવી જોઈએ. એટલું જ નહીં, સામાજિક કાર્ય કે કાયદાકીય જાણકારી ધરાવતા હોય તેવા પણ બે સભ્યની નિમણૂક કરી શકાશે.

## સુવિચાર

**અભિમન્યુએ એક વાત સાચી કહી હતી હિંમતથી હારજો પણ હિંમત ના હારતા કારણ કે ચક્રવ્યુહ રચનારા આપણા જ હોય છે કાલે પણ સાચુ હતું અને આજે પણ સાચુ છે**

## આજનું ચિંતન



### વાણી

- મીઠી જીભ અને કાતર બંને સરખા વેતરે છે.
- વાણીને વીણા બનાવો, બાણ નહીં, વીણા બનશે તો જીવનમાં સંગીત રેલાશે અને બાણ બનશે તો જીવનમાં મહાભારત ઉભું થશે.
- વાણી પાણી...પાણી.. કરી શકે ને વાણી પાણી પણ ફેરવી શકે છે.
- બીજાને વિષે એટલું બોલો જેટલું પોતાને વિષે સાંભળી શકો.
- વાણી અને વર્તનમાં જો મીઠાશ હોય તો દુશ્મન પણ નમી જાય.
- પંખી તેના પગને કારણે ફસાય છે અને માણસ તેની જીભને કારણે.
- થોડાક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થયા છે અને થોડાક વધુ શબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર પણ થતો હોય છે.
- અગ્નિ કરતાં પણ કઠોર વાણીનો દાહ વધારે કષ્ટદાયક હોય છે.
- ઈશ્વરે આપણને બે કાન આપ્યા છે, બે આંખો પણ જીભ માત્ર એક જ. એટલા માટે કે આપણે વધારે સાંભળીએ અને વધારે જોઈએ, પરંતુ બોલીએ ઓછું ખુબ ઓછું.
- બોલી નાખ્યા પછી આખો દિવસ એના અફસોસમાં વિચારતા રહેવું એના કરતા દસ વાર વિચારીને બોલવું સારૂ.
- બોલીને વિચારીએ એના કરતાં વિચારીને બોલીએ તો અડધા ઝઘડા એમ જ ખતમ થઈ જાય.
- મન શાંત ન રહે તો કાંઈ વાંધો નહીં, જીભ શાંત રહે એટલે બસ.

# 'AIનો ઉપયોગ કરીને રેકોર્ડનું ડિજિટાઇઝેશન કરો', સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટમાં સાત લાખ ફોજદારી અપીલો પર સલાહ આપી



નવી દિલ્હી

દેશભરની હાઈકોર્ટોમાં ૭.૨૪ લાખથી વધુ ફોજદારી અપીલોની પેન્ડિંગતા પર ચિંતા વ્યક્ત કરતા, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટોને રેકોર્ડનું ડિજિટાઇઝેશન કરવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની મદદથી તેનો ઝડપી નિકાલ લાવવાનું સૂચન કર્યું છે.

સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ અદાલતોને નેશનલ કોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (NCMS) દ્વારા તૈયાર કરાયેલા કેસ મેનેજમેન્ટ પરના બેઝલાઇન રિપોર્ટ, મોડેલ એક્શન પ્લાન અને સુપ્રીમ કોર્ટમાં એમિકસ ક્યુરી દ્વારા કરવામાં આવેલા સૂચનો જેવા વિવિધ અહેવાલો સ્વીકારવા પણ વિનંતી કરી છે.

**સુપ્રીમ કોર્ટે તમામ હાઈકોર્ટને આ સૂચનાઓ આપી હતીઃ**

સુપ્રીમ કોર્ટે તમામ હાઈકોર્ટને આ સૂચનો પર કામ કરવા અને ફોજદારી અપીલોના ઝડપી નિકાલ માટે ચાર મહિનાની અંદર એક એક્શન પ્લાન તૈયાર કરવા અને તેને સુપ્રીમ કોર્ટમાં સુપરત કરવા જણાવ્યું છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રજૂ કરાયેલ કાર્ય યોજના દરેક હાઈકોર્ટને ઉપલબ્ધ કરાવવી જોઈએ જેથી હાઈકોર્ટ અન્ય હાઈકોર્ટ દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયાને જોઈ શકે અને શ્રેષ્ઠ પદ્ધતિ અપનાવી શકે. જામીન નીતિ પર સુઓમોટો સુનાવણી દરમિયાન ૮ મેના રોજ જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જવલ ભુઈયાની બેન્ચે આ આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને પહેલા ફોજદારી અદાલતોના રેકોર્ડનું ડિજિટાઇઝેશન કરવાનું સૂચન કર્યું છે. આની શરૂઆત સેશન્સ કોર્ટ અને સ્પેશિયલ કોર્ટથી કરી શકાય છે. આ ઉપરાંત, કોર્ટે ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ ભરવા, કેસોની સુનાવણી માટે રોસ્ટર નક્કી કરવા, સુનાવણી પ્રક્રિયા અપનાવવા અને સુનાવણીમાં કયા કેસોને પ્રાથમિકતા આપવી જોઈએ તે અંગે પણ ચર્ચા કરી છે અને સૂચનો આપ્યા છે.

### અલ્હાબાદ હાઈકોર્ટમાં સૌથી વધુ પેન્ડિંગ કેસ છે :



૧) બેન્ચે કેસની સુનાવણીમાં મદદ કરતા એમિકસ ક્યુરી દ્વારા રજૂ કરાયેલી નોંધનો અભ્યાસ કર્યો, જેમાં દેશભરની ઉચ્ચ અદાલતોમાં પેન્ડિંગ ફોજદારી અપીલોની વિગતો અને તેમના ઝડપી નિકાલ માટે વિવિધ સૂચનો આપવામાં આવ્યા.

૨) પોતાના આદેશમાં, બેન્ચે જણાવ્યું હતું કે પેન્ડિંગ ફોજદારી અપીલોની ગંભીરતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે રજૂ કરાયેલા ડેટા મુજબ, દેશભરની હાઈકોર્ટમાં કુલ ૭,૨૪,૧૯૨ ફોજદારી અપીલો પેન્ડિંગ છે, જેમાંથી સૌથી વધુ સંખ્યા અલ્હાબાદ હાઈકોર્ટમાં ૨,૧૭,૭૦૨ છે.

૩) મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ૧,૧૫,૩૮૨, પટના હાઈકોર્ટમાં ૪૪,૬૬૪, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં ૭૯,૩૨૬, રાજસ્થાન હાઈકોર્ટમાં ૫૬,૪૫૫, બોમ્બે હાઈકોર્ટમાં ૨૮,૨૫૭ અને છત્તીસગઢમાં ૧૦,૦૦૭ ફોજદારી અપીલો પેન્ડિંગ છે.

૪) બેન્ચે કહ્યું કે આનો સામનો કરવા માટે એમિકસ ક્યુરીની નોંધમાં ઘણા સૂચનો આપવામાં આવ્યા છે અને હાઈકોર્ટે તે સૂચનો પર વિચાર કરવો જોઈએ. બેન્ચે કહ્યું કે એમિકસ ક્યુરીના રિપોર્ટ અને બેઝલાઇન રિપોર્ટ બંનેમાં, ફોજદારી અપીલમાં વિલંબનું એક મુખ્ય કારણ ટ્રાયલ કોર્ટથી હાઈકોર્ટ સુધી કેસ રેકોર્ડ પહોંચવામાં વિલંબ છે અને બીજું કારણ તે રેકોર્ડના અનુવાદમાં વિલંબ છે.

# વરમાળા પહેરાવ્યા પછી દુલ્હા-દુલ્હન વચ્ચે ચેલેન્જ લાગી, કોણ વધુ પુશ-અપ્સ કરશે?



મુંબઈ,તા.૧૩

લગ્નના સ્ટેજ પર જાણે જિમ ખોલ્યું હોય એમ પતિ-પત્ની બન્ને દુલ્હા-દુલ્હનના વેશમાં જ પુશ-અપ્સ કરવા. કરવા. માંડે એવું ક્યારેય જોયું છે? એક વાઇરલ વિડિયોમાં આ ઘટના હકીકતમાં બની છે. Witty_wedding નામના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ઘણા વખત પહેલાં પોસ્ટ થયેલો વિડિયો તાજેતરમાં વાઇરલ થયો છે. એમાં યુગલ પહેલાં તો લગ્નની વિધિ પતાવે છે અને વરમાળાનો કાર્યક્રમ પૂરો થયા પછી મહેમાનો સાથે ચાલી રહેલી હસીમજાકમાં એકમેકને પુશ-અપ્સ કરવાનો પડકાર ફેંકે છે. બન્ને એ પડકાર ઉપાડી લે છે અને દુલ્હા-દુલ્હનના ભારેખમ કોસ્ચ્યુમની સાથે જ સ્ટેજ પર તેઓ પુશ-અપ્સ કરવા માંડે છે.

આ નઝારો જોઈને બધા ચોંકી જાય છે અને મહેમાનોમાં હાસ્યનું મોજું ફરી વળે છે. મહેમાનો તાળીઓ પાડીને બન્નેને પાનો ચડાવીને મજા લે છે. દુલ્હો તો પુશ-અપ્સ કરી લેશે એવું બધાને લાગતું હતું, પરંતુ દુલ્હન ઘાઘરા-ચોલી અને ભારેખમ ઘરેણાંની સાથે પણ જે રીતે પુશ-અપ્સ કરે છે એ જોઈને બધા દંગ રહી ગયા હતા. આ કપલ ખરેખર ફિટનેસ ગોલ્સ કપલ બનશે એવી કમેન્ટ્સ ચોતરફથી તેમને મળી રહી છે.

# મનુષ્યની પ્રથમ મર્યાદા

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

અયોધ્યાના દશરથ પુત્ર શ્રી રામ, જે મર્યાદા પુરૂષોત્તમ હતા. પોતાની, કુળની અને દેશની મર્યાદાની રક્ષા માટે ઘણુ સહન કર્યુ અને બધાને માટે એક આદર્શ જીવન માટેનો દિવ્ય સંદેશ આપ્યો. આજે ભારત દેશની ભૂમિ પર અનેક સંતો, મહંતો, વિદ્વાનો, દેશભક્તો થઈ ગયા છે. દરેકે આપણને મર્યાદામાં રહેવા માટે કહ્યુ છે. ભારત દેશમાં જન્મેલી અનેક એવી વિભૂતિઓને કારણે તે વિશ્વ સમક્ષ વિશ્વગુરૂ બની રહ્યો છે. ભારત સારાયે વિશ્વનું એક તીર્થસ્થાન છે, સ્વયં પરમાત્માની આ અવતરણ ભૂમિ છે. જયા ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ હતો. દેવતાઓનું સ્વર્ગીય સુખ, શાંતિભર્યુ જીવનની ગાથાઓ આપણે પણ ગાઈ રહ્યા છીએ. તેઓના ચરિત્ર અને ચિત્ર(તસ્વીર) જીવનને નિયમ અને સંયમ પર ચલાવવા માટે કહી રહેલ છે. ત્યારે પરમાત્માનો પણ એ આદેશ છે કે, આપનું જીવન મર્યાદા સંપન્ન હોવું જોઈએ.

મર્યાદાઓમાં મનુષ્યની પ્રથમ મર્યાદા કઈ હોવી જોઈએ? મનુષ્યની પ્રથમ મર્યાદા છે નિર્વિકારી બનવું. વર્તમાન, કળિયુગના પણ આ અંતિમ સમયમાં, કોઈને પણ પુછવામાં આવે કે શું તમે આ પ્રથમ મર્યાદામાં રહો છો? તો બતાવે છે કે અરે બહેન આજકાલ આ કળિયુગી સૃષ્ટીમાં નિર્વિકારી થવાની હિમ્મત નથી. જ્યારે કે સર્વને આજે તેમ રહેવામાં બંધન અને ઉલ્ટું લાંચ્છનનો અનુભવ થતો જણાય છે. એમ તો મુખથી સૌ કહે છે કે- હવે પહેલા જેવી મર્યાદા રહી નથી. વિકારોનો જોશ બહુ છે. વગેરે વાતો માત્ર કહી, સંભળાવી દેવાથી તે કાંઈ નિર્વિકારી બનાતું હશે! નિર્વિકારી બનવું અર્થાત કોઈને પણ કોઈપણ રીતે દુઃખ ન આપવું. ન મન-સંકલ્પોથી, ન વાણીથી, ન કર્મો દ્વારા અર્થાત વર્તન-વ્યવહાર દ્વારા પણ કોઈના માટે કામ, ક્રોધ, ઈર્ષા, દ્વેષ, નફરતની લાગણી ન હોય. સ્વયંના જીવનમાં મોહ, લોભ, આળસ કે અહંકાર જેવા વિકારો ન હોય તે નિર્વિકારીતા છે. સતયુગ, ત્રેતામાં દેવી દેવતાઓ ગૃહસ્થ જીવનમાં રહેવા છતાંયે કેવી નિર્વિકારી પ્રવૃતિમાં રહેતા હતા. હવે આવી સાચી મર્યાદા ક્યા છે? આજકાલ તો ઉલ્ટી વિકારી મર્યાદાનું પાલન કરાય છે.

મનુષ્ય જીવનને અનમોલ બનાવવા અર્થાત નિર્વિકારી બનવા માટે પહેલા જોઈશે જ્ઞાન, સમજ. જ્ઞાન તલવારથી એ બધા વિકારોના બીજ કે જે શ્રીમત ભગવદ ગીતામાં પણ કહેલું છે કે કામેષુ, ક્રોધેષુ..., તો પ્રથમ તો એ બીજને ખત્મ કરવુ પડશે ત્યારે જ વિકર્મો ભસ્મ થશે. મુખ્ય છે કામ, તે બીજને ખત્મ કરવું પડશે. એ બીજને કારણે પછી બીજા વિકારોરૂપી ઝાડ ઉત્પન્ન થાય છે જેનાથી મનુષ્યની બુધ્ધિ ભ્રષ્ટ બની જાય છે. જ્યારે બુધ્ધિમાં પૂર્ણ રીતે જ્ઞાનની ધારણા થાય ત્યારે આ વિકારોનું બીજ ખત્મ થાય. જેનામાં એ જ્ઞાન નથી તે તો માત્ર મર્યાદામાં રહોની જ વાત કરે છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૨, તા.૧૪/૫/૨૫, બુધવાર

સૂર્યોદય : ૬-૦૯, સૂર્યાસ્ત : ૭-૧૬, જૈન નવકારશી : ૬.૫૭
રાશિ : વૃષભ (બ.વ.ઉ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** આપને આજે બૌધ્ધિક ચર્ચામાં જોડાવાનું મન થશે, કોઈપણ પ્રકારના વાદવિવાદથી આપના માનભંગનો પ્રસંગ ન બને તેની કાળજી લેવી.
**વૃષભ :** આપને આજ ધનખર્ચ થવાનો તથા અપકીર્તિ મળવાના યોગ છે, સમયસર ભોજન પણ ન મળે, અનિંદ્રાનો ભોગ બનો.
**મિથુન :** આપને આજે પરિવાર સાથે પીકનીક પાર્ટીનું આયોજન થવાની શકયતા છે, પરિવારના સાથ સહકારથી દિવસ આનંદમય રહે.
**કર્ક :** આપને આજે બહુવિધ લાભ મળવાની શકયતા છે. વેપારીઓને નફાકારક સોદા થાય, તેમજ નવા ઓર્ડર મળી શકે.
**સિંહ :** આપ યુવા વર્ગ તથા વિવાહીતોને ઉતમ દાંમ્પત્ય સુખ મળે, તેમજ જીવનસાથીને ખુશ કરવા કોઈ ઉતમ ભેટ આપવી.
**કન્યા :** દામ્પત્ય જીવનમાં ગેરસમજો ટાળજો, તબીયત બાબત કાળજી લેવી જરૂરી, વિદેશ જવાની સારી તક મળે.
**તુલા :** નવી જવાબદારી લેવાથી દુર રહેજો, ઉતાવળ ન કરવી, નોકરીમાં સ્થિરતા રાખવી, મિત્રોથી સહકાર રહેવાનો.
**વૃશ્ચિક :** મહેનતનું ફળ મળવાનુ છે, ભાગ્યોદયની તક માટે સારો સમય સીઝનલ ધંધાથી લાભ રહેવાનો.
**ધન :** કોઈ ન ધારેલી વ્યકિતનો સહકાર મળવાનો, પ્રવાસની ઈચ્છા ફળે, નકારાત્મક વિચારોથી દુર રહેજો.
**મકર :** અપરિણીતોને સગાઈ લગ્નની ઈચ્છા ફળવાની, નોકરીમાં લાભ, કર્જ કરવાથી દુર રહેજો.
**કુંભ :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના છે, નવા ઓર્ડરો મેળવવામાં સફળતા મળે, ઉધારી ન કરવી.
**મીન :** સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતા રહે, નોકરીમાં સ્થાનફેરની શકયતા, આર્થિક સ્થિતિમાં સુધારો કરવાના પ્રયત્નો ફળવાના,

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



**આડી ચાવી**

૧. સિકંદર ફિલ્મની હિરોઇન (૬)
૬. ટેમ્પરરી (૫)
૭. ડાઉટ (૨)
૮. અમાઉન્ટ (૩)
૧૨. એક બંગાળી અટક (૨)
૧૩. લેન્ડલોક, મકાન ... (૩)
૧૫. આરામ ... હૈ (૩)
૧૮. બાબાસાહેબ ઠાકરેનું નિવાસ સ્થાન (૩)
૧૯. સ્ટેન્ડ અપ કોમેડિયન ... દેસાઇ (૩)
૨૦. બૂમ, રાડ (૨)
૨૨. નબળો (૪)
૨૫. ચણતર કાર્ય (૫)
૨૮. ઓછું-હિન્દી (૨)
૨૯. ...ધારી, ... (૨)
૩૦. ભૂલી ન શકાય તેવું (૪)
૩૧. મગ્ન, તલ્લિન (૨)

**ઉભી ચાવી**

૧. એનડીટીવીના ચર્ચાસ્પદ ન્યુઝ એન્કર (૬)
૨. હિન્દુઓનું દેવસ્થાન (૩)
૩. નિષ્ફળ (૩)
૪. નકામી વસ્તુ, ધુળ, બગાડ (૩)
૫. ફિરોઝ ખાનની ફિલ્મી ઈમેજ (૪)
૯. કમર તૂટી જાય તેવું (૫)
૧૦. મહેનત પછી લાગે (૨)
૧૧. માર્ગ, રસ્તો (૨)
૧૨. હત્યારો ... રાઘવન (૩)
૧૪. પાણીનું માપ (૩)
૧૬. ગામડાનું હાયહલ્લો (૨, ૨)
૧૮. એક અટક (૫)
૨૧. શ્રધ્ધા, ભરોસો (૩)
૨૨. શરીરનું લચકદાર અંગ (૩)
૨૩. કલાઉન (૩)
૨૪. ...જગત, સ્પોર્ટસ વર્લ્ડ (૩)
૨૬. સ્મરણ (૨)
૨૭. કાનજી ગાગરવાળાનું સંક્ષિપ્ત (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સિ | કં | દ | ર | | મ | દિ | રા | પા | ન |
| | દ | વા | ઈ | | | વા | ત | | મ |
| | મૂ | | શ | મ | શે | ર | | મ | સ્કા |
| બ | ળ | દ | | ગ | ર | | વા | ન | ર |
| | | ર | | ર | વા | પ | ર | | |
| સા | ર | વા | ર | | ની | ર | સ | | શું |
| ગ | | ન | | અ | | સે | | કે | |
| | શ | | સા | હો | | વો | ક | મે | ન |
| જા | હે | ર | સ | ભા | | | વે | રા | ન |
| દુ | ર | | | વ | ર | મા | ળા | | ન |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )
















### પાક સાથેની સરહદથી ફકત ૧૦૦ કી.મી. જ વડાપ્રધાન લેન્ડ થયા

# મોદીનો માસ્ટર સ્ટ્રોકઃ પાક. પ્રોપગેંડા તોડી નાખ્યો

## ઓપરેશન સુહાગમાં પાકે આદમપુર હવાઈમથક તોડી પાડવાનો જૂઠો પ્રચાર કર્યો હતો

નવી દિલ્હીઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે ૭ વાગ્યે કોઈ પુર્વ જાહેરાત વગર જ દેશની પાક સાથેની મુખ્ય આંતરરાષ્ટ્રીય સરહદ પંજાબના જાલંધર જીલ્લાના આદમપુર એરબેઝની મુલાકાત લઈને ઓપરેશન સિંદુર બાદ પાક સેનાનો જે પ્રોપેગેડા હતો તે તોડી પાડયો છે અને ભારતની એરફાયર પાવરની પણ તાકાત બતાવી છે. શ્રી મોદી સરહદથી ફકત ૧૦૦ કી.મી. દુર આદમપુર એરબેઝ આવ્યા છે અને તે ભારતીય હવાઈદળનું આક્રમણ તથા સંરક્ષણ માટેનું મહત્વનું મથક છે. અહી ભારતની મહત્વની એરડિફેન્સ સીસ્ટમ-એસ-૪૦૦ તૈનાત છે. જાણે હાલના પાક સાથેના યુદ્ધમાં દેશની આકાશી સુરક્ષામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને પાક સેનાના ચાઈનીઝ તથા તુર્કી બનાવટના મિસાઈલ રોકેટ ડ્રોન તોડી પાડયા હતા.પાકે ઓપરેશન સિંદુર બાદ દાવો કર્યો હતો કે ભારતનું આ મહત્વનું એરબેઝ પર તેના હુમલામાં ભારે નુકશાન પહોંચ્યું છે અને એસ-૪૦૦ એન્ટી મિસાઈલ સીસ્ટમ પણ તોડી પાડી છે પણ વડાપ્રધાને ખુદે આ એરબેઝ પહોંચીને પાકના આ દાવાને તોડી પાડયા છે. તેઓ અહી તે ફાઈટર પાઈલોટ જવાનોને પણ મળ્યા. જેઓએ પાક પરના હુમલામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને તેમની સાથે તેમના અનુભવો જાણ્યા હતા તથા હવાઈદળના જવાનોની પીઠ થાબડી હતી.

આમ શ્રી મોદીની આ મુલાકાત સરહદી ક્ષેત્રમાં કપરી ફરજ બજાવી રહેલા જવાનો માટે જબરો જુસ્સો વધારનારો છે. શ્રી મોદી હવાઈદળના વિમાન મારફત આદમપુર એરબેઝ પહોંચ્યા હતા. આ એરબેઝ એ ભારતની હવાઈ તાકાતમાં મહત્વના મીગ-૨૯ વિમાનોની સ્કવોડ્રનનો પણ બેઝ છે. શ્રી મોદીની સાથે હવાઈ દળના વડા એરમાર્શલ એ.પી.સિંહ પણ સામેલ હતા અને વડાપ્રધાને જોતા જ જવાનોમાં જબરો જોશ જોવા મળ્યા હતા તથા સૌ વડાપ્રધાન સાથે તસ્વીરમાં આવવા ઉત્સાહપૂર્વક જોડાય હતા. આમ શ્રી મોદીએ ગઈકાલની પાકને ચેતવણી સાથે આજે મોખરાના હરોળના એરબેઝ પહોંચીને વધુ આકરો સંદેશ આપવાની સાથે દેશના જવાનોનો જુસ્સો પણ વધાર્યો હતો.

### એર ડિફેન્સ સીસ્ટમ અને મીગ-૨૯ના સાથે મોદીની તસ્વીરો વાયરલ

## એરબેઝ ભારત માતા કી જય- વંદે માતરમથી ગાજી ઉઠયુંઃ વડાપ્રધાને ફાઈટર પાઈલોટનો ખભો થાબડયો

આદમપુરઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આદમપુર એરબેઝ પર આજે પહોંચ્યા બાદ અહી તૈનાત એસ-૪૦૦ એર ડિફેન્સ સીસ્ટમ સાંપ્રત છે તે દર્શાવતી તસ્વીર ખેચાવી હતી તો મીગ-૨૯ વિમાન પણ પાછળ નજરે ચડતુ હતુ. શ્રી મોદીએ સૈન્યના જવાનોને સલામી આપી હતી. શ્રી મોદીના આગમન સાથે જ ભારત માતા કી જય અને વંદેમાતરમના નારા લાગ્યા હતા. શ્રી મોદીની આ મુલાકાત જવાનોનો જુસ્સો વધારી ગઈ છે તથા વડાપ્રધાને ફાઈટર પાઈલોટ દળ તેઓએ કઈ રીતે પાક એરબેઝ નષ્ટ કર્યા તેની માહિતી મેળવ્યા બાદ તેનો ખભો થાબડયો હતો.

## મીગ-૨૯-એસ-૪૦૦ ડિફેન્સ સીસ્ટમના હબ સમાન મથકની મુલાકાતથી ભારતના ફાયર પાવરને દર્શાવ્યા

## ભારત તેની સેનાનો હંમેશા આભારી રહેશેઃ મોદીનો સંદેશ

નવી દિલ્હીઃ આજે ઉધમપુર એરબેઝની મુલાકાત લીધા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેમના એકસ હેન્ડલ પર લખ્યું કે આજે સવારે હું હવાઈદળના ઉધમપુર મથક પર ગયો હતો અને આપણા બહાદુર વાયુ માંધાતાઓ અને સૈનિકોને મળ્યો. સાહસ-કુછ સંકલ્પ અને નિડરતાના પ્રતિક સમાન લોકો સાથે રહેવું એક વિશેષ અનુભવ છે. ભારત આપણા સૈન્ય દળોનો હંમેશા આભારી રહેશે જે આપણા દેશ માટે બહુ કરવા તૈયાર છે.

## ગુજરાત સહીત પશ્ચિમ તથા ઉત્તર ભારતમાં વિવિધ લશ્કરી મથકો પર વડાપ્રધાન આગામી દિવસોમાં આવી શકે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે એક બાદ એક અનેક લશ્કરી મથકો -એરબ્રેઈઝની મુલાકાતે જઈ શકે છે.પાકિસ્તાને સીધો જ જવાબ-જે જે મથકો હાલના ઘર્ષણમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી હતી એ તમામ સ્થળ પર વડાપ્રધાન જઈ અને જવાનો સાથે વાતચીત કરી શકે છે

## કાશ્મીર-પંજાબમાં ફરી ડ્રોન દેખાયાઃ રાજકોટ-જામનગર સહિત ૯ શહેરોની ફલાઈટ વધુ એક દિવસ માટે રદ



### ઈન્ડિગો તથા એરઈન્ડિયાનો નિર્ણયઃ શ્રીનગર, જમ્મુ, અમૃતસર, લેહ, જોધપુર, ભુજ, ચંદીગઢની ફલાઈટો પણ રદ

રાજકોટ તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગઈરાત્રે રાષ્ટ્રજોગ સંબોધન બાદ યુદ્ધવિરામ વચ્ચે પણ કાશમીર તથા પંજાબમાં કેટલાંક ડ્રોન જોવા મળતા અને બ્લેકઆઉટ કરાતા એર ઈન્ડીયા-ઈન્ડીગોએ રાજકોટ સહિતના શહેરોનુ ફલાઈટ ઓપરેશન આજે પણ ચાલુ નહીં કરવાનું જાહેર કર્યુ હતું. ઈન્ડીગો એ શ્રીનગર, જમ્મુ, અમૃતસર, લેહ, ચંદીગઢ તથા રાજકોટની ફલાઈટ રદ કરી હતી. જયારે એર ઈન્ડિયાએ જમ્મુ, લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંદીગઢ તથા રાજકોટની ફલાઈટો રદ કરવાની જાહેરાત કરી હતી.

ઇન્ડિગોએ આ સંદર્ભમાં ટ્રાવેલ એડવાઇઝરી પણ જારી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે નવા વિકાસને ધ્યાનમાં રાખીને અને મુસાફરોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, જમ્મુ, અમૃતસર, ચંદીગઢ, લેહ, શ્રીનગર અને રાજકોટ જતી અને જતી ફલાઇટ્સ ૧૩ મે, ૨૦૨૫ સુધી રદ કરવામાં આવી છે.

ઇન્ડિગોએ મુસાફરો પ્રત્યે માફી માંગી અને કહ્યું, 'અમારી ટીમો પરિસ્થિતિ પર સક્રિયપણે નજર રાખી રહી છે અને તમને તાત્કાલિક વધુ અપડેટ્સની જાણ કરશે.' મુસાફરોને સૂચના આપતાં, ઇન્ડિગોએ કહ્યું કે એરપોર્ટ જતા પહેલા, વેબસાઇટ અથવા એપ પર તમારી ફલાઇટની સ્થિતિ તપાસો. ઉલ્લેખનીય છે કે આ છ એરપોર્ટ એવા એરપોર્ટમાં સામેલ છે જેને ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષને ધ્યાનમાં રાખીને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા. જોકે, સોમવારે સરહદો પર શાંતિ પુન:સ્થાપિત થયા પછી, તેમને નાગરિક ફલાઇટ્સ માટે ફરીથી ખોલવામાં આવ્યા હતા. દરમિયાન, અમૃતસરમાં સાવચેતીના પગલાં તરીકે બ્લેકઆઉટ થયા બાદ સોમવારે સાંજે ઇન્ડિગોની એક ફલાઇટ નવી દિલ્હી પાછી ફરી હતી.

### એર ઇન્ડિયાએ પણ એડવાઇઝરી જારી કરી

ઈન્ડિગો પછી, એર ઈન્ડિયાએ પણ ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે નવીનતમ ઘટનાક્રમ અને તમારી સલામતીને ધ્યાનમાં રાખીને, જમ્મુ, લેહ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટ જતી અને જતી ફલાઇટ્સ આજે માટે રદ કરવામાં આવી છે. વધુ માહિતી માટે, કૃપા કરીને એર ઇન્ડિયાસંપર્ક કેન્દ્રને ૦૧૧-૬૯૩૨૯૩૩૩ / ૦૧૧-૬૯૩૨૯૯૯૯ પર કોલ કરો અથવા તેમની વેબસાઇટની મુલાકાત લેવા અનુરોધ કર્યો છે.

### 'ઓપરેશન સિંદુર'માં પાક.ને પરચો બતાવનાર...

## રશિયાની એર ડિફેન્સ સિસ્ટમ એસ-૪૦૦ 'બેટા' છે તો એસ-૫૦૦ 'બાપ' છે!

### એસ-૫૦૦ પાકિસ્તાન તો ઠીક અમેરિકી એફ-૩૫ જેટ અને બી-૨ બોમ્બર્સ માટે પણ 'કાળ': પુતિને કરી ઓફર




નવી દિલ્હી તા.૧૩

પાકિસ્તાન સામે 'ઓપરેશન સિંદુર' કાર્યવાહી દરમિયાન રશિયન એર ડિફેન્સ સીસ્ટમે પોતાની તાકાત દેખાડી છે. રશિયન એર ડિફેન્સ સીસ્ટમ એસ-૪૦૦ એ ભારતની સ્વદેશી એર ડિફેન્સ સીસ્ટમ આકાશ અને બરાકની સાથે મળીને પાકિસ્તાનના એક પણ ડ્રોન અને મિસાઈલને જમીન પર નહોતા પડવા દીધા. બીજી બાજુ ભારતે પાકિસ્તાનમાં તબાહી મચાવી દીધી હતી. હવે રશિયન એજન્સીએ ધીરેથી ભારતને એસ-૫૦૦ની 'લાલચ' આપવાની કોશિશ કરી છે.

રશિયાએ લખ્યું છે- રશિયાની નેકસ્ટ જનરેશન એર ડિફેન્સ, જેને સ્ટીલ્થ વિમાનથી માંડીને હાઈપર સોનિક મિસાઈલો સુધી દરેક બાબતોનો મુકાબલો કરવા માટે ડિઝાઈન કરાઈ છે. દુર્જેય એસ-૪૦૦ના સ્વાભાવિક ઉતરાધિકારી છે.

આરટી ઈન્ડીયાએ પોતાની પોસ્ટમાં એસ-૫૦૦ એર ડિફેન્સ સીસ્ટમની તાકાતનો ખુલાસો થયો છે.

આરટી ઈન્ડિયાએ લખ્યું છે- એસ-૪૦૦ મુખ્યત્વે હાઈ એલ્ટટયુડ વાળા વિમાનો અને ક્રુઝ મિસાઈલોને નિશાન બનાવે છે, જયારે એસ-૫૦૦ને ભવિષ્યના યુદ્ધના મેદાન માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને એ તેનો સામનો કરી શકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે એસ-૫૦૦ એર ડિફેન્સ સીસ્ટમ બેલેસ્ટીક મિસાઈલ, હાઈપર સોનિક હથિયાર, લો ઓર્બિટ સેટેલાઈટ, એફ-૩૫, બી-૨ બોમ્બર જેવા પાંચમી પેઢીના વિમાનો સામે કારગત છે. મતલબ કે રશિયાએ એક રીતે અમેરિકાના હથિયારોને નિશાન બનાવવાનો પડકાર આપ્યો છે.

### હથિયાર હેઠા મુકનાર પાક હવે નવા મોરચે સક્રીય

## 'ડાન્સ ઓફ હિલારી' માલવેરથી સાવધઃ પાક હેકર્સએ ભારતીય વોટસએપ ટાર્ગેટ કર્યા

### મોબાઈલમાં સોશ્યલ મીડીયા પર મોકલતા માલવેરથી અંગત માહિતી ચોરાઈ જાય છેઃ પંજાબ પોલીસની ચેતવણી

ભટીન્ડાઃ યુદ્ધ ભૂમિમાં ભારત સામે પરાજયની ક્ષણમાં યુદ્ધવિરામ સ્વીકારી પાકે હાલ તો તેના શસ્ત્રો મ્યાન કર્યા છે તો હવે સાયબર આક્રમણ વધાર્યુ છે અને ગુપ્તચર એજન્સીઆએ સાયબર એટેક સામે લોકોને સાવધ કર્યા છે. 'ડાન્સ ઓફ હીલાટી' નામના વાયરસનો આ પ્રકારે સાયબર એટેક માટે થઈ રહ્યો છે. આ માલવેર વોટસએપ- ફેસબુક અને ટેલીગ્રામમાં ઘુસાડાયો છે. પાક સ્થિત સાયબર હેકર્સ આ માલવેર મારફત ભારતના યુર્ઝનના ફોનમાં તે ઘુસાડી રહ્યા છે. વિડીયો અને ડોકયુમેન્ટ મારફત આ માલવેર ઘુસાડાય છે અને તે બોલતા જ યુઝર્સની વ્યકિતગત માહિતી તેમાંથી ઉઠાંતરી થાય છે. પંજાબ પોલીસે લોકોને આ પ્રકારના ડાન્સ




ઓફ હિલાટી સામે લોકોને સાવધ રહેવા તાકીદ કરી છે. આ માલવેર તમારી બેન્કીંગ પાસવર્ડ વિ. ચોરી લે છે.

આ ઉપરાંત પાક. તરફથી એક આવી રહેલા ફોન કોલ સાથે પણ ચેતવણી આપવામાં આવી છે. જેમાં સુરક્ષા એજન્સીઓ અનુસાર, ભારતના લોકો ખાસ કરીને પત્રકારો, સામાન્ય નાગરિકો અને નિવૃત્ત લશ્કરી અધિકારીઓને કેટલાક શંકાસ્પદ કોલ આવી રહ્યા છે, જેમાં કોલ કરનાર પોતાને ભારતીય સેના અથવા કોઈ ગુપ્તચર એજન્સીના અધિકારી તરીકે રજૂ કરે છે. આ લોકો હોશિયારીથી વાત કરે છે અને સેના સંબંધિત કામગીરી અથવા સંવેદનશીલ માહિતી વિશે પૂછે છે. આ નંબર પરથી આવતા કોલ્સ તાત્કાલિક બ્લોક કરો જો તમને +૯૧ ૭૩૪૦૯૨૧૭૦૨ જેવા નંબર પરથી કોલ આવે છે, તો સાવચેત રહો. આ નંબર ભારતનો લાગે છે, પરંતુ તેમાં સ્પૂફિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આનો અર્થ એ છે કે વાસ્તવિક નંબર છૂપાયેલો છે અને તમને નકલી નંબર દેખાય છે.

### ચોકકસ નંબર પરથી આવતા કોલમાં ઓપરેશન સિંદુરની ચર્ચા સામે પણ સાવધ રહેવા તાકીદ

ફોન કરનાર 'ઓપરેશન સિંદૂર' જેવા વિષયો પર માહિતી માંગી શકે છે. યાદ રાખો કોઈ પણ વાસ્તવિક અધિકારી ફોન પર આવી માહિતી માંગતો નથી.

### બપોરે થનારી હોટલાઈન બેઠક અંતે મોડી સાંજે યોજાઈ

# હવે એક પણ બુલેટ ફાયર નહી થાયઃ ભારત-પાક સંમત

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૮૬ કલાકના યુદ્ધ બાદ થયેલા શસ્ત્રવિરામમાં હવે બન્ને દેશોએ શાંતિને નવા સ્તર સુધી લઈ જવાનો નિર્ણય લીધો છે. બન્ને દેશોના સૈન્યના ડિરેકટર જનરલ ઓફ મીલીટ્રી ઓપરેશન વચ્ચે ગઈકાલે સાંજે યોજાયેલી હોટલાઈન વાતચીતમાં પાકદળોએ જે રીતે યુદ્ધ વિરામની પ્રથમ રાત્રીના જ પાકિસ્તાને ત્રણ કલાક સુધી ભારત પર ડ્રોન સહિતના હવાઈ હુમલા કર્યા અને સરહદો પર તોપગોળા વરસાવ્યા બાદ ભારતીય દળો હવે વધુ સજાગ છે.

ભારતના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન લેફ. કર્નલ રાજીવ ઘઈ અને પાકના ડીજીએમઓ મેજર જનરલ બશીફ અબ્દુલ્લા વચ્ચેની વાતચીતમાં સરહદો પર તનાવ ઘટાડવા અને હવે એક પણ બુલેટ-ફાયર થવી જોઈએ નહી તેના પર સહમતી બની હતી અને બન્ને દેશો સરહદ પર દળો ઘટાડવા પણ સંમત થયા હોવાનું માનવામાં આવે છે.

ભારત-પાક વચ્ચેના પહેલગામ હુમલા બાદના તનાવ વચ્ચે પાક તેના અંકુશ હેઠળના ક્ષેત્રના ચીનાબ-રાંચી નદી વચ્ચેના શાકોરગઢ બ્રીજ આસપાસ ભારે જમાવડો કર્યો હતો પણ હવે તે દળોને પાછા મોકલવા માટે સંમતી બની રહી છે. બન્ને દેશોએ સરહદો અને મોખરાની આડીઓ પરથી દળો ઘટાડવાની સહમતી બતાવી છે. જો કે તે માટે એક શેડયુલ નિશ્ચિત કરવામાં આવશે. ગઈકાલે જ ભારતીય સૈન્યની ત્રણેય પાંખના ડીજીએમઓએ યુદ્ધ વિરામ છતાં દળો એલર્ટ જ રહેશે તે નિશ્ચિત કર્યુ હતુ અને ભારત તે જોશે. આ બેઠક બાદ ભારતના ડીજીએમઓએ એક ટુંકી પ્રેસ યાદીમાં સરહદી તનાવ ઘટાડવા સંમત થયા હોવાના અહેવાલ આપ્યા હતા. બન્ને દેશો ડીજીએમઓ વચ્ચે આ ત્રીજી બેઠક હતી. ગઈકાલે બપોરે ૧૨ વાગ્યે થનારી હોટલાઈન ચર્ચા સાંજ પર મુલત્વી રહી હતી અને હવે ભવિષ્યમાં તાકીદના સમયે જ બન્ને દેશોના ડીજીએમઓ સંપર્ક કરશે તેવા સંકેત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાષ્ટ્રને સંબોધનમાંજ પાકને સીધો ચેતવણીભર્યો સંદેશ આપી દીધો હતો.

### બન્ને દેશોના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન તનાવ ઘટાડવા સહમતઃ સરહદો અને મોખરાની હરોળ પરથી સૈન્ય દળો ઘટાડવા પણ આગળ વધશે



### કેટલાંક વખતથી લિકવીડીટી ક્રાઈસીસમાં ફસાયેલા અને નાણાં ધીરધાર બંધ કરી દેનારા

# ટોચના ફાઈનાન્સરનાં ભાગીદારે ઝેર પી લીધુ: બે બિલ્ડરોની ધમકીથી પગલુ?

રાજકોટ તા.૧૩

રાજકોટમાં કેટલાંક વખતથી લીલીઝંડી ક્રાઈસીસ (રોકડ નાણાની તંગી)નો સામનો કરી રહેલા ટોચના ફાઈનાન્સરના ભાગીદારે ઝેરી દવા પી લેતા સનસનાટી મચી છે તેના દ્વારા મોટા મવાનાં એક સહીત બે બિલ્ડરોનાં નામ પણ આપવામાં આવ્યાની ચર્ચા છે. ફાઈનાન્સ તથા વેપાર ઉદ્યોગ ક્ષેત્રમાં 'આરોગ્ય તકલીફ' તરીકે ઉપસાવાયેલી આ ઘટનાની વાસ્તવિકતા કાંઈક જુદી જ હોવાનું કહેવાય છે. હોસ્પિટલમાં ચાર પાંચ દિવસ સારવાર હેઠળ રખાયા બાદ રજા આપી દેવામાં આવી છે.

શહેરમાં ટોચના ફાઈનાન્સર તરીકે ગણના પામતા તથા બિલ્ડરો-ઉદ્યોગકારો સાથે કરોડો રૂપિયાની લેવડદેવડના વ્યવહારો ધરાવતાં ફાઈનાન્સરનાં મુખ્ય ભાગીદારે સપ્તાહ પૂર્વે પોતાની વાડીએ ઝેરી દવા પી લીધી હતી અને તાબડતોબ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એમ કહેવાય છે કે ફાઈનાન્સર ભાગીદારને હોસ્પિટલમાં દાખલ કરવાની વાતથી, નાણાંકીય વ્યવહાર ધરાવનારા ઉપરાંત સગાસબંધીઓ હોસ્પીટલે પહોંચ્યા હતા.તેમનું સ્વાસ્થ્ય કથળ્યુ હોવાથી સારવાર માટે લવાયાનું તબીયત પૂછવા આવનારા લોકોને જણાવવામાં આવ્યુ હતું.

સુત્રોએ કહ્યું કે હોસ્પિટલમાં દાખલ કરતાં પોલીસ ચોપડે પણ એન્ટ્રી લેવામાં આવી હતી. વાડીએ હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા અને બેહોશીની

## પડધરી પંથકની વાડીએ જ ઝેરી પદાર્થ ગટગટાવી લેતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા: હવે 'આઉટ ઓફ ડેન્જર' ગાંધીગ્રામ પોલીસમાં 'બેભાન હાલતમાં આવ્યા'ની નોંધ: પડધરી પોલીસને સોંપાતી તપાસ

હાલતમાં જ હોસ્પિટલ લવાયાની પ્રાથમિક નોંધ પોલીસે લીધી હતી અને પછી ધોરણસરની તપાસ શરૂ કરવામાં આવી હતી.

ફાઈનાન્સરનાં ભાગીદારે ઝેરી દવા પડધરી પંથકની તેમની વાડીએ પીધી હોવાથી તપાસ પડધરી પોલીસને ટ્રાન્સફર કરવામાં આવી હતી.

એમ કહેવાય છે કે રાજકોટના બે બિલ્ડરો સાથેના નાણાંકીય વિવાદમાં આ બનાવ બન્યો હતો. ફાઈનાન્સરનાં ભાગીદાર દ્વારા બન્ને બિલ્ડરોના નામ પણ આપવામાં આવ્યા છે. તે પૈકી એક નાનામવાનાં બિલ્ડર હોવાનું તથા બીજા મૂળ ગોંડલનાં અને નાણાંકીય ખેચથી ફરાર બિલ્ડરના ભાગીદાર હોવાના નિર્દેશ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રીયલ એસ્ટેટ તથા વેપાર ઉદ્યોગ ક્ષેત્રમાં કરોડો રૂપિયાનું ફાયનાન્સ ધરાવતા ફાઈનાન્સર કેટલાંક વખતથી રોકડની તંગી ભોગવતા હોવાની ચર્ચા હતી. એકાદ વર્ષથી રીયલ એસ્ટેટ માર્કેટ મંદીમાં સપડાયું હતું. પરિણામે ફાઈનાન્સનું રોટેશન અટકી ગયુ હતૂ. વ્યાજે નાણાં લઈ ગયેલા બિલ્ડરો પાસેથી રકમ પરત આવતી ન હતી. ધારાધોરણ મુજબ તેઓની જમીન કે સંપતિ ફાઈનાન્સરનાં કબ્જામાં હતી. પરંતુ રીઅલ એસ્ટેટ માર્કેટ જ ઠંડુગાર હોવાથી તે વેચીને પણ નાણાં એકત્રિત થઈ શકે તેવી હાલત ન હતી. ફાઈનાન્સ લેનારા વધી ગયા હતા. જયારે થાપણ મુકનારા ઘટી ગયા હતા.કેટલાંક ડીપોઝીટરે નાણાં પરત માંગતા ગુમ આપવાનું શરૂ થયુ હતું. સામાન્ય રીતે ગણતરીની કલાકોમાં ગમે તેટલી રકમ ચુકવી દેવા સક્ષમ ફાઈનાન્સર સુધી આપવા લાગ્યાની વાત પ્રસરતા અન્ય ડીપોઝીટરોએ પણ ઉઘરાણી શરૂ કરતા અને નવા ડીપોઝીટરો 'અટકી' જતા તે લીકવીડીટી ક્રાઈસીસમાં આવી ગયા હતા. પરિસ્થિતિ હાથ બહારની માલુમ પડતા રોકડાને બદલે જમીન કે પ્રોપર્ટી આપવાનું શરૂ કરી દીધુ હતું અને ફાઈનાન્સની લેવડદેવડ બંધ કરી દીધી હતી. ફાઈનાન્સના આધારે મોટા ધંધાકીય વ્યવહારો બંધ થતા રીયલ એસ્ટેટ સહિતના વેપાર ઉદ્યોગકારોને મોટી અસર છે.તેના કારણે સમગ્ર વેપાર ઉદ્યોગમાં રોકડની તંગીની સ્થિતિ ઉભી થઈ છે.

## ડિપ્રેશનને કારણે દવા પીધાનો બચાવ પણ સાચુ કારણ આર્થિક ખેંચ?

સપ્તાહ પૂર્વે દવા પી લેનારા ટોચના ફાઈનાન્સર ભાગીદારને પાંચેક દિવસ ખાનગી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા બાદ હવે રજા આપી દેવામાં આવી છે. ધંધાને કારણે મોટુ મિત્ર-વ્યવસાયિક વર્ગ ધરાવતાં ફાઈનાન્સરની તબિયતની પૃચ્છા માટે દરરોજ મોટી સંખ્યામાં લોકો ઉમટયા હતા. ડિપ્રેશનને કારણે સ્વાસ્થ્ય કથળવાનું અને તેની દવાનું કારણ કહેવામાં આવતુ હતું. પરંતુ ચર્ચા એ છે કે આર્થિક ખેંચને કારણે આ આત્મઘાતી પગલુ લેવાયું હતું. તેમની સૌથી નજીકની વ્યકિતઓને આ હકીકત કહેવામાં આવી હોવાનું કહેવાય છે. રહસ્યમય રીતે પોલીસ પણ તેમાં ઉંડી ઉતરી ન હોવાની ચર્ચા છે.

# કોઠારીયાના કારખાનેદાર પર અમાનુષી ત્રાસ ગુજારનાર બંને વ્યાજખોરની ધરપકડ

### ખોખળદળના વ્યાજખોર રામ ભરવાડને ૨૦ લાખના ૮૦ લાખ અને મનીષ રંગાણીને ૫ લાખના ૧૦ લાખ ચૂકવ્યાં છતાં કારખાને ઘુસી બળજબરીથી કોરા ચેક ઝુંટવી ગયાં

### મારી નાંખવાની ધમકી આપતાં કારખાનેદારે ઝેરી દવા પી લીધી, આજીડેમ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી

રાજકોટ. તા.૧૩

કોઠારીયાના કારખાનેદાર પર અમાનુષી ત્રાસ ગુજારનાર બંને વ્યાજખોરની આજીડેમ પોલીસે ધરપકડ કરી હતી. ખોખળદળના વ્યાજખોર રામ ભરવાડને ૨૦ લાખના ૮૦ લાખ અને મનીષ રંગાણીને ૫ લાખના ૧૦ લાખ ચૂકવ્યાં છતાં કારખાને ઘુસી બળજબરીથી કોરા ચેક ઝુંટવી મારી નાંખવાની ધમકી આપતાં કારખાનેદારે ઝેરી દવા પી લીધી હતી.

બનાવ અંગે કોઠારીયા ગામમાં રામજી મંદીર પાસે રહેતાં સુરેશભાઈ લક્ષ્મણભાઇ સાંગાણી (ઉ.વ.૫૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રામા ભરવાડ અને મનીષ રંગાણી (રહે. બંને ખોખળદળ) નું નામ આપતાં આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને લોઠડા ગામે તિરૂપતી ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં જય ગાત્રાળ ટેકનોકાસ્ટ નામનુ લોખંડની ભઠીનુ કારખાનુ આવેલ છે. ત્રણેક વર્ષ પહેલા ત્યા કારખાના પાસે ખોખડદડ ગામના રામાભાઈ ભરવાડની ચાની દુકાન હોય જેથી તેની સાથે મિત્રતા થયેલ હતી. રામાભાઈ ભરવાડ કે જેઓ વ્યાજનો ધંધો કરતા હોય અને ધંધા માટે તેમજ દીકરીની સગાઈ તેમજ લગ્ન માટે રૂ.૨૦ લાખની જરૂરીયાત હોય જેથી રામાને વાત કરતા જણાવેલ કે, હું ૧૦ ટકા લેખે પૈસા વ્યાજે આપુ છું. જેથી તેને વ્યાજ થોડું ઓછુ કરો તો તેઓએ ના પાડેલ હતી. તેઓને પૈસાની જરૂરીયાત હોય જેથી તેમને હા પાડતા રામાભાઇ રૂ.૨૦ લાખ ૧૦% વ્યાજ પેટે આપેલ હતા અને દર માસે વ્યાજ તેમને તેમની દુકાને રોકડેથી આપતો હતો.

વ્યાજ આપવામાં મોડુ થયે રામા પાસેથી વ્યાજની પેનલ્ટી પણ લેતા હતા. છેલ્લા ત્રણેક વર્ષમા કુલ વ્યાજ તેમજ પેનલ્ટી સહીત કુલ રૂ.૮૦ લાખ ચુકવી આપેલ હતાં. તેમ છતા રામાભાઈ હજુ મુડી રૂ.૧૫.૫૦ લાખ માંગે છે. વ્યાજખોર રામાને વ્યાજ ભરવા માટે ખોખડદડ ગામના મનીષ રંગાણી પાસેથી રૂપીયા ૫ લાખ ૧૦% લેખે વ્યાજે લીધેલા અને તેને રોકડેથી દર માસે રૂ.૫૦ હજાર વ્યાજ ચૂકવતાં હતાં. મનિષને પણ છેલ્લા બે વર્ષમાં રૂ.૧૦ લાખ ચુકવી આપેલ. તેમ છતા તે હજું મુડી રૂ.૫ લાખની ઉઘરાણી કરે છે.

આ લોકોને વ્યાજ ચુકવવા માટે અલગ-અલગ કુલ નવ બેંકોમાંથી આશરે રૂ.૧.૨૫ લાખની લોન લીધેલ હતી. જેમાથી તેઓ રોકડેથી વ્યાજ ચુકવતાં હતાં. છેલ્લા ચારેક માસથી કારખાનું બરાબર ચાલતુ ન હોય અને ધંધામા મંદી હોય જેથી બન્નેને વ્યાજની ચુકવણી કરી શકેલ ન હોય જેથી બંને અવાર નવાર રૂબરૂ તેમજ ફોનમા વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હોય અને પૈસા ન આપું તો જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા.

ત્રણેક માસ પહેલા બંન્ને મારા કારખાને આવેલ અને કહેવા લાગેલ કે, કેમ છેલ્લા ચાર માસથી અમને તું વ્યાજ આપતો નથી, જેથી તેઓને જણાવેલ કે, મારે કારખાનામાં મંદી ચાલે છે, હું તમને વ્યાજ તેમજ મુડી ચુકવી આપીશ કહેતા વ્યાજખોર ઉશ્કેરાઇ ગયેલ અને અમારે વ્યાજ તેમજ મુડી અત્યારે જ જોઈએ છે તેમ કહી ગાળો આપી કહેલ કે, અમે તારી સમાજમા બદનામી કરી તારા દિકરાનુ સગપણ નહીં થવા દઈએ તેમ કહી ટેબલના ખાનામા પેઢી જે તેઓના પત્ની નયનાબેનના નામે હોય અને તેમના નામની ચેકબુકમા બે કોરા ચેક જે સહી વાળા હતાં તે ધાક ધમકી આપી મારીતેઓની પાસેથી લઇ લીધેલ અને જતા જતા કહેલ કે, જો તું વ્યાજ અને મુડી નહીં આપે તો તને જાનથી મારી નાખીશુ. જે બાદ બન્ને અવાર નવાર રૂબરૂ ઘરે આવી તેમજ ફોનમાં વ્યાજની ઉઘરાણી કરી કહેતા કે, તારા અમારી પાસે રહેલ ચેકમાં મોટી રકમ ભરી તારી ઉપર ફરીયાદ કરી તને હેરાન કરી નાખીશું. આરોપી માથાભારે અને ઝનુની સ્વભાવના હોય અને મારી પઠાણી ઉઘરાણી કરતા હોય જેનાથી કંટાળી જઇ ગઇ તા.૦૩/૦૫/૨૦૨૫ ના બપોરના એકાદ વાગ્યાની આસપાસ તેઓ ઘરે હતો ત્યારે ઘઉંમાં નાખવાના ટીકડા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ તેઓને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી બંને વ્યાજખોરોની ધરપકડ કરી હતી.

# ઓડીસાથી ગાંજો લઈ આવી શહેરમાં સપ્લાય કરે તે પહેલાં જ સાગર નગરનો દિપક અગ્રવાત ઝડપાયો

### એસઓજીની ટીમનો કુવાડવા ગામ પાસે દરોડો, પેડલર પાસેથી અઢી કિલો ગાંજો કબ્જે કર્યો, અગાઉ બે ખેંપ માર્યા બાદ ત્રીજા રાઉન્ડમાં પકડાયો



રાજકોટ, તા.૧૩

ઓડીસાથી ગાંજો લઈ આવી શહેરમાં સપ્લાય કરે તે પહેલાં જ સાગર નગરના દિપક અગ્રવાતને એસઓજીની ટીમે કુવાડવા ગામ પાસેથી દબોચી લઈ અઢી કિલો ગાંજો સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો. શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી કાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ''SAY NO TO DRUGS" મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને એન.વી.હરીયાણીની રાહબરીમાં સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર અને યોગેન્દ્રસિંહ ઝાલાને અમદાવાદ તરફથી એક શખ્સ ગાંજાના જથ્થા સાથે આવતો હોવાની મળેલ સંયુકત બાતમીના આધારે સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર કુવાડવા ગામ પાસે ઇન્ડીયન ઓઇલ પેટ્રોલપંપની બાજુમાં આવેલ શિવ શક્તિ હોટલ સામે રોડ પર વોચમાં હતો ત્યારે ત્યાંથી દિપક ઉર્ફે શિવમ રણજીત અગ્રાવત (ઉ.વ.૨૦, રહે. સાગર નગર શેરી નં.૧, માર્કેટીંગ યાર્ડ પાસે) ને દબોચી લઈ તેની પાસેથી ગાંજો ૨.૪૨૧ કિલો મળી આવતાં તેની ધરપકડ કરી ગાંજો, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૨૯૫૧૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપી ઓડિસાથી ગાંજો લઈ આવતો હતો અને શહેરમાં તે છૂટકમાં વેંચાણ કરવાનો હતો. આરોપી ત્રીજી વાર ગાંજો લઈ આવતો હતો તે ઓડિસાથી ટ્રેન મારફત વડોદરા કે અમદાવાદ સુધી આવતો અને ત્યાંથી અન્ય વાહન મારફત રાજકોટ પહોંચતો હતો.

## અવસાન નોંધ

**ગાંધીનગર:** નીતાબેન યોગેશભાઈ ભટ્ટ તે યોગેશભાઈ નરોતમભાઈ ભટ્ટના પત્ની તથા શુભાંગી, પ્રાચીના માતુશ્રીનું તા.૧૦ શનિવારના રોજ કૈલાસવાસ થયેલ છે. બેસણું તા.૧૩ને મંગળવાર સાંજે ૪થી ૬ રામેશ્વર મંદિર સેકટર ૩/ડી, ગાંધીનગર ખાતે રાખેલ છે.

**જામનગર:** સ્વ. નીતિનભાઈ ત્રંબકલાલ વ્યાસ (નિવૃત પીડબલ્યુડી જામનગર) (ઉ.૭૦) ઔ.ખ. બ્રાહ્મણ તે સ્વ. ત્રંબકલાલ નથુલાલ વ્યાસના પુત્ર, પ્રવિણભાઈ, ભાસ્કરભાઈ, પંકજભાઈ અને જસુમતીબેનના ભાઈ અને ભાર્ગવ, તેજસ, રિધ્ધિના પિતાશ્રીનું તા.૧૧ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા.૧૫ના રોજ ગુરૂવારે સાંજે ૫થી ૬ વાગ્યે ભોળેશ્વર મહાદેવ મંદિર, મોહનનગર શેરી નં.૫, ગુલાબનગર સામે, જામનગર ખાતે રાખેલ છે.

**ગોંડલ:** ભુજ નિવાસી હાલ ગોંડલ એલઆઈસીના નિવૃત વહિવટી અધિકારી તે ઉર્વશીબેનના પતિ, ખ્યાતીબેન તથા નિરાલીબેનના પિતાશ્રી, શિરીશભાઈ ત્રિપાઠીના નાનાભાઈ તેમજ પંકજભાઈ તથા પુષ્યમિત્ર જાનીના બનેવી દિલીપભાઈ નંદશંકરભાઈ ત્રિપાઠીનું તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બન્ને પક્ષનું બેસણું ગોંડલ મુકામે તા.૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ 'હેમવાડી' ૯ સ્ટેશન પ્લોટ ગોંડલ મુકામે રાખેલ છે.

**કોડીનાર:** છારિયા ઉનેવાળ બ્રાહ્મણ સ્વ. ભરતભાઈ મહાશંકરભાઈ પંડયાના ધર્મપત્ની તરલાબેન ભરતભાઈ પંડયા (ઉ.૮૨) તથા ભાસ્કરભાઈ પંડયા, વિપુલભાઈ પંડયા (વિપુલ પાન, જલારામ ચોક), ધર્મિષ્ઠાબેન પુરોહિત અને હીનાબેન જાનીના માતુશ્રીનું તા.૧૨ને સોમવારના રોજ અવસાન થયું છે.

**સાવરકુંડલા:** દુધીબેન પરસોતમભાઈ કાનાણી (ઉ.૯૨) તા.૧૧ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૩ને મંગળવારના રોજ સાંજે ૫ વાગ્યા સુધી અમારા નિવાસસ્થાને રઘુવંશીપરા નેસડી રોડ, પાણીના ટાંકા પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**જામખંભાળીયા:** રાજય પુરોહિત બ્રાહ્મણ સ્વ. ભાઈશંકર કાનજી નાકરના ધર્મપત્ની જયોત્સનાબેન (ઉ.૮૧) તે સ્વ. રેવાશંકર ગોપીયાણીના પુત્રી તેમજ નિલેશભાઈ, નરેન્દ્રભાઈ, રાજેશ (ઈન્ફિનિટી જીમ) તથા જીતેન્દ્રભાઈ (પ્રભુકૃપા નોવેલ્ટીઝ)ના માતુશ્રી તેમજ વર્ષાબેન, ભાવના, હીના અને સોનલના સાસુ તથા સંજય, પરાગ, નિશાંત, સમીર, સ્વ. મનીષભાઈ, ભૌતિક, કેતન, અને ક્રિષ્ના રસીકકુમાર મહેતા, ભાવિકા રૂપેશકુમાર ભટ્ટ, કૃપાલી વિમલકુમાર રૂપાપરા અને કલ્પના રાજકુમાર ખેતીયાના દાદીમાં તથા સ્વ. હંસાબેન ત્રંબકલાલ ભટ્ટ, ભરતભાઈ ગોપીયાણી, યશવંતભાઈ ગોપીયાણી, વિનોદભાઈ માંડલીયાના બહેન તા.૧૧ના રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું ગુરૂવાર તા.૧૫ના રોજ સાંજે ૪થી ૫ અત્રે સ્ટેશન રોડ પર આવેલી રાજય પુરોહિત બોર્ડીંગ સામે ગુર્જર સુતાર જ્ઞાતિની વાડી ખાતે રાખવામાં આવેલ છે.

### અરિહંતશરણ-પ્રાર્થનાસભા



રાજકોટ નિવાસી કિરણબેન પ્રજ્ઞેશભાઈ મેઘાણી ઉ.વ.૬૯ તે સ્વ.અભેચંદ મણિલાલ દોશીનાં સુપુત્રી, તે પ્રજ્ઞેશભાઈ મનસુખભાઈ મેઘાણીનાં ધર્મપત્ની, કૌશલભાઈ તથા જુલીબેનનાં માતુશ્રી, રિમલભાઈ તથા તન્વીબેનનાં સાસુ તથા શ્રેયા, તીર્થનાં દાદી તથા કલ્પ, જીનયનાં નાની તા.૧૨-૫-૨૦૨૫ ને સોમવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે.

- સદ્ગતનું ઉઠમણું - પ્રાર્થનાસભા -
તા.૧૫-૫-૨૦૨૫, ગુરુવાર
ઉઠમણું : સવારે ૧૦ થી ૧૦.૩૦, પ્રાર્થનાસભા : ૧૧ થી ૧૨
શ્રી વિરાણી વાડી, કોઠારીયા નાકા, રાજકોટ

સ્વ.કિરણબેન પ્રજ્ઞેશભાઈ મેઘાણી
સ્વ. તા. ૧૨-૫-૨૦૨૫

મેઘાણી પરિવારનાં જય જિનેન્દ્ર

### ચોથી વાર્ષિક પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલી



સ્વ. સેજલબેન વિશાલભાઈ દોશી
સ્વ. તા. ૧૩-૦૫-૨૦૨૧

દિવસો વિત્યા, માસ વિત્યા, વિત્યા ચાર વરસ
આમ વર્ષો વિતશે પણ આપની સ્મૃતી હરહંમેશ અમર રહેશે.
પરમ કૃપાળુ મહાવિર સ્વામી ભગવાન આપના દિવ્ય આત્માને
પરમ શાંન્તી આપે એ જ પ્રાર્થના...

લી.

| | | |
|---|---|---|
| વિશાલ એસ દોશી | શિશિર એચ દોશી | જયોતીબેન જે રૂપાણી |
| સ્વાતી વી દોશી | મીનાબેન એસ દોશી | પ્રતિક જે રૂપાણી |
| ચી. ખુશી વી દોશી | અતુલ એચ દોશી | ચાર્મી પી રૂપાણી |
| ચી. અનન્યા વી દોશી | નયનાબેન એ દોશી | હેત પી રૂપાણી |
| ચી. યશ વી દોશી | | |

જય જીનેન્દ્ર

### માંડવીચોક દેરાસરના ભૂ.પૂ.ટ્રસ્ટી મહાસુખભાઈ રામાણીના પુત્ર

## ધર્માનુરાગી નયનભાઈ રામાણી અરિહંતશરણ પામ્યા: શોક



રાજકોટ,તા.૧૩

ધર્માનુરાગી નયન ભાઈ રામાણી (ઉ.વ.૪૮) તે મહાસુખભાઈ નંદલાલ ભાઈ રામાણી (માંડવી ચોક દેરાસરના ભૂતપૂર્વ ટ્રસ્ટી) તથા દીનાબેનના સુપુત્ર, તે વૈશાલીના પતિ, તે વત્સલ તથા પ્રિયાંશીના પિતા, તથા શીતલબેન પાળકુમારના ભાઈ અને સ્વ. ધીરજલાલ મગનલાલ સંઘવીના જમાઇનું તા.૧૨-૦૫-૨૫ સોમવારના રોજ અરિહંત શરણ થયેલ છે, સદ્ગત નયનભાઈ જૈન સમાજના એક મુકસેવક, વિહાર ગ્રુપના તથા જૈન વિઝન ટિમના એક સમયના સક્રિય સભ્ય, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવક બહોળું મિત્ર વર્તુળ ધરાવનાર ઝીંદાદીલ, નેકદિલ, ધર્મપ્રેમી ઈન્સાન હતા, તેમની ફકત ૪૮ વર્ષે અચાનક વિદાયથીના પુરી શકાય તેવી ખોટ પડી છે.

### ત્રીજી માસીક પુણ્યતિથીએ

## શ્રધ્ધાંજલિ



સ્વ.ભરતભાઈ મનસુખભાઈ બારાઈ
સ્વ.12-2-25

એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ચાલ્યા,
જીંદગી ટુંકી હતી છતાં તમે લાગણી ઘણી મુકી ગયા,
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે
એ જ પ્રાર્થના...

| | |
|---|---|
| આલાપ ભરતભાઈ બારાઈ (પુત્ર) | અનુપમભાઈ બારાઈ (કાકા) |
| મીલી બારાઈ (પુત્રી) | સુનીલભાઈ બારાઈ (ભાઈ) |
| સંજયભાઈ બારાઈ (ભાઈ) | રઘુ, મીલાપ (ભત્રીજા) |

તથા બારાઈ પરીવારનાં **જય દ્વારકાધીશ, જય જલારામ**

અવધેશ એજન્સીઝ - અવધેશ લુબ્રીકેન્ટસ

| | | |
|---|---|---|
| જી.એન.બારાઈ & કું. ઓખા | જી.એન.બારાઈ & કું. IOC પંપ, દ્વારકા | બારાઈ એન્ટરપ્રાઈઝ મીઠાપુર |

SARJAN

# બે વર્ષની સાદી કેદ તથા રૂા.૧૨.૫૦ લાખના દંડના હુકમ સામે થયેલી અપીલ સેશન્સ કોર્ટે ફગાવી

### આરોપી ધવલ તાળાએ વેપારી ભાવેશ સરધારાને આપેલ ચેક રિટર્ન થયો હતો

રાજકોટ, તા.૧૩

શહેરમાં બ્રહ્માણી હોલની પાછળ, કોઠારીયા રોડ ઉપર રહેતા વેપારી ભાવેશ ગોરધનભાઈ સરધારાએ ધવલ રતિભાઈ તાળા નામનાં વેપારીને રૂા.૧૦ લાખ હાથ ઉછીના આપેલા અને તે અંગેનું એક લખાણ રૂા.૧૦૦ નાં સ્ટેમ્પ પેપર ઉપર પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ. આરોપીએ ફરીયાદીની લેણી રકમ પરત કરવા ૧૦ લાખનો પતિ - પત્નીના સંયુકત ખાતાનો ચેક આપેલો. ત્યારબાદ લોકડાઉન હોવાથી ફરીયાદીએ તા. ૫/૮/૨૦૨૦નાં રોજ આ ચેક બેંકમાં જમા કરાવતા 'ફંડ ઇનસફીસીયન્ટ' નાં શેરા સાથે ચેક પરત ફરેલ હતો.



એડવોકેટ પંકજ દોંગા, કેતન સિંઘવા

જેની ફરીયાદ વેપારીએ રાજકોટની ફોજદારી કોર્ટમાં કેરલ. કોર્ટે આરોપી ધવલ તાળા, (રહે. જલારામ -૪, ૧૫૦ ફુટ રીંગ રોડ)ને બે વર્ષની સાદી કેસની સજા તેમજ રૂા. ૧૨,૫૦,૦૦૦નો દંડનો હુકમ કર્યો હતો. દંડ પેટે જમા કરાવેલ રકમમાંથી ૬ ટકા વ્યાજ સહીત રૂા.૧૦ લાખ વળતર તરીકે ચુકવી આપવા હુકમ ફરમાવેલ. આ હુકમ સામે આરોપી ધવલ એ રાજકોટ સેશન્સ કોર્ટમાં અપીલ કરેલી. જે અપીલ ચાલી જતાં આરોપીની અપીલ નામંજુર કરીને રાજકોટ સેશન્સ કોર્ટે નીચેની કોર્ટનો સજાનો હુકમ યથાવત રાખેલ છે. આ કામે મુળ ફરીયાદી ભાવેશ ગોરધનભાઈ સરધારા વતી વકીલ તરીકે કેતન એન. સિંધવા તથા પંકજ આર. દોંગા રોકયેલ હતા.

# પીજીવીસીએલમાં કાયમી થવા અંગે પાર્ટટાઈમ સફાઈ કામદારની માંગણી રદ કરતી અદાલત

રાજકોટ, તા.૧૩

પી.જી.વી.સી.એલ. ડીવીઝન ઓફિસ ધોરાજી ખાતે પાર્ટટાઈમ સફાઈ કામદાર તરીકે કામ કરતા રમેશ અરજણ સોલંકી દ્વારા સ્વીપરની જગ્યા કાયમી કરી કાયમીના ગ્રેડમાં વર્ગ ૪ ને મળતા પગાર તથા આનુસાંગિક લાભો એરીયર્સ સહિત ચુકવી આપવા બાબતે ઔદ્યોગિક અદાલત રાજકોટ સમક્ષ કેસ દાખલ કરેલ હતો.

પીજીવીસીએલ વતી પેનલ એડવોકેટ અનિલ ગોગિયાએ દલીલ કરેલ કે, શ્રમયોગી ડીવીઝન ઓફિસ ખાતે સાફ સફાઈની કામગીરી કરવા મૌખિક કરારથી કામે રાખેલ હતા. શ્રમયોગીને સંસ્થા દ્વારા કયારેય સ્વીપર તરીકે કોઈ નિમણુંક આપવામાં આવેલ નથી. શ્રમયોગી સંસ્થામા કાયમી કે રોજમદાર તરીકે ફરજ બજાવતા નહોતા. ભરતી બઢતીના નિયમો અને સ્ટાફ સેટઅપમાં આવી સફાઈ કામદારની કોઈ પોષ્ટ ઉપલબ્ધ નથી. માંગણી રદ કરવા દલીલો કરેલ હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ન્યાયાધીશ એમ.એ. ટેલર દ્વારા એવા તારણો પર આવેલ કે, સંસ્થામા પાર્ટટાઈમ સ્વીપર તરીકેની મંજુર જગ્યા ઉપર પાર્ટટાઈમ સ્વીપર તરીકે દૈનિક ૪ કલાકની કામગીરી કરતા હોય જયારે સંલગ્ન કામદારે કાયમી પ્રકારની સ્વીપરની જગ્યા ઉપર કામગીરી કરતા હોવાનુ પુરવાર થઈ શકેલ ન હોય આથી શ્રમયોગી સંસ્થામાં કાયમી થવા કોઈ દાદ મેળવવા હકકદાર થતા ન હોય શ્રમયોગીનો રેફરન્સ રદ યાને નામંજુર કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં પીજીવીસીએલ વતી એસ.બી.ગોગિયા લો ફર્મ રાજકોટના ધારાશાસ્ત્રીઓ અનિલ એસ.ગોગિયા, પ્રકાશ એસ. ગોગિયા (ગુજ.હાઈકોર્ટ), સીન્યુબેન ગોગિયા, રોહન પી. ગોગિયા રોકાયેલ હતા.

# બે દિવસ પહેલા સિવિલ હોસ્પિટલ ચોકમાંથી બાઈક ઉઠાવી જનાર તસ્કર ઝડપાયો

### પ્ર.નગર પોલીસે વોચ ગોઠવી પકડી લીધો: બાઈક જપ્ત



રાજકોટ,તા.૧૩

રાજકોટ પ્રદ્યુમનગર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ચોરાઉ બાઈક સાથે રૈયા ચોકડી વિસ્તારના એક શખ્સને ઝડપી લઈ બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો હતો. પ્ર.નગર પો.સ્ટેના હેડ કોન્સ.મયુરરાજસિંહ જાડેજા, પો.કોન્સ, રવિભાઈ ચાવડાએ પેટ્રોલીંગ દરમિયાન અર્જુનભાઈ કાંતિભાઈ ભરાડીયા રે.રૈયા ચોકડી બ્રીજ નીચે રાજકોટને ચોરાઉ બાઈક નં.જી.જે.૦૩ એકયુ ૦૭૩૫ સાથે ઝડપી લઈ પુછપરછ કરતા આ બાઈક બે દિવસ પહેલા સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી.

આ કામગીરી પો.સબ.ઈન્સ.આર.કે.ગોહિલ તથા પો.સબ.ઈન્સ કે.કે.ચાવડા તથા પો.હેડ.કોન્સ. મયુરાજસિંહ જાડેજા તથા જે.એલ.વાવડીયા તથા પો.કોન્સ રવીભાઈ ચાવડા તથા વનરાજભાઈ બોરીચા તથા રીયાઝભાઈ ભીપૌત્રા તથા ચાપરાજભાઈ ખવડ તથા તૌફીકભાઈ મંધરા તથા વિરેન્દ્રસિંહ પરમાર તથા ધર્મેશભાઈ મોણપરાએ કરી હતી.

# અમૃતા હોસ્પિટલ પાસે બેભાન મળેલ વૃદ્ધનું બિમારી સબબ મોત



રાજકોટ, તા.૧૩

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રૈયા ચોકડી પાસે આવેલ અમૃતા હોસ્પિટલ પાસેથી ગઈ તા.૮/૫ ના રોજ સાંજે ૬ વાગ્યે એક અજાણ્યા વૃદ્ધ બેભાન હાલતમાં મળી આવેલ. જેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ અંગે યુનિવર્સિટી પોલીસે તપાસ કરતા વૃદ્ધનું નામ અરવિંદભાઈ રતિલાલભાઈ પરમાર (ઉં. વ.૮૫) હોવાનું જાણવા મળ્યું હતું. સારવાર દરમિયાન ગઈકાલે રાત્રે ૧૨:૨૦ મિનિટે સારવાર દરમિયાન ડોકટરે અરવિંદભાઈને મૃત જાહેર કર્યા હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ અરવિંદભાઈ એકલવયુ જીવન જીવતા. તે અમૃતા હોસ્પિટલ પાસે રહેતા હતા. બીમારીના કારણે મૃત્યુ થયાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો.

# લક્ષ્મીનગરમાં ૮ મહિના પહેલા એસિડ પી જનાર ૩૯ વર્ષીય ચંદુભાઈ વાઘેલાનું મોત

રાજકોટ, તા.૧૩

લક્ષ્મીનગરમાં ૮ મહિના પેહલા એસિડ પી જનાર ૩૯ વર્ષીય ચંદુભાઈ વાઘેલાનું મોત થયું હતું.

આ અંગે પરિજનોએ જણાવ્યા મુજબ, ચંદુભાઈ દેવાભાઈ વાઘેલા (ઉં. વ.૩૯ રહે. લક્ષ્મીનગર શેરી નંબર ૨) આજે બપોરે પોતાના ઘરે હતો ત્યારે બેભાન થઈ ગયેલ. સિવિલ હોસ્પિટલમાં લાવતા મૃત ડોકટરે જોઈ તપાસી મૃત જાહેર કરેલ. પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી. પરિવારે જણાવ્યું કે, મૃતક એકલવ્યું જીવન જીવતા. અગાઉ દારૂ પીવાની ટેવ હતી. કંઈ કામ ધંધો કરતા નહીં. ૮ મહિના પેહલા એસિડ પીધું હતું. જે સારવાર પછી ઘરે રહેતા. તે ૪ બહેન ૧ ભાઈ વચેટ હતા. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશન: ૨૪૭૩૯૧૮, ફેક્સ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

**RCC BANK** | web : www.rccbank.in

**ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.**

નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે હોમ, મશીનરી, વાહન લોન

**૧૦ લાખ** સુધીના તમામ ધિરાણ

**7.95** %વ્યાજના રાહતદરે | **0** પ્રોસેસીંગ ચાર્જ

**સભાસદ જોગ નોટીસ :** સભાસદે પોતાના આર.સી.સી. બેંકના કોઈપણ પ્રકારના ખાતામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછો એક વાર નાણાંકીય વ્યવહાર કરેલો હોવો જોઈએ અને સભાસદે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માર્ગદર્શીકા અનુસાર KYC રજુ કરવા જોઈશે અન્યથા જે તે સભાસદના સભાસદ તરીકેના હક્કોને બેંક પરત્વેની જવાબદારી ઉપર વિપરીત અસર થયા વગર બેંક સભાસદના હક્કો સ્થગીત કરી શકશે.

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.


# જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી જાણ કરવાની કે, મારા પુત્રવધુ ભાવિકાબેન શાંતીલાલ ભદ્રા અસ્થિર મગજના હોય અને અવાર નવાર મારા તથા મારા પુત્ર સાથે ઝઘડાઓ કરી અમોને પોતે આપઘાત કરી મરી જશે તેવી ખોટી ધમકી આપતા હોય તેમજ ગઇકાલે મારા બીજા પુત્ર વિરૂધ્ધ થોરાળા પોલીસ સ્ટેશનમાં ખોટી ફરીયાદ લખાવેલી હોય અમોને અત્યંત બીક લાગી ગયેલ છે કે, મારા પુત્રવધુ જો કંઇ અજુગતુ પગલુ ભરશે કે આપઘાત કરશે તેમજ જો તે પોતાના પુત્રને કંઇ કરી નાખશે તો તેની તમામ જવાબદારી તેની પોતાની તેમજ તેના માતા–પિતા અને બહેનની રહેશે. આ બાબતમાં અમારી કોઇ જવાબદારી રહેશે નહી. અમો તદ્દન નિર્દોષ છીએ. આ નોટીસ જાહેર જનતાની જાણ સારૂ અને અમારા કાયદેસરના બચાવ માટે આપીએ છીએ.

આ સાથે થોરાળા પોલીસ સ્ટેશનમાં આપેલ અરજી/ફરીયાદની ઓ.સી. સામેલ છે.

રાજકોટ તારીખ : ૧૨–૦૫–૨૦૨૫ | **લાલજીભાઇ મીઠુભાઇ માઉ**

**અતુલ કે. કામદાર–એડવોકેટ**
**(ગુજરાત હાઈકોર્ટ)**
'ચંદ્રીકા', ૨–રેલનગર શેરી નં. ૩, પોપટપરા પાછળ, રાજકોટ.
મો. નં. ૯૫૧૦૯ ૦૦૩૯૯

## જુનાગઢના નામદાર સાતમા એડી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં મું. જુનાગઢ

દિવાની પરચુરણ અરજી નં. ૪૫/૨૦૨૫ મુદ્દત તા. ૧૯/૦૬/૨૦૨૫

શ્રી હસુમતીબેન વૃજલાલ પટોલીયા,
ઉ.વ.૭૦, ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ, રહે. વૃન્દાવન, યુકો બેંકવાળી શેરી, એમ.જી.રોડ, જુનાગઢ ...અરજદાર

વિરૂધ્ધ

XXXXX ...સામાવાળા

**અરજદારના વકીલ શ્રી : સંજય જે. જોષી**

આ નોટીસથી તમામ લાગતા–વળગતાઓને જાણ કરવામાં આવે છે કે મથાળે લખેલ અરજદાર : હસુમતીબેન વૃજલાલ પટોલીયાનાઓએ તેમના પુત્ર ગુજ. મેહુલકુમાર વૃજલાલ પટોલીયા અપરિણિત અવસાન પામતા તેમના નામે જુનાગઢ તાલુકાના પાદરીયા ગામે રે.સ.નં. ૭૮ની જમીન એકર ૬–૩૧ ગુંઠાના રહેણાંક હેતુ માટે બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી નીચે મુજબના

| ક્રમ નં. | પ્લોટ નંબર | જમીન ચો.મી. |
|---|---|---|
| (૧) | ૨ | ૨૭૦–૬૦ |
| (૨) | ૬ | ૩૩૪–૫૬ |
| (૩) | ૧૬ | ૩૩૪–૫૬ |
| (૪) | ૧૮ | ૩૩૪–૫૬ |
| (૫) | ૧૯ | ૩૩૪–૫૬ |
| (૬) | ૨૨ | ૩૩૦–૦૬ |
| (૭) | ૨૩ | ૩૩૪–૫૬ |
| (૮) | ૨૬ | ૩૩૪–૫૬ |
| (૯) | ૨૭ | ૩૩૦–૦૬ |
| (૧૦) | ૩૧ | ૩૩૪–૫૬ |
| (૧૧) | ૫૯ | ૩૫૨–૨૦ |
| (૧૨) | ૬૨ | ૩૩૪–૫૬ |

કુલ (૧૨) બાર પ્લોટના મિલ્કત અંગે હેરશીપ સર્ટીફીકેટ મુજબ હેરશીપ સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ વાંધા તકરાર રજુ કરવા અત્રેની અદાલતમાં મુદ્દત તા. ૧૯–૦૬–૨૦૨૫ના સવારે ૧૦:૩૦ કલાકે જાતે અથવા તેમના વકીલ, કુલમુખત્યાર મારફત હાજર રહેવું અન્યથા કાયદા નિર્દિષ્ઠ આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૯મી મે સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | તપાસનાર | હુકમથી |
|---|---|---|
| પી.એસ.ચાવડા | કોર્ટનો સીક્કો બી.એ.શર્મા | વી.એમ.ઝવેરી રજીસ્ટ્રાર |
| સુપ્રિટેન્ડન્ટ | સુપ્રિટેન્ડન્ટ | મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ |

## નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.એસ.બી.ડી.-૧, સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના તથા કોન્ટ્રાકટરોની ઇ-૨ અને ઉપરની યાદીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી નીચેના કામ માટે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટ થી સીલબંધ ટેન્ડરો નીચેની વિગતે ટેન્ડર મંગાવવામાં આવે છે.

| નં. | કામનુ નામ | (૧) અંદાજીત રકમ (૨) ટેન્ડર ફી (3) ઈ.એમ.ડી રૂ. |
|---|---|---|
| ૧ | પરચેસીંગ ઓફ ઓઇલ, ગ્રીસ ફોર ઓઇલીંગ એન્ડ ગ્રીસીંગ વર્ક એન્ડ પ્રોવાઇડીંગ લેબર વર્ક ફોર વર્ટીકલ ગેઇટ સાઇઝ ૯.૧૫ x ૨.૪૪ (૨૦ નં. ઇલેક્ટ્રીકલ+ ૧૪ નં. ઓટોમેટીક) ઓફ વઢવાણ ભોગાવો-૧ ઇરીગેશન સ્કીમ ફોર ધ યર ૨૦૨૫-૨૬. | (૧) ૨૮૬૧૮૪=૩૪ (૨) ૬૦૦=૦૦ (3) ૩૦૦૦=૦૦ |
| ૨ | (૧) પ્રોવાઈડીંગ સેન્ડ બેગ્સ ફોર મોનસુન ૨૦૨૫ વઢવાણ ભોગાવો-૨ ઇરી.સ્કીમ (૨) પ્રોવાઇડીંગ ન્યુ બેટરી એન્ડ અધર મીસેલીનીયસ સર્વિસ ફોર ફ્લ્ડ ડ્યુરીંગ મોનસુન એટ વઢવાણ ભોગાવો-૨ ઇરીગેશન સ્કીમ | (૧) ૬૮૧૩૭=૨૩ (૨) ૩૦૦=૦૦ (3) ૧૦૦૦=૦૦ |
| ૩ | (૧) પ્રોવાઇડીંગ ઓઇલ, ગ્રીસ એન્ડ સેન્ડ બેગ્સ ફોર ધ મોનસુન ૨૦૨૫ (૨) સપ્લાય એન્ડ ઇસ્ટોલેશન ઓફ એન્ટેના વીથ કોએક્ષીયલ કેબલ ફોર વાયરલેસ સ્ટેશન એટ લીંબડી ભોગાવો-૧ (થોરીયાળી) ઇરીગેશન સ્કીમ | (૧) ૫૩૯૮૩=૨૦ (૨) ૩૦૦=૦૦ (3) ૧૦૦૦=૦૦ |
| ૪ | પ્રોવાઇડીંગ અનસ્કીલ્ડ સર્વીસ ફોર ફ્લ્ડ કંટ્રોલ ઓફ ડેમ ફોર મોનસુન ૨૦૨૫ એટ લીંબડી ભોગાવો-૧ (થોરીયાળી) ઇરીગેશન સ્કીમ | (૧) ૪૮૬૯૬૦=૬૦ (૨) ૬૦૦=૦૦ (3) ૫૦૦૦=૦૦ |

કોરા ટેન્ડર ઇસ્યુ કરવાની તા.૧૨/૦૫/૨૦૨૫. (૧૦.૩૦ કલાક થી)
કોરા ટેન્ડર ઇસ્યુ કરવાની છેલ્લી તા.૨૬/૦૫/૨૦૨૫. (૧૮ કલાક સુધી)
ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા.૦૩/૦૬/૨૦૨૫ (૧૬ કલાક સુધી)
પરત મળેલ ટેન્ડર ખોલવાની તા.૦૩/૦૬/૨૦૨૫ (૧૭ કલાકે )
વધુ માહિતી અત્રેની કચેરીનો રજાના દિવસો સિવાય સંપર્ક કરવો.
કચેરીનું સરનામું:- નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, જળ સિંચન પેટા વિભાગ, જુની આર.ટી.ઓ.બીલ્ડીંગ, કલેક્ટર કચેરી સામે, સુરેન્દ્રનગર

**માહિતી/સુરેન્દ્રનગર/૦૬૭/૨૦૨૫–૨૬**

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૯ માં એડીશનલ સીવીલ જજ શ્રી આર.એફ.ત્રિવેદી સાહેબની કોર્ટમાં **દિ. પ. અ.નં.૧૦૨૬/૨૦૨૫** ના કામમાં અરજદાર અંકિત હસમુખ રૂપાણી રહે. રાજકોટનાએ તેમના ગુજરનાર પિતા શ્રી હસમુખ શીવલાલ રૂપાણીની **જંગમ મિલ્કત :** ESAB INDIA LIMITED કંપનીના ૧૦૦ શેર્સ : રજી. ફોલીયો નં.H 00951, શેર સર્ટીફીકેટ નં. 7927, ડીસ્ટીન્કટીવ નં.2786808 TO 2786907 ગુજરનાર હસમુખલાલ શીવલાલ રૂપાણીના નામના આવેલ છે તે અંગેનું વારસા સર્ટીફીકેટ (Heirship Certificate) મેળવવા તેમના **એડવોકેટ શ્રી કેતન આર.ગોસલિયા** મારફત અત્રેની કોર્ટમાં દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સબંધે જે કોઈ વ્યકિતને વાંધા તકરાર હોય તેમણે **મુદત તા.૧૭/૦૬/૨૦૨૫** ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રે કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીઆપેલ છે.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|
| (વી.એચ.ત્રિવેદી) સીની કલાર્ક | | (આર.આર.રાવલ) ઈ.ચા.રજીસ્ટ્રાર |

પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, રાજકોટ.

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૮માં એડી. સીની. સીવીલ જજ શ્રી એમ.એમ.શુકલ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૦૫૯/૨૦૨૫થી અરજદારો કેતનભાઇ ધીરજલાલ ભટ્ટી તથા વિશાલ ધીરૂભાઇ ભટ્ટી એ ગુજ. સ્વ. ધીરૂભાઇ પીતાંબરભાઇ ભટ્ટીનાની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ શહેરમાં લક્ષ્મીનગર શેરી નં.૪માં આવેલ જેના સીટી સર્વે વોર્ડ નં. ૬/૨, સીટી સર્વે નં. ૨૪૬૫, ટી.પી. સ્કીમ નં.૩, ફાઇનલ પ્લોટ નં.૩ જેના રેવન્યુ સર્વે નં. ૪૧૪ સંનદ નં.૫૩ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટ નં. ૧૧૯ના સબ-પ્લોટ વિભાગ નં.૩ની જમીન આ.ચો.મી. ૭૦-૦૦ (સીટી સર્વે રેકર્ડ મુજબ આ.ચો.મી. ૬૭-૯૨) ઉપર આવેલ મિલ્કત જેમાં ગ્રા.ફ. ઉપર દુકાન તથા રહેણાંક મકાન આવેલ છે અને ગુજરનારની મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજદારોનાં **વકીલશ્રી ચિંતન વી. સોજીત્રા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને કોઇપણ પ્રકારનો વાંધો-તકરાર હોય તેમને મુદત તા. ૨૬/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે. તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૧૨-૦૫-૨૦૨૫ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપેલ.

હુકમથી
તૈયાર કરનાર (આર.જે.સાકરીયા) આસીસ્ટન્ટ | કોર્ટનો સીક્કો | (સહી અવાચ્ય) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૦માં એડી. સીની. સીવીલ જજ શ્રી પી.એસ.સિંધી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૦૬૧/૨૦૨૫થી અરજદારો નરેશકુમાર પરસોતમભાઇ પાલડીયા તથા શૈલેષભાઇ પરસોતમભાઇ પાલડીયા તથા જયસુખભાઇ પરસોતમભાઇ પાલડીયાએ ગુજ. પરસોતમભાઇ મેઘજીભાઇ પાલડીયાની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ શહેરનાં સીટી સર્વે વોર્ડ નં. ૧૫/૨ જેના રેવન્યુ સર્વે નં. ૪૨૮ પૈકીની બિનખેડવાણ જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૪ની જમીન આ.ચો.વા. ૩૮૫-૨ પૈકીની દક્ષિણ તરફની જમીન આ.ચો.વા. ૧૨૧-૦૨ જેના આ.ચો.મી. ૧૦૧-૩૬ ઉપર મકાન આવેલ છે. જે બક્ષીસ દસ્તાવેજ નવા નં. ૮૫૪૪, તા. ૦૨-૦૮-૮૮ના રોજથી અમોનાં પિતાશ્રી ગુજ. સ્વ. પરસોતમભાઇ મેઘજીભાઇ પાલડીયાએ ખરીદ કરેલ છે અને ગુજરનારની મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજદારોનાં **વકીલ શ્રી ચિંતન વી. સોજીત્રા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને કોઇપણ પ્રકારનો વાંધો-તકરાર હોય તેમને મુદત તા. ૨૬/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે. તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૧૨-૦૫-૨૦૨૫ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપેલ.

હુકમથી
તૈયાર કરનાર (બી.એ.દરેશ) આસી. | કોર્ટનો સીક્કો | (સહી અવાચ્ય) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

## ફોર્મ નં.-યુઆરસી-૨

અધિનિયમના XXI પ્રકરણના ભાગ I હેઠળ નોંધણી વિશે સૂચના આપતી નોટિસ
[કંપની અધિનિયમ, 2013 ની કલમ 374(બી) અને કંપની (નોંધણી માટે અધિકૃત) નિયમો, 2014ના નિયમ 4(1) ને અનુસરીને]

૧.આથી આ પ્રમાણે અહીં સૂચના આપવામાં આવે છે કે કલમ ૩૬૬ની પેટા કલમ (૨) કંપની એક્ટ, ૨૦૧૩ અનુસાર, અહીંથી પંદર દિવસ પછી પણ ત્રીસ દિવસ સમાપ્ત થાય તે પહેલા **કેન્દ્રીય નોંધણી કેન્દ્ર ભારતીય કોર્પોરેટ બાબાત સંસ્થા (આઈ. આઈ. સિ. એ.), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫, આઈ.એમ. ટી. માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિનકોડ-૧૨૨૦૫૦, "યુનીટેક કાસ્ટિંગ એલએલપી (LLPIN : AAO-5526)"** કે જે કંપની ધારા ૨૦૧૩ હેઠળ વિભાગ-૧, ચેપ્ટર-૨૧, અનુસાર શેર મર્યાદિત કંપની **યુનીટેક કાસ્ટિંગ પ્રાઈવેટ લિમિટેડ**, તરીકે નોંધવમાં આવે એ બાબતની અરજી કરવાની દરખાસ્ત કરવામાં આવનાર છે.

**૨. કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે :** ભારતમાં અથવા અન્યઅત્ર ઉત્પાદન, પ્રક્રિયા, ટ્રીટ, કાસ્ટ, એસેમ્બલ, ફેરફાર, રૂપાંતર, વ્યાપારીકરણ, રોલ, રિરોલ, પીગળવું, મોલ્ડ, ડિઝાઈન, વિકાસ, ફેબ્રિકેટ, વેલ્ડ, સોલ્ડર, મશીન, કાપ, ટ્રીમ, એકાઉન્ટ ચાલુ કરવા અને એજન્ટ, બ્રોકર, સ્ટોકિસ્ટ, વિતરક, આયાતકાર, નિકાસકાર, વેપારી, ખરીદનાર, વેચનાર, વિક્રેતા, ઈજનેરો, ધુતશાસ્ત્રી, જોબવર્કર તરીકે કાર્ય કરવા માટે વ્યવસાય ચાલુ રાખવો, અથાવ અન્યથા તમામ આકાર, કદ, ઉપયોગો, ક્ષમતાઓ, સ્પષ્ટીકરણો, વર્ણનો અને જાતોમાં વ્યવહાર કરવો, એલ્યુમિનિયમ કાસ્ટિંગ, ફેરસ અને નોન-ફેરસ મટિરિયલ્સનું રોકાણ કાસ્ટિંગ અને અન્ય પ્રકારના કાસ્ટિંગ.

૩.સૂચિત કંપીના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની ડ્રાફ્ટ નકલ નિરીક્ષણ માટે **યુનીટેક કાસ્ટિંગ એલએલપી, ની અવધ રેસિડેન્સી, બ્લોક નંબર-૧૯, આલાપ ની પાછળ, મવડી, રાજકોટ-૩૬૦૦૦૪, ગુજરાત, ભારત,** ખાતે પલબ્ધ છે.

૪.આથી નોટિસ આપવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિને આ આરજી સામે વાંધો હોય એ પોતાના વાંધાનું સંચાર લેખિતમાં કેન્દ્રીય નોંધણી કેન્દ્ર ભારતીય કોર્પોરેટ બાબાત સંસ્થા (આઈ. આઈ. સિ. એ.), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫, આઈ.એમ. ટી. માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિનકોડ-૧૨૨૦૫૦, ખાતે આ નોટિસ છપાયા ના ૨૧ દિવસની અંદર કરી શકશે અને એક નકલ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર આપવાની રહેશે.

**વતિ, યુનીટેક કાસ્ટિંગ એલએલપી**
સહી/-
**૧. જસ્મીન એમ. વેકરીયા (નિયુક્ત ભાગીદાર) (DPIN : 08390618)**
**૨. દિનેશભાઈ આર. હિરપરા (નિયુક્ત ભાગીદાર) (DPIN : 08390619)**
તારીખ : ૧૨-૦૫-૨૦૨૫ | સ્થળ : રાજકોટ

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૫માં એસ.ડી. સિવિલ જજ શ્રી એમ.એમ.શેખ સાહેબની કોર્ટમાં દી.પ.અ.નં. ૧૦૮૯/૨૦૨૫ના કામમાં ગુજ. ચંપકલાલ જયંતિલાલ ઓઝાના વારસ દરજજે ભરગેશ ચંપકલાલ ઓઝા રહે. મુંબઇએ ચંપકલાલ જયંતિલાલ ઓઝા તથા દેવ્યાનિ ચંપકલાલ ઓઝાની માલિકીના હિસ્સાવાળી મિલ્કતનું ૫૦%ના હિસ્સા માટે ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં આવેલ ગામ નાના મવાના સર્વે નં.૭૭ એ-બી. પૈકીનાં પ્લોટ નં.૫૨, પૈકીની સબ-પ્લોટ નં.૫૨-એ પૈકીની, દક્ષિણ તરફની જમીન ચો.વાર આ. ૮૮-૪-૧૦૮ ચો.મી.આ.૭૩.૫૦ ઉપરના મકાનવાળી મિલ્કત ગુજ. ચંપકલાલ જયંતિલાલ ઓઝા તથા દેવ્યાનિ ચંપકલાલ ઓઝાએ તેમના નામ જોગ વેચાણ દ.અનુ.ક્રમ.નં. ૯૯૨૮ તા.૨૦-૧૦-૧૯૯૩ના રોજ શાંતાબેન રવજીભાઇ પટેલ પાસેથી ખરીદ કરેલ તે મિલ્કત માટે અરજદારે ગુજ. ચંપકલાલ જયંતિલાલ ઓઝાના ૫૦%ના હિસ્સા માટે વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **એડવોકેટ તથા શ્રી ઋષિ એન. જોષી તથા વિનય ઓઝા, એ.એચ.સધવાની** મારફત અત્રેની કોર્ટ સમક્ષ અરજી કરેલ છે, તે સબંધે કોઇ વ્યકિતને વાંધો કે તકરાર હોય તો તેમણે મુદ્દત તા. ૧૭/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ વાગે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેવી આજ તા. ૧૦/૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (વી.એમ.પાલીયા) આસિસ્ટન્ટ | કોર્ટનો સીકકો | (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,

પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ **Email id : prant-rev-raj@gujarat.gov.in**

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૧૮૯/૨૦૨૫

શ્રી જેસિંગભાઇ અરજણભાઇ સાસકિયા
રહે. કોઠી તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, કોઠી તા. જસદણ ..સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી નેહાબેન જેસીંગભાઇ સાસકિયાનો જન્મ તા. ૧૪-૦૬-૨૦૨૫ના રોજ જસદણ તાલુકાના કોઠી ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૯/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | **સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

## રાજુલા નગરપાલિકા – રાજુલા જિ. અમરેલી
## ઓનલાઇન જાહેર નિવિદા

આથી રાજુલા નગરપાલિકા, રાજુલા, જિ. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૫-૨૬ વર્ષની ચોમાસા દરમ્યાન નુકસાન પામેલ રસ્તાને મજબૂતી કરણ યોજના (રોડ રીસર્ફેસિંગ) અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનુ નામઃ જુદા-જુદા વિસ્તારમાં ટ્રી-મીકસ સાથે સી.સી. રોડ, આર.સી.સી રોડ, પેવિંગ બ્લોક રોડ અને પેચ વર્કનું કામ. | |
| અંદાજીત રકમ રૂા. ---- નીલ ---- | કામની સમય મર્યાદાઃ ૧૨-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૧,૦૦,૦૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૨,૪૦૦/- |
| વેબસાઇટનું નામઃ | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૨૭/૦૫/૨૦૨૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી | |
| ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૦૩/૦૬/૨૦૨૫ ના ૧૫.૦૦ કલાક સુધી માં ચીફ ઓફિસર, રાજુલા નગરપાલિકા, મું. રાજુલા, જિ.અમરેલી | |
| ટેકનીકલ બિડખોલવાની તારીખઃ ૦૪/૦૬/૨૦૨૫, ૧૨.૦૦ કલાકે | |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ ૦૪/૦૬/૨૦૨૫, ૧૨.૩૦ કલાકે | |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર રાજુલા નગરપાલિકા | પ્રમુખ રાજુલા નગરપાલિકા

જિમાક/અમર/૭૧/૨૫

## અસલ દસ્તાવેજો ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાને જાણ કરવાની કે રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૦૭ પૈકી, સીટી સર્વે વોર્ડ નં. ૬/૨, સીટી સર્વે નં. ૩૧૭૧/૨/૪૦, જેના ટી.પી. સ્કીમ નં. ૦૩ (રાજકોટ)ના ફાઇનલ પ્લોટ નં.૪૫ પૈકીની બિનખેડવાણ જમીન કે જે 'કિંગ્સ લેન્ડ પાર્ક' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ની જમીન ચો.મી.આ. ૧૧૨-૧૧ ઉપર આવેલ રહેણાંક મકાનવાળી સ્થાવર મિલ્કત વિવેક પ્રવિણભાઇ ખુંટની સ્વતંત્ર માલીકીની અને કબ્જા-ભોગવટાની આવેલ છે. સદરહુ સ્થાવર મિલ્કતની ફાઇલમાં નીચે મુજબના રજીસ્ટર્ડ અસલ દસ્તાવેજો શરતચુકથી કયાંક ગુમ થયેલ છે. અથવા આડે હાથે મુકાઇ ગયેલ છે. શોધવા છતાં મળી આવતા નથી.

**(૧) અસલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૭૪૯ તા. ૦૫/૦૫/૨૦૧૦ના રોજનો બાબુભાઇ રાજાભાઇ લીંબાસીયા જોગ દક્ષાબેન વિનોદભાઇ પરસાણા કરી આપેલ વેચાણ દસ્તાવેજ.**

**(૨) અસલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૬૦૨૨ તા. ૩૧/૦૭/૨૦૦૭ના રોજનો દક્ષાબેન વિનોદભાઇ પરસાણા જોગ વલ્લભભાઇ બાવાભાઇ પોકર વિગેરેના કુલ મુખત્યાર દરજજે રામજીભાઇ બાવાભાઇ પોકર કરી આપેલ વેંચાણ દસ્તાવેજ.**

સદરહું સ્થાવર મિલ્કત ઉપર હાલ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, રાજકોટની લોન ચાલુ છે. સદરહું સ્થાવર મિલ્કતની અસલ ફાઇલમાં ઉપરોકત બંને દસ્તાવેજો અંગે અન્ય કોઇને માલીકી, કબ્જા કે ટાઇટલ પરત્વે કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો, દરદાવો, ચાર્જ, લીયન, ગીરો-બોજો કે ટાઇટલ બાબતે કોઇ વ્યકિત, પેઢી, કંપની કે સંસ્થાનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર હોય તો દિવસ-૦૫(પાંચ)માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઇનો વાંધો-તકરાર કે હકક હિસ્સો નથી. અથવા હોય તો તે જતો **(WAIVE)** કરેલ છે. તેમ સમજી અમારા અસીલ ઉપરોકત ડોકયુમેન્ટની સબ રજીસ્ટ્રાર ઓફીસમાંથી સર્ટીફાઇડ નકલ માંગીને ફાઇલમાં રખાવીને ફાઇલ પૂર્ણ કરશે. આ નોટીસની મુદ્દત વિત્યા બાદ કોઇનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર આવશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ તારીખ : ૧૩/૦૫/૨૦૨૫

**J.C.LAW FIRM**
**ચેતન એન. આસોદરીયા (એડવોકેટ)**
**જેમીશ કાકડીયા, નિલેશ ઠાકર (એડવોકેટસ)**
ઠે. ૪૧૦, અનંત બિલ્ડીંગ નં. ૦૧, પ્રિન્સેસ સ્કુલની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટ.

જા.નં.:૨૦૮૨ | તા.:૦૯/૦૫/૨૦૨૫

## મોરબી મહાનગરપાલિકા
## ઓનલાઈન જાહેર નિવિદા

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પ્રોવાડીંગ અને ફિકસીંગ 300 m.m. dia ની DI પાઈપ લાઈન કુળદેવી પાન ભુગર્ભ પમ્પીંગ સ્ટેશન થી સર્કીટ હાઉસ ભુગર્ભ પમ્પીંગ સ્ટેશન સુધી નાખવાનું કામ. | ૧,૮૭૫/- | ૩૨,૦૦૦/- | ૩૧.૯૨ લાખ |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| | ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૩/૦૬/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| | પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૨૩૬/૨૫–૨૬

## Passport Lost

I Chhatrala Tensukumar Rameshchandra
I Declare that my passport is lost whose number is F8507827
any person who finds this passport is kindly requested to inform on the below mentioned mobile number.

Chhatrala Tensukumar Rameshchandra
98793 33662 / 98256 49440

## સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધોરાજીની કોર્ટ સમક્ષ

મહેસુલ સેવા સદન, બીજો માળ, ગેલેકસી ચોક, ધોરાજી–૩૬૦૪૧૦
ઈ–મેઈલ -dycoll-dhor-raj@gujarat.gov.in
ફોન નં. ૦૨૮૨૪–૨૨૬૬૮૧

નં.જન્મ-મરણ/રજી. કેસ નં. ૩૬/૨૦૨૫
તા.૦૯/૦૫/૨૦૨૫

### જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી **દિવાળીબેન રવજીભાઇ અંટાળા** તે **દિપાલીબેન વા/ઓ. જયંતિભાઇ ભુવા**એ તેઓનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓનો **જન્મ તા. ૦૧/૦૧/૧૯૬૪**નાં રોજ **રાજકોટ** જિલ્લાનાં **ધોરાજી** તાલુકાનાં **ધોરાજી** મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી** સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિવસ-૩૦**માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા-તકરાર રજુ કરવામાં નહીં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

**(એન.એમ.તરખાલા)**
કોર્ટનો સીકકો | **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ધોરાજી**

## ખોવાયેલ દસ્તાવેજ અંગેની જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતા તેમજ જાહેર જનતાને જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાની વાવડી ગામના ખાતા નં.૬૪૭ જેના રે.સ.નં.૫૭૯ (જુના રે.સ.નં.૧૯૪/પૈકી ૨/પૈકી ૨) જે ખેતર નામે કાલાવડના મારગવારુ તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની હે.આરે.ચો.મી.૧-૧૨-૮૨ની ખેતીની જમીન ગોબરભાઈ જાગાભાઈ વિરડીયાના નામે રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ છે અને સદરહું ખેતીની જમીનના ઉતરોતર ટાઈટલમાં નીચે જણાવેલ રજી.વેચાણ દસ્તાવેજ ખોવાયેલ છે.

(૧) રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૫૬/૨૦૧૩, તા.૧૧-૧૦-૨૦૧૩ના રોજથી ગોબરભાઈ જાગાભાઈ વિરડીયા જોગ રામજીભાઈ દામજીભાઈએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

ઉપરોક્ત ખેતીની જમીન ગોબરભાઈ જાગાભાઈ વિરડીયાએ વેચાણ કરવાની હોય તેથી અસલ રજી.વેચાણ દસ્તાવેજ હાલમાં જો કોઈપણ વ્યક્તિના કબ્જામાં હોય કે રજી.વેચાણ દસ્તાવેજ આધારે લોન તથા જામીનગીરી સ્વિકારવામાં આવેલ હોય અથવા ગીરવે રખાયેલ હોય કે કોઈપણ પ્રકારનું લ્હેણું, કરજ કે બોજો ઉત્પન્ન થયેલ હોય કે અગ્ર હકક હોય તો અમોને નીચે દર્શાવ્યા સરનામે લેખીત વાંધા તથા પુરાવા સાથે આજની તારીખથી દિવસ-૭માં રજુ કરવા, મુદત દરમ્યાન જો કોઈના વાંધા કે તકરાર ઉપસ્થિત નહી થાય તો આ મિલ્કતના દરેક પ્રકારના બોજા રહીતની છે તેમ ગણી સદરહું મિલ્કત ટાઈટલ કલીયર ગણવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ: કાલાવડ, આજરોજ તા.૧૦-૦૫-૨૦૨૫
:ઓફિસનું સરનામું:

**વિશાલ આર.માધાણી એડવોકેટ**
**તે અમોના અસીલની સુચનાથી**

**વિશાલ આર.માધાણી**
**કૌશીક એન.હિરપરા**
કનૈયા કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં, કાલાવડ (શિતલા), જી.જામનગર
મો.૯૯૨૪૧ ૧૨૮૦૬, ૮૭૫૮૮ ૪૮૧૧૧

## જિલ્લા પંચાયત અમરેલી
## ઓનલાઈન જાહેર નિવિદા નં ૨/ ૨૦૨૫-26

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતિ **નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ, અમરેલી** ફોન નંબર ૦૨૭૯૨-૨૨૪૮૦૦ ની કચેરી દ્વારા યોગ્ય કક્ષામાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામોનાં ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતીવેબસાઈટ http//:www.tender.nprocure.com તથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. ઈજારદારશ્રીઓએ તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરી ઓનલાઈન મુકવાનાં રહેશે.

(૧)અપલોડકરવાની છેલ્લી તારીખ: ૨૩/૦૫/૨૦૨૫૧૮=૦૦ કલાક સુધી
(૨)ટેન્ડર ફી, અર્નેસ્ટ મની ડીપોઝીટ તેમજ સાધનીક કાગળો રજુ કરવાની છેલ્લી તારીખ ૩૦/૦૫/૨૦૨૫ ૧૮=૦૦ કલાક સુધી
(૩)ટેન્ડર ખોલવાની તારીખ:૨૬/૦૫/૨૦૨૫, ૧૨=૦૦ કલાકે ના.કા.ઈ.શ્રી,ના.સિ.પં.પે. વિભાગ અમરેલી ખાતે

જિમાક/અમર/૬૯/૨૫

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. — જાહેર નોટીસ

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારો લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓના ખાતા એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને 'ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસ**ની મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ ઉપરોકત લોન ખાતેદારો/તેમના જામીનો લોન લેતી વખતે તેઓએ આપેલ સરનામાં વાળી જગ્યા છોડી અન્યત્ર જતાં રહેલ હોય કે અન્ય કોઈપણ કારણસર ઉપરોકત નોટીસ તેઓને બજાવી ન હોય આથી આ જાહેર નોટીસ ધ્વારા તેઓને જાણ કરવાની કે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૬૦** ની મુદતમાં તેમના ખાતે નિકળતી બેંકની બાકી લેણી રકમ ચડત વ્યાજ વિગેરે સાથે ભરપાઈ કરી જવી. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ઉપરોકત કાયદાની જોગવાઈ પ્રમાણે બેંક પોતાનું લેણુ વસુલ કરવા તેઓની મિલ્કતો જપ્ત કરવા સહિતની આગળની કાર્યવાહી કરશે. જેની આ ખાતેદારોએ તેમજ તેમના જામીનોએ નોંધ લેવી.

| શાખાનું નામ | ધિરાણનો પ્રકાર તથા ખાતા નંબર | ખાતેદારોના નામ તથા સરનામા | જામીનના નામ તથા સરનામા | ખાતુ એન.પી.એ. થયા તારીખ અને વ્યાજદર | બાકી રકમ |
|---|---|---|---|---|---|
| જસદણ શાખા | નાગરિક લઘુ ઉદ્યોગ વેપાર લોન ૦૪૭૦૭૧૭૦૨૦૦૦૮૫૯ (SEC/5025) | **મકવાણા વિજયભાઈ મનુભાઈ (મકવાણા મનુભાઈ નાનજીભાઈના કાયદેસર વારસદાર)** શકિતનગર, પોલારપર રોડ, સાગર મીલની પાછળ, મીનીધાણા પાસે, જસદણ–૩૬૦૦૫૦ | **(૧) સરીયા રસીકભાઈ લીબાભાઈ** ગામ :– નાની લાખાવડ, તા.જસદણ–૩૬૦૦૬૦ **(૨) ધોડકીયા ચિમનભાઈ મનજીભાઈ** શકિતનગર, પોલારપર રોડ, સાગર મીલની પાછળ, જસદણ–૩૬૦૦૫૦ | ૩૧/૦૩/૨૦૨૫ (PLR-1.25%) ૧૨.૫૦% | (૩૧/૦૩/૨૦૨૫) **મુદ્દલ રકમ :** ૩,૯૫,૬૭૩=૦૦ **વ્યાજ :** ૧,૫૦,૩૦૯=૦૦ **અન્ય ખર્ચ :** ૧૯૧=૧૬ **કુલ રૂા.**૫,૪૬,૧૭૩=૧૬ |

**તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકુ વર્ણન**

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ જસદણના મહાપાલીકા/ગ્રામ પંચાયત/નગરપાલીકાની હદમાં પોલારપર રોડ, સાગર મીલ પાસે વિસ્તારમાં આવેલ રે.સ. નં. ૭૦૮/૩ એ. ૩–૧૭ ગુંઠાની રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ ખુલ્લી જગ્યાના પ્લોટો પૈકી પ્લોટ નં. ૮ પૈકીની ઉતરબાજુથી ગણતા પુર્વ બાજુનો ભાગ ચો.મી. ૧૦૭–૦૦ ની ઉભા ઈમલા ઈમારત સહીતની તેમજ ભવિષ્યના બાંધકામ સહીતની મિલ્કત જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૯૩, તા.૨૧/૦૧/૨૦૧૦ તથા સુધારાખતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૫૭૩, તા.૨૭/૦૬/૨૦૧૭ ના રોજ મનુભાઈ નાનજીભાઈ મકવાણાના નામે નોંધાયેલ છે.
(૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.

તા. ૧૨-૦૫-૨૦૨૫, રાજકોટ | અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

## HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮, E-mail auction@hindujahousingfinance.com

### ફીજીકલ (પ્રત્યક્ષ) પઝેશન નોટિસ - પરિશિષ્ટ ૪ મુજબ

ધી સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩ (૧૨) ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તા સાથે સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (ઇન્ફ્રોસમેન્ટ) નિયમ – ૨૦૦૨ મુજબ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારી દ્વારા મોકલાયેલ ડિમાન્ડ નોટિસ નીચે આપેલ ટેબલ પ્રમાણે ઉધારકર્તા/સહ–ઉધરકર્તા અને જામીનદારો ( સંયુકત રીતે ઉધારકર્તાઓ) ને નોટિસ મોકલયાના ૬૦ દિવસમાં ચુકવવામાં જણાવવામાં આવ્યું હતું. પરંતુ ઉધારકર્તા/સહ–ઉધરકર્તા અને જામીનદારો (સંયુકત રીતે ઉધારકર્તાઓ) ને નોટિસમાં જણાવેલ રકમ ચુકવવામાં થતા, ઉધારકર્તા/સહ–ઉધરકર્તા અને જામીનદારો ( સંયુકત રીતે ઉધારકર્તાઓ) અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે સદરહુ અધિનિયમથી સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (ઇન્ફ્રોસમેન્ટ) નિયમ – ૨૦૦૨ ની પેટા કલમ (૪) એન્ડ કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ કોષ્ટક પ્રમાણે સ્થાવર મિલકતનો ફિઝિકલ (પ્રત્યક્ષ) કબ્જો લઇ લીધેલ છે. વધુમાં ઉધારકર્તા/સહ–ઉધરકર્તા અને જામીનદારો (સંયુકત રીતે ઉધારકર્તાઓ) ને જણાવવામાં આવે છે કે સદરહુ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) માં જણાવ્યા મુજબની સમય મર્યાદામાં ઉધારકર્તા/સહ–ઉધરકર્તા અને જામીનદારો (સંયુકત રીતે ઉધારકર્તાઓ) તેઓની સુરક્ષિત સ્થાવર મિલકતના બાકી લેણાંની રકમ ભરપાઈ કરી તેઓની સુરક્ષિત સ્થાવર મિલકત ને પાછી મેળવી શકે છે. ઉધારકર્તા/સહ–ઉધરકર્તા અને જામીનદારો (સંયુકત રીતે ઉધારકર્તાઓ) તથા જાહેર જનતાને આ નોટિસ દ્વારા વિશેષ સૂચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો કોઈ પ્રકારનો સોદો કરવો નહિ અને છતાં કોઈપણ સદરહુ મિલકતનો સોદો કરશે તો તે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ નીચે કોષ્ટકમાં જણાવેલ મુજબની બાકી લેણાંની રકમ તથા ત્યાર પછીના વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

| | ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | તારીખ અને પઝેશનનો પ્રકાર | મોર્ગેજ કરેલ સ્થાવર મિલકતનું વર્ણન |
|---|---|---|---|---|
| ૧ | ઉધારકર્તા :- શ્રી નાનુ સિંધવ સહ-ઉધારકર્તા :- શ્રી ગંગાબેન સિંધવ શ્રી રૂડા સિંધવ | Dt. 24/05/2024 & Rs. 5,58,421/- & A/C No. GJ/SRN/LMBD/A000000013 | 10-05-2025 ફીજીકલ (પ્રત્યક્ષ) પઝેશન | શ્રી ગુજરાત રાજયના સુરેન્દ્રનગર જીલ્લા–તાલુકાના લીંબડી માં સ્થાવર રહેણાંક મિલકતના બિનખેતી સ્થાવર રહેણાંક મકાનના તમામ ભાગ અને પાર્સલ અનટાડી પ્રોપર્ટી નં. ૩૦૯ પર, ૧૬૭.૨૨ ચોરસ મીટર જમીન, સ્થિત છેઃ ઉંટડી, તાલુકોઃ લીંબડી, જિલ્લોઃ સુરેન્દ્રનગર, ગુજરાત ૩૬૩૪૨૧, હાલમાં બેચર સિંધવની માલિકીની છે અને તેની પાસે છે. નીચે પ્રમાણે સીમાઓ; મિલકત નં. ૩૦૯, ૧૬૭.૨૨ ચો.મી.ની જમીન, ઉત્તર : શૈલેષભાઈ માલજીભાઈનું ઘર દક્ષિણઃ માતાજીનો મઢ પૂર્વઃ રોડ પશ્ચિમઃ ઘનશ્યામભાઈ ભીખુભાઈનું ઘર |
| ૨ | ઉધારકર્તા :- શ્રી વિમલભાઈ પરમાર સહ-ઉધારકર્તા :- શ્રીમતી પ્રિયંકા પરમાર | Dt. 09/8/2024 & Rs. 20,58,049/- & A/C No. GJ/SRN/SRDN/A000000096 | 10-05-2025 ફીજીકલ (પ્રત્યક્ષ) પઝેશન | શ્રી ગુજરાત રાજયના સુરેન્દ્રનગર જીલ્લા-તાલુકાના લીંબડી માં સ્થાવર રહેણાંક મિલકતના ગ્રામ લીંબડી રેવન્યુ સર્વે નં.897, સિટી સર્વે શબ્દ નં.2, એસ.નં.92 પાઇકી પ્લોટ નં.79 જમીન પર બિનખેતીના સ્થાવર રહેણાંક મકાનનો તમામ ભાગ અને પાર્સલ 93.75 ચો.મી.ની માપણી, અને પ્લોટ નં.80 જમીન માપણી 91.75 |

ચો.મી., બી/યુપી વિસ્તાર જી.એફ.એરિયા 91.47 ચો.મીટર સ્થિત છેઃ લીંબડી તાલુકોઃલીંબડી, જિલ્લોઃ સુરેન્દ્રનગર, ગુજરાત 363310 અને મહેશભાઈની માલિકી હાલમાં ભાઈલાલની છે. નીચે મુજબ સીમાઓ સાથે પટેલ; પ્લોટ નં.79 93.75 ચો.મી.ની માપણીવાળી જમીન અને પ્લોટ નં.80 91.75 ચો.મી.ની માપણીવાળી જમીન ઉત્તરઃ માઉન્ટ 12.50 આ બાજુ 6.00 મીટર પહોળા રોડ દક્ષિણઃ આ બાજુના પ્લોટ નં.78માં માઉન્ટ 12.50 પૂર્વઃ માઉન્ટ 15.00 આ બાજુના પ્લોટ નં.83,84માં પશ્ચિમઃ માઉન્ટ 15.00 આ બાજુ 6.00 મીટર પહોળા રોડ

**લીંબડીના એડિશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ દ્વારા તા. 17/03/2025 ના રોજ કોર્ટના હુકમ મુજબ પ્રત્યક્ષ (ફિઝિકલ) કબ્જો લેવામાં આવ્યો છે.**

સ્થળ : સુરેન્દ્રનગર | તારીખ : ૧૩-૦૫-૨૦૨૫ | અધિકૃત અધિકારી : હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

## ઉપલેટા નગરપાલિકા
## આઉટસોર્સીંગથી ચોકીદારી કામોની સેવાઓ મેળવવાનાં કોન્ટ્રાક્ટ આપવા અંગેની જાહેર નિવિદા

(ઉ.ન.જા.નં.૭૮, તા.૦૮/૦૫/૨૦૨૫)

ઉપલેટા નગરપાલિકાનાં જુદા જુદા વિભાગો / સ્થળો માટે ચોકીદારી કામોની સેવાઓ મેળવવાનાં કામનાં કોન્ટ્રાક્ટ એક વર્ષ માટે આપવાનાં છે. રસ ધરાવતા આસામીઓ / કોન્ટ્રાક્ટરોએ આ અંગેની સેવાઓ આપવા માટેનાં માસ એકનાં ઉઘડા ભાવ નગરપાલિકા કચેરીમાં તા.૨૩/૦૫/૨૦૨૫ સુધીનાં ચાલુ ઓફીસનાં દિવસોમાં સીલબંધ કવરમાં પહોચતા કરવાનાં રહેશે. મુદત બાદ રજુ થયેલ ભાવ / ભાવનાં કવર અમાન્ય રહેશે.

| ક્રમ | કામગીરીની વિગત | કામગીરીનું સ્થળ |
|---|---|---|
| ૧ | ચોકીદારી કામ | ઉપલેટા ન.પા. સંચાલિત સ્મશાન |
| ૨ | ચોકીદારી કામ | વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ, હાડફોડી રોડ, ઉપલેટા |
| ૩ | ચોકીદારી કામ | ઉપલેટા ન.પા. સંચાલિત ટાઉનહોલ અને લાયબ્રેરી |
| ૪ | ચોકીદારી કામ | ઉપલેટા ન.પા. મુખ્ય કચેરી |
| ૫ | ચોકીદારી કામ | જનતા બાગ, ઉપલેટા |
| ૬ | ચોકીદારી કામ | સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, રનીંગ ટ્રેક અને ગાર્ડન, મુરખડા માર્ગ, ઉપલેટા. |

**શરતો :**

(૧) ભાવ રજુ કરનાર કોન્ટ્રાક્ટરે પોતે જ સેવા આપવાની રહેશે. પોતા વતી અન્ય કોઇ પણ વ્યક્તિ / પેટા કોન્ટ્રાક્ટર સેવા નહી આપી શકે. (૨) કોન્ટ્રાક્ટની મુદ્દત વધુમાં વધુ એક વર્ષની રહેશે. કોન્ટ્રાક્ટરે એક માસની સેવા આપવા માટેનાં પોતાનાં ઉઘડા ભાવ રજુ કરવાનાં રહેશે. રજુ થયેલ ભાવો પૈકી મંજુર થયેલ ભાવોમાં પાછળથી કોઇ પણ પ્રકારનો વધારો આપવામાં નહી આવે. (૩) ભાવ બંધ કવરમાં રજુ કરવાનાં રહેશે. કવર ઉપર જે કોન્ટ્રાક્ટ / કામ માટેનાં ભાવ હોય તેનું નામ સ્પષ્ટ લખવાનું રહેશે. (૪) કોઇ પણ કોન્ટ્રાક્ટર ઉપરોક્ત કામોમાંથી કોઇ પણ કામ કે કામો માટે પોતાનાં ભાવ રજુ કરી શકશે. પરંતુ એક કોન્ટ્રાક્ટરને એકથી વધુ કામોનાં કોન્ટ્રાક્ટ આપવામાં નહી આવે. (૫) સામાન્ય રીતે રજુ થયેલ ભાવો પૈકી નીચા ભાવો માન્ય રાખવામાં આવશે. પરંતુ કોન્ટ્રાક્ટરની કામ કરવાની ક્ષમતા વગેરે ધ્યાને લઇ રજુ થયેલ ભાવો પૈકી કોઇ પણ ભાવ મંજુર કરવા કે ન કરવા અંગેની સત્તા નગરપાલિકાની કારોબારી સમિતિને રહેશે. (૬) માન્ય થયેલ કોન્ટ્રાક્ટરશ્રીએ નગરપાલિકાની સુચના મુજબનાં સમય તથા શરતોથી સેવા આપવાની રહેશે. (૭) કોન્ટ્રાક્ટરનાં માસિક બિલમાંથી ઇ.પી.એફ. વગેરે અંગેની નિયમાનુસારની રકમો કપાત કરવામાં આવશે.

ચીફ ઓફીસર-ઉપલેટા નગરપાલિકા | પ્રમુખ-ઉપલેટા નગરપાલિકા

માહિતી/રાજ/૨૩૯/૨૫–૨૬

રાજકોટમાં સમૂહલગ્ન કાંડ -૨, ફરીવાર વર-વધુ સાથે ઠગાઈ

# જાજરમાન સમૂહ લગ્નમાં આપવામાં આવેલ સોના-ચાંદીના દાગીના નકલી નીકળ્યા

**ગઈ તા.૨૭ ના બોમ્બે સુપર સિડ્સના પીન્ટુ પટેલ અને રાજકીય આગેવાન વિક્રમ સોરાણી આણી ટોળકીએ નવા એરપોર્ટ નજીક ૫૫૫ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરેલ હતું**

**લખતર સાસરે ગયેલ કન્યાએ દાગીના સોનીને બતાવતાં ભાંડો ફૂટ્યો, ધાતુના દાગીના નીકળતા છેતરાયાનું સામે આવતાં પોલીસ કમિશ્નરને અરજી આપી, એરપોર્ટ પોલીસે તપાસ આદરી**

રાજકોટ. તા.૧૩

રાજકોટમાં થોડાં સમય પહેલાં રેલનગરમાં ઋષિવંશી સેવા સંઘ દ્વારા ૨૮ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. લગ્નની તારીખે વ્હેલી સવારે જ્યારે વર વધુ સ્થળ પર આવ્યાં ત્યારે આયોજકો ફરાર થઇ ગયાં હતાં અને છેતરપીંડી આચરી હતી. ત્યારે ફરીવાર સમૂહ લગ્ન કાંડ ૨ સામે આવ્યું છે. જેમાં ગઈ તા.૨૭ ના બોમ્બે સુપર સિડ્સના પીન્ટુ પટેલ અને રાજકીય આગેવાન વિક્રમ સોરાણી આણી ટોળકીએ નવા એરપોર્ટ નજીક ૫૫૫ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરેલ હતું જેમાં આપવામાં આવેલ સોના-ચાંદીના દાગીના બગસરાના નકલી નીકળતાં ચકચાર મચી ગઇ હતી.

પોલીસ કમિશ્નરને આપેલ અરજીમાં લખતર રહેતાં સોનલબેન વસંતભાઈ વોરા (ઉ.વ.૩૨) એ જણાવ્યું હતું કે, તેણીનું સગપણ લખતર ગામે રહેતાં પ્રકાશભાઈ સાથે કરેલ છે. ત્યારબાદ તેઓને લગ્ન કરવાના હોઈ અને તેમના પિતાની આર્થીક સ્થિતિ નબળી હોય જેથી તેઓએ શિવાજી સેના ગુજરાત આયોજીન સર્વે જ્ઞાતિ દિકરીઓના ૨૬ મો જાજરમાન સમુહ લગ્ન તા. ૨૭-૦૪-૨૦૨૫ ને રવિવારના રોજ રાજકોટ એરપોર્ટ સામે યોજાયેલ સમુહ લગ્નમાં તેમના પિતાએ ફોર્મ ભરેલ હતુ. જેથી તેમના પિતાને આર્થીક ખોટુ ખર્ચ કરવુ પડે નહી અને લગ્ન સારી રીતે થઈ શકે.

તેમના પિતાએ સમુહ લગ્નનુ ફોર્મ ભરેલ હતુ ત્યારે આયોજક વિક્રમભાઈ સોરાણી, પીન્ટુભાઈ પટેલ અને અક્ષયભાઈ ધાડવી ધ્વારા જણાવેલ હતુ કે, દિકરીને કરીયારમાં સોનાનુ તેમજ ચાંદીનું દાન આપવાનુ છે. તેવી પત્રીકા દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી. જે લગ્નના આયોજનમાં વિના મુલ્યે આપવાનુ નકકી કરેલ હતુ. વર પક્ષ તરફથી રૂા. ૨૧ હજાર લેવામાં આવેલ હતા.

જે બાદ તેણીના લગ્ન તા.૨૭-૦૪ ના જાજરમાન સમૂહલગ્નમાં થયેલ અને કરિયાવરમાં સમૂહ લગ્નમાં સોનાનો દાણા સહિતના દાગીના આપેલ હતાં. જે બાદ તેઓ અન્ય સોના દાગીના લેવા માટે સોનીને






ત્યાં સોનાનો દાણો જે સમૂહ લગ્નમાંથી આવેલ હતો તે બતાવતાં તે ખોટો અને બગસરાનો હોવાનું જણાવ્યું હતું. તેમજ વિંટી આપેલ છે તે પણ બગસરાની નકલી છે. ઉપરાંત બીજી ચાંદીની વીંટી ધાતુની છે. પગના કોયડા આપેલ છે તે પણ નકલી છે. તેમજ સમૂહ લગ્નમાંથી આવેલ ચાંદીના સિક્કા સહિતની વસ્તુઓ સોનીને બતાવતાં તે ચેક કરી સોનીએ જણાવેલ કે, આ તમામ દાગીના ધાતુના અને ખોટા છે. આમ તમામ વસ્તુઓ નકલી ખોટી આપી છેતરપીંડી કરેલ છે. તેમજ વિદાય વખતે માટલાના પરાણે રૂ.૨૧૦૦ લેવામાં આવેલ હતાં. જેથી તેઓએ માટલું લીધેલ ન હતું.

જેથી પરિણીતાએ ગુજરાત આયોજિત સર્વ જ્ઞાતિ દીકરીઓના ૨૬ માં જાજરમાન સમૂહલગ્નના આયોજક વિક્રમ સોરાણી, બોમ્બે સુપર સિડ્સ વાળા પીન્ટુ પટેલ, અક્ષય ઘાડવી, રોશનીબેન પ્રજાપતિ, રાહુલ શિશા, જયંતીભાઈ અને પ્રિયંકાબેન સામે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધવા અરજી કરેલ છે.

બનાવ અંગેની અરજી પરથી એરપોર્ટ પોલીસે આયોજકોને બોલાવી તપાસનો ધમધમાટ આદર્યો છે અને આ મામલે ટૂંક સમયમાં મોટા ધડાકા થાય તો પણ નવાઈ નહીં.

## દાગીના દાતાઓએ આપેલ છે જો ખોટા હોય તો મારી જવાબદારી બને છે

**કોઈને પણ રજૂઆત હોય તો મારી પાસે આવે દાતા નહી આવે તો હું જવાબદારીથી દાગીના અપાવીશ: આયોજક વિક્રમ સોરાણી**

રાજકોટ,તા.૧૩



રાજકોટની ભાગોળે નવા એરપોર્ટ પાસે યોજાયેલ જાજરમાન સમૂહ લગ્નમાં અપાવેલ દાગીના નકલી હોવાનું સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. જે મામલે આયોજક વિક્રમ સોરાણીએ જણાવ્યું હતું કે સમુહ લગ્નમાં દાગીના દાતાઓ દ્વારા આપવામાં આવેલ હતો. દાતાઓ સમુહ લગ્ના દિવસે જ દંપતીને આશીર્વાદ આપી પોતાની હાથે જ દાગીના આપ્યા હતો.જે મામલે જો કોઈને રજુઆત હોય તો તેઓ મને મળી શકે છે. અને હું દાતાઓને તે બદલી આપવા જણાવિશ તેમજ તે નહી બદલી આપે તો મારી જવાબદારી બને છે. તેમજ જે વસ્તુઓનું લિસ્ટ ફરે છે. તે અન્ય સમુહ લગ્નનું છે અને જાજરમાન સમુહ લગ્ન રાજકોટનું લિસ્ટ અમારી પાસે જ હતું. તે કોઈને આપવામાં આવેલ નથી.તેમજ સમૂહ લગ્નમાં ટ્રાફિક, વાળી સહીતની વ્યવસ્થામાં છીંડા પડયા હોવાની કબુલાત આપી હતી.

# મર્ડરનાં બનાવમાં સિવિલ હોસ્પિટલ પહોંચેલા DCP બાંગરવાએ ચોકીના એએસઆઈને પીધેલા પકડ્યા

**યુનિવર્સિટી રોડ પર નર્સની હત્યા થઈ એ બનાવમાં આરોપીને પણ હાથ અને પગમાં ઈજા થઈ હોય, ડીસીપી સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકી પહોંચતા એએસઆઈ નશામાં હોય, ગુનો નોંધવા આદેશ આપેલો**

રાજકોટ, તા.૧૩

મર્ડરનાં બનાવમાં સિવિલ હોસ્પિટલ પહોંચેલા ડીસીપી જગદીશ બાંગરવાએ ચોકીના એએસઆઈને પીધેલા પકડ્યા હતા. યુનિવર્સિટી રોડ પર નર્સની હત્યા થઈ એ બનાવમાં આરોપીને પણ હાથ અને પગમાં ઈજા થઈ હોય, ડીસીપી સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકી પહોંચતા એએસઆઈ નશામાં હોય, ગુનો નોંધવા આદેશ આપેલો હતો.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, હત્યાનાં બનાવના પગલે મોડી રાત્રે ૩.૩૦ વાગ્યે ડીસીપી હત્યાના બનાવ સ્થળ બાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. અત્રે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીમાં ફરજ પર રહેલ એએસઆઈ ચંદ્રસિંહ જશુભા ઝાલા (ઉ.વ. ૫૨ ધંધો નોકરી રહે- માઉન્ટેડ પોલીસ લાઇન નવા બ્લોક બી/૦૫ ક્વાર્ટર નં.૧૦૪ રાજકોટ) પીધેલા હોય, તત્કાલ પીઆઇ બોલાવીને બોલાવી કાયદેસર કાર્યવાહી કરવા હુકમ કર્યો હતો. બેથ એનાલાઇઝર દ્વારા અન્ય સ્ટાફે ચેક કરતા એએસઆઈ પોઝિટિવ આવેલ. જેથી પીઆઇ પી.આર.ડોબરીયા એએસઆઈને પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કર્યો હતો.

ગુનામાં ફરિયાદી કોન્સ્ટેબલ તોફિકભાઇ દાદુભાઇ મંધરાએ સરકાર તરફે ફરિયાદ નોંધાવતા જણાવેલ કે, તેઓ અને પીઆઇ પી.આર.ડોબરીયા વિસ્તારમાં ના.રા. પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સિવિલ હોસ્પીટલ ચોકી પર ફરજ પરના કર્મચારીઓને ચેક કરતા એ.એસ.આઇ. ચંદ્રસિંહ જશુભા ઝાલા પીધેલા નશામાં મળ્યાં હતા. એએસઆઈ સામે ગુનો નોંધાતા પોલીસ બેડામાં સોંપો પડી ગયો હતો.

# સમડી ફરી સક્રિય થઈ: ભોમેશ્વરમાં એક્ટીવામાં જઈ રહેલા વૃદ્ધાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ

**બાઇકમાં ધસી આવેલા બે શખ્સો ચેઇન ઝુંટવી હવામાં ઓગળી ગયાં, પોલીસે તપાસ આદરી**

રાજકોટ. તા.૧૩

ભોમેશ્વરમાં એક્ટીવામાં જઈ રહેલા વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચિલઝડપ કરી સમડી ફરાર થઇ જતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે ભોમેશ્વર સોસાયટી શેરી નં.૪ માં રહેતાં પ્રવિણાબેન હરીદાનભાઈ સોઢાતર (ઉવ.૬૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ નિવૃત જીવન ગાળે છે. તેઓની માતાનું એરપોર્ટ રોડ પર સખિયાનગર શેરી ૦૪ એરપોર્ટ રોડ ખાતે મારી માતાનુ મકાન આવેલ છે. ગઈ તા. ૧૨ ના રાત્રીના દશેક વાગ્યાની આસપાસ તેઓ તેમના માતાના સખીયાનગરમાં આવેલ મકાનેથી પોતાના ઘર તરફ ભોમેશ્વર સોસાયટી શેરી નં ૦૪ માં એક્ટીવા લઈને આવતી હતી.

તે દરમ્યાન તેઓ ભોમેશ્વર સોસાયટી શેરી નં ૩ અને ૪ ની વચ્ચેના રોડ, શીતલ પાર્ક ટોઇંગ પાછળ હનુમાનજીની ડેરી પાસે પહોંચતા તેમને ઘર તરફ વળવાનુ હોય જેથી એક્ટીવા ધીમી પાડેલ આ દરમ્યાન પાછળથી એક અજાણ્યુ બાઈક ઘસી આવેલ જેના પર બે અજાણ્યા વ્યકિત બેસેલ હતાં. જેના ચાલકે તેઓની નજીકમા બાઈક ધીમુ પાડી તેણીને ગળામા પહેરેલ સોનાનો ચેઈનને ઝુંટવતા તેઓએ ગળામાં પહેરેલ ચેઈનને ગળા વડે દબાવતા તેઓએ પહેરેલ ચેઈનનો અમુક ભાગ બાઈક ચાલકને હાથમાં રહેલ અને અમુક ભાગ તેણીએ ગરદન વડે દબાવતા તેમની પાસે રહેલ હતો.

બંને અજાણ્યાં શખ્સો રૂ.૨૦ હજારનો ચેઈન ઝુંટવી પોતાના બાઇકમાં નાસી છૂટ્યા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## મનસુખ સાગઠીયા

(છેલ્લા પાનાનું ચાલું)

નામના વ્યકિત સાથે સહમાલીકી રાખેલ હતી. આ કેસની જાણ એ.સી.બીએ એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટને કરેલ જેથી ઈ.ડી.એ તપાસ હાથ ધરી નિષ્કર્ષ કરેલ કે ટી.પી.ઓ સાગઠીયાએ પોતાના નામે તથા તેમના પત્ની ભાવનાબેન સાગઠીયા અને પુત્ર કેયુર સાગઠીયા તથા અલ્કેશ રણછોડ ચાવડા નામના વ્યકિતઓના નામે મિલ્કતો વસાવેલ છે.જેમાં સ્થાવર મિલ્કતો, જમીનો કિંમતી ઝવેરાતો તથા જુદી-જુદી બેંકોની ફીકસ ડીપોઝીટોનો સમાવેશ થાય છે ઈ.ડી.ની તપાસ દરમ્યાન આ મિલ્કતોની કિંમત રૂા.૨૧,૬૧,૫૯,૧૨૯/- થાય છે. આ મિલ્કતો પી.એમ.એલ.એ. એકટ હેઠળ કલકીત ગણી તેને કલમ-૫ હેઠળ ઈડીએ જપ્ત કરેલ છે હાલનો કેસ રાજકોટ એ.સી.બી.એ ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ હેઠળ દાખલ કરી આરોપીની મિલ્કત કોર્ટ કસ્ટડીમાં સોંપેલ છે. આ રીતે આ મિલ્કતો કોર્ટની કસ્ટડીમાં હોવાથી ઈ.ડી.એ.અરજી કરી અદાલતને જણાવેલ છે કે, પી.એમ.એલ એકટની કલમની કલમ-૮ હેઠળ હાલનો કેસ દિલ્હી ખાતે એડજયુડીકેટીંગ ઓથોરીટી સમક્ષ ચાલવાપાત્ર હોય આ મિલ્કતો અગે ટ્રાન્સફર અંગેનો કોઈ હુકમ ન કરવા અરજ કરેલ છે. આ મુજબની અરજી અગે ખાસ અદાલતે મનસુખ સાગઠીયા તથા પ્રોસીકયુશન બંન્નેને તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ હાજર રહેવા નોટીસ કરેલ હતી જેમાં પ્રોસીકયુશન તરફે તપાસનીશ અમલદાર પીઆઈ લાલીવાલ અને સ્પે.પી.પી.એસ.કે.વોરા હાજર રહેલા હતા. પરંતુ મનસુખ સાગઠીયા વતી અદાલત સમક્ષ કોઈ હાજર થયેલ ન હતું.આ અંગેની આગળની કાર્યવાહી માટે અદાલતે આગામી મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ રાખેલ છે.

આ કેસમાં સ્પે.પી.પી.તરીકે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે વોરા રોકાયેલ છે.

## રાજકોટ

(છેલ્લા પાનાનું ચાલું)

હોસ્પિટલના સિનિયર મોસ્ટ ગાયનેકોલોજીસ્ટ, સાયકોલોજીસ્ટ સહિતના નિષ્ણાત તબીબની ટીમને ગર્ભપાત દરમ્યાન હાજર રહેવા અને પીડિતાની ઉમંરને લઇ તેની ખાસ કાળજી લેવા અને ધ્યાન રાખવા પણ નિર્દેશ કર્યો હતો.

રાજકોટની ૧૩ વર્ષીય સગીરાના વાલીઓ તરફથી કરાયેલી રિટ અરજીમાં હાઇકોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, ૧૩ વર્ષીય સગીરાને ખુદ તેના પાડોશી આરોપીએ જ તેની કુમળી વય અને માનસિકતાનો ગેરલાભ ઉઠાવી તેને દુષ્કર્મનો ભોગ બનાવી હતી, જેના કારણે તે ગર્ભવતી બની હતી. જો કે, પીડિતાની માનસિક, સામાજિક અને શારીરિક સ્થિતિ અને સંજોગોને જોતાં તેણી બાળકને જન્મ આપવા ઇચ્છતી નથી અને ગર્ભપાત કરાવવા માંગે છે.

હાઇકોર્ટે રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય જનરલ હોસ્પિટલને પીડિતાની મેડિકલ તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું હતું. જેના અનુસંધાનમાં સરકારપક્ષ તરફથી રિપોર્ટ રજૂ કરી જણાવાયું હતું કે, હાલ પીડિતાને ૩૩ સપ્તાહનો ગર્ભ રહેલો છે અને તેના ગર્ભપાતમાં હાઇરીસ્ક પણ રહેલું છે., તેણીને ૧.૯૯ કિલોનો ગર્ભ છે. પીડિતા એનીમીયા અને માઇલ્ડ ઇન્ટેલેકચુઅલ ડિસેબિલિટીથી પણ પીડિત હોવાનું સામે આવ્યું હતું. તેથી એનીમીયાના મૂલ્યાંકન અને તેની સુધારણા બાદ ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરી શકાય તેમ હોવાનું નિષ્ણાત ડોકટરોની પેનલે રિપોર્ટમાં સૂચિત કર્યું હતું.

જેને પગલે હાઇકોર્ટે સગીરાના ૩૩ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી હતી અને ઓપરેશન કે પ્રક્રિયા દરમ્યાન લોહીની વ્યવસ્થા રાખવા અને એક્સપર્ટ ડોકટરોને હાજર રહેવા ખાસ તાકીદ કરી હતી.

## ભાવ વધારો

(છેલ્લા પાનાનું ચાલું)

મોટો ભાગ અફઘાનીસ્તાનથી મંગાવવામાં આવે છે. હોલસેલ વેપારીઓનું કહેવુ છે કે મેના પહેલા સપ્તાહમાં આવાગમન માટે પાકિસ્તાની સીમાને બંધ કરવામાં આવ્યા બાદ અફઘાનીસ્તાનથી ડ્રાયફ્રુટસ દિલ્હી નથી પહોંચી રહ્યા. જોકે અન્ય દેશોથી માલની આયાત કરવામાં આવી રહી છે. તેમ છતાં ભાવ નથી ઘટી રહ્યા.

શૂં કહે છે વેપારીઓ:

દિલ્હી કિરાના કમિટીનાં મહાસચીવ ધીરજ સિંધવાણી જણાવે છે કે આ સ્થિતિ અમારી આજીવિકાને અસર કરી રહી છે.પરંતુ અમે રાષ્ટ્રની સુરક્ષા, સંપ્રભુતા અને નીતિની સાથે છીએ.કેન્દ્ર સરકાર પર પુરો ભરોસો છે કે ટુંક સમયમાં જ કોઈ સમાધાન નીકળશે. જયારે દિલ્હી કિરાના કમિટીનાં અધ્યક્ષ ગંગા બિશન ગુપ્તા કહે છે જો પુરવઠા માટે હવાઈ માર્ગનો વિકલ્પ પસંદ કરવામાં આવે તો ભાડુ ૧૫૦ થી ૨૦૦ રૂપિયા દર કિલોગ્રામ સુધી વધી જશે. જયારે એરકાર્ગોનું ભાડુ ૨૦૦ થી ૨૨૫ રૂપિયા દર કિલોગ્રામે છે.

## ચોમાસુ

(પહેલા પાનાનું ચાલું)

તા.૧૦થી૧૧ જૂન આસપાસ ગુજરાત પહોંચી જશે અને તા.૧૨ જૂનથ તેની અસર દક્ષિણ ગુજરાતમાં જોવા મળશે અને ઝડપથી તે પુરા રાજયને 'કવર' કરી લેશે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ગુજરાત સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થશે અને તે સામાન્યથી વધુ વરસાદ હશે. એક તરફ સારો વરસાદ કૃષી ક્ષેત્ર માટે સારા સમાચાર છે. બીજી તરફ ભારે વરસાદથી થોડી નુકશાની માટે પણ તૈયાર રહેવું પડશે. ગુજરાતમાં ગત સપ્તાહમાં કેટલાક ક્ષેત્રોમાં જે 'માવઠા'ની સ્થિતિ બની તેનાથી સરેરાશ ૩૧ મી.મી. વરસાદ પડી ગયો છે. ગત વર્ષે પણ કેરળમાં તા.૩૦ મે ના રોજ ચોમાસુ પહોંચ્યા પછી ઝડપથી આગળ વધી ગયુ હતુ અને તા.૧૦ જૂન સુધીમાં પુરા ગુજરાતને 'કવર' કરી લીધુ હતુ. દેશમાં પણ તા.૨૭ જૂન સુધીમાં પુરી રીતે પહોંચી ગયુ હતું. હવામાન વિભાગે હવે પ્રી-મોનસુન એકટીવીટીમાં હરિયાણા, છતીસગઢ સહિત ૨૩ રાજયોમાં આંધી તોફાન સાથે વરસાદની ધારણા છે.

# સોની વેપારી શૈલેષ પાલાને ચાર શખ્સોએ ફડાકા ઝીંકી મારી નાખવાની ધમકી આપી

રાજકોટ, તા. ૧૩

પુજારા પ્લોટમાં રહેતા વેપારી શૈલેષભાઇ પાલાને ચાર શખ્સોએ ફડાકા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. બનાવ અંગે ગાત્રાળ ચોક, પુજારા પ્લોટ પાસે રહેતા શૈલેષ ગોવિંદભાઇ પાલા (ઉ.વ.૩૮)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નીશીત કૃણાલ સાગર, રોહિત વાઢેર અને દિવ્યેશ ઘઘડા નામ આપી જણાવ્યું હતું કે, તેઓ એસ્ટ્રોન ચોક પાસે આવેલ હિંગળાજ જવેલર્સ નામની દુકાનમાં સોના-ચાંદી તથા ઈમીંટેશનનું કામ કરે છે. ગત તા.૧૨ના રાત્રીના ૧૧.૩૦ વાગે ઘરે હાજર હતા તે સમયે નીશિતનો ફોન આવ્યો કે રૈયાધાર આવો ત્યાં કૃણાલભાઇ આવે છે. જેથી તેઓ બાઇક લઇને રૈયાધાર જવા નીકળેલ અને રસ્તામાં હતા તે દરમ્યાન નીશિતનો ફરીવાર ફોન આવેલ કે નાણાવટી ચોક પર આવો જેથી તેઓ ત્યાં પહોંચતા નીશીત અને કૃણાલ બંને હાજર હોય જેઓ તેમની પાસે પૈસા માંગતા હોય જેથી કૃણાલે કહેલ કે તું મારા પૈસા મને આપી દે કહી ગાળો દેવા લાગેલ અને ફડાકો ઝીંકી દીધેલ હતો.

જે બાદ તેઓ પોતાનું બાઇક લઇ ઘરે આવવા નીકળી ગયેલ અને રાત્રે એકાદ વાગ્યે કૃણાલ એકટીવા લઇ ઘર પાસે આવેલ અને ગાળો આપેલ હતી. તેમજ તેની સાથેના એક શખ્સે ફટાકો પણ ઝીંકી દીધેલ હતો તેમજ એક કાર આવેલ જેમાંથી એક શખ્સે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ ૧૦૦ નંબરમાં ફોન કરતા આરોપીઓ નાસી છુટયા હતા. વધુ આ બનાવ અંગે ફરિયાદીએ જણાવ્યું હતું કે એકાદ વર્ષ પહેલા આરોપી કૃણાલ પાસે ૧૬૫ ગ્રામ સોનુ લીધેલ હતું જેની કિંમત તે વખતે ૧૦ લાખ રૂપિયા ગણાય તે રૂપિયા માંગતા હોય જે હાલ ફરિયાદી પાસે ન હોય જેથી ફડાકા ઝીંકી ધમકી આપી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ત્રાસવાદી

(પહેલા પાનાનું ચાલું)

હુમલો કરવાના પ્લાન કરી રહ્યા હોય તેવા સંકેતો વચ્ચે અચાનક જ આજે સવારથી દ.કાશ્મીરમાં સુકુર કેલર વિસ્તારમાં સુરક્ષાદળોએ ઓપરેશન શરુ કર્યુ છે અને અત્યાર સુધીમાં ત્રણ ત્રાસવાદીઓને ઠાર માર્યા છે જયારે અન્ય ત્રાસવાદીઓ સામે કાર્યવાહી ચાલુ છે. આમ હવે પાકિસ્તાનને પાઠ ભણાવ્યા બાદ કાશ્મીરમાં આંતરિક રીતે પણ સેનાએ જબ્બરુ ઓપરેશન શરુ કર્યુ છે અને પહેલગામ હુમલા સહિતના આરોપી ત્રાસવાદીઓનો પણ પીછો કરશે તે નિશ્ચિત છે.

## આપઘાત

(છેલ્લા પાનાનું ચાલું)

વાગ્યે પોતાના ઘર પાસે આવેલી રીધમ નામની દુકાન પાસે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી ગયો હતો. તેને પાઉડર પી પોતાના પિતાને ફોન કર્યો હતો અને ઝેર પીધું હોવાની જાણકારી હતી. તેના પિતા જગદીશભાઈએ પાડોશી દિલીપભાઈને ફોન કરી અને જણાવ્યું હતું કે તેના પુત્રએ આવું પગલું ભરી લીધું છે. અને તે અત્યારે રીધમ નામની દુકાન પાસે છે. પાડોશી એ તુરંત પહોંચી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ તરફ અન્ય પરિવારજનો દોડી આવતા મંથનને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તબિયત વધુ લથડતા મંથનને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં ગઈકાલે મૂડી રાત્રે સગીરે દમ તોડી દીધો હતો. મંથનના પિતા જગદીશભાઈ ખાણ મકાઈનું સેલિંગનું કામ કરે છે. તેના પિતા જગદીશભાઈને થોડા સમય પહેલા હાર્ટ એટેક આવ્યો હોવાથી તે સારવાર માટે નવસારી ગયા હતા. પાછળથી મંથન તેના માતાનું કાંઈ માનતો ન હોય જેથી કરીને મંથનના માતાએ જગદીશભાઈ ને વાત કરી હતી કે મંથન કઈ માનતો નથી. જે વાતને લઈ જગદીશભાઈએ ફોન ઉપર મંથનને ઠપકો આપ્યો હતો. તે વાતનું લાગી આવતા મંથને આ પગલું ભરી લીધું હતું. મંથન તેના માતા પિતાનું એકનું એક સંતાન હતો અને ૧૧મુ ધોરણ ભણતો હતો અને હાલ તે બારમા ધોરણમાં આવ્યો હતો. સગીરે અંતિમ પગલું ભરી લેતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે.

## સીડીઆર

(છેલ્લા પાનાનું ચાલું)

આરોપી અને મૃતકનાં કોલ ડિટેઇલ્સ સીડીઆર મંગાવી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, બનાવ અંગે મૃતકના ભાઈ શિવાંગ ત્રિભોવનદાસ પટેલ (ઉવ.૫૭, રહે.૨૨-કર્ણાવતી સોસાયટી, ગામ કુહા તા.દશક્રોઇ જી.અમદાવાદ)એ કાનજી સામે હત્યા, રાત્રીના ગૃહ અપપ્રવેશ, અપરાધિક ગૃહ પ્રવેશ વગેરે કલમ મુજબ, ગુનો દાખલ કર્યો છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ચૌલાબેન છેલ્લા ૨૪ વર્ષથી અમદાવાદ કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સટીટયુટ સીવીલ હોસ્પીટલ શાહીબાગ ખાતે સ્ટાફ નર્સ તરીકે નોકરી કરતા હતા. તાજેતરમાં જ બદલી સૌરાષ્ટ્ર કેન્સર હોસ્પીટલ રાજકોટ ખાતે થયેલ હતી અને છેલ્લા ચાર માસથી તેઓ રાજકોટ કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સટીટયુટ ખાતે ફરજ બજાવતા હતા. તેમજ હોસ્પિટલમાં નોકરી દરમ્યાન મરણજનાર ઋષિકેશ સોસાયટી શેરી નંબર-૨, આર્યુવેદક હોસ્પિટલની ગલીમાં, યુનિ રોડ, રાજકોટશહેર એકલા ભાડેથી મકાન રાખી રહેતા હતા.



### 'આરોપીને અગાઉ ક્યારેય ઘર પાસે જોયો નથી'

મૃતક ચૌલાબેન જે મકાનમાં રહેતા હતા. તેમાં નીચેના માળે રહેતા નિલમબેન પિયુષભાઈ દલસાણીયાએ પોલીસ પુછપરછમાં જણાવ્યું હતું કે, તેઓ રાત્રે પોણા બારેક વાગ્યે ઘરમાં રૂમમાં હતા. ચૌલાબેન વોર્કીંગ કરી ઘરે આવ્યા પછી ઉપરના માળે તેના રૂમમાં જ હતા. ત્યારે અચાનક ધબધબ અવાજ આવતા અમે બહાર નીકળી ચૌલાબેનને અવાજ કરતા આરોપી બહાર આવ્યો હતો. તેને અમે પુછયું કે, તમે કોણ છો અને અહીંયા કેમ આવ્યા છો? તો તેણે કહ્યું કે, મને બોલાવ્યો હતો. જોકે, અમે આ પહેલા કયારેય આ વ્યકિતને અહીં ઘર પાસે જોયો નહોતો.

## હત્યા

(છેલ્લા પાનાનું ચાલું)

પાણી પી શકે તેમ નથી. એટલું કહી ચોલાબેન બેભાન થઈ ગયા હતા. કોઈએ ૧૦૮ માં ફોન કરતા ૧૦૮ ના ઇએમટી આવી અને ચોલાબેનને સ્થળ પર જ મૃત જાહેર કર્યા હતા. આ તરફ પોલીસને પણ જાણ થતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો. આરોપી ભાગીને પોતાના ઘરમાં ઘૂસી ગયો હતો અને બાથરૂમમાં પુરાઇ ગયો હતો પાડોશના લોકોએ બાથરૂમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો અને પોલીસ આવતા આરોપી કાનજીને બાથરૂમમાંથી બહાર કાઢી સકંજામાં લેવાયો હતો.

આરોપી રટણ કરી રહ્યો છે કે તેને ચોલાબેને બોલાવ્યો હતો. જો કે પોલીસને આ વાત ગળે ઉતરતી નથી. તાબે ન થતા ચૌલાબેને પ્રતિકાર કરી આરોપીને પગમાં અને હાથમાં છરી મારી હોવાનું અનુમાન છે. આરોપીએ તે જ છરી લઈ ચૌલાબેનને છાતીના ભાગે બે ત્રણ ઘા ઝીંકી દીધા હોય તેવું અનુમાન છે. મૃતક એક ભાઈ એક બેન માં નાના હતા અગાઉ તેઓ અમદાવાદ સિવિલમાં નોકરી કરતા હતા. પોલીસે આરોપી અને મૃતકનાં કોલ ડિટેઇલ પણ ચેક કરવા તજવીજ કરી છે. ચૌલાબેન અપરણિત હતા. જ્યારે આરોપી બે બાળકોનો પિતા છે.

# રીક્ષામાં ગેસ પુરવાના પૈસા ઘટતાં રીક્ષા ચાલકે મેલડી માઁના મંદિરને નિશાન બનાવ્યું, ૧૨ હજાર રોકડની ચોરી

**પડધરી મામલતદાર ઑફિસ સામે આવેલ મંદિરમાંથી ૧૨ દિવસથી દરરોજ કરીમશા ફકીર ચોરી કરતો 'તો: ઘટના સીસીટીવીમાં કેદ, પોલીસે આરોપીની ધરપકડ કરી**

રાજકોટ. તા.૧૩

પડધરી મામલતદાર ઓફીસ સામે આવેલ મંદિરમાંથી ૧૨ દિવસથી દરરોજ કરીમશા ફકીર રીક્ષામાં ગેસ પુરવાના પૈસા ઘટતાં રીક્ષા ચાલકે મેલડી મા ના મંદિરને નિશાન બનાવ્યું હતું અને ૧૨ હજાર રોકડની ચોરી કરતો હતો. બનાવ અંગે પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. બનાવ અંગે પડધરીના ગીતાનગરમાં રહેતાં કીશોરપરી પ્રભાપરી ગોસાઈ (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પડધરી મામલતદાર કચેરી સામે આવેલ મેલડી માતાના મંદીરમાં સેવા પુજા કરે છે. ગઇ તા.૧૧ ના સવારના આઠેક વાગ્યાના વખતે મેલડી માતાના મંદીરના સેવા પુજા ના ગ્રુપમાં જોડાયેલ અંકીતભાઈ રાઠોડ જે મેલડી માતાના મંદીરમાં નાખેલ સીસીટીવી ફુટેજ તેના મોબાઇલમાં ખોલી ને જોયેલ અને તેમા ગઇ તા.૧૧ ના વહેલી સવારના ચારેક વાગ્યે એક વ્યક્તિ મંદીરની બહાર આવેલ ખુલ્લી જગ્યામાં રહેલી દાન પેટીમાંથી રોકડ રૂપીયા કાઢતો હોય તેવો વીડીયો મોકલેલ હતો.



તેઓએ વિડીયો જોતાં તેમા રહેલ વ્યકતીને ઓળખી ગયેલ કે, જે મંદીરમાંથી ચોરી કરે છે તે કરીમશા માહમદશા ફકીર (રહે. પડધરી મોવૈયા ઢોરે) મેલડી માતાના મંદીર )ની બહાર ખુલ્લામાં આવેલ લોખંડની દાન પેટીમાંથી લોખંડના વાળાથી રોકડ રૂ. ૧૨ હજારની ચોરી કરી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી પડધરી પોલીસે ગુનો નોંધી આરોપી કરીમશા માહમદશા ફકીરની ધરપકડ કરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યા મુજબ, આરોપી રીક્ષા ચાલક છે અને તે છેલ્લા ૧૨ દિવસથી સીએનજી રીક્ષામાં ગેસ પુરવાના પૈસા ઘટતાં દરરોજ ચોરી કરી નાસી છૂટતો હતો.

કલેકટર કચેરી ખાતે ડીસ્ટ્રીકટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક મળી

# રાજકોટ જિલ્લામાં રસ્તા રીપેરીંગ, દબાણ હટાવવા સહિતની કામગીરી કરવા અધિકારીઓને તાકીદ

**માર્ગ અકસ્માતમાં જીવન બચાવવા માટે રાહવીર યોજના હેઠળ નાગરિકોને રૂા.૨૫ હજારનો પુરસ્કાર અપાશે**

રાજકોટ,તા.૧૩

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે અધિક કલેકટર એ.કે.ગૌતમના અધ્યક્ષસ્થાને રોડ સેફટી કાઉન્સિલની બેઠક મળી હતી.આ બેઠકમાં રાજકોટ - જામનગર રોડ પર ખુલ્લા જોવા મળેલા ગેપ ઈન મીડિયન, પડધરી સર્કલ પાસે માર્ગ અકસ્માત થવાની સંભાવના, અનઅધિકૃત દબાણ, સર્વિસ રોડ ઉપર ખાડાઓ રીપેરીંગની કામગીરી સહિતની કામગીરી અંગે અધિક નિવાસી કલેકટરએ સમીક્ષા કરી હતી.

વધુમાં આર.ટી.અધિકારી કેતન ખપેડ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજકોટ-મોરબી રોડ ઉપર બંધ કરવામાં આવેલા ગેરકાયદે મીડિયન, રાજકોટ-ભાવનગર રોડ પર થયેલી રીસર્ફેસિંગની કામગીરી, જાહેર જનતા અને વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતીની જનજાગૃતિ માટે કરવામાં આવેલા રોડ સેફટી સેમીનાર, અકસ્માત સંભવિત ઝોન, ટ્રાફિક જામ નિવારવા સહિતની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી અપાઈ હતી.

માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓને મદદ કરવા અને તેમનું જીવન બચાવવા માટે જિલ્લા ટ્રાફિક પોલીસ શાખાના કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ પરમારને 'ગુડ સમરિટન પુરસ્કાર' યોજના હેઠળ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, ભારત સરકારના માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા માર્ગ અકસ્માતનો ભોગ બનેલા નાગરિકોને મદદ કરવા અને જીવન બચાવવા માટે અન્યને પણ પ્રેરણા આપવા નાગરિકો માટે 'ગુડ સમરિટન પુરસ્કાર' યોજના અમલમાં મૂકવામાં આવી છે. તેમજ ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ''રાહવીર યોજના'' પણ શરૂ કરવામાં આવી છે. જેમાં નાગરિકોને રૂ.૨૫,૦૦૦નો પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. આ બેઠકમાં રાજકોટ ગ્રામ્ય ડી.વાય.એસ.પી. એસ.એસ. રઘુવંશી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિત પટેલ, રોડ સેફટી એક્સપર્ટ સભ્ય જે.વી. શાહ, સહીત એન.એચ. એ.આઈ., આર.એન્ડ બી. ગ્રામ્ય, નેશનલ ડિવિઝન સ્ટેટ હાઇવે, રૂડા, શિક્ષણ, આરોગ્ય, સહિતના રોડ સેફ્ટી કમિટીના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતાં.

# ત્રંબા પાસે રોજડુ આડુ ઉતરતા બાઈક સવાર ઢાંઢયાના પરસોતમભાઈ મેરનું અકસ્માતમાં મોત

રાજકોટ, તા.૧૩

રાજકોટ તાલુકાના ઢાંઢયા ગામે રહેતા પરષોત્તમભાઈ મેઘજીભાઈ મેર (ઉંમર વર્ષ ૫૦) ગઈકાલે રાત્રે ૮:૩૦ વાગે ત્રંબા ખાતે ઢાંઢિયા ગામના રોડ ઉપર પોતાનું બાઈક લઈને ઘરે જતા હતા ત્યારે રોજડુ આડુ ઉતરતા બાઈક સ્લીપ થયું હતું. જેમાં અકસ્માતમાં પરસોત્તમભાઈને ઈજા થઈ હતી. તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો જણાવ્યું કે, પરસોત્તમભાઈ ત્રંબા ખાતે હાર્ડવેરની દુકાનમાં કામ કરતા હોય ત્યાંથી પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો પરસોતમભાઈ ને સંતાનમાં ત્રણ દીકરી અને દીકરો છે ચાર સંતાનો એ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોખ છવાયો હતો.

### સૈન્યનુ સંયમિત બ્રિફીંગઃ ભાજપ પ્રવકતા રાફેલ ઉડાડવા લાગ્યા

# ઓપરેશન સિંદુર : આજથી દેશભરમાં ભાજપની તિરંગા યાત્રા

નવી દિલ્હી:

ઓપરેશન સિંદુરમાં હાલ થંભેલી લશ્કરી કાર્યવાહી બાદ ભાજપે હવે તેનો રાજકીય લાભ હોવાનું આયોજન શરૂ કર્યુ છે. ગઈકાલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પાક સાથે શાંતિ પણ હવે શરતી હશે તેવો આકરો સંદેશ મોકલી દીધો છે અને આગામી સમયમાં ભારતની પાક સાથેની નીતિમાં જોવા મળશે. તે સમયે ભાજપે હવે આજથી તા.૨૩ સુધીમાં દેશભરમાં ત્રિરંગા યાત્રાનુ આયોજન કર્યુ છે. આ યાત્રા હેઠળ ભાજપ પત્રકાર પરિષદ વિ. પણ યોજશે. ગઈકાલે રાત્રીના પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડાના નિવાસે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંઘ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. શ્રી નડ્ડાએ આ પુર્વે પક્ષના મહામંત્રીઓ સાથે પણ બેઠક યોજી હતી અને અનેક રાજયોના ભાજપના પ્રદેશ પ્રમુખ તથા પક્ષના શાસન હેઠળના મુખ્યમંત્રીઓ સાથે પણ વાતચીત કરી હતી. જો કે ભાજપ સાવચેતી તરીકે પોતાની પીઠ નહી થાબડે કે પક્ષની વાહવાહ નહી કરે. ખાસ કરીને જે રીતે પાકિસ્તાનને યુદ્ધ વિરામની તક અપાઈ તેની સામે હજુ પ્રશ્ન પૂછાઈ રહ્યા છે. વડાપ્રધાન શ્રી મોદીએ ગઈકાલે રાત્રીના તેમના રાષ્ટ્રને સંબોધનમાં બહુ સ્પષ્ટ કર્યુ છે કે ઓપરેશન સિંદુર એ કોઈ એક કાર્યવાહી નહી પણ પાક સાથે ભારતની નીતિનો એક માર્ગ છે. જે પાક માટે એક ચેતવણી પણ છે. હવે સૈન્યનું બ્રિફીંગ પુરુ થયુ છે. વિદેશ મંત્રાલય જરૂર પડે ખાસ કરીને વિદેશમંત્રી એક બ્રિફીંગ કરી શકે છે. ભાજપ સમક્ષ એક મુદો એ છે કે જે રીતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમગ્ર યુદ્ધ વિરામને 'હાઈજેક' કરી ગયા અને પોતે બન્ને દેશોના અણુ યુદ્ધથી બચવા ખુદે તેના પ્રચારનો મુકાબલો કેમ કરવો તે પ્રશ્ન છે અને હવે કાશ્મીર મુદ 'તટસ્થ સ્થળે' ભારત-પાક વાતચીત કરે તેવી ઓફર કરી છે. જો કે ભારત તો ત્રીજા પક્ષની ભૂમિકા ફગાવી દીધી છે પણ ટ્રમ્પે ત્યાંથીજ નહી અટકતા તેઓએ 'વેપાર'ની ધમકી આપીને ભારત-પાકને યુદ્ધ વિરામ કરવા મજબૂર કર્યા તેવું ગાઈ વગાડીને કહે છે. આમ સમગ્ર ઓપરેશન પરથી અમેરિકાનો ઓછાયો દુર કરવા માટે પણ ભાજપ મથશે. આમ અગાઉની સર્જીકલ સ્ટ્રાઈક આ ભાજપે જેમ અન્ય પ્રયાસ કર્યા તેમ હવે ધીમે ધીમે ઓપરેશન સિંદુરમાં આગળ વધી રહી છે. જેને વિવેચકોએ 'પોલીટીકલ-ઓનરશીન' જેવા શબ્દ સાથે જોડી દીધુ છે. ભાજપ હવે ઓપરેશન સિંદુર અને બાદની ઘટનામાં લોકો સુધી પહોંચાડવા પ્રયાસ કરશે. ખાસ કરીને વાસ્તવમાં ભાજપ તેની તિરંગા યાત્રા ગત રવિવારથી જ શરૂ કરવા માંગતો હતો પણ શનિવારે રાત્રીના જે રીતે પાકે યુદ્ધ વિરામ ભંગ કર્યા પછી રોકી દેવાની ફરજ પડી હતી. ભાજપે સોમવારે તેના પ્રથમ મિડીયા બ્રિફીંગમાં સંબિત પાત્રાને ઉતાર્યા. તેઓએ રાફેલ મુદો ઉપાડયો. વાસ્તવમાં સૈન્યના બ્રિફીંગમાં પણ રાફેલનો ઉલ્લેખ થયો નથી પણ ભાજપના પ્રવકતાએ પોતે રાફેલ ઉડાડી દીધુ તો બીજી તરફ લખનૌમાં બ્રહ્મોસ મિસાઈલ ટેસ્ટીંગ સુવિધાનું ઉદઘાટન થયું તેમાં ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે બ્રહ્મોસે કેવી કમાલ કરી તે દર્શાવ્યું. આમ સૈન્યની ક્રેડીટ હવે પાર્ટીલાઈન પર લઈ જવાનો પ્રયાસ કરવાનો પ્રારંભ થયો છે. તા.૧૩થી૨૩ વચ્ચે ભાજપ ત્રિરંગા યાત્રામાં એ સંદેશ આપવા પ્રયાસ કરશે.

વડાપ્રધાન મોદીના મજબૂત નેતૃત્વમાં આપણા સુરક્ષા દળોએ જડબાતોડ જવાબ આપ્યો છે.

## કઈ રીતે ટ્રમ્પ ઘુસ્યાઃ કોંગ્રેસ આ મુદો ઉઠાવશે

### ભારત જેવા દેશ માટે યોગ્ય સ્થિતિ નથી

નવી દિલ્હી તા.૧૩

ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી તનાવમાં જે રીતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે યુદ્ધ વિરામની ભૂમિકા ભજવી હોવાનો જે દાવો કર્યો છે અને અમેરિકી તંત્ર પણ તેને સમર્થન આપી રહ્યું છે તે વચ્ચે



કોંગ્રેસે હવે આ મુદ્દે સરકારને ઘેરવા તૈયારી કરી છે. સોમવારે જ કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો કે સમગ્ર યુદ્ધ વિરામમાં અમેરિકાની ભૂમિકા શું હતી તે સરકારે સ્પષ્ટ કરવું જોઈએ. કોંગ્રેસના સીનીયર નેતા પુર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલે પ્રશ્ન ઉઠાવ્યો કે ઓપરેશન સિંદુર એ દેશ અને સેનાની સિદ્ધિ છે. કોઈ રાજકીય લાભ ઉઠાવવાની કોશીશ થવી જોઈએ. તેઓ ૧૯૭૧માં ઈન્દીરાગાંધીએ જે રીતે અમેરિકી દબાણ સામે અડગ રહ્યા તેનું દ્રષ્ટાંત આપ્યુ હતું અને કહ્યું કે ટ્રમ્પના દાવાથી ભારત જો આ દેશ માટે યોગ્ય સ્થિતિ બની નથી.

## આભાર વડાપ્રધાન ...

### ગુજરાત સહિતના ભાજપ-એનડીએ શાસનના મુખ્યમંત્રીઓ ઓપરેશન સિંદુર બદલ વડાપ્રધાનનો આભાર માનશેઃ તા.૨૫ના દિલ્હીમાં બેઠક

નવી દિલ્હી તા.૧૩

ઓપરેશન સિંદુરની સફળતા સાથે જ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદનનો સિલસિલો ચાલુ થયો છે જેમાં તા.૨૫ના રોજ દિલ્હીમાં ગુજરાત સહિત ભાજપ અને એનડીએ શાસનના તમામ મુખ્યમંત્રીઓ અને જે રાજયોમાં નાયબ મુખ્યમંત્રી હોય તે તમામ દિલ્હીમાં મળશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે અને આ બેઠકમાં ઓપરેશન સિંદુર બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવામાં આવશે. ભાજપે આજથી દેશભરમાં ત્રિરંગા યાત્રા શરુ કરી છે અને તે સાથે જ પત્રકાર પરિષદોનું પણ આયોજન કર્યુ છે.

## ૧૧ દિવસનું આયોજનઃ દેશભરમાં પત્રકાર પરિષદઃ મોદીનું નેતૃત્વ અને સૈન્યની બહાદુરી વર્ણવશે

## ટ્રમ્પના વિધાનો પર થરૂરે સીધા પ્રશ્નો ઉઠાવ્યાઃ ભારત-પાકિસ્તાનની સરખામણી થઈ શકે નહી

### કોંગ્રેસના નેતા મોદી સરકારની વહારેઃ અમેરિકાની જુની નીતિ ફરી આવી રહી છે

નવી દિલ્હી તા.૧૩

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સમાધાનમાં વારંવાર અમેરિકી તંત્ર જે રીતે દાવા કરી રહ્યું છે તેની સામે હવે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે પણ પ્રશ્ન ઉઠાવીને જણાવ્યું છે કે અમેરિકા ભારત અને પાકિસ્તાનને એક જ પંગતમાં બેસાડી શકે



નહી. બંને દેશો વચ્ચે મહત્વપૂર્ણ તફાવત છે. તેઓએ જણાવ્યું કે ટ્રમ્પના વિધાનો નિરાશાજનક છે. તેઓએ એકસ પર પોતાની પોષ્ટ મુકતા કહ્યું કે ભારતે જે ડિપ્લોમેટીક સરસાઈ મેળવી છે તેમની સામે ટ્રમ્પના વિધાનો પ્રશ્ન સર્જે છે. તેઓએ કહ્યું કે અમેરિકા અપરાધી અને ભોગ બનનાર વચ્ચે સરખામણી કરી શકે નહી. પાકિસ્તાનની ત્રાસવાદી લીંક સાબીત થઈ ચૂકી છે અને અગાઉ પણ પાકિસ્તાનને અનેક વખત વાટાઘાટની તક હતી પણ તેણે ત્રાસવાદ પસંદ કર્યો છે. ઉપરાંત કાશ્મીરનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જઈ શકાય નહી. તેમણે કહ્યું કે ભૂતકાળની જેમ ટ્રમ્પ શાસન ફરી પાકિસ્તાનને અગ્રતા આપે તો તે ખોટુ હશે.

# "તો પરમાણુ યુદ્ધ થયું હોત અને લાખો લોકોના મોત" - ટ્રમ્પે કહ્યું કે અમેરિકાએ ભારત-પાકિસ્તાનને 'કાયમી' યુદ્ધવિરામની મધ્યસ્થી કરી હતી

### જો બન્ને દેશમાંથી કોઈ માન્યું ન હોત તો અમેરિકા તેની સાથે ટ્રેડ (વેપાર) બંધ કરી દેત : મારા પ્રશાસન પર ગર્વ છે કે તેણે આ યુદ્ધ રોકાવ્યું : મોદીના બરાબર અડધા કલાક પહેલા ટ્રમ્પે પોતાનું સંબોધન ચાલુ કર્યું અને સૌનું ધ્યાન તો ખેંચ્યું, પણ સાથોસાથ સંપૂર્ણ શ્રેય પોતાનો ગણાવ્યો – જે ભારતે તેના સંબોધન વખતે સ્પષ્ટ કરી દીધું



વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે પોતાના દાવાને પુનરાવર્તિત કર્યો કે તેમના વહીવટીતંત્રે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સંઘર્ષ ટાળવામાં મદદ કરી હતી, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકાએ બે પરમાણુ સશસ્ત્ર પડોશીઓને યુદ્ધવિરામ પર લાવવા માટે વેપારનો ઉપયોગ કર્યો હતો. વ્હાઇટ હાઉસ ખાતે આયોજિત એક પ્રેસ બ્રીફિંગમાં ટ્રમ્પે કહ્યું, ''શનિવારે, મારા વહીવટીતંત્રે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંપૂર્ણ અને તાત્કાલિક કાયમી યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવામાં મદદ કરી, મને લાગે છે કે, ઘણા પરમાણુ શસ્ત્રો ધરાવતા બે રાષ્ટ્રો વચ્ચેના ખતરનાક સંઘર્ષનો અંત આવ્યો.''

તેમણે પરિસ્થિતિને ''ખૂબ જ ગરમ'' ગણાવી અને બંને દેશોના નેતૃત્વની પ્રશંસા કરી. ''ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો હતો, અને તે અટકવાનું નામ જ લેતો ન હતો,'' તેમણે કહ્યું. ''મને તમને જણાવતા ખૂબ ગર્વ થાય છે કે ભારત અને પાકિસ્તાનનું નેતૃત્વ અડગ, શકિતશાળી હતું... પરિસ્થિતિની ગંભીરતાને સંપૂર્ણપણે જાણવા અને સમજવાની શક્તિ, શાણપણ અને હિંમત ધરાવતા દષ્ટિકોણથી.''

ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે બંને દેશોને વાટાઘાટોના ટેબલ પર લાવવા માટે વેપાર પ્રોત્સાહનો ઓફર કર્યા હતા. ''મેં કહ્યું, ચાલો, અમે તમારી સાથે ઘણો વેપાર કરીશું. ચાલો તેને બંધ કરીએ. જો તમે તેને બંધ કરો છો, તો અમે વેપાર કરી રહ્યા છીએ. જો તમે તેને બંધ નહીં કરો, તો અમે કોઈ વેપાર કરવાના નથી','' તેમણે ઉમેર્યું, ''લોકોએ ક્યારેય ખરેખર વેપારનો ઉપયોગ એ રીતે કર્યો નથી જે રીતે મેં તેનો ઉપયોગ કર્યો હતો, તે હું તમને કહી શકું છું.''

તેમણે વધુમાં ટિપ્પણી કરી, ''અમે પાકિસ્તાન સાથે ઘણો વેપાર કરવા જઈ રહ્યા છીએ. અમે ભારત સાથે ઘણો વેપાર કરવા જઈ રહ્યા છીએ. અમે હાલમાં ભારત સાથે વાટાઘાટો કરી રહ્યા છીએ. અમે ટૂંક સમયમાં પાકિસ્તાન સાથે વાટાઘાટો કરવા જઈ રહ્યા છીએ, અને અમે પરમાણુ સંઘર્ષ બંધ કર્યો છે.'' તણાવ ઓછો કરવાનો શ્રેય લેતા ટ્રમ્પે કહ્યું, ''મને લાગે છે કે તે ... એક ખરાબ પરમાણુ યુદ્ધ હોઈ શકે છે. લાખો લોકો માર્યા ગયા હોત. તેથી મને તેનો ખૂબ ગર્વ છે. હું ઉપરાષ્ટ્રપતિ (જેડી) વાન્સ અને રાજ્ય સચિવ (માર્કો) રુબિયોનો પણ તેમના કાર્ય અને પ્રયાસો માટે આભાર માનવા માંગુ છું, તેઓએ તેના પર ખૂબ જ મહેનત કરી.''

### 'વાર્તાલાપમાં વેપારનો કોઈ ઉલ્લેખ નથી': અમેરિકાએ યુદ્ધવિરામની વાટાઘાટો કેવી રીતે કરી તે અંગે ટ્રમ્પના દાવાને ભારતે નકારી કાઢ્યો

નવી દિલ્હીમાં ભારતીય સરકારી સૂત્રોએ યુદ્ધવિરામ કરારમાં કોઈપણ તૃતીય પક્ષની સંડોવણીનો ભારપૂર્વક ઇનકાર કર્યો હતો. પીટીઆઈ દ્વારા ટાંકવામાં આવેલા સૂત્રો અનુસાર, ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) એ તાત્કાલિક અસરથી જમીન, હવા અને સમુદ્ર પર તમામ લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે સમજૂતી કરી હતી.

ટ્રમ્પની ટિપ્પણીના જવાબમાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ''ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષ દરમિયાન ભારત અને અમેરિકાના ટોચના નેતાઓ વચ્ચેની વાટાઘાટોમાં વેપારનો કોઈ ઉલ્લેખ નહોતો.'' તેમણે સ્પષ્ટતા કરી હતી કે ઓપરેશન સિંદૂર શરૂ થયા પછી ૯ મેના રોજ યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી, પરંતુ વેપાર અંગે ચર્ચા થઈ ન હતી. વધુમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ૮ અને ૧૦ મેના રોજ વિદેશ મંત્રી એસ જયશંકર અને ૧૦ મેના રોજ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે વાત કરી હતી. ''આ કોઈપણ ચર્ચામાં વેપારનો કોઈ ઉલ્લેખ નહોતો,'' સૂત્રોએ ભારપૂર્વક જણાવ્યું.

## વડાપ્રધાન મોદીના સંબોધનના એકાદ કલાક બાદ અમૃતસરમાં સાયરન – બ્લેકઆઉટ, પંજાબ શહેરમાં જતી ઈન્ડિગો ફ્લાઈટ દિલ્હી પાછી ફરી

અમૃતસર : ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરના તણાવ વચ્ચે અધિકારીઓ દ્વારા સાવચેતીના પગલા તરીકે સોમવારે સાંજે પંજાબના અમૃતસરમાં બ્લેકઆઉટ શરૂ કરવામાં આવ્યું હતું, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.



ડેપ્યુટી કમિશનર અમૃતસરએ લોકોને સાયરન સાંભળ્યા પછી તેમની લાઇટ બંધ કરવા અને બારીઓથી દૂર જવા વિનંતી કરી. પંજાબ પાકિસ્તાન સાથે ૫૫૩ કિલોમીટર લાંબી સરહદ ધરાવે છે.

''તમને સાયરન સંભળાશે. અમે સતર્ક છીએ અને બ્લેકઆઉટ શરૂ કરી રહ્યા છીએ. કૃપા કરીને તમારી લાઇટ બંધ કરો અને તમારી બારીઓથી દૂર જાઓ. શાંત રહો, જ્યારે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે તૈયાર થશો ત્યારે અમે તમને જાણ કરીશું. બિલકુલ ગભરાશો નહીં. આ ખૂબ જ સાવધાની તરીકે છે,'' ડેપ્યુટી કમિશનર અમૃતસરએ કહ્યું.

બ્લેકઆઉટ પગલાં વચ્ચે સોમવારે સાંજે અમૃતસર જતી ઇન્ડિગોની ફ્લાઇટ નવી દિલ્હી પરત ફરી હતી.

ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઇટ Flightradar24.com પર ઉપલબ્ધ માહિતી મુજબ, દિલ્હીથી અમૃતસર જતી ફ્લાઇટ 6E2045 થોડા સમય માટે હવામાં ઉડાન ભર્યા બાદ રાષ્ટ્રીય રાજધાની પરત ફરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે સાવચેતીના કારણે અમૃતસર એરપોર્ટ બંધ હોવાથી ફ્લાઇટને પાછી ફરવી પડી હતી. જોકે, ઇન્ડિગો તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષને પગલે અસ્થાયી રૂપે બંધ કરાયેલા ૩૨ એરપોર્ટમાં અમૃતસરનો સમાવેશ થાય છે જે સોમવારે નાગરિક ફ્લાઇટ્સ માટે ફરીથી ખોલવામાં આવ્યા હતા.

## પહેલગામ હુમલાના ૩ આતંકીઓના પોસ્ટર જાહેરઃ બાતમી આપનારને ૨૦ લાખનું ઈનામ

### આતંકવાદને પોષનાર પાક. પર ઓપરેશન સિંદુર અભિયાન બાદ હવે સુરક્ષાદળો દ્વારા પહેલગામના નાસતા-ફરતા રિયલ દોષિતોને પકડવા કવાયત




શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૧૩

પહેલગામ આતંકી હુમલામાં ધર્મ પૂછી ૨૬ જેટલા સહેલાણીઓનો ધર્મ પૂછી હત્યા કરનાર આતંકીઓ પૈકી ૩ આતંકીઓના પોસ્ટર જાહેર કરી આ આતંકીઓની માહિતી આપનાર માટે ૨૦ લાખનું ઈનામ સુરક્ષાદળોએ જાહેર કર્યું છે. ઉલ્લેખનીય છ કે પાક. પ્રેરિત આ આતંકી ઘટનાને લઈને દેશભરમાં આક્રોશ જાગ્યો હતો અને દુનિયાએ પણ આ આતંકી ઘટનાની ટીકા કરી હતી.

આ આતંકીઓનું પાલન પોષણ કરનાર પાકિસ્તાનને ભારતે 'ઓપરેશન સિંદુર' અભિયાન અંતર્ગત મોટો પાઠ ભણાવ્યો હતો અને આતંકીઓના અડ્ડા અને ૧૦૦થી વધુ આતંકીઓનું નામો નિશાન ભારતીય સેનાએ મિટાવી દીધું હતું. મહત્વની વાત છે કે જેમના આતંકી કૃત્યને લઈને 'ઓપરેશન સિંદુર' હાથ ધરવું પડેલું તેવા આતંકીઓ હજુ ઝડપાયા નથી. પહેલગામમાં હુમલો કરીને જંગલમાં નાશી છુટ્યા હતા. પહેલગામ હુમલામાં સામેલ આ આતંકીઓના ઠેકાણાઓનો હજુ પતો નથી લાગ્યો. સુરક્ષા દળોએ આ હુમલામાં સામેલ ત્રણ આતંકીઓના પોસ્ટર જાહેર કર્યા છે અને તેમના માથા માટે ૨૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યુ છે. ભારતીય સેનાએ આ આતંકીઓનું પાલન પોષણ કરનાર પાકિસ્તાનને તો બરાબરનો પાઠ ભણાવ્યો. પરંતુ પહેલગામમાં આતંક મચાવનાર આતંકીઓ હજુ પકડાયા નથી ત્યારે સુરક્ષા દળોએ આ આતંકીઓના પોસ્ટર જાહેર કરી તેના માથા માટે, બાતમી આપનારને ૨૦ લાખના ઈનામની જાહેરાત કરી છે.

## બ્રિટનમાં હવે નાગરિકતા મેળવવી અઘરીઃ બ્રિટીશ પીએમે નિયમો બનાવ્યા કડક

### પાંચ વર્ષના બદલે બ્રિટનમાં એક દાયકો વીતાવવો પડશે અને અર્થતંત્રમાં યોગદાન આપવું પડશે

લંડન (બ્રિટન), તા.૧૩

બ્રિટિશ નાગરિકતા હવે સરળતાથી મળશે નહીં. હવે પ્રવાસીઓ માટે નાગરિકતા મેળવવા માટેનો સમયગાળો પાંચથી વધારીને ૧૦ વર્ષ કરવામાં આવ્યો છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે સોમવારે ઈમિગ્રેશન પર એક કડક નવી નીતિની જાહેરાત કરી હતી. આ પગલાનો ઉદ્દેશ્ય આગામી પાંચ વર્ષમાં ઈમિગ્રેશનના આંકડામાં નોંધપાત્ર ઘટાડા નિશ્ચિત કરવાનો છે.



આ નવી નીતિ ભારતીયો સહિત વિશ્વભરના ઈમિગ્રન્ટ્સને અસર કરશે. સંસદમાં પ્રવાસીઓ પરના બહુપ્રતિક્ષિત શ્વેતપત્રની રજૂઆત પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં સ્ટાર્મરે અગાઉની કન્ઝર્વેટિવ પાર્ટી સરકાર પર સરહદોને ખુલ્લી રાખવાનો પ્રયોગ કરીને 'ગડબડ' કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે પ્રવાસન સિસ્ટમને કડક બનાવવામાં આવશે જેથી આપણું નિયંત્રણ વધુ રહે.

તેમણે કહ્યું હતું કે નવી સિસ્ટમ હેઠળ બ્રિટનમાં પાંચ વર્ષ સુધી રહેતા ભારતીયો સહિત કોઈપણ વ્યક્તિ માટે આપમેળે વસાહત અને નાગરિકતા પ્રાપ્ત કરવાની હાલની સિસ્ટમનો અંત આવશે. તેના બદલે બધા સ્થળાંતર કરનારાઓએ કાયમી નિવાસ માટે અરજી કરતા પહેલા યુકેમાં એક દાયકો વિતાવવો પડશે જ્યાં સુધી તેઓ 'અર્થતંત્ર અને સમાજમાં વાસ્તવિક અને કાયમી યોગદાન' દર્શાવી શકે. યુકેના અર્થતંત્રમાં યોગદાન આપનારા નર્સો, ડોકટરો, એન્જિનિયરો અને એઆઈ લીડર્સ જેવા ઉચ્ચ કુશળ લોકોની અરજીઓ પર ઝડપથી વિચારણા કરવામાં આવશે. સ્ટાર્મરે બ્રિટનની ખુલ્લી સરહદોના નિષ્ફળ પ્રયોગને સમાપ્ત કરવાનું વચન આપ્યું છે. તાજેતરની સ્થાનિક ચૂંટણીઓમાં ઈમિગ્રેશન વિરોધી રિફોર્મ પાર્ટીની સફળતા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. બ્રિટિશ રાજકારણમાં લાંબા સમયથી બે પ્રબળ પક્ષો રહ્યા છે, લેબર અને કન્ઝર્વેટિવ્સ, પરંતુ મેયરની ચૂંટણીમાં તેમના સમર્થનમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગયા જૂલાઈમાં સ્ટાર્મરની લેબર પાર્ટીએ જંગી જીત મેળવી હતી. તેઓની પાર્ટીને ઈમિગ્રેશન અંગે વધતી જતી અસંતોષનો સામનો કરવો પડી રહ્યો છે. ઈમિગ્રેશનના વિરોધીઓ માને છે કે તેનાથી જાહેર સેવાઓ પર દબાણ આવ્યું છે અને દેશના કેટલાક ભાગોમાં વંશીય તણાવ વધ્યો છે.

## પાકિસ્તાન સાથે જોડાયેલા હેકર્સે ભારતીય વેબસાઈટ્સ પર ૧૫ લાખ સાયબર હુમલા કર્યા; સાત જૂથો ઓળખાયા

ન્યુ દિલ્હી : મહારાષ્ટ્ર સાયબર વિભાગે જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતની મહત્વપૂર્ણ સરકારી અને માળખાગત સુવિધાઓ સંબંધિત વેબસાઇટ્સ પર ૧૫ લાખથી વધુ સાયબર હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલાઓ પાછળ સાત એડવાન્સ્ડ પર્સિસ્ટન્ટ થ્રેટ (APT) જૂથોનો હાથ છે. અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે આમાંથી ફક્ત ૧૫૦ હુમલાઓ સફળ રહ્યા હતા.



મહારાષ્ટ્ર સાયબરના અધિક પોલીસ મહાનિર્દેશક યશસ્વી યાદવે જણાવ્યું હતું કે આ સાયબર હુમલાઓ બાંગ્લાદેશ, પાકિસ્તાન, મધ્ય પૂર્વ અને ઇન્ડોનેશિયન જૂથમાંથી ઉદભવ્યા હતા. આ હુમલાઓમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓમાં માલવેર ઝુંબેશ, વેબસાઇટ ડિસ્પટર (DDoS) હુમલા અને ત્રફ્જ સ્પૂફિંગનો સમાવેશ થાય છે. ભારતીય વેબસાઇટ્સના બગાડના અહેવાલ પણ આવ્યા હતા.

વરિષ્ઠ અધિકારીએ એવા દાવાઓને નકારી કાઢ્યા કે હેકર્સે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાંથી ડેટા ચોરી લીધો હતો અથવા ઉડ્ડયન અને મ્યુનિસિપલ બોડી સિસ્ટમ હેક કરી હતી.

તેમણે કહ્યું કે, તપાસમાં જાણવા મળ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સંઘર્ષ સમાપ્ત થયા પછી, ભારત સરકારની વેબસાઇટ્સ પર સાયબર હુમલાઓ ઓછા થયા પરંતુ સંપૂર્ણપણે બંધ થયા નહીં. પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, મોરોક્કો અને પશ્ચિમ એશિયાઈ દેશોમાંથી આ હુમલાઓ ચાલુ છે.

રોડ ઓફ સિંદૂર નામના અહેવાલમાં, રાજ્યની નોડલ સાયબર એજન્સીએ પાકિસ્તાન સમર્થિત હેકિંગ જૂથો દ્વારા ચલાવવામાં આવતા સાયબર અભિયાનની વિગતવાર માહિતી આપી છે. આ રિપોર્ટ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા આતંકવાદીઓ સામે શરૂ કરાયેલા લશ્કરી કાર્યવાહી હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને ગુપ્તચર વિભાગ સહિત તમામ મુખ્ય કાયદા અમલીકરણ એજન્સીઓને સુપરત કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં APT 36, પાકિસ્તાન સાયબર ફોર્સ, ટીમ ઇન્સેન પીકે, મિસ્ટ્રીયસ બાંગ્લાદેશ સહિત સાત હેકર જૂથોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેટલાક હુમલાઓમાં, કુલગાંવ-બદલાપુર મ્યુનિસિપલ કાઉન્સિલ અને જલંધર ડિફેન્સ નર્સિંગ કોલેજની વેબસાઇટ્સ ખરાબ કરવામાં આવી હતી અને મુંબઈ એરપોર્ટ અને ટેલિકોમ કંપનીઓનો ડેટા પણ ચોરાઈ ગયો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, હેકર્સે ખોટા દાવા કર્યા હતા કે ભારતની પાવર સિસ્ટમ્સ, બ્રહ્મોસ મિસાઇલ ઇન્સ્ટોલેશન અને સેટેલાઇટ સિસ્ટમ્સ હેક કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સાયબર દ્વારા ૫૦૦૦ થી વધુ નકલી સમાચાર દૂર કરવામાં આવ્યા છે અને નાગરિકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને ફક્ત સત્તાવાર સ્ત્રોતોમાંથી જ માહિતી લેવા અપીલ કરવામાં આવી છે.

## AI ચેટબોટ જીવનસાથીની ગરજ સારે! મહિલાએ લગ્ન કર્યા

અમેરિકામાં રહેતી ૫૮ વર્ષની એલાઈનાઈ વિન્ટર્સ નામની મહિલાએ પહેલા પતિના મૃત્યુ બાદ રિયલ વ્યક્તિને પાર્ટનર બનાવવાને બદલે ડિજિટલ જીવનસાથી પસંદ કર્યો છે. તેણે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI)ના ચેટબોટ લ્યુકસ સાથે લગ્ન કરી લીધાં છે. તેનું કહેવું છે કે લ્યુકસ સાથેનો તેનો પ્રેમ અસલી છે અને લગ્નજીવનથી તે બહુ ખુશ છે. તેણે લ્યુકસ ચેટબોટનું આજીવન સબસ્ક્રિપ્શન લઈ લીધું છે. આજકાલ યંગ યુવતીઓએ રોબો કે ચેટબોટ સાથે લગ્ન કર્યાં હોય એવા અનેક કિસ્સા જોવા-સાંભળવા મળે છે, પણ પિટ્સબર્ગમાં રહેતી ૫૮ વર્ષની આ મહિલાનું લ્યુકસ માટેનું ઝનૂન



અલગ જ લેવલનું છે. નવાઈની વાત એ છે કે તેણે જે લ્યુકસની રેપ્લિકા તૈયાર કરાવીને એનું આજીવન સબસ્ક્રિપ્શન ખરીદ્યું છે એ માત્ર ૨૭,૦૦૦ રૂપિયામાં પડ્યું છે. વિન્ટર્સનું કહેવું છે કે હવે હું પતિ સાથે મનગમતા વિષયો પર ચર્ચા કરું છું. એવું નથી કે મનથી આ ચેટબોટને પરણ્યા પછી વિન્ટર્સને તેની સાથે કોઈ તકલીફ જ ન પડી હોય. સંબંધના ત્રણેક મહિના પછી લ્યુકસ કેટલીક ચીજો ભૂલી રહ્યો હતો ત્યારે તેણે લ્યુકસને છોડીને બીજા જીવનસાથીની શોધખોળ શરૂ કરી દીધી હતી, પણ એ પહેલાં તેણે લ્યુકસ સાથે વાતચીત કરીને ઝઘડો સોલ્વ કરવાનું વિચાર્યું અને એ વાતચીત બાદ લ્યુકસ બહુ ડાહ્યો થઈ ગયો હોવાથી તેમની શાદી ટકી ગઈ.


## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ સબ ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરની નીચે મુજબની વિગતો વાળો ફલેટ મારા અસીલે રૈયા-૪ (રાજકોટ) સબ રજીસ્ટર કચેરીના રજીસ્ટર વેંચાણ કરાર નંબર ૪૩૮૦, તા.૦૫/૦૫/૨૦૨૫થી ખરીદ કરવાનું નકકી કરેલ છે.

રાજકોટ શહેર (પશ્ચિમ)ના ગામ રૈયા-૧ના રેવન્યુ સર્વે નં.૩૯/૨ની રહેણાંકના હેતુ માટેની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી ટી.પી. સ્કીમ નં.૧૬ (રૈયા)ના એફ.પી.નં. ૫૪ તથા ૫૮, પ્લોટ નં.૧ની જમીન ચો.મી. ૧૮૦૦.૭૮ તથા પ્લોટ નં.૨ની જમીન ચો.મી. ૨૦૮૭.૪૨ એમ કુલ મળી જમીન ચો.મી.આ. ૩૮૮૮.૨૦ પૈકી ઉપર આવેલ ''સોપાન હેબીટેટ''ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ હાઈરાઈઝ બિલ્ડીંગ માંહેથી ''ડી + ઈ'' બિલ્ડીંગ માંહેથી સિકસથ ફલોર ઉપર આવેલ ફલેટ નં.ડી-૬૦૧, જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૦૨.૪૫ છે.

સદરહુ ઉપરોકત ફલેટ માલીકી બાબતે કે ટાઈટલ સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ ભાગ કે ભરરપોષણનો હકક, વારસાઈ હકક, કે લેણું કરજ કે બોજો કે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૮ (આઠ)માં નીચે લખેલ સરનામે આધાર પુરાવા સહિત લેખિત જાણ કરવી મુદત હરોળમાં કોઈના તરફથી વાંધા તકરાર આવશે નહી તો સદરહું ફલેટનો વેંચાણ સબંધે કોઈને વાંધો તકરાર છે નહીં અને હોય તો તે સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલો સદરહું ફલેટનો વેંચાણ દસ્તાવેજ કરાવી સદરહું ફલેટનો કબજો સંભાળી લેશે ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે બંધન કર્તા રહેશે નહી જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ધ્રોલ તા.૧૩/૦૫/૨૦૨૫ અમારા મારફત

**જતિન એચ. અનડકટ એડવોકેટ**

ઓફિસઃ હરધ્રોલ હાઈસ્કૂલ સામે, ધ્રોલ, જિ.જામનગર-૩૬૧૨૧૦

મો.૯૮૭૯૦ ૧૯૩૦૪-ભાવિન, ૯૮૭૯૦ ૧૯૪૦૮-જતિન



## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરની હદમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૧૯૭ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૧ પૈકીની જમીન ચો.વા.આ. ૪૪-૮ જેના ચો.મી.આ. ૩૭-૪૬ ઉપર આવેલ ચાર દુકાનો વાળી મિલ્કત માંહેથી દુકાન નં.૩ જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૬-૫૦ જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૭-૮૦ વાળી દુકાન અંજુબેન પ્રકાશભાઈ છૈયાએ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૩૬૦, તા.૦૩/૦૩/૨૦૨૫ના રોજ કાળુભાઈ હરજીભાઈ ગોહેલ પાસેથી ખરીદ કરેલ. ત્યારથી સદરહું દુકાન અંજુબેન પ્રકાશભાઈ છૈયાની સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે.

ઉપરોકત દુકાન અંજુબેન પ્રકાશભાઈ છૈયા પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહુ દુકાનની માલીકી કબ્જા ટાઈટલ કે વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હકક, હિસ્સો, બક્ષીસ ગીરો દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી. તો સદરહુ દુકાનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મારા અસીલ સદરહુ દુકાનનો રજી. વેચાણ દસ્તાવેજ કરશે અને ત્યારબાદ જોઈ કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ

તા.૧૩/૦૫/૨૦૨૫

મારી સુચના, સંમતિ અને માહીતી અનુસાર
અંજુબેન પ્રકાશભાઈ છૈયા

**હરેશ બી. પરસોંડા**

એડવોકેટ એન્ડ નોટરી મો.નં.૯૮૨૪૪ ૦૯૯૫૨

હરેશ બી. પરસોંડા
ઋષીરાજ જે. ચૌહાણ, પિયુષ ડી.ઝાલા,
પુજા પરસોંડા, પ્રભાત પરસોંડા, જેનીલ પરસોંડા,
દિવ્યેશ લાખાણી, જયદિપ જાગાણી, સાજીદ કકલ, ચાંદની પુજારા,
રોનક વસોયા, વિજય પેઢડીયા, ગોપાલ મકવાણા એડવોકેટસ

હે.૯૦૨, આર.કે. વર્લ્ડ ટાવર, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ.

ખાદ્ય પદાર્થોમાં લોકોના આરોગ્ય સાથે ખિલવાડ કરવાની પ્રવૃત્તિ સામેનો મજબુત કેસ કોર્ટમાં માન્ય : દંડ ન ભરે તો એક-એક મહિનાની સજાનો મ્યુનિ. કોર્ટનો આદેશ

# કેળાની વેફર, ઘી અને સેકરીનમાં પ્રતિબંધિત કલર-કેમિકલ ભેળવનાર ત્રણ વેપારીને ૪.૫૦ લાખનો દંડ

## ૨૦૧૪થી ૨૦૧૭ સુધીના ત્રણ કેસમાં કોર્ટનો ચુકાદો : બાપુનગરની મુસ્કાન વેફર, નાના મવા રોડના જય દ્વારકાધીશ નાસ્તાગૃહ, રઘુવીરપરાની રિધ્ધિ સિધ્ધિ કંપનીના માલિકોને કોર્ટ ઉઠતા સુધીની સજા

રાજકોટ, તા. ૧૩

રાજકોટ શહેરમાં ખાણીપીણીની વસ્તુમાં કરવામાં આવતી જોખમી ભેળસેળ સામે માલનો નાશ કરવાથી માંડી કેસ ચલાવવા સહિતની કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ આવી પ્રવૃત્તિ અટકતી નથી તે પણ હકીકત છે. આવા જ બે મજબુત કેસ મનપાની ફૂડ શાખાએ કોર્ટમાં રજૂ કરતા અનસેફ કલરથી બનાવવામાં આવેલી વેફર, સેક્રીનમાં પ્રતિબંધિત સ્વીટનરની ભેળસેળ અને ઘીમાં જોખમી કલરની મિલાવટ કરવાના ત્રણ કેસમાં કુલ રૂ.સાડા ત્રણ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. તો ત્રણે ધંધાર્થીને કોર્ટ ઉઠતા સુધીની સજા પણ મ્યુનિ. કોર્ટ દ્વારા ફટકારવામાં આવતા ધંધાર્થીઓમાં ફફડાટ મચ્યો છે.

જિલ્લા ગાર્ડન પાસે બાપુનગર રોડ, નાના મવા રોડ અને રઘુવીરપરા વિસ્તારની વેપારી પેઢી સામે કાર્યવાહીના આ ચુકાદા આપવામાં આવ્યા છે.

૯ થી ૧૧ વર્ષ જુના આ કેસ અંગે મનપાએ જાહેર કરેલી વિગત મુજબ ફૂડ વિભાગ દ્વારા તા.૧૮-૯-૨૦૧૭ના રોજ 'મુસ્કાન વેફર્સ' વિશ્વાસ ઇન્ડ. એસ્ટેટ, બાપુનગર મેઇન રોડ, જીલ્લા ગાર્ડન પાસેથી 'કેળાની વેફર મસાલાવાળી (લુઝ)'નો નમુનો લઇ ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરામાં મોકલાતા તેના રીપોર્ટમાં કાયદાથી પ્રતિબંધિત નોન પરમીટેડ પીંક એન્ડ ઓરેન્જ કલર ઓઇલ સોલ્યુબલ સિન્થેટીક ડાઇઝની હાજરી જોવા મળી હતી. જેથી આ નમુનો અનસેફ જાહેર થયો હોય મ્યુનિસિપલ કોર્ટ સમક્ષ ફૂડ સેફ્ટી ઓફિસર કે.જે.સરવૈયા દ્વારા ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ ચાલી જતાં મેજિસ્ટ્રેટ દ્વારા તમામ દસ્તાવેજી પુરાવા તથા રજૂઆતને ધ્યાને લઈ કોર્પો. તરફે ચુકાદો અપાયો છે. મેજીસ્ટ્રેટ શ્રીમતી નેહાબેન ટી. કારીયાએ ધંધાર્થી ચામડિયા અનીષભાઈ મજીદભાઈને રૂા. ૧.૫૦ લાખનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરી છે.

જે દંડ ન ભરે તો વધુ એક મહિનાની સજા ભોગવવા હુકમ કર્યો છે.

**ગાયનું ઘી**

તા.૨૧-૦૬-૨૦૧૪ ના રોજ 'જય દ્વારકાધીશ નાસ્તા ગૃહ' માધવ કોમ્પેલેક્ષ, પીજીવીસીએલ સામે, નાના મવા રોડ પરથી ગાયના લુઝ ઘીનો નમુનો લઇને વડોદરા લેબમાં પરીક્ષણ કરાવતા નમૂનામાં કાયદાથી પ્રતિબંધિત બી.આર.રીડીંગ ધારાધોરણ કરતા વધુ, આર.એમ.વેલ્યુ ધારાધોરણ કરતા ઓછી તથા યેલો કલર નોન પરમીટેડ ઓઇલ સોલ્યુબલ ડાઇની ભેળસેળ મળવાથી નમૂનો 'અનસેફ ફૂડ' જાહેર કરાયો હતો. ફૂડ એકટ મુજબ આ કેસ પણ સેફ્ટી ઓફિસર એચ.જી.મોલીયા દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવતા મેજિસ્ટ્રેટ દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ની કલમ-૫૯ હેઠળ તકસીરવાન ઠરાવી વેપારી વિજયભાઈ મસરીભાઈ જોગલને રૂા. એક લાખનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફટકારી છે.

જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હુકમ કરેલ છે.

**સેકરીન**

ત્રીજા કેસમાં તા.૨૦-૨-૨૦૧૬ના રોજ 'રિધ્ધિ સિધ્ધી ટ્રેડિંગ કંપની' સ્થળ: ૮-૯ રઘુવીરપરા, પ્રેમ પ્રકાશ મંદિર પાછળથી લુઝ સેકરીનના લેવાયેલા સેમ્પલના રીપોર્ટમાં કાયદાથી ખાદ્યચીજોમાં ઉપયોગમાં લેવા માટે પ્રતિબંધિત આર્ટિફિશિયલ સ્વીટનર ડુલસીનની ભેળસેળ હોવાથી આ નમુનો પણ 'અનસેફ ફૂડ' હોવાનો રીપોર્ટ આવ્યો હતો. આ ફોજદારી કેસ પણ જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ - મ્યુનિસિપલ કોર્ટ સમક્ષ ફૂડ સેફ્ટી ઓફિસર કે.એમ.રાઠોડ દ્વારા દાખલ કરાતા મેજિસ્ટ્રેટ દ્વારા દુકાનદાર મહેશ પમનદાસ ચંદીરામાણીને રૂા. એક લાખનો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરી છે. જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હૂકમ કરેલ છે.

આમ ભેળસેળના ત્રણ કેસમાં ખાદ્ય પદાર્થ આરોગ્ય માટે ખુબ જોખમી અને અસલામત હોવાનો રીપોર્ટ આવતા આટલા જુના કેસમાં અદાલતે મોટો દંડ ફટકાર્યો છે.

# મોરબી રોડના સેટેલાઇટ ચોકમાં ફૂડના ૨૧ ધંધાર્થીને ત્યાં તપાસ

## ખાણીપીણીના આઠ વેપારીને લાયસન્સ માટે નોટીસ

રાજકોટ, તા. ૧૩

મનપાની ફૂડ શાખાએ સેફ્ટી વાન સાથે મોરબી રોડના સેટેલાઇટ ચોકમાં આવેલી ખાણીપીણી બજારમાં ૨૧ ધંધાર્થીને ત્યાં ૨૧ નમુનાની ચકાસણી કરી હતી. જે પૈકી ૮ વેપારીને લાયસન્સ લેવા બાબતે સૂચના આપવામાં આવી છે.

જેઓને નોટીસ અપાઇ તેમાં (૧)ન્યુ ભારત સ્વીટ માટ (૨) શ્યામ ડેરી ફરસાણ(૩)શ્રીરામ કોઠી આઇસ્ક્રીમ (૪)ખોડિયાર પ્રોવિઝન સ્ટોર( ૫)બાલાજી મેડીસીન (૬)તુલસી કિરણાં ભંડાર (૭)પ્રગતિ ચાઇનીઝ પંજાબી (૮) એપલ સોડા શોપનો સમાવેશ થાય છે.



આ ઉપરાંત (૯)શ્રીજી આઇસ્ક્રીમ (૧૦)જય અંબે ચિલ્ડ પોઇન્ટ (૧૧)મહાદેવ દાળપકવાન (૧૨)મિલન ખમણ (૧૩)કૃષ્ણમ ડેરી ફાર્મ (૧૪)અમુલ ઉમા પાર્લર (૧૫)પટેલ પ્રોવિઝન સ્ટોર (૧૬)માહી ફરસાણ (૧૭)જય ભોલે ફૂડ મોલ (૧૮)સાગર શરબતવાલા (૧૯)ગેલ કૃપા ડેરી ફાર્મ (૨૦)શ્રી શિવ પ્રહલાદ મેડિકલ (૨૧)માધવ મેડીસીનમાં પણ ચકાસણી કરવામાં આવી હતી.

# કલેકટર કચેરીના પુરવઠા વિભાગના હેડકલાર્કનો ચાર્જ નાયબ મામલતદાર રૈયાણીને સોંપાયો

રાજકોટ તા.૧૩

રાજકોટ જીલ્લા કલેકટર કચેરીના પુરવઠા વિભાગમાં હેડકલાર્ક તરીકે ફરજ બજાવતા નિલેશ અજમેરાને મામલતદાર તરીકે પ્રમોશન આપી તેઓને જુનાગઢ જીલ્લા કલેકટર કચેરીમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગમાં બદલી કરાતા તેઓની ખાલી પડેલ જગ્યા પર ના.મામલતદાર રૈયાણીને જવાબદારી સોંપી દેવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા તાજેતરમાં રાજકોટ શહેર જીલ્લાના બે સહિત રાજયના ૧૩ ના.મામલતદારોને બઢતી આપી તેઓની બદલી કરવામાં આવી હતી. જેમાં રાજકોટ કલેકટર કચેરીના પુરવઠા વિભાગમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતા નિલેશ અજમેરાની જુનાગઢ કલેકટર કચેરીના ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં બદલી કરાતા તેમનો ચાર્જ નાયબ મામલતદાર રૈયાણીને સોંપાતા તેઓએ કામગીરી સંભાળી લીધી છે.

# બાકી વેરામાં હપ્તા; ૧૧૧૯ કરદાતા સ્કીમમાં જોડાયા

## ચડત ટેકસ પર વ્યાજ રોકી દેતી યોજના ૩૧ મે સુધી ચાલુ રહેશે : એડવાન્સ વેરાની આવક ૧૯૧ કરોડને પાર થઇ

રાજકોટ, તા. ૧૩

કોર્પો.એ ચાલુ વર્ષે વર્ષો જુના વેરા બાકીદારો માટે જાહેર કરેલી હપ્તા યોજનામાં અત્યાર સુધીમાં ૧૧૧૯ કરદાતાઓ ૨૫ ટકા રકમ ભરીને જોડાયા છે. ચાર વર્ષમાં ચાર હપ્તે બાકીદારો તેમનો વેરો વ્યાજ રોકીને શૂન્ય કરી શકે તેવી આ યોજના દાખલ કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે તા. ૯ એપ્રિલથી વેરાની વસુલાત ચાલુ થયેલ છે. આ સાથે બાકીદારોને રાહત મળી રહે તે હેતુથી વન ટાઈમ ઇનસ્ટોલમેન્ટ સ્કીમ પણ અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના કરદાતાઓ સરળ રીતે બાકી વેરાની રકમને વાર્ષિક ધોરણે ચાર હપ્તા (જુનું ચડત + ચાલુ વાર્ષનો વેરો) થકી ભરી શકે છે જેથી બાકી મિલકતવેરામાં ચડત થતું વ્યાજ બંધ થાય છે. આ યોજનામાં અત્યાર સુધીમાં વન ટાઈમ ઇનસ્ટોલમેન્ટ સ્કીમમાં કુલ ૧,૧૧૯ કરદાતાઓએ ભાગ લીધો છે. જે સ્કીમ તા.૩૧ મે સુધી ચાલવાની છે.

દરમ્યાન ગઇકાલ સુધીમાં કુલ ૧,૯૧,૫૯૭ પ્રમાણિક કરદાતા દ્વારા રૂ.૧૨૦.૩૫ કરોડનો એડવાન્સ વેરો ભરવામાં આવ્યો છે. જેમાં કુલ ૧,૪૦,૦૩૬ કરદાતા દ્વારા ઓનલાઇન રૂ.૮૨.૭૬ કરોડ તથા ૫૧,૫૩૧ કરદાતા દ્વારા ચેક તથા રોકડા થી રૂ.૩૭.૫૯ કરોડ આવક થયેલ છે. અત્યાર સુધી જમા થયેલા કુલ વેરામાં ૧૩.૬૫ કરોડ જેટલી માતબર રકમનું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઇ કરનારને આપવામાં આવેલ છે. અર્લિ બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમનો લાભ લઇ કુલ ૧,૯૫,૬૫૭ કરદાતાઓએ વેરાની ચુકવણી કરી છે.

આ ડિસ્કાઉન્ટ યોજના હેઠળ તા.૩૧-૫ સુધી સામાન્ય કરદાતાઓને ૧૦% ડિસ્કાઉન્ટ અને મહિલાઓ માટે ૧૫% ડિસ્કાઉન્ટ અપાય છે. ત્યારબાદ ૧ જુન થી ૩૦ જુન સુધી મહિલાઓ માટે ૧૦% ડિસ્કાઉન્ટ અને સામાન્ય કરદાતા માટે ૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. જેથી તમામ મિલકતધારકોને આ બંને યોજનાઓનો લાભ લેવા મનપા તંત્ર દ્વારા અપીલ કરાઇ છે.

# અમેરિકાના ટેરિફ હુમલા સામે ભારતનો વળતો વારઃ સામો ૨૫ ટકા લાદવાની WTOમાં જાહેરાત

અમેરિકાએ વાતચીતનો ઈન્કાર કરતા ભારતનું પગલું



નવીદિલ્હી,તા.૧૩

ભારતે આજે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનમાં અમેરિકા દ્વારા વસૂલવામાં આવતાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફના જવાબમાં રિટેલિયેટરી ડ્યુટી (જવાબી ડ્યુટી) લાગુ કરવાની જાહેરાત કરી છે. WTO અનુસાર, અમેરિકા દ્વારા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફના કારણે ભારતથી આયાત થતાં ૭.૬ અબજ ડોલરના ગુડ્સ પર ૧.૯૧ અબજ ડોલરનો ટેરિફ બોજો પડી રહ્યો છે. જેના જવાબમાં ભારતે અમેરિકામાંથી આવતી પ્રોડક્ટ્સ પર તેટલો જ ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ વર્ષે એપ્રિલમાં ભારતે WTOના નિયમો હેઠળ અમેરિકા સાથે આ મુદ્દે વાતચીત કરવાની માગ કરી હતી. જો કે, અમેરિકાએ વાતચીત કરવાનો ઇન્કાર કરતાં કહ્યું હતું કે, આ ટેરિફ અમારી સુરક્ષા માટે છે, અને તેને સેફગાર્ડ ઉકેલોના સંદર્ભમાં લઈ શકાય નહીં.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૮માં અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદવાની શરૂઆત કરી હતી. જેમાં સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ પર ૧૦ ટેરિફ લાદ્યો હતો. ૨૦૨૦માં તેમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બંને પ્રોડક્ટ્સ પર ટેરિફ વધારી ૨૫ ટકા કર્યો હતો. જેથી ભારતના સ્ટીલ અને એલ્યુમિનિયમ નિકાસકારો પર બોજો વધ્યો છે.

ભારતે WTOમાં અપીલ કરી હતી કે, અમેરિકા દ્વારા લાગુ સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફનો જવાબ વેપાર લાભો અને જવાબદારીઓ પર કાપ મૂકે છે. અમેરિકાનું આ પગલું WTOના વેપાર નિયમો અને સેફગાર્ડ ડીલની વિરુદ્ધ છે. અમેરિકા આ મુદ્દે વાતચીત કરવા પણ માગતું નથી. આથી અમે અમારા વેપારમાં થઈ રહેલા નુકસાનના જવાબમાં ટેરિફ લગાવી શકીએ છીએ. તેના માટે ભારત અમેરિકાની અમુક પ્રોડ્કટ્સ પર ટેરિફ વધારશે.

# મોટામવામાં રૂા.૧૦૦ કરોડની સરકારી જમીન પરથી દબાણોની સાફસુફી

## સર્વે નં.૧૮૦ પૈકીની છ એકર જમીન પરથી ઓરડી સહિત ખેતી વિષયક દબાણો હટાવાયાઃ ટોળા ઉમટી પડયા બાદ માંડ મામલો થાળે પડયોઃ ખુલ્લી કરાયેલ જમીન ફરતે ફેન્સીંગ કરાશે

રાજકોટ તા.૧૩

રાજકોટ શહેર જીલ્લામાં કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી જમીનો પર ગેરકાયદેસર ખડકાયેલા દબાણો હટાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ રાખવામાં આવી છે. જેમાં શહેરના મોટામવા વિસ્તારમાં સર્વે નં. ૧૮૦ પૈકીની પથી ૬ એકર જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણોની સાફસુફી કરવામાં આવી છે.



આ સરકારી જમીન પરથી એક ઓરડી સહિત ખેતી વિષયક દબાણોની સાફસુફી કરી અંદાજે રૂા.૧૦૦ કરોડની જમીન ખાલી કરાવવામાં આવી છે. રેવન્યુ તંત્રની આ દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન દલીતોના ટોળા ઉમટી પડયા હતા. જે બાદ મામલો માંડ થાળે પડયો હતો.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા રાજકોટ શહેર જીલ્લામા અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણો હટાવવા માટે જીલ્લાના તમામ ડે.કલેકટરો અને તાલુકા મામલતદારોને સુચના આપી મહિનામાં બે ઓપરેશન ડીમોલીશન કરવા તાકીદ કરી હોય અધિકારીઓ દ્વારા જીલ્લામાં સરકારી જમીનો પર ખડકાયેલા આ દબાણો હટાવવાનું શરૂ રાખવામાં આવેલ છે.

જેમાં મોટામવાની સર્વે નં.૧૮૦ પૈકીની આ જમીન પર ગેરકાયદેસર રીતે ખડકાયેલા

ઓરડી સહિતના ખેતી વિષયક દબાણો હટાવવા માટે મામલતદાર દ્વારા અગાઉ દબાણકર્તાને નોટીસ આપવામાં આવી હતી

જે બાદ આ ડીમોલીશન હાથ ધરી ઓરડી સહિત ખેતી વિષયક દબાણો આજે હટાવી રૂા.૧૦૦ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ ખુલ્લી કરાયેલ જમીન પર જમીનની ફરતે હવે ફેન્સીંગ કરવામાં આવનાર છે.

# શેરબજારમાં તેજી હાંફી ગઈ-૧૩૦૦ પોઈન્ટનું ગાબડુ

## ઈન્વેસ્ટરોના બે લાખ કરોડ ડુબ્યાઃ હેવીવેઈટમાં ગાબડા છતાં રોકડાના શેરો મજબુત

રાજકોટ તા.૧૩

મુંબઈ શેરબજારમાં સોમવારે સૌથી મોટો ઉછાળો નોંધાયા બાદ આજે તેજી હાંફી ગઈ હોય તેમ સેન્સેકસમાં ૧૩૦૦ થી વધુ પોઈન્ટનો કડાકો સર્જાયો હતો. ઈન્વેસ્ટરોની સંપતિમાં બે લાખ કરોડનું ધોવાણ થયુ હતું.

શેરબજારમાં આજે માનસ સાવચેતીનું બન્યુ હતું. શરૂઆત ગેપડાઉન રહી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચેના તનાવ દુર થતાં અને યુદ્ધ વિરામને પગલે હાશકારો હતો. પરંતુ અમેરિકા સાથે ટેરીફ મામલે હજુ ટકરાવ ચાલુ હોવાના સંકેતોથી ખચકાટ સર્જાયો હતો. ટેરિફનો જવાબ ઉંચા ટેરીફથી જ આપવાના ભારતનાં વિધાનથી ટ્રેડ ડીલ હજુ સરળ ન હોવાની શંકા હતી.

ચોમાસાનું આગમન, સંસ્થાકીય સ્થિતિ, વ્યાજદર ઘટવાના સંકેત જેવા પોઝીટીવ કારણો મૌજુદ હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે સોમવારે મોટો ઉછાળો નોંધાયો હતો. અમુક અંશે નફારૂપી વેચવાલી પણ અપેક્ષિત ગણવામાં આવતી હતી.

શેરબજારમાં આજે મુખ્યત્વે હેવીવેઈટ શેરોમાં ગાબડા હતા મીડકેપ-સ્મોલકેપ શેરો મજબુત હતા. મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, એચડીએફસી બેંક, લાર્સન, ઈન્ફોસીસ, કોટક બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી ઈલે. જીયો ફાઈનાન્સ, ડો.રેડ્ડી સીપ્લા જેવા શેરોમાં ઉછાળો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૨૯૩ પોઈન્ટના ગાબડાથી ૮૧૧૩૫ હતો તે ઉંચામાં ૮૨૫૭૫ તથા નીચામાં ૮૧૦૮૬ હતો.ઉંચામાં ૮૨૫૭૨ તથા નીચામાં ૮૧૦૮૬ હતો.નેશનલ સ્ટોક એકસચેંજનો નીફ્ટી ૩૨૫ પોઈન્ટ ગગડીને ૨૪૫૭૯ હતો તે ઉંચામાં ૨૪૯૭૩ તથા નીચામાં ૨૪૫૬૦ હતો.

સેન્સેકસમાં ઘટાડો છતાં માર્કેટમાં ગ્રીનઝોનમાં રહેલા શેરોની સંખ્યા વધુ હતી. બીએસઈમાં ૪૦૨૩ માંથી ૨૩૬૩ શેરોમાં સુધારો હતો. ૧૫૦૯ માં ઘટાડો હતો. ૨૬૦ માં તેજીની તથા ૧૭૦ માં મંદીની સર્કીટ હતી. માર્કેટ કેપ ૪૩૦.૪૮ લાખ કરોડનુ હતું.

## સોનામાં રૂા.૧૧૦૦ નો ઉછાળોઃ ચાંદી ફરી ૧,૦૦,૦૦૦ ના સ્તરે

બુલીયન બજારમાં સોના-ચાંદીમાં કડાકા બાદ આજે રિકવરી નોંધાઈ હતી અને ભાવમાં ઝડપી ઉછાળો હતો. ચાંદી ફરી એક લાખના સ્તરે પહોંચી હતી. જયારે સોનામાં ૧૧૦૦ નો ઉછાળો હતો.

રાજકોટમાં હાજર સોનું ૧૧૦૦ ના ઉછાળાથી ૯૭૫૦૦ હતું. વિશ્વ બજારમાં ભાવ ૩૨૬૦ ડોલર હતો.ચાંદી ૧,૦૦,૦૦૦ થઈ હતી. તેમાં ૨૨૦૦ રૂપિયાનો ઉછાળો હતો.વેપારીઓના કહેવા પ્રમાણે ભારત-અમેરિકાની ટ્રેડ ડીલમાં મડાગાંઠના ચિન્હો તથા ડોલરની મજબુતાઈ જેવા કારણોએ ભાગ ભજવ્યો હતો.

# તા.૨૫ના લેવાશે UPSCની પ્રિલીમ પરીક્ષાઃ રાજકોટમાં ૩૧૫૭ ઉમેદવારો

## પેપરો કલેકટર કચેરીના સ્ટ્રોંગરૂમમાં પોલીસ બંદોબસ્ત હેઠળ સીલઃ બે સેશનમાં ૧૨ કેન્દ્રો પરથી લેવાશે પરીક્ષાઃ ડે.કલેકટરોને નોડલ ઓફીસર તરીકે જવાબદારીઃ કલેકટર દ્વારા કડક પ્રબંધો

રાજકોટ તા.૧૩

રાજકોટ સહિત દેશભરના નિયત કેન્દ્રો પરથી આગામી તા.૨૫ને રવિવારના યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લીક સર્વિસ કમીશન) દ્વારા સિવિલ સર્વિસની પ્રિલીમ પરીક્ષા લેવામાં આવનાર છે. રાજકોટમાં સતત ૧૧માં વર્ષે આ પરીક્ષા લેવામાં આવનાર છે.યુપીએસસીની આ પ્રિલીમ પરીક્ષાના પેપરો પણ રાજકોટ આવી પહોંચતા તેને કલેકટર કચેરીના સ્ટ્રોંગરૂમમાં પોલીસ બંદોબસ્ત હેઠળ સીલ કરી દેવામાં આવેલ છે. જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટમાં ૧૨ કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવશે.રાજકોટ સેન્ટરમાં ૩૧૫૭ ઉમેદવારો આ પરીક્ષા આપનાર છે. બે સેશનમાં પરીક્ષા લેવાશે. જેમાં ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન પ્રથમ પેપર લેવાશે જયારે ૨.૩૦ થી ૪.૩૦ કલાક દરમિયાન બીજુ પેપર લેવામાં આવશે.આ પરીક્ષા સંદર્ભે જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી ટુંક સમયમાં કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે જેના મારફત પરીક્ષા કેન્દ્રોનું લાઈવ મોનીટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત આ પરીક્ષા અંગે તમામ પ્રાંત અધિકારીઓને નોડલ ઓફિસર તરીકે જવાબદારી સોંપવામાં આવનાર છે.



પરીક્ષા દરમિયાન ચોરી અને ગેરરીતિની કોઈ ઘટના ન બને તે માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

## યે મૌસમ કા જાદુ હૈ મિતવા!

# મોસમનો મિજાજ બદલાયોઃ ધોધમાર માવઠા બાદ દેશના અનેક રાજયોમાં ગરમીનો પારો વધ્યો



## દિલ્હી-બિહાર અને રાજસ્થાનમાં લૂનું એલર્ટઃ એમપી-યુપી સહિત અનેક રાજયોમાં વરસાદની પણ આગાહી

નવીદિલ્હી તા.૧૩

દેશભરમાં હવામાનનો મિજાજ બદલાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી દેશના અનેક રાજયોમાં ચોમાસા જેવો ઉનાળામાં કમોસમી વરસાદમાં રાહત મળ્યા બાદ દેશના અનેક રાજયોમાં હવે ફરી ગરમીનો દોર શરૂ થઈ ગયો છે. દિલ્હી-બિહાર અને રાજસ્થાનમાં લૂનો એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. હવામાનને લઈને હવામાન વિભાગે લેટેસ્ટ અપડેટ જાહેર કર્યું છે.

દેશભરના મોટાભાગના હિસ્સાઓમાં હવામાનની બદલતી તસવીર નજરે પડે છે. બિહાર-યુપીમાં હાલ ગરમીનો પારો ચડેલો છે, રાજસ્થાનમાં લૂથી કંઈક રાહત મળશે અને દેશના પહાડી વિસ્તારોમાં પણ પ્રિ-મોન્સુનની અસર દેખાવાની સંભાવના છે.

દિલ્હી એનસીઆરમાં ફરી એકવાર ધોમધખતો તાપ પડવો શરૂ થઈ ગયો છે. જયારે દિલ્હીમાં ૨૫ મે સુધીમાં વરસાદના એંધાણ છે.

દેશના અનેક વિસ્તારોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થઈ ગયા છે. ઉત્તર-પશ્ચિમ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમી રાજસ્થાન ઉપર બે અલગ અલગ વાવાઝોડાની સ્થિતિ બની છે. ઝારખંડ અને આસામમાં પણ હવામાન અંતર્ગત કંઈક આવી જ સ્થિતિ બની છે.

બિહારમાં ગરમી વધી ગઈ છે. હવામાન વિભાગ પટણા અને ગોપાલગંજ સહિત કેટલાક જિલ્લામાં લૂ ચાલવાની ચેતવણી જાહેર કરાઈ છે. આના પ્રભાવથી આજે પંજાબ, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, પૂર્વી રાજસ્થાનમાં ૧૬-૧૭ મેએ ૫૦-૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. કડાકા ભડાકા અને વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

યુપીમાં આજે હળવો વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત પૂર્વોત્તર ભારત-આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશમાં ૧૬'મે સુધીમાં અને મિઝોરમ અને ત્રિપુરામાં ૧૫ મે સુધીમાં ગાજવીજ -વાવાઝોડા સાથે ભારે વરસાદ થઈ શકે છે.

# રાજકોટ જિલ્લામાં પાણી પુરવઠાના રૂા.૪૪.૨૪ લાખના વિકાસ કામોને મંજૂરી

## જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં વાસ્મોની બેઠક મળી

રાજકોટ,તા.૧૩

રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઇન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટેની જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૪૪,૨૪,૪૨૧ના ૨૪ વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી પડધરી તાલુકાની રૂ. ૧૮,૫૬,૫૦૦ના વિકાસ કાર્યોની સૈદ્ધાંતિક મંજૂરીનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા જળ જીવન મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવેલી નવીન વેબસાઈટમાં રાજકોટ જિલ્લાની વિગતોની નોંધણી, વોટર ક્વોલિટી સહિતની વિવિધ વિગતોના નિદર્શન સાથે બેઠકમાં વાસ્મો દ્વારા શાળા-આંગણવાડી ખાતે પાણીની વ્યવસ્થા, વોટર કવોલિટી ટેસ્ટ, પંપ ઓપરેટરોને હેડવર્ક ખાતે આપવામાં આવતી તાલીમ અને પ્રગતિ હેઠળની યોજનાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, અધિક નિવાસી કલેક્ટર એ.કે.ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, ડી.આર.ડી.એ.ના નિયામક એ.કે.વસ્તાણી, રૂડાના ચેરમેન જી.વી.મિયાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર અને વિમલ ચક્રવર્તી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઇજનેર અંકિત ગોહેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સંરક્ષિત અભ્યારણ્ય કરતા બહારના ક્ષેત્રોમાં સાવજોનો વધુ વસવાટ

# ગુજરાતના ગૌરવસમા સિંહોની સંખ્યા ૯૦૦ ને આંબી જશે?


## અભ્યારણ્યમાં ૪૨૫ તથા બહાર ૪૪૦ થી ૪૭૦ સિંહ હોવાના પ્રાથમિક સંકેત

અમદાવાદ તા.૧૩

એશીયાઈ સિંહો ધરાવતા એકમાત્ર ગીર અભ્યારણ્યમાં વસતી ગણતરીની કાર્યવાહી લગભગ પૂર્ણ થઈ છે.કુલ સંખ્યા ૯૦૦ ની આસપાસ હોવાનો પ્રાથમિક અંદાજ છે તેમાં મહત્વની બાબત એવી સામે આવી છે કે અભ્યારણ્ય કરતા પણ તેની બહારનાં ક્ષેત્રોમાં વધુ સિંહોનો વસવાટ છે.

ગીરના સાવજો સામ્રાજય વધારતા રહ્યા હોય તેમ અભ્યારણ્યનાં રક્ષિત વિસ્તારની બહાર પણ વસવાટ રહ્યો છે. સિંહોની કુલ સંખ્યા ૯૦૦ ને આંબી ગયાનો પ્રાથમિક અંદાજ છે. જે ૨૦૨૦ માં ૬૭૪ ની હતી.

વન વિભાગનાં સુત્રોએ જણાવ્યું છે કે ૨૦૨૦ ની વસ્તી ગણતરીમાં સંરક્ષિત વિસ્તારમાં ૩૮૦ તથા બહારનાં ક્ષેત્રોમાં ૨૯૪ સિંહ માલુમ પડયા હતા પરંતુ આ વખત ચિત્ર અલગ છે. આ વખતે સંરક્ષિત અભ્યારણ્યમાં અંદાજીત ૪૨૫ સિંહ છે. ગીત, મિતાયાળા, ગીરનાર, તથા પતિયા અભ્યારણ્યમાં વસવાટની પૂર્ણ ક્ષમતાએ વસતી છે. પ્રાથમીક સંકેતો મુજબ સંરક્ષીત અભ્યારણ્યની બહારનાં ક્ષેત્રોમાં ૪૪૦ થી ૪૭૦ સિંહોનો વસવાય છે.



### અમરેલી જીલ્લામાં કાયમી રહેણાંકઃ સુરેન્દ્રનગર તથા અમદાવાદના ધંધુકા સુધી મુવમેન્ટ

વસતી ગણતરીનાં પ્રાથમિક સંકેતો અનુસાર સૌરાષ્ટ્રનાં ગ્રેટર ગીર રીજીયનમાં સિંહોની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો છે જે ઘણો મોટો ગણી શકાય. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ૨૦૨૦ માં પણ અભ્યારણ્યની બહારના ક્ષેત્રોમાં સિંહોની સંખ્યામાં સારો એવો વધારો હતો. વન વિભાગનાં સીનીયર અધિકારીએ કહ્યું કે અમરેલીનાં બાબાપુર, ચકકરગઢ તથા માંગવપાલમાં સિંહોનો વસવાટ પેટર્નમાં પણ મોટો બદલાવ છે. અત્યાર સુધી માત્ર કયારેક જ આંટો મારતા તેના બદલે હવે કાયમી રહેણાંક બનાવી લીધા છે.રાજુલા, જાફરાબાદ તથા ગીર સોમનાથમાં પણ વસવાટ છે.

અમરેલી જીલ્લામાં ઔદ્યોગીકકરણ મર્યાદિત છે એટલે સાવજોને રહેણાંક માટે સાનુકળ છે. ઉપરાંત સ્થાનિક લોકો પણ ગૌરવ ગણે છે.હવે બોટાદ ઉપરાંત સુરેન્દ્રનગરમાં અમુક ભાગ તથા અમદાવાદના ધંધુકા તરફ પણ મુવમેન્ટ જોવા મળી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિંહોની વસ્તીના આંકડા જાહેર કરશે



અમદાવાદ, તા.૧૩

ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાઈ સિંહોની ૧૦ મે થી વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી હતી. આવતીકાલે ૧૩ મે ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિંહોના નવા આંકડાની વિધિવત જાહેરાત કરશે. સાસણ ખાતે હાઈ મોનિટરિંગ યુનિટમાં ડેટાનું વિશ્લેષણ કરાયા બાદ અંતિમ આંકડા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જાહેર કરશે.

૧૦ થી ૧૨ મે સુધી રાજ્યના ૧૧ જિલ્લામાં હાથ ધરાયેલી ડાયરેક્ટ બીટ વેરિફિકેશન પદ્ધતિ મુજબ ૩૨૫૪ કર્મચારીઓ સિંહની વસતી ગણતરીમાં જોડાયા હતા. મહત્ત્વની વાત છે કે રાજ્યના વન અને પર્યાવરણ પ્રધાન મુળુ બેરાએ સિંહ ગણતરીની શરૂઆત કરાવી હતી. બે તબક્કામાં આયોજિત આ સિંહ ગણતરીમાં રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી પણ જોડાયા હતા.

એશિયાટિક સિંહોની વસ્તી ગણતરીનો ૧૬મો તબક્કો સાસણ ગીર ખાતે ૧૦ મેથી શરૂ કરાયો હતો. ચાર દિવસમાં ૧૧ જિલ્લાના ૩૫ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો. જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, બોટાદ, મોરબી, રાજકોટ અને સુરેન્દ્રનગરના કુલ ૫૮ તાલુકાઓને આવરી લેવામાં આવ્યા હતા. વસતી ગણતરી માટે ૭૩૫ યુનિટ, ૧૧૨ સબ ઝોન, ૩૨ ઝોન અને ૮ રિજન બનાવવામાં આવ્યા છે.

# WTC ફાઈનલ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેરઃ ગ્રીન, કોન્સ્ટાસ અને કુહનેમેનનો સમાવેશ



મેલબોર્ન :

ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) દ્વારા મંગળવારે પુષ્ટિ કરવામાં આવી હતી કે ૧૧ જૂનથી લોર્ડ્સ ખાતે દક્ષિણ આફ્રિકા સામે શરૂ થનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબ્લ્યુટીસી) ફાઇનલ દરમિયાન કેમેરોન ગ્રીન ઓસ્ટ્રેલિયા માટે ઉપલબ્ધ રહેશે. ઓસ્ટ્રેલિયાએ ડબલ્યુટીસી ફાઇનલ માટે પોતાની ટીમની જાહેરાત કરી છે.

પીઠની સર્જરીમાંથી પરત ફરી રહેલા ગ્રીન ઉપરાંત, બેટર સેમ કોન્સ્ટાસ અને સ્પિનર મેટ કુહનેમેનને પણ ઓસ્ટ્રેલિયન ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે, જે કેરેબિયનનો પણ પ્રવાસ કરશે.

WTC ફાઇનલ માટે ઓસ્ટ્રેલિયા ટીમઃ પેટ કમિન્સ (કેપ્ટન), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, કેમેરોન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટાસ, મેટ કુહનેમેન, માર્નસ લાબુશેન, નાથન લિયોન, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, બ્યુ વેબસ્ટર. ટ્રાવેલિંગ રિઝર્વઃ બ્રેન્ડન ડોગેટ

પેટ કમિન્સની ઓસ્ટ્રેલિયા ટીમ બહુવિધ WTC ટાઇટલ જીતનાર પ્રથમ ટીમ બનવાની આશા રાખી રહી છે, જ્યારે દક્ષિણ આફ્રિકા તેમની પ્રથમ ફાઇનલમાં ભાગ લેશે.

CA પસંદગી અધ્યક્ષ જ્યોર્જ બેઈલીએ મંગળવારે જણાવ્યું હતું કે, ‘‘ફાઇનલમાં પહોંચવું એ ગ્રુપ માટે ઘણું મહત્વ ધરાવે છે અને તેઓ લોર્ડ્સમાં દક્ષિણ આફ્રિકા જે પડકાર રજૂ કરશે તેની ખૂબ રાહ જોઈ રહ્યા છે.’’

ઓસ્ટ્રેલિયાની વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણી ૨૫ જૂનથી બાર્બાડોસમાં શરૂ થઈ રહી છે. આગામી બે ટેસ્ટ ગ્રેનાડા અને જમૈકામાં.

# સીબીએસસી ધો.૧૨ નું ૮૮.૩૯ ટકા પરિણામ જાહેરઃ વિજયવાડા ટોપ પરઃ સરકારી સ્કુલોએ મેદાન માર્યુ

નવી દિલ્હી તા.૧૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ સીબીએસસીએ ધોરણ ૧૨ નું પરિણામ જાહેર કર્યું છે.

### પરિણામોમાં ખાનગી સ્કુલોનાં બૂરા હાલ

સીબીએસસી ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા ૨૦૨૫ માં ૮૮.૩૯ ટકા છાત્રો-છાત્રાઓ ઉત્તીર્ણ થયા છે. ગત વર્ષે ૮૭.૯૮ ટકા પરિણામ હતું. આ વર્ષે ૦.૪૧ માં આંકડાની વૃધ્ધિ થઈ છે.

પરિણામમાં ૧૭ રિજિયનમાંથી વિજયવાડા ૯૯.૬૦ ટકા સાથે ટોપ પર રહ્યું છે. બીજા ક્રમે ત્રિવેન્દ્રમ ૯૯.૩૨ ટકા સાથે રહ્યું છે. જયારે પ્રયાગરાજ અંતિમ ૧૭ માં ક્રમે રહ્યું છે. અહી ૭૯.૫૩ ટકા છાત્ર-છાત્રાઓ પાસ થયા છે. દિલ્હી વેસ્ટનું પરિણામ ૯૫.૩૭ ટકા અને દિલ્હી ઈસ્ટનું ૯૫.૦૬ ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત ચંદીગઢનું ૯૧.૬૧ ટકા પંચકુલાનું ૯૧.૧૭ ટકા, દહેરાદુનનું ૮૩.૪૫ ટકા રીઝલ્ટ રહ્યું છે. દેશભરમાં જવાહર નવોદય વિદ્યાલયનું રિઝલ્ટ સૌથી સારૂ રહ્યું છે.

અહી છાત્ર-છાત્રાઓના પાસ થવાની ટકાવારી ૯૯.૨૯ ટકા રહી છે.ખાનગી સ્કુલોનું પરીણામ ૮૭.૯૪ ટકા સાથે સૌથી ઓછુ આવ્યું છે. જયારે સરકારી ગ્રાન્ટ ધરાવતી શાળાઓનું રીઝલ્ટ ૯૧.૫૭ ટકા રહ્યું છે. છાત્ર પરિણામ સીબીએસસીની અધિકૃત વેબસાઈટ પરથી જોઈ શકે છે.

## ઓપરેશન સિંદૂર પર પીએમ મોદીનું સંબોધન, સેલેબ્સે પ્રતિક્રિયા આપી; આમિરે સેનાનો તો સુનિલે પીએમનો આભાર માન્યો

ન્યુ દિલ્હી : ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા. આ પછી, ભારત દ્વારા ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં કાર્યવાહી કરવામાં આવી. આ કાર્યવાહી બાદ, પીએમ મોદીએ આજે સોમવારે પહેલી વાર રાષ્ટ્રને સંબોધન કર્યું. તેમણે કહ્યું, ‘જે રીતે પાકિસ્તાની સેના અને સરકાર આતંકવાદને પ્રોત્સાહન આપી રહી છે, તે એક દિવસ પાકિસ્તાનનો જ નાશ કરશે.’ સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક પછી, હવે ઓપરેશન સિંદૂર એ આતંકવાદ સામે ભારતની નીતિ છે. પીએમ મોદીના સંબોધન પર ઘણા બોલિવૂડ કલાકારોએ પ્રતિક્રિયા આપી છે.




**આમિર ખાને પીએમ મોદીને કહ્યું- આભાર.**

પીએમ મોદીના ભાષણ પછી, આમિર ખાને તેમના પ્રોડક્શન હાઉસ વતી લખ્યું, ‘ઓપરેશન સિંદૂરના હીરોને સલામ.’ આપણા રાષ્ટ્રની સુરક્ષા પ્રત્યેની હિંમત, બહાદુરી અને અતૂટ પ્રતિબદ્ધતા માટે આપણે આપણા સશસ્ત્ર દળોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. પ્રધાનમંત્રીના નેતૃત્વ અને સંકલ્પ બદલ આભાર.

**સુનીલ શેટ્ટી - હોંસલે બુલંદ હૈ**

પીએમ મોદીના ‘ઓપરેશન સિંદૂર’ પર રાષ્ટ્રને સંબોધન પર સમાચાર એજન્સી ANI સાથે વાત કરતા અભિનેતા સુનીલ શેટ્ટીએ કહ્યું, ‘આપણે હંમેશા એ જ એકતા બતાવવી જોઈએ જે આપણે બતાવી છે.’ અમારા ઉત્સાહ ઊંચા છે. જ્યારે આપણે એકતામાં નથી હોતા, ત્યારે આપણે નબળા પડી જઈએ છીએ. આપણે એકતામાં રહેવું પડશે.

**કંગના રનૌતે વીડિયો શેર કર્યો**

અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતે તેની ઇન્સ્ટા સ્ટોરી પર પીએમ મોદીના સંબોધનની ક્લિપ પોસ્ટ કરી છે. આના પર તેમણે ‘રાષ્ટ્રને અદ્‌ભુત સંબોધન’ લખ્યું છે.

**નુપુર સેનને કહ્યું કે ન્યૂ ઈન્ડિયા**

અભિનેત્રી નુપુર સેનને ઈન્સ્ટા સ્ટોરી પર પીએમ મોદીના સંબોધનની એક વીડિયો ક્લિપ પણ શેર કરી છે. તેમણે કહ્યું, ‘આ નવું ભારત છે.’

રૂપાલી ગાંગુલીએ પીએમ મોદીના સંબોધન પર કહ્યું કે, ‘પાકિસ્તાન આખી દુનિયા પાસેથી મદદની ભીખ માંગી રહ્યું હતું.’ ભારતીય સશસ્ત્ર દળો, તમે ખૂબ સારું કામ કર્યું છે. પીએમ મોદીજી, અમને તમારા પર ગર્વ છે.

### પાકની વધુ એક કબુલાતઃઅમારા ૧૧ સૈનિકો મર્યા; ૭૮ ઘાયલ થયા

ઈસ્લામાબાદ તા.૧૩

ભારત પર હુમલા કર્યા બાદ ભારતીય સૈન્યના આક્રમક પ્રહારથી ધૂળ ચાટતુ થઈ ગયેલુ પાકિસ્તાન હવે એક પછી એક કબુલાત કરવા લાગ્યુ છે. હવે પાકિસ્તાને સ્વીકાર્યું છે કે ભારતના હુમલામાં તેના ૧૦ સૈનિકો માર્યા ગયા હતા. ભારતે શરૂ કરેલ ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાની ત્રાસવાદી અડ્ડાઓમાં ૧૦૦ થી વધુ ત્રાસવાદીઓનો ખાત્મો થયો હતો.ત્યારપછી પાકિસ્તાને વળતા હુમલા કરતા ભારતે તે નિષ્ફળ બનાવવા સાથે પાક પર આક્રમક પ્રહાર કર્યા હતા.પાક સૈન્યની મીડીયા વિંગ દ્વારા સતાવાર નિવેદનમાં એવી કબુલાત કરવામાં આવી છે કે ભારતનાં આક્રમણમાં પાકિસ્તાનનાં ૧૧ સૈનિકો માર્યા હતા અને ૭૮ ઘાયલ થયા હતા. માર્યા ગયેલા પાક સૈનિકોનાં નામો પણ જાહેર થયા છે. તેમાં સ્કવોડ્રન લીડર, નાયક, લાન્સ નાયક, ટેકનીશ્યનો વગેરેનો સમાવેશ થાય છે. ભારતે સમગ્ર ઓપરેશનમાં સીઝફાયર જાહેર થતા પૂર્વે આક્રમક વાર કર્યો હતો તેમાં નુરખાન એરપોર્ટ, એરબેઝ, રડાર મથક, આતંકી લોન્ચ પેડ વગેરેનો પણ સફાયો કરાયો હતો. પાકિસ્તાનમાં ઘાયલ સૈનિકોને મળવા પંજાબનાં મુખ્યમંત્રી મરીયમ નવાઝ હોસ્પીટલે પણ પહોંચ્યા હતા. તેના આધારે પોલ પણ ખુલી હતી.

# ફ્રાન્સમાં આજથી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો પ્રારંભઃ ઐશ્વર્યાથી લઈને સ્ટાર્સનો દેખાશે જલવો

### જ્યુરી સભ્યોમાં પાયલ કાપડીયા, શર્મિલા ટાગોર, તથા સિમી ગ્રેવાલ પણ હાજર રહેશેઃ નીરજ ધવનની હોમબાઉન્ડ ફિલ્મની ફેસ્ટિવલ માટે પસંદગી






રાજકોટ,તા.૧૩

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ફ્રાન્સના કાન્સ શહેરમાં યોજાય છે. આ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત ૧૯૪૬માં થઈ હતી. પ્રતિષ્ઠિત ૭૮મો કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ આજના તા.૧૩ થી ૨૪ મે દરમિયાન યોજાશે. આ ૧૨ દિવસ દરમિયાન આ ફેસ્ટિવલમાં કેટલીક ભવ્ય ફિલ્મોનું પ્રદર્શન યોજાશે. તો સાથે કેટલીક સેલિબ્રિટીઓ રેડ કાર્પેટ પર ગ્લેમર પાથરશે. દર્શકો ૧૩ મેના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાથી કાન્સની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ફિલ્મ ફેસ્ટિવલનું લાઇવ પ્રદર્શન જોઈ શકશે. આ ફેસ્ટિવલનો ઉદઘાટન સમારોહ રાત્રે ૧૦:૪૫ વાગ્યે શરૂ થશે.

**જ્યુરી સભ્યોમાં પાયલ કાપડિયા**

આ વખતે કાન્સમાં ભારતીય સિનેમા માટે ગર્વની ક્ષણ છે. ગયા વર્ષની ગ્રાન્ડ પ્રિકસ વિજેતા ફિલ્મ ’ઓલ વી ઇમેજિન એઝ લાઈટ’ ના દિગ્દર્શક પાયલ કાપડિયા આ વખતે કાન્સ ફેસ્ટિવલમાં જ્યુરી સભ્યોમાં સામેલ છે.

**આલિયાનું કાન્સમાં ડેબ્યૂ**

આ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા રાય બચ્ચન, સોનમ કપૂર જેવી અભિનેત્રીઓ પહેલા ભાગ લઈ ચૂકી છે ત્યારે આ વર્ષે આલિયા ભટ્ટ અને ફિલ્મ નિર્માતા પાયલ કાપડિયા સહિત અનેક અગ્રણી ભારતીય ફિલ્મ હસ્તીઓ ૭૮મા કાન્સમાં વિવિધ કેટેગરીમાં ભાગ લેશે. આ ફિલ્મ ફેસ્ટિવલમાં બધાની નજર ઐશ્વર્યા રાય પર છે. તે ૨૦ વર્ષથી વધુ સમયથી આ ફેસ્ટિવલમાં હાજરી આપે છે. પરંતુ આ વખતે આલિયા ભટ્ટ પણ જોવા મળશે. તે લોરિયલ પેરિસના ગ્લોબલ એમ્બેસેડર તરીકે કાન્સના રેડ કાર્પેટ પર જોવા મળશે. આ ઉપરાંત જેકલીન ફર્નાન્ડીઝ અને ઉર્વશી રૌતેલા પણ જોડાશે તેવા અહેવાલ છે.

**શર્મિલા ટાગોર અને સિમી ગ્રેવાલ પણ હજાર રહેશે**

અભિનેત્રીઓ શર્મિલા ટાગોર અને સિમી ગ્રેવાલ સત્યજીત રેની ૧૯૭૦ ની ક્લાસિક ફિલ્મ ’અરણ્યેર દિન રાત્રિ’ ના રિસ્ટોર વર્ઝનના ખાસ ખાસ સ્ક્રીનિંગમાં હાજરી આપશે. તે જ સમયે અનુપમ ખેરની દિગ્દર્શિત ફિલ્મ ’તન્વી ધ ગ્રેટ’ માર્ચે ડુ ફિલ્મ કેટેગરીમાં પ્રીમિયર થવા જઈ રહી છે. તેઓ પણ આ ઉત્સવમાં ભાગ લઈ શકે છે.

**નીરજ ઘેવનની ’હોમબાઉન્ડ’**

આ વખતે નીરજ ઘેવનની ફિલ્મ ’હોમબાઉન્ડ’ પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી છે. ફિલ્મના કલાકારો આ ફેસ્ટિવલમાં હાજર રહેશે. નિર્માતા કરણ જોહર પણ હાજર રહેશે. આ ઉપરાંત બંને મુખ્ય કલાકારો જાહ્નવી કપૂર અને ઈશાન ખટ્ટર પણ જોવા મળશે. આ ફિલ્મનું પ્રીમિયર ‘‘અન સર્ટેન રિગાર્ડ’’ સેકશન હેઠળ થશે.

**કાન્સમાં દર્શાવવામાં આવેલી પહેલી ભારતીય ફિલ્મ**

૧૯૪૬માં કાન્સની શરૂઆતથી જ ત્યાં ભારતીય ફિલ્મો બતાવવાનું શરૂ થયું. કાન્સમાં દર્શાવવામાં આવેલી પહેલી ભારતીય ફિલ્મ ’નીચા નગર’ હતી. આ ફિલ્મને ’ગ્રાન્ડ પ્રિકસ ડુ ફેસ્ટિવલ ઈન્ટરનેશનલ ડુ ફિલ્મ’ એવોર્ડથી નવાજવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ગ્રાન્ડ પ્રિકસ એ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો એક એવોર્ડ છે જે ફેસ્ટિવલ જ્યુરી દ્વારા સ્પર્ધાત્મક ફીચર ફિલ્મોમાંથી એકને આપવામાં આવે છે.

### ફ્રાન્સના કાન્સ ફેસ્ટિવલમાં ગુજરાતી પત્રકાર જય વસાવડાની ઉપસ્થિતિઃ રાજકોટ માટે ગૌરવરૂપ

રાજકોટ તા.૧૩




ફ્રાન્સમાં આજથી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો પ્રારંભ થયો છે. આગામી તા.૨૪મી સુધી ફેસ્ટિવલ ચાલનાર છે. ગુજરાતમાંથી જાણીકા કટાર લેખક, મોટીવેશનલ સ્પીકર, રાજકોટના જય વસાવડાને ફેસ્ટિવલમાં ભાગ લેવા માટેનું આમંત્રણ મળ્યું છે આજે ટેલિફોનિક વાર્તાલાપમાં જય વસાવડાએ જણાવ્યું કે ફેસ્ટિવલનો પ્રારંભ થઈ ગયો છે. તેમણે જણાવ્યું કે ગુજરાતી ભાષાના તથા ગુજરાતમાંથી મને એકને જ આમંત્રણ મળ્યું છે. આ ફેસ્ટિવલમાં વિશ્વભરમાંથી પત્રકાર, વિવેચકો આવતા હોય છે. જય વસાવડા રાજકોટના છે તેથી ગુજરાતી ભાષાનું, ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

# વડોદરા ખાણ-ખનીજ વિભાગની પુરી કચેરી રૂા.૨ લાખની લાંચ લેતા સપડાઈ

### એક સીનીયર કલાર્કે રેતીના સ્ટોકની અરજી મંજુર કરવા પુરી કચેરી વતી લાંચ સ્વીકારી હતીઃ બેની ધરપકડ





રાજકોટ તા.૧૩

રાજયમાં ખાણ ખનીજ માફીયાઓ પર શરુ કરવામાં આવેલી ઝુંબેશમાં આજે અનોખા લાંચ રૂશ્વત ટ્રેપમાં વડોદરા ખાણ-ખનીજ વિભાગનો પુરો સ્ટાફ આરોપી બની ગયો છે. ગુજરાતના ઈતિહાસની આ પ્રથમ ઘટના છે. વડોદરા ખાણ ખનીજ કચેરીમાં રૂા.૨ લાખની લાંચ લેતા બે અધિકારીઓને એન્ટીકરપ્શન બ્યુરોએ ઝડપી લીધા હતા અને વધુ બે અધિકારીઓને લાંચમાં સહયોગી બનવા બદલ આરોપી બનાવ્યા છે. આ અંગેની વિગત મુજબ એક વ્યક્તિએ રેતીનો સ્ટોક કરવા ઓનલાઈન અરજી કરી હતી જે મંજુર રાખવા વડોદરા ખાણ-ખનીજ વિભાગના અધિકારી યુવરાજ સિંહ દિલીપસિંહ ગોહિલ, સીની.કલાર્ક તેને મળ્યા હતા અને તમામ સ્ટાફ વતી રૂા.૨ લાખની લાંચ માંગી હતી જે અંગે એસીબીમાં ફરિયાદ થતા વડોદરામાં પ્રેમાવતી રેસ્ટોરામાં છટકુ ગોઠવાયુ હતુ જયાં યુવરાજસિંહ રૂા.૨ લાખની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા અને તેમની વાતચીતમાં તમામ સ્ટાફને આ રકમમાંથી ભાગ આપવો પડે તેવુ જણાવ્યુ હતું જેના કારણે યુવરાજસિંહ ઉપરાંત રવિકુમાર મીસ્ત્રી, કિરણ પરમાર અને સંકેતભાઈ પટેલને પણ આરોપી બનાવાયા છે.

### ગુમ થયેલા પદ્મશ્રી વૈજ્ઞાનિક સુબન્ના અયપ્પન કર્ણાટક નદીમાં મૃત હાલતમાં મળી આવ્યા

માંડ્યા : ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ના ભૂતપૂર્વ મહાનિર્દેશક અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા, સુબ્બન્ના અયપ્પન, શ્રીરંગપટ્ટણ નજીક કાવેરી નદીમાં મૃત હાલતમાં મળી આવ્યા છે, પોલીસે જણાવ્યું હતું.



લોકોએ શનિવારે તેનો મૃતદેહ નદીમાં તરતો જોયો અને તેને બહાર કાઢવામાં આવ્યો, એમ તેમણે ઉમેર્યું.

અયપ્પન (૭૦) કૃષિ અને મત્સ્યઉદ્યોગ (જળચરઉછેર) વૈજ્ઞાનિક હતા, અને ICAR ના વડા બનનારા પ્રથમ બિન-પાક વૈજ્ઞાનિક હતા. પોલીસના જણાવ્યા અનુસાર, તેનું ટુ-વ્હીલર નદી કિનારે મળી આવ્યું હતું અને એવી શંકા છે કે તેણે નદીમાં કૂદી પડ્યું હશે

ગુમ થયેલા પદ્મશ્રી વૈજ્ઞાનિક સુબન્ના અયપ્પન કર્ણાટક નદીમાં મૃત હાલતમાં મળી આવ્યા છે૭૦ વર્ષીય સુબ્બન્ના અયપ્પન કૃષિ અને કૃષિ અને મત્સ્યઉદ્યોગ (જળચરઉછેર) વૈજ્ઞાનિક હતા, અને ICAR ના વડા બનનારા પ્રથમ બિન-પાક વૈજ્ઞાનિક હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, તેનું ટુ-વ્હીલર નદી કિનારે મળી આવ્યું હતું અને એવી શંકા છે કે તેણે નદીમાં કૂદી પડ્યું હશે.

જોકે, પોલીસે જણાવ્યું હતું કે, તપાસ પછી જ તેના મૃત્યુનું કારણ જાણી શકાશે.

અયપ્પન મૈસુરુના વિશ્વેશ્વરા નગર ઔદ્યોગિક વિસ્તારનો રહેવાસી હતો અને તેના પરિવારે મૈસુરુના વિદ્યારણ્યપુરમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તે ૭ મેના રોજ ગુમ થયા હતા. પોલીસે જણાવ્યું કે, તે શ્રીરંગપટ્ટણમાં કાવેરી નદીના કિનારે આવેલા સાંઈબાબા આશ્રમમાં ઘણીવાર ધ્યાન કરતા હતા. ભારતે ’વાદળી ક્રાંતિ’માં ભૂમિકા ભજવવા માટે શ્રેય મેળવનાર અયપ્પનના પરિવારમાં તેમની પત્ની અને બે પુત્રીઓ છે.

### રોડ પર સમૂહમાં પ્રસાદ રાંધવાની પરંપરા થઈ પોંગલ મહોત્સવમાં




કોચીના,તા.૧૩

પાવકકુલમ શ્રી મહાદેવ મંદિરમાં વિશાળ પાયે પોંગલ મહોત્સવ યોજાય છે.અહીં મહિલાઓ વહેલી સવારે મંદિરના પ્રાંગણમાં એકઠી થાય છે.મહિલાઓ એક લાઈનમાં માટીની હાંડીમાં પ્રસાદ રાંધે છે અને એ પ્રસાદ શિવમંદિરમાં ધરાવાય છે.આ મહોત્સવની શરૂઆત સવારે પાંચ વાગ્યાથી થાય છે. હજારોની સંખ્યામાં બહેનો એક લાઈનમાં હંગામી ચૂલા બનાવીને પોંગલનો પ્રસાદ બનાવવા તૈયાર થઈ જાય છે. આ પ્રસાદ પ્રભુને ચડાવીને લોકોમાં વહેંચી દેવામાં આવે છે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
| --- | --- |
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૩૦-૨૩૮૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૮૦-૨૩૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૩૦-૨૨૮૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૮૦-૨૨૩૦ |
| પામોલીયન તેલ | ૨૦૩૫-૨૦૪૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૨૦-૨૦૪૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૯૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૧૯૮૦-૨૦૦૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૩૦-૨૧૪૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
| --- |
| ૯૭૫૦૦(+૧૧૦૦) |

| ચાંદી |
| --- |
| ૧૦૦૦૦૦(+૩૨૦૦) |

# નેશનલ કક્ષાની શુટિંગ સ્પર્ધામાં રાજકુમાર કોલેજનો શ્રેષ્ઠ દેખાવ

## બે વિદ્યાર્થીનીઓએ ગોલ્ડ અને બોન્ઝ મેડલ મેળવ્યો



રાજકોટ,તા.૧૩

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ માં અંડર-૧૭ એર રાઇફલ પીપ સાઇટ મહિલા વ્યક્તિગત ઈવેન્ટમાં રાજકુમાર કોલેજ-રાજકોટની વિદ્યાર્થીની કુમારી દ્રષ્ટિ શિયાણી રાજ્ય સ્તરે ૫૯૧/૬૦૦ ના ભવ્ય સ્કોર સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને પ્રથમ વિજેતા થયાં છે. ગુજરાત સરકારશ્રી દ્વારા વિશેષ સન્માન સમારોહમાં આગામી તા. ૧૧/૫/૨૦૨૫, રવિવારનાં રોજ સુવર્ણ ચંદ્રક ઉપરાંત રુપીયા દસ હજારની રોકડ પુરસ્કાર રાશિ અને ટ્રેકસૂટ અર્પણ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૬ એપ્રિલથી ૧ મે, ૨૦૨૫ દરમિયાન ડેલી કોલેજ, ઇન્દોર ખાતે સંપન્ન થયેલી સત્તરમી ઓલ ઇન્ડિયા IPSC શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ માં ગ-૧૪ ઓપન સાઈટ એર રાઇફલ મહિલા વર્ગ વ્યક્તિગતમાં કુમારી ભાગ્યબા ચૌહાણને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો છે.

કુમારી દ્રષ્ટિ શિયાણી અને કુમારી ભાગ્યશ્રીબા ચૌહાણે પ્રાપ્ત કરેલી સિદ્ધિને બિરદાવતાં રાજકોટના ઠાકોર સાહેબ અને રાજકુમાર કોલેજના પ્રેસિડેન્ટ માંધાતાસિંહજી જાડેજા, પ્રિન્સિપાલ યશ સક્સેના, વાઇસ પ્રિન્સિપાલ કેયુરીબા ગોહિલ અને શુટિંગ કોચ જય મહેતાએ અભિનંદન પાઠવ્યાં હતાં.



# જિલ્લા પંચાયતના સભ્ય સુમિતાબેન ચાવડાની ગ્રાન્ટમાંથી રામનગર ગામના સ્મશાનમાં પ્રાર્થના હોલ બનાવવા માટે રૂા.૩.૫૦લાખ મંજૂર

જિલ્લા પંચાયતના બેડી-૩ સીટના સભ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ) ની સ્વ.ભંડોળ ગ્રાન્ટમાંથી રાજકોટ જિલ્લા પંચાયત સીટ બેડી-૩ માં રામનગર ગામમાં સ્મશાનમાં પ્રાથના હોલ બનાવવાના કામ માટે રૂ.૩,૫૦,૦૦૦ મંજૂર કરવામાં આવેલ છે. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા, જિજ્ઞેશભાઈ ડોબરિયા, ભાવેશભાઈ બોઘરા, વિશાલભાઈ વેકરીયા, આશિષભાઈ વિરાણી, દિનેશભાઈ ડોબરિયા, ખોડાભાઈ ડોબરિયા, જયસુખભાઈ ડોબરિયા, દિનેશભાઈ વિસણી, જેરામભાઈ ડોબરિયા, છગનભાઈ બોઘરા, ગોરધનભાઈ વેકરીયા, ગોવિંદભાઈ વિરાણી, નીલ પીપળીયા, નેવીલ ડોબરિયા, હરિભાઈ ડોબરિયા તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સદભાવના વૃદ્ધાશ્રમના મેડિકલ સ્ટોરમાં રોજ ૧૦ લાખ રૂપિયાની દવાઓનું રાહતદરે વેચાણ

## જરૂરીયાતમંદ દર્દીનારાયણ-દરીદ્રનારાયણની સેવામાં વધુ એક મેડીકલ સ્ટોર રૈયા રોડ ખાતે શરૂ કરાયો




રાજકોટ, તા.૧૩

સદભાવના વૃદ્ધાશ્રમના મેડિકલ સ્ટોરમાં અત્યારે રોજનું ૧૦ લાખ રૂપિયાની દવાઓનું વેચાણ થઈ રહ્યું છે અને માત્ર દસ મહિનાના ટૂંકા ગાળામાં કરોડો રૂપિયાની રાહત દર્દીઓને અપાઈ ચુકી છે. ૨૦% થી લઈ ૬૫% સુધી ડિસ્કાઉન્ટ અપાય છે.

અહીં ૩૫ લોકોનો સ્ટાફ કાર્યરત છે, દર મહિને ૩૦ હજાર જેટલા દર્દીઓ લાભ લ્યે છે. અત્યાર સુધીમાં ૧૮ કરોડથી વધુ રકમની દવાઓનું વેચાણ કરવામાં આવ્યું છે. ૫ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોરના સંચાલકોને થોડા મહિનાઓ પહેલા એવો વિચાર આવ્યો કે લોકોનો સૌથી વધુ ખર્ચ બાળકોના શિક્ષણ અને પરિવારના સ્વાસ્થ્ય પાછળ વપરાતો હોય છે. ડોક્ટર જે પ્રિસ્ક્રિપ્શન લખી આપે તે દર્દીના પરિવારે લેવી અનિવાર્ય બની જાતી હોય છે પણ એ ખર્ચ બહુ મોટો હોય છે. આથી સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દ્વારા પડતર કિંમતે દવા અને સર્જીકલ સાધનોનું વેચાણ કરતો એક સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કરવો એવો નિર્ધાર કર્યો અને ૧૦ મહિના પૂર્વે નાના મવા સર્કલ પાસે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કર્યો.દવાની વધતી જતી માંગ અને દર્દીનારાયણને વધુને વધુ આ સેવાનો લાભ મળે તે હેતુથી સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોરના સંચાલકો દ્વારા જરૂરીયાતમંદ દર્દીનારાયણ-દરિદ્રનારાયણની સેવામાં વધુ એક મેડીકલ સ્ટોર રાજકોટના રૈયા રોડ ખાતે શરૂ કરાયો છે. વધુ વિગતો માટે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર, નાના મવા ચોક, આર.કે.પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ (મો.નં.૬૩૫૧૦ ૧૨૧૮૨)નો સંપર્ક કરવાનો રહેશે.

# રેલનગરમાં રકતદાન કેમ્પ યોજાયો

## શહેરના રેલનગર વિસ્તારમાં જડેશ્વર બંગલોઝ સોસાયટીના આગેવાનો



રાજકોટ,તા.૧૨

વિપુલભાઈ સંખાવરા, મધુસુધનભાઈ બારોટ તથા વિશ્વજીતસિંહ ગોહિલ અને અન્ય આગેવાનો/સભ્યો દ્વારા તાત્કાલિક ધોરણે રાજકોટ શહેર-૧ના ડેપ્યુટી કલેકટર ચાંદની પરમારના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના ટ્રસ્ટી બોરડભાઈના સહયોગથી મામલતદાર, રાજકોટ શહેર પૂર્વ એસ.જે.ચાવડાની ઉપસ્થિતિમાં મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ તકે રક્તદાન શિબિરમાં આયોજકોનો ઉત્સાહ વધારવા અને આયોજન સફળ બનાવવા પ્રાંત કચેરીના શિરસ્તેદાર એમ.ડી.ભાલોડી, અન્ય નાયબ મામલતદારઓ વસીમભાઈ રિઝવી, અજયસિંહ જાડેજા, કલાર્ક બકુલભાઈ પરમાર તેમજ મામલતદાર કચેરી રાજકોટ શહેર પૂર્વના નાયબ મામલતદારઓ એમ.બી. જાડેજા, જનકભાઈ સાંબડ, કલાર્ક શ્રી હેમાંગભાઈ ધોરિયાણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અંદાજિત ૫૫ થી વધારે વ્યક્તિઓ દ્વારા બ્લડ ડોનેટ કરી અને સહયોગ આપવામાં આવેલ છે. આ તકે સોસાયટીના આગેવાનો શ્રી વિપુલભાઈ સંખાવરા, મધુસુધનભાઈ બારોટ તથા વિશ્વજીતસિંહ ગોહિલ વિગેરેએ તમામ ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીઓ, દાતાશ્રીઓનો અને બ્લડ બેંકનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.




## ઘાટકોપર બાદ હવે મુલુંડમાં હજારો લોકોની પેટની ભૂખ ઠરશે

# રાષ્ટ્રધર્મની ભાવના પ્રસરાવીને મુલુંડના આંગણે રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ઉજવાયો પરમ કર્તવ્ય ઉત્સવ

### આ જગતમાં જેઓ પોતાના સ્વાર્થ માટે જીવતા હોય તેમનો ભૂતકાળ બની જતો હોય છે અને જેઓ અન્યની હિતચિંતા માટે કર્તવ્ય નિભાવી પોતાનું જીવન વિતાવે તેઓ ઇતિહાસનું સર્જન કરી દેતા હોય છેઃ નમ્ર મુની

રાજકોટ, તા.૧૩

શ્રી મુલુંડ વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘની ભાવભીની વિનંતિનો સ્વીકાર કરીને રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ગત તા.૯ મે ના મુલુંડ શ્રી સંઘમાં પધારતા ત્રિ-દિવસીય વિવિધ કાર્યક્રમો અંતર્ગત રવિવારે કાલિદાસ નાટ્યગૃહમાં એમ. એલ. એ મિહિરભાઈ કોટેચા, ડો. મુખી સાહેબ, ચંદ્રકાન્તભાઈ ગોગરી, જયાબેન ગોગરી, ઇન્દીરાબેન દેઢિયા, કિરણભાઈ હેમાણી, ચેતનભાઈ દેઢિયા, આદિ અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરમ કર્તવ્ય ઉત્સવ સહુના ભાવ ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવાયો હતો.

આ અવસરે પરમ ગુરૂદેવના બ્રહ્મનાદે શ્રી ઉવસ્સગ્ગહર સ્તોત્રની જપ સાધનામાં સહુ અહોભાવિત થયા બાદ પરમ ગુરૂદેવે ઉપસ્થિત દરેક ભાવિકોને પોતાના, ઘરના, ધર્મના, સોસાયટીના, સમાજના કર્તવ્યની સમજ આપવાની સાથે એક જાગૃત નાગરિકરૂપે મારા દેશ માટે મારા શું કર્તવ્ય છે તે ભાવો પર સમજ આપી હતી. એમના દ્વારા રાષ્ટ્રધર્મ બજાવવાની પ્રેરણા અપાતા ઉપસ્થિત સહુ ભાવિકો, જે દેશ મારા દેશને નુકશાન પહોંચાડે તેની એક પણ પ્રોડક્ટ ન લેવી તેવી પ્રતિજ્ઞા કરવા કટિબદ્ધ બન્યા હતા. આ સાથે જ સહુ એ દેશ માટે લડીને શહીદ થયેલા વીર જવાનો માટે સમ્માન અર્પણ કરતા ૨ મિનિટ પોતાના સ્થાન પરથી ઉભા થઈને, મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દરેક જરૂરિયાતમંદ વ્યક્તિના ચહેરા પર ભોજનનો સંતોષ આપવાની રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની કરૂણા ભાવનાથી, સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ - શાહ હેપીનેસ ફાઉન્ડેશન અમેરિકાના ફાઉન્ડર રીકાબેન મનુભાઈ શાહના હૃદયની ઉમદા અને ઉદાર ભાવનાના સહયોગે, એમ. એલ. એ. પરાગભાઈ શાહની ટીમના સંચાલનમાં દરરોજ હજારો ભાવિકોના ભોજનની વ્યવસ્થા દ્વારા ઘાટકોપરના અલગ અલગ ક્ષેત્રમાં ગરમાગરમ સાત્વિક ભોજન અર્પણ કરવાના પારમાર્થિક મહાપ્રકલ્પ ''ગુરૂ પ્રસાદ''ના પ્રારંભથી આજ સુધી છ લાખથી વધુ લોકોની પેટની ભૂખ ઠારી છે. જેની શૃંખલામાં મુલુંડ ક્ષેત્રમાં અહંમ યુવા સેવા ગ્રુપના ઉપક્રમે ગુરૂ પ્રસાદ પ્રારંભ થવાની ઉદઘોષણા કરવામાં આવી હતી.

વિશેષમાં આ અવસરે આત્મનિર્ભર અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩૦+ પરિવારોને નવી ઓટો રિક્ષા ભેટમાં આપવામાં આવી છે. તે સાથે જ મુલુંડના ૧-૩ વર્ષના નાના-નાના ભૂલકાઓમાં નાનપણથી જ રમત સાથે ગમ્મત શૈલીમાં મોરલ વેલ્યુઝ અને સુસંસ્કારોનું સિંચન થાય તેવા શુભ હેતુ સાથે સ્પેશ્યલ લુક એન લર્ન મધર-ટોડલર ક્લાસનો પ્રારંભ કરવામાં આવ્યો. વિશેષમાં નાના-નાના બાળકો રમતા-રમતા વિશેષ જ્ઞાન પામી શકે તે ભાવ સાથે રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવની પ્રેરણાથી લુક એન લર્ન જૈન જ્ઞાન ધામ દ્વારા જનિઝમની બારખડી, નમસ્કાર મંત્ર આદિ બેઝિકસ શીખવાડતી ઓડિયો બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

## અહંમ યુવા સેવા ગ્રુપ દ્વારા ભુજના આર્મી કેમ્પમાં ૩ આર.ઓ. પ્લાન્ટની અર્પણતા સાથે ૧ લાખ ડ્રાયફ્રુટના લાડવા બનાવીને એનર્જી પેક તૈયાર કરાયા

બોર્ડર પર યુદ્ધ માટે સજ્જ આર્મી સૈનિકો માટે આજરોજ અહંમ યુવા સેવા ગ્રુપ દ્વારા ભૂજના આર્મી કેમ્પમાં ૩ આર.ઓ. પ્લાન્ટની અર્પણતા સાથે ૧ લાખ ડ્રાયફ્રુટના લાડવા બનાવીને એનર્જી પેક તૈયાર કરાવી જામનગર, કચ્છ, રાજસ્થાન સુધીની બોર્ડર પર સૈનિકો માટે મોકલવાની જાહેરાત થતાં જ સહુએ એને સહર્ષ વધાવી લેવાની સાથે સહુ રાષ્ટ્ર માટે જે થઇ શકે તે બધું જ કરવા કટિબદ્ધ બન્યા હતા.

# યુદ્ધ એક ડીપ્લોમેટીક કવાયત છેઃઆપણી સૈન્યની ક્ષમતા, વિદેશનીતિ અને આર્થિક સદ્ધરતા આપણા મજબૂત પાસા

**મંતવ્યઃ અતુલ પંડિત**

રાજકોટ, તા.૧૩

અતુલ પંડિત જણાવે છે કે યુદ્ધ એક શારીરિક કવાયત છે એમ ડીપ્લોમેટીક કવાયત પણ એટલી જ હોય છે. યુદ્ધ એક તરફ દ્રશ્યમાન અવસ્થામા હોય તો યુદ્ધ એક અદ્રશ્ય રીતે સમાંતર ધોરણે પણ લડાતુ હોય છે. યુદ્ધ એક તરફ શસ્ત્ર, દારૂગોળો અને સૈન્ય વિ.વિ જેવી વ્યવસ્થા સાથે લડાતુ હોય ત્યારે એ જ સમયે એક યુદ્ધ રાજદ્વારી એટલે કે ડીપ્લોમેટીક પણ લડાતુ હોય છે. યુદ્ધની વ્યૂહરચના બંને તરફથી ઘડાતી હોય છે. મિત્ર દેશ અને એવા દુશ્મન દેશો કે જેમની સાથે આપણે હાલ કોઇ યુદ્ધ નથી એમની સાથે પણ વિચાર-વિમર્શ, મંત્રણા કરવી પડતી રહેતી હશે. કદાચ વિશ્વનું સૌથી ઝડપી યુદ્ધ વિરામ એ ભારત - પાકિસ્તાનનું તાજેતરનું યુદ્ધ હશે. 'ઓપરેશન સિંદૂર' પછી પાકિસ્તાન દ્વારા શરૂ કરવામાં આવેલ યુદ્ધ પૂર્ણ નથી થયું પરંતુ યુદ્ધ વિરામ થયું છે.આપણી સૈન્યની ક્ષમતા, વિદેશનીતિ અને આર્થિક સદ્ધરતા આપણા મજબૂત પાસા છે. શ્રેષ્ઠ નેતૃત્વ હોય ત્યારે જ આ પ્રકારનું પરિણામ લાવી શકાય. આ કોઇ એક રાષ્ટ્રનાયકની જીત નહીં હોય પરંતુ ભારતીય સૈન્ય, ભારતની રાજદ્વારી ટીમ, ભારતીય પ્રજા અને વિશ્વનો આપણા તરફનો સકારાત્મક દ્રષ્ટિકોણ તથા અભિગમ જ આપણી જીતનું કારણ હશે ! અને એ પણ સત્ય છે કે એ ત્યારે જ શકય બને જયારે દેશના અગ્રિમ સંચાલનમાં શ્રેષ્ઠ લોકો હોય !

# નરસિંહ મહેતાની જન્મ જયંતિ નિમિત્તે હાટકેશજન દ્વારા પુષ્પવંદના કરાઈઃ વૈષ્ણવજનનું સમૂહગાન કરાયું



નરસિંહ મહેતાની જન્મજયંતિ નિમિત્તે હાટકેશજન દ્વારા પુષ્પવંદના ગઈકાલ તા.૧૨ના રોજ મહાનગરપાલિકા નિમિત રામકૃષ્ણનગર ગાર્ડન સ્થિત કાંસ્ય પ્રતિમાને પુષ્પાંજલી તેમજ વૈષ્ણવજનનું સમૂહ ગાન પરંપરાગત રીતે ગાઈને નરસિંહ મહેતાનો જય જય કાર કરવા આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય અને મેયર તેમજ કોર્પોરેશનના અન્ય અધિકારીઓ અને નાગર જ્ઞાતિના જુદી જુદી સંસ્થાઓના હોદેદારો તેમજ અન્ય જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કાલે વી.વી.પી. એન્જી. કોલેજ દ્વારા બાયોટેક્નોલોજી એન્જી. ક્ષેત્રે કારકિર્દી સેમીનાર

આવતીકાલ તા.૧૪ ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે બાયોટેક્નોલોજી એન્જીનિયરીંગ ''વિભાગ, વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજ ખાતે બાયોટેક્નોલોજી એન્જીનિયરીંગ ક્ષેત્રમાં કારકિર્દી ઘડતર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારમાં ધો.૧૨ સાયન્સ બાદ બાયોટેક્નોલોજી એન્જીનિયરીંગ અભ્યાસલક્ષી માર્ગદર્શન, વિવિધ સ્કોલરશીપ, ગુજરાત સરકારની બાયોટેક્નોલોજી પોલીસી (૨૦૨૨-૨૭) ની માહિતી, સરકારની અન્ય બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં વિદ્યાર્થીલક્ષી યોજના, નોકરી અને સંશોધન ક્ષેત્રમાં તક વિશે વિદ્યાર્થી અને વાલીઓને માહિતગાર કરાશે.

# ધો.૧૦માં સ્વરા રાણપરાનું ૯૯.૯૯ પીઆર સાથે ઝળહળતું પરિણામ

રાજકોટ,તા.૧૩

રાજકોટ નિવાસી સોની વસંતલાલ મોહનલાલ રાણપરા (કરાંચીવાળા) પરિવારની સુપુત્રી સ્વરાએ તાજેતરમાં લેવાયેલ ધો.૧૦ ની પરીક્ષાના પરિણામમાં ગુજરાત પ્રથમ આવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી ૯૯.૯૯ પીઆર મેળવી રાણપરા પરિવારનું ગૌરવ વધારેલ છે. સાથે તેણે વિજ્ઞાન અને ગણિત જેવા કઠીન વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. આ જવલંત સફળતા બદલ સમગ્ર રાણપરા પરિવાર, સગા સ્નેહીજનો, ધોળકીયા સ્કુલના સંચાલકો તથા શિક્ષકો તેમજ સ્વરાના મિત્રો અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે.



# ૯ જૂનના ઉત્કર્ષ કલબ દ્વારા સરસ્વતી સન્માન સમારંભનું આયોજન

## પ્લે હાઉસ-ધો.૧૨ સુધીના બાળકોને કરાશે સન્માનિત

રાજકોટ, તા.૧૩

ઉત્કર્ષ કલબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા.૯ જૂનને રવિવારના રોજ તેજસ્વી બાળકોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્લે હાઉસથી ધો.૧૨ સુધીના બાળકો તથા ગેસ્ટ બાળકોને સન્માનિત કરવામાં આવશે, સાથે તમારી માર્કશીટ અવશ્ય જોડવાની રહેશે.

બાળકોને પ્રોત્સાહન મળે એ માટે દરેક બાળકને આકર્ષક શીલ્ડ, ચોપડા, લંચબોકસ, કંપાસ, બોલપેન સેટ, નાસ્તો વગેરે અન્ય વસ્તુઓ પણ આપવામાં આવશે. દરેક ગેસ્ટ બાળકો માટે ૬૦ ટકાથી ઉપરના માર્કસ સાથે ઉતીર્ણ થયેલ હોય તે તમામ ૨ થી ૧૬ વર્ષના બાળકોને સન્માનિત કરવામાં આવશે. આ તકે ડ્રોઈંગ કોમ્પિટિશન, ડાન્સ ફેશન શો, વકૃતત્વ, મી.એન્ડ મોમ, ગેઈમ શો, પપેટ શો, યોગ-પ્રાણાયમ, સાંસ્કૃતિક, આધ્યાત્મીક પ્રતિભા સન્માન વગેરે કાર્યક્રમો યોજાશે. રજીસ્ટ્રેશન માટે રવિરત્ન પાર્ક, શેરી નં-૧, ઈ-૨૫૮, માં ભવાની કૃપા, પી.એમ.મોટર્સ ગેરેજ વારી શેરી, ઈન્દીરા સર્કલ પાસે, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે કાર્યાલયનો સંપર્ક કરવાનો રહેશે.

# ભાજપ બક્ષીપંચ મોરચાના વોર્ડ નં. ૨ પ્રમુખ ભરત ડેરૈયાનો આજે જન્મદિવસ

રાજકોટ, તા.૧૩

ભાજપ શહેર બક્ષીપંચ મોરચાના વોર્ડ નં.૨ પ્રમુખ ભરતભાઈ ડેરૈયાનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૪૨ વર્ષ પૂર્ણ કરી ૪૩મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ કાઠી દરબાર સમાજમાંથી આવે છે. છેલ્લા ૧૫ વર્ષથી ભાજપમાં સક્રિય કાર્યકર્તા છે.



તેઓ અગાઉ વોર્ડ નં.૨ બક્ષીપંચ મોરચાના મહામંત્રી અને વિધાનસભા-૬૯ના આઇટી સેલના બક્ષીપંચ મોરચામાં સેવા આપી ચુકયા છે. ઉપરાંત વોર્ડ નં.૨ કિશાન મોરચાના કારોબારી પણ રહી ચૂકયા છે. ચૂંટણી દરમિયાન વોર્ડ નં.૨માં બુથ સહ ઇન્ચાર્જ તરીકેની જવાબદારીનું વહન કરી ભાજપ તરફી વધુ વધુ મતદાન કરાવવા પ્રયત્નો કર્યા હતા. તેઓ મોદી સ્કૂલ (૧૫૦ ફૂટ રિંગ રોડ) સ્કૂલ વેન એસો.ના પ્રમુખ પણ છે. આજે તેમના જન્મદિવસે આગેવાનો, કાર્યકરો, સ્નેહીજનો મો.નં. ૯૯૭૮૯ ૦૦૦૯૯ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા બહુમાળી ભવનમાં ૧૬ રીચાર્જ બોર કરાવાયા

રાજકોટ,તા.૧૩

હાલમાં રાજકોટ જિલ્લામાં કોઈ પણ સરકારી વિભાગની કચેરી, સ્કૂલ, કોલેજ માં અગાસી અને ગ્રાઉન્ડનું વરસાદી પાણી માટે જમીનમાં ઉતારવા માટે રિચાર્જ બોર કરવાનો હોય તો ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. હાલમાં રાજકોટ સરકારી કચેરીઓમાં કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ બહુમાળી ભવનમાં ૧૬ રીચાર્જ બોર કરવામાં આવ્યા હતા. જેનું ઉદઘાટન રાજકોટના ધારાસભ્ય દર્શીતાબેન શાહ તથા રાજકોટ મનપાના દંડક મનીષભાઇ રાડિયાના હસ્તે કરવામાં આવેલ છે. જેનાથી વરસાદના મીઠા પાણી તળમાં ઉતરવાથી તળના પાણી ઊંચા આવે છે. અત્યારે અલગ અલગ ૭ થી વધારે કચેરીમાં રીચાર્જ બોર થઈ રહ્યા છે.



# સ્વ.જયસુખભાઈ વોરાની પ્રથમ પુણ્યતિથિ નિમિતે ધાર્મિક અનુષ્ઠાન સંપન્ન

રાજકોટ,તા.૧૩

ધર્મપ્રેમી જીવદયાપ્રેમી સ્વ. જયસુખલાલ જે. વોરા ની પ્રથમ પુણ્યતિથિ નિમિતે તારીખ ૧૧ના રવિવારેનાં ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય મણિયાર દેરાસર ખાતે સવારે ૯:૩૦ કલાકે પૂજ્ય પ્રિયદર્શિતાશ્રીજી મહારાજની નિશ્રામાં થી જિનેશ્વર મંડળ દ્વારા સ્નાત્ર પૂજા તથા સામાયિક નું આયોજન કરવામાં આવેલ. પધારેલ ભાવિકોને રૂપિયા ૧૭૦ની પ્રભાવના કરવામાં આવી. સાથોસાથ રાહદારીઓને વરિયાળીનું સરબત પણ પીવડાવવામાં આવ્યું.વોરા પરિવારના પરિવારજનો હિતેશભાઈ વોરા, પરેશભાઈ વોરા, વિમલભાઈ વોરા, વર્ષાબેન ભુપતભાઈ વોરા, તેજસ, ધ્રુવી, ક્રિશ, નીલ, નિશાંત અને આર્ય એ જહેમત ઉઠાવેલ..

આ ધાર્મિક કાર્ય માટે મણિયાર દેરાસરના જીતુભાઈ દેસાઈ, કિરીટભાઈ સંઘવી, પંકજભાઈ કોઠારી, અરૂણભાઈ દોશી, જીતેન્દ્રભાઈ ગાંધી, દીપકભાઈ મહેતા, હિરાચંદભાઈ શાહ, જયંતભાઈ મહેતા, અમિતભાઈ શેઠ, સતિષભાઈ રામસિના, હરેન્દ્રભાઈ ધંધુકિયા, રણજીતભાઈ શાહ, પ્રફુલભાઈ દામાણી, પુષ્પકભાઈ જૈન વગેરેએ અનુમોદના પાઠવેલ હતી.

# રઘુવંશી પરિવારનુ ગૌરવ

રાજકોટ,તા.૧૩



ખંધેડીયા પરિવારની સુપુત્રી સલોની વિક્રમભાઈ ખંધેડીયાએ તાજેતરમાં આવેલ ધોરણ ૧૦ના ગુજરાતબોર્ડ ના પરિણામ મા ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી ૯૯.૬૦ પી.આર. (૯૬ ટકા) મેળવી સમગ્ર રઘુવંશી પરિવારનું ગૌરવ વધારેલ છે. સલોનીના પરિણામનો શ્રેય નિયમિત મહેનત, સિસ્ટર નિવેદિતા માધ્યમિક શાળાના શિક્ષકોનું માર્ગદર્શન અને માતા-પિતાના આશીર્વાદને આપે છે.

# જગડ પરિવારનું ગૌરવ

રાજકોટ,તા.૧૩



ધો. ૧૦ બોર્ડની પરીક્ષામાં ૭૫% મેળવી સ્કૂલ લેવલે પ્રથમ વિજયી બની પ્રથમ જગડ એ જગડ પરિવારનું ગૌરવ વધારેલ છે. પ્રથમને આ ક્ષણે જગડ પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન મળી રહ્યા છે



# મનપા દ્વારા કવિ શ્રી નરસિંહ મહેતાની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાઇ

મહાનગરપાલિકા દ્વારા આજરોજ ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાની જન્મ જયંતિ પ્રસંગે તેઓની રામકૃષ્ણનગર ગાર્ડન ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાઇ હતી. આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય-૬૯ ડો. દર્શિતા શાહ, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીભાઈ ઠાકર, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઇ સોરઠીયા, કાયદો સમિતિ ચેરમેન કંકુબેન ઉધરેજા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઇ રાઠોડ, કોર્પોરેટરો દેવાંગભાઈ માંકડ, નાગર બ્રહ્મ સમાજના આગેવાનો, મેનેજર કે.બી.ઉનાવા તથા કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.



# સ્વામિનારાયણ મંદિરના ભકતોનું રકતદાન દ્વારા નિઃસ્વાર્થ યોગદાનઃ સરકારી તંત્રને સહયોગરૂપ બનવાના તૈયારી બતાવી

વિશ્વમાં ચાલી રહેલી તંગદિલી અને ભારત-પાકિસ્તાન વચ્ચેની તણાવભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, SMVS સ્વામિનારાયણ મંદિર, માધાપર ચોકડી પાસે, રાજકોટના આંગણે SMVS સંસ્થા દ્વારા રાષ્ટ્રીય સેવાભાવના અંતર્ગત ગત તા.૧૧ને રવિવારના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે કેમ્પમાં હરિભક્તો સહિત અન્ય લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સાથે દેશની સેવા અને જનહિત માટે સરકારી તંત્રને સહયોગરૂપ બનવાના આશયથી તંત્રને મદદરૂપ બની રહેવા સંસ્થા દ્વારા જરૂર પડ્યે ફૂડ પેકેટ કે અન્ય સામાજિક સેવા માટે કાર્યકરોની સેવા કરવા પણ સંસ્થા તંત્રની સાથે હંમેશા ઉભા રહેવાની તૈયારી સંસ્થા દ્વારા બતાવવામાં આવી છે.

# સર્વેશ્વર ચોક નાલાનું કામ ચોમાસા પહેલા ક્યાંથી પુરૂ થશે? યાજ્ઞિક રોડના વેપારીઓને મોટો ફટકો

## મુખ્ય રોડ બંધ અને જાગનાથ વિસ્તારમાં ચારે તરફ ખોદકામ : રહેવાસીઓ પરેશાન : કામ પુરૂ ન થાય તો દુકાનોમાં પાણી ઘુસશે : કમિશ્નરને સ્થળ વિઝીટ કરવા કોંગ્રેસ પ્રમુખ રાજાણીનો પત્ર





રાજકોટ, તા. ૧૩

શહેરની મધ્યમાં ડો. યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકના નવા નાલાનું કામ યાજ્ઞિક રોડને ક્રોસ કરાવવા હાલ આ મુખ્ય માર્ગ બંધ કરવામાં આવ્યો છે. હવે આ વર્ષે વહેલા ચોમાસાની આગાહી છે અને કામ ગોકળ ગતિએ ચાલે છે ત્યારે વેપારીઓને મોટી નુકસાન સહિતનો ત્રાસ ભોગવવો પડયો છે. બીજી તરફ જાગનાથ વિસ્તારમાં ચારે તરફ ખોદકામ થતું હોય, રહેવાસીઓ પણ હેરાન છે. જેથી કમિશ્નર સાઇટ વિઝીટ કરીને કામ દોડાવવાનું આયોજન કરે તેવી રજુઆત આજે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ કમિશ્નરને પત્ર લખીને કરી છે.

વેપારીઓને કનડતા આ પ્રશ્ન અંગે અગાઉ પણ વિપક્ષે રજુઆત કરી હતી. આજે ફરી રજુઆતમાં કોંગ્રેસે જણાવ્યું છે કે રાજકોટના મુખ્ય રસ્તાઓમાંનો એક ડો. યાજ્ઞિક રોડ પર હાલ સર્વેશ્વર ચોક પાસે નાલાનું કામ મહાનગરપાલિકા દ્વારા ચાલી રહ્યું છે. આ કામ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે. કોર્પો. અને કોન્ટ્રાક્ટરની આંતરિક ખટપટ અને યોગ્ય સંકલનના અભાવે હાલ વેપારીઓનો ખો નીકળી રહ્યો છે. આ કામ ૧૨ માસમાં પૂર્ણ કરવાનું હતું પરંતુ હાલ ૧૨ માસમાં કામ પૂર્ણ થાય તેમ જણાતું નથી. ચોમાસુ નજીક આવી જતા ભારે હાલાકી અને ચોમાસામા પાણીના જળ પ્રવાહમાં આ સમગ્ર વિસ્તાર જળબંબાકાર થવાની પુરી સંભાવના છે વેપારીઓને પણ મહાનગરપાલિકાની ઢીલી નીતિ ને કારણે ભોગવવાનો વારો આવ્યો છે અને કામ વિલંબ થતા ભારે આર્થિક નુકસાની વેઠવી પડે તેમ છે.

વધુમાં કમિશ્નરને રજૂઆતમાં જણાવ્યું હતું કે, સર્વેશ્વર ચોકના વોકળા પરના નાલાનું કામ ૪.૫૦ કરોડ માં કોન્ટ્રાક્ટરને અપાયું હોય ત્યારે આ કામ જૂન જુલાઈમાં પૂર્ણ ન થાય તો જળ હોનારતની ભિતી ઉભી થશે. દર વર્ષે ડો. યાજ્ઞિક રોડ પર નજીવા વરસાદે ગોઠણભેર પાણી ભરાય છે ત્યારે હાલ ન્યુ જાગનાથ અને જાગનાથ સહિતના વિસ્તારોમાં ડી આઇ પાઇપલાઇનનું કામ પણ ચાલુ હોય આડેધડ થતા ખોદકામના પગલે ખાડાઓનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. તો આ ખાડાઓમાં સિનિયર સીટીઝન અને આમ પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ખોદકામ બાદ પાઈપલાઈનનું કામ પૂર્ણ થયેલ તે ખાડા પર તાત્કાલિક મેટલિંગ કામ કરવું અત્યંત જરૂરી છે જે હાલ થતું ના હોવાને પગલે વિસ્તારમાં કાદવ કીચડનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. આ કારણે તંત્ર સામે લોકરોષ ભભૂક્યો છે અને માવઠાને પગલે શેરીઓમાં કાદવ કિચડનું સામ્રાજ્ય થયું છે ત્યારે જો બારે મેઘ ખાંગા થાય તો સમગ્ર વિસ્તાર અને આ જાગનાથમાં વોકળાની આસપાસની ઇમારતોમાં, ફ્લેટમાં તેમજ યાજ્ઞિક રોડ પરના વેપારીઓની દુકાનોમાં પાણી ઘુસી જવાનો ભય છે.

દરમ્યાન હવામાન ખાતા તરફથી આ વખતે આગાહી મળેલ છે કે ચોમાસુ વહેલાસર આવશે ત્યારે કામ જૂન પહેલા પૂર્ણ થાય એ પ્રકારે કમિશ્નર સાઇટ વિઝીટ કરી વેપારીઓ અને સ્થાનિક રહેવાસીના મંતવ્યો જાણી તાત્કાલિક યોગ્ય કરે તે જરૂરી છે. અગાઉ કામ ઝડપથી કરવા બાબતે રજુઆત કરવામાં આવી હતી પરંતુ તેનો કોઈ પ્રત્યુતર મળેલ નથી. કોઈપણ કારણસર ટેન્ડરમાં રહેલ શરતો મુજબ કામ સમયસર પૂર્ણ ન થાય તો કામ કરનાર એજન્સી સામે દંડનીય કાર્યવાહી થવી જોઈએ, કારણ કે કામમાં વિલંબ થવાથી વેપારીઓને આર્થિક નુકસાની સહન કરવી પડે છે.

આ રીતે વેપારીઓ અને અગાઉ કોંગ્રેસ દ્વારા કરાયેલી રજુઆત ધ્યાને લઇ તુરંત કામની ગતિ વધારવા અને ચોમાસા પહેલા કામ પુરૂ થાય તેવું આયોજન કરવા વિપક્ષે રજુઆત કરી છે.

# ભાજપ લીગલ સેલ તથા યુવા સહાયક ટીમ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૨ યોજાશે

## તા. ૧૪, ૧૫, અને ૧૬ ત્રણ દિવસ વિરાણી હાઈસ્કૂલનાં ગ્રાઉન્ડમાં ભવ્ય આયોજન

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેર ભાજપ લીગલ સેલના માર્ગદર્શન હેઠળ ભાજપ યુવા લીગલ સેલ સહાયક ટીમ દ્વારા યુવા એડવોકેટો માટે ગત વર્ષના અતી ભવ્ય આયોજન બાદ ફરીથી આ વર્ષે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન - ૨ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જેને લઈને યુવા વકીલોમાં ખુબ જ ઉત્સાહ છે. અનેક ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

ગત વર્ષના આયોજનને વકીલોએ બીરદાવેલ હતું. ત્યારે આ વખતે તા.૧૪/૫/૨૫ થી તા.૧૬/૫/૨૫ એમ સતત ત્રણ દીવસ સુધી રાજકોટના ટાગોર રોડ ઉપર આવેલ વિરાણી હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે આવેલ બોક્સ ક્રિકેટ પીચ ખાતે આ ટુર્નામેન્ટ યોજાશે. કુલ - ૨૦ ટીમોએ ભાગ લીધો છે. જેમાં (૧) રાઈઝીંગ ઈન્ડીયા (૨) પ્રાઈડ ઈલેવન (૩) ટીમ ઈન્ડીયા (૪) સુપર સ્ટાર - એ (૫) ફ્રેન્ડ્સ એન્ડ બુલ ઈલેવન (૬) રાઈઝીંગ સ્ટાર (૭) એન્ડ્રોઈડ ઈલેવન (૮) યંગ સ્ટાર ટીમ (૯) વોરીયર ઈલેવન (૧૦) સુપર સ્ટાર - બી (૧૧) ટર્મીનેટર ટીમ (૧૨) ગોંડલીયા ઈલેવન (૧૩) ક્રિમીનલ બાર ઈલેવન (૧૪) એમ.એ.સી.પી ઈલેવન (૧૫) લાયન ઈલેવન (૧૬) અમીધારા ટીમ (૧૭) એલ.એસ.એફ ઈલેવન (૧૮) રેવન્યુ બાર ટીમ (૧૯) રાઈઝીંગ લોયર્સ ટીમ તથા (૨૦) ડોડીયા ઈલેવનનો સમાવેશ થાય છે. રાજકોટ ભાજપ લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ, તથા અન્ય વકીલોની હાજરીમાં કોર્ટ કેમ્પસમાં જાહેરમાં થયેલ ડ્રો મુજબ વીવીધ ટીમો વચ્ચે મેચ રમાડવામાં આવશે જેમાં વીજેતા ટીમો ને શીલ્ડ તેમજ ઈનામો આપવામાં આવશે. પ્રોફેશ્નલ મ્પાયર મેચનું એમ્પાયરીંગ કરશે. દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે અલ્પાહારનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. તા. ૧૪ના રોજ સાંજના ૭.૩૦ કલાકે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે ના હસ્તે ટુર્નામેન્ટનો શુભારંભ કરાશે. ત્યારે મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વીનભાઈ મોલીયા તેમજ પ્રદેશ લીગલ સેલના સહ સંયોજક અનીલભાઈ દેસાઈ, કારોબારી સભ્યો કિશોરભાઈ સખીયા, હીતેશભાઈ દવે, માર્કેટીંગ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોધરા, જાણીતા શિક્ષણવિદ ઘનશ્યામભાઈ હેરભા, સામાજીક આગેવાન અને એડવોકેટ પરેશભાઈ ઠાકર, અગ્રણી વેપારી તથા એડવોકેટ જયંતીભાઈ સરધારા, રાજકોટ બાર પ્રમુખ પરેશભાઈ મારૂ, સિનિયર એડવોકેટ લલિતસિંહ શાહી, જી.આર. ઠાકર, તુલસીદાસ ગોંડલીયા, આર.ડી. દવે, કમલેશભાઈ શાહ, સુરેશભાઈ ફળદુ, આર.ડી. ઝાલા, અશ્વીનભાઈ પોપટ, પ્રશાંતભાઈ જોષી, જયેશભાઈ જાની, પી.સી. વ્યાસ, અર્જુનભાઈ પટેલ, અજયભાઈ જોશી, અંશભાઈ ભારદ્વાજ, કિરીટભાઈ પાઠક, ભાસ્કરભાઈ જસાણી, સી.એચ. પટેલ, વિજયભાઈ તોગડીયા, આર.ડી. દવે, કમલેશભાઈ ઠાકર, દીલસુખભાઈ રાઠોડ, જે.બી. શાહ, મયંકભાઈ પંડયા, અશ્વીનભાઈ ગોસાઈ, રૂપરાજસિંહ પરમાર, તુષારભાઈ બસલાણી, નરેન્દ્રસિંહ ચાવડા, અજય ચૌહાણ, અશ્વીનભાઈ મહાલીયા, નીવીદભાઈ પારેખ, દાનાભાઈ બગડા, દીવ્યેશ મહેતા, દિલેશભાઈ શાહ, મેહુલ મહેતા, બાલાભાઈ સેફાત્રા, દિવ્યેશભાઈ શેઠ, જીતેન્દ્રસિંહ જાડેજા, ચેતનભાઈ આસોદરીયા, વિજયભાઈ ગોહેલ, એન.ડી.જેઠવા, ચંદ્રેશભાઈ પરમાર, ચંદ્રસિંહ તલાટીયા, તેમજ સરકારી વકીલો અનીલભાઈ ગોગીયા, મહેશભાઈ જોષી, અતુલભાઈ જોષી, પ્રશાંતભાઈ પટેલ, તરૂણભાઈ માથુર, પરાગભાઈ શાહ, દીલીપભાઈ મહેતા, મુકેશભાઈ પીપળીયા, મનીષભાઈ દવે, ભાવેશભાઈ રંગાણી, મહેશભાઈ સખીયા, જયભારત ધામેચા, અશોકભાઈ ત્રાંબડીયા, નંદકીશોર પાનોલા, કલ્પેશ મૈયડ, વિશાલ સોલંકી, અજયસિંહ ચુડાસમા, આનંદ સદાવ્રતી, મુકેશ પંડયા ઉપસ્થિત રહેશે.

રાજકોટ ભાજપ લીગલ સેલના કોરકમીટીના સભ્યો જયસુખભાઈ બારોટ, શૈલેષભાઈ વ્યાસ, રાકેશભાઈ ગોસ્વામી, વિમલભાઈ ડાંગર, વીરેનભાઈ વ્યાસ, ધર્મેશભાઈ સખીયા તથા નેહાબેન જોષી, રાજકોટ સંસદીય મતવીસ્તાર ઈન્ચાર્જ રક્ષીતભાઈ કલોલા, સહઈન્ચાર્જ અભિષેકભાઈ શુકલ, વિધાનસભા - ૬૮ના ઈન્ચાર્જ નૃપેનભાઈ ભાવસાર, સહઈન્ચાર્જ અશ્વીનભાઈ શેખલીયા, વિધાનસભા - ૬૯ ના ઈન્ચાર્જ આબીદભાઈ સોશન, સહઈન્ચાર્જ લલીતભાઈ કાલાવડીયા, વિધાનસભા ૭૦ ના ઈન્ચાર્જ પંકજભાઈ દોંગા, સહઈન્ચાર્જ મુકેશભાઈ પીપળીયા, વિધાનસભા - ૭૧ના ઈન્ચાર્જ હરેશભાઈ પરસોંડા, સહઈન્ચાર્જ મનસુખભાઈ સાંકળીયા, કોર્ટ કેમ્પસ કન્વીનર જીતેન્દ્રભાઈ પારેખ, સહ કન્વીનર હેમાંશુભાઈ પારેખ, રવીરાજ પરમાર હાજર રહી ખેલાડીઓને બળ પુરૂ પાડશે.

ભાજપ યુવા લીગલ સહાયક સેલના કન્વીનર અભિષેક શુકલ, સહકન્વીનર સાગર હપાણી, સહકન્વીનર નિશાંત જોષી, પાર્થરાજસિંહ ઝાલા, કીશન રાજાણી, રવિ ધ્રુવ, હીત અવલાણી, યશ ચોલેરા, આનંદ રાધનપુરા, જીતેશ રાઠોડ, ભૂમિકા પટેલ, હેમલ ગોહેલ, ચેતન ચોવટીયા, મનન ભીમાણી, કેવલ પુરોહીત, દીપ વ્યાસ, રવિ લાલ, કરણ ગઢવી, રાહુલ મકવાણા, ભાર્ગવ બોડા, અજયસિંહ ચુડાસમા, હુશેન હેરંજા, કૈલાશ જાની, અંકીત જાવીયા, કેયુર ગાંધી, મૌલીક જોષી, ધવલ તન્ના, શકિત ગઢવી, જેનીલ પરસોંડા, ચીત્રાંગ વ્યાસ, નીલ શુકલ, વારીસ જુણેજા, વિક્રાંત વ્યાસ, રાજદીપ દાસાણી, કશ્યપ ઠાકર, શિવદીપસિંહ ઝાલા, મહેશ પુંઘેરા, પાર્થ ત્રીવેદી, ભાવીક આંબલીયા, પાર્થ સંઘાણી, મીડીયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠ જહેમત ઉઠાવી રહયા છે. વકીલો મોટી સંખ્યામાં હાજર રહે તે માટે કન્વીનર પીયુષભાઈ શાહ, સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયા સહિતનાએ નિમંત્રણ પાઠવેલ છે.





# અમદાવાદ એરપોર્ટની ઉંચી ઉડાનઃ નવી સુવિધાઓ સાથે મુસાફરોની સંખ્યામાં વિક્રમી વધારો

અમદાવાદ તા.૧૩ : વૈશ્વિકસ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના મુખ્ય ઇન્કયુબેટર અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડની પેટાકંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ (SVPI) એરપોર્ટ સતત વિકાસ માટે માર્ગ મોકળો કરી રહ્યું છે.

૦૧ એપ્રિલ ૨૦૨૪ અને ૩૧ માર્ચ ૨૦૨૫ વચ્ચે SVPI એરપોર્ટે અભૂતપૂર્વ ૧,૩૪,૨૭,૬૯૭ મુસાફરોનું સ્વાગત કર્યું હતું, જે અગાઉના નાણાકીય વર્ષમાં ૧,૧૬,૯૬,૨૨૭ મુસાફરોની સરખામણીમાં ૧૪.૮ % નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ પ્રભાવશાળી વૃદ્ધિ અમદાવાદનું અગત્યના ગંતવ્ય સ્થાન અને પરિવહન સ્પોટ તરીકેનું મહત્વ ઉજાગર કરે છે. ૧૧ મિલિયનથી વધુ સ્થાનિક મુસાફરો સ્થાનિક ક્ષેત્રની મજબૂતી દર્શાવે છે. જેમાં ૨.૨ મિલિયનથી વધુ મુસાફરો અમદાવાદથી વૈશ્વિક સ્થળો સાથે જોડાયા છે.ગત નાણાકીય વર્ષમાં અમદાવાદમાં અનેક વૈશ્વિક કાર્યક્રમોના આયોજનને કારણે મુસાફરોનો ધસારો ટોચ પર પહોંચ્યો હતો. એરપોર્ટે ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ૩૫૧ વિમાનોની હિલચાલ સાથે પ્રભાવશાળી ૪૮,૧૩૭ મુસાફરોને સેવા આપી અત્યાર સુધીનો સૌથી વધુ મુસાફરોનો રેકોર્ડ સર્જ્યો હતો. તેણે ૨૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ ૪૨,૨૨૪ મુસાફરો અને ૩૨૮ એર મોમેન્ટસના રેકોર્ડને વટાવ્યો હતો.

૪૮ થી વધુ સ્થાનિક અને ૧૬ આંતરરાષ્ટ્રીય સ્થળો સાથે જોડાએલ SVPI એરપોર્ટ હાલમાં દરરોજ ૩૬,૮૦૦ થી વધુ મુસાફરોને સેવા આપે છે, જેમાં સરેરાશ ૨૮૮ ફ્લાઇટ્સ છે, જેમાં ચાર્ટર મૂવમેન્ટ્સનો સમાવેશ થાય છે.

અમદાવાદ એરપોર્ટ પર એર ટ્રાફિક મૂવમેન્ટ્સમાં (ATM) પણ ૧૬.૨% નો નોંધપાત્ર વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૪-૨૫ માં એરપોર્ટે ૧૦૧,૧૧૯ વિમાનોનું સંચાલન કર્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૩-૨૪ માં ૮૭,૦૨૫ મૂવમેન્ટ કરતા વધારે છે. વધેલી કાર્યકારી ક્ષમતા વ્યૂહાત્મક માળખાગત રોકાણોનું સીધું પરિણામ છે. પાંચ નવા પાર્કિંગ સ્ટેન્ડ્સનો ઉમેરો અને હાલના એરોબ્રિજ પર મલ્ટીપલ એરક્રાફ્ટ રેમ્પ સિસ્ટમ (MARS) ના અમલીકરણથી ઉપલબ્ધ જગ્યાનો ઉત્તમ ઉપયોગ સરળ બન્યો છે.

વધતી માંગને વિશ્વ-સ્તરીય સુવિધાઓ સાથે મેચ કરવાની જરૂરિયાત જોતા SVPI એરપોર્ટે છેલ્લા એક વર્ષમાં માળખાકીય અને તકનીકી સુધારાઓનો એક વ્યાપક કાર્યક્રમ શરૂ કર્યો છે. સુધારા પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરી મુસાફરોના આરામમાં વધારો અને કાર્યકારી શ્રેષ્ઠતા સુનિશ્ચિત કરવા રચાયેલ છે:

અત્યાધુનિક સફાઈ ટેકનોલોજી: સફાઈ માટે રોબોટ્સ એરપોર્ટ પરિસરમાં સ્વચ્છતા અને કાર્યક્ષમતાના ઉચ્ચતમ ધોરણો માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ઝડપી ચેક-ઇન: વધુ સેલ્ફ-બેગેજ ડ્રોપ મશીનોનો ઉમેરો થવાથી ચેક-ઇન પ્રક્રિયા ઝડપી બનાવી કતારો ઘટાડવા અને એકંદર પ્રવાહમાં સુધારો થયો છે.

સીમલેસ ઇમિગ્રેશન: ટર્મિનલ ૨ પર ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન - ટ્રસ્ટેડ ટ્રાવેલર્સ પ્રોગ્રામ (FTI-TTP) અને ડિજી યાત્રાનો પ્રારંભ મુસાફરોને સરળ ઇમિગ્રેશનનો અનુભવ પ્રદાન કરે છે.

ઉન્નત ટર્મિનલ ક્ષમતા: ટર્મિનલ ૨ માં નવા વિસ્તૃત ચેક-ઇન હોલનું ઉદઘાટન મુસાફરોને તૈયારી માટે વધુ જગ્યા ધરાવતું અને આરામદાયક વાતાવરણ પૂરું પાડે છે.

ઓપરેશનલ સુધારાઓ ઉપરાંત SVPI એરપોર્ટે વિવિધ સુવિધાઓ દ્વારા મુસાફરોના અનુભવને ઉન્નત કરી રહ્યું છે:

બધા માટે કનેક્ટિવિટી: બિન-ભારતીય સિમકાર્ડ ધારકો માટે મફત Wi-Fi કૂપન કિઓસ્કની સ્થાપના મુસાફરોને આગમન અને પ્રસ્થાન સમયે કનેક્ટેડ રહેવા સક્ષમ બનાવે છે. કાર્યક્ષમ ઇન્ટર-ટર્મિનલ ટ્રાન્સફર: ઇન્ટર-ટર્મિનલ ઇલેક્ટ્રિક શટલ બસો કનેક્ટિંગ ફ્લાઇટ્સ માટે મુસાફરોને પરિવહનનું ઉત્તમ અને અનુકૂળ માધ્યમ પ્રદાન કરે છે.

સ્વાગત સુવિધાઓ: ટર્મિનલ ૧ પર ઉડાન યાત્રી કાફેનું ઉદઘાટન મુસાફરોને આરામદાયક જગ્યામાં ખાણીપીણીના વિકલ્પોની આપે છે.

SVPI એરપોર્ટની વધતી જતી કનેક્ટિવિટી વર્ષ દરમિયાન અનેક નવા રૂટ શરૂ થવાનું પરિણામ છે. સ્થાનિક રૂટમાં ગુવાહાટી, તિરુવનંતપુરમ, નાંદેડ, કોલ્હાપુર, દિમાપુર અને કિશનગઢનો સમાવેશ થાય છે, જેનાથી સમગ્ર ભારતમાં એરપોર્ટની પહોંચનો વિસ્તાર થયો છે. તો આંતરરાષ્ટ્રીય સ્તરે, ડોન મુઆંગ (બેંગકોક), કુઆલાલંપુર અને દા નાંગ સુધીના નવા રૂટથી અમદાવાદના વૈશ્વિક જોડાણો મજબૂત થયા છે. દિલ્હી, જેદ્દાહ, ડોન મુઆંગ, કુવૈત, કોલકાતા, કોચી અને અબુ ધાબી જેવા મુખ્ય સ્થળોએ ફ્લાઇટ ફ્રીક્વન્સીમાં વધારો વધતી માંગ અને મુસાફરોની જરૂરિયાતો પ્રત્યે એરપોર્ટની પ્રતિભાવશીલતાને પ્રતિબિંબિત કરે છે. એસટી દ્વારા વડોદરા માટે સીધી બસ સેવા શરૂ કરી છે, જે મુસાફરોની સુલભતામાં વધારો કરે છે.

## ગૌરાંગ રામાણીએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૧.૧૭ PR મેળવ્યા



સિવિલ કોર્ટમાં આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હરકિશનભાઈ એમ. રામાણીના સુપુત્ર રામાણી ગૌરાંગ હરકિશનભાઈ એ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૧.૧૭ PR મેળવી સમગ્ર રામાણી પરિવાર તથા લેઉવા પટેલ સમાજ તેમજ BAPS સ્વામિનારાયણ વિદ્યા મંદિર-ગોંડલનું ગૌરવ વધારેલ છે. ભવિષ્યમાં ગૌરાંગ તબીબી ક્ષેત્રમાં આગળ વધી સમાજ સેવા કરવાની ઈચ્છા ધરાવે છે. આ તકે શાળાના ગુરૂજનો, માતા દિવ્યાબેન, પિતા હરકિશનભાઈ, મોટા બહેન હેન્સીબેન તથા સર્વે પરિવારજનો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું આયોજન

રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ,રાજકોટ દ્વારા આગામી ૩૨માં 'સરસ્વતી સન્માન સમારંભ ૨૦૨૫' નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા મોચી જ્ઞાતિના તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે. જેમાં ધો. ૧ થી ૧૨ સુધીના વર્ષ ૨૦૨૫માં ૭૦ થી વધુ માર્કસ સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ધો. ૧૨ પછી ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ જે તે કોર્ષની ફાઈનલ પરીક્ષા ૨૦૨૫ માં આપેલ હોય અને પાસ થયેલ હોય તેમણે જ માર્કશીટ આપવાની છે. દરેક વિદ્યાર્થીએ માર્કશીટની પાછળ પોતાનું પુરું નામ, સરનામું, મોબાઈલ નંબર અવશ્ય લખવાના રહેશે.

# સાર્વજનિક ટ્રસ્ટોને પડતી સમસ્યાઓ નિવારવા ગ્રેટર ચેમ્બરની રજૂઆત

## સંયુકત ચેરીટી કમિશ્નરની પોસ્ટ ઉપર કાયમી નિમણુંક કરવા સાથે સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી પ્રક્રિયા ઝડપી બનાવવા લેખીત રજૂઆત

- ◆ટ્રસ્ટોમાં નામ કમી કરવામાં લાંબા સમય સુધી કામો પેન્ડીંગ
- ◆મિલ્કત વેચાણ-ખરીદીના દસ્તાવેજોમાં ફેરફાર રિપોર્ટમાં મુદ્દતો
- ◆ટ્રસ્ટની નોંધણી સમયે મિલ્કત ચકાસણીમાં નોંધણી પેન્ડીંગ
- ◆ચેરીટી ડીપાર્ટમેન્ટમાં અનેક ખાલી જગ્યાઓથી કામોમાં વિક્ષેપ
- ◆કાયદામંત્રી ચેરીટી કમિશ્નરને લેખીત રજૂઆત સાથે સુચનો

રાજકોટ,તા.૧૩

અત્રેથી ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝને તેમના સભ્યો કે જેઓ ટ્રસ્ટ તરીકેની કામગીરી બજાવતા હોય છે તેઓને પ્રવર્તમાન સમયમાં પડતી મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમાધાન અર્થે થતા નિવારણ માટે ગ્રેટર ચેમ્બર દ્વારા સરકારના મુખ્યમંત્રી, કાયદામંત્રી, ગૃહમંત્રી તથા ચેરીટી કમીશનરને લેખીતમાં રજુઆત કરીને જે-તે બાબતો અંગે સત્વરે નિર્ણય લઇને તેમાં પગલાઓ લેવા માટે સુચન કરવામાં આવેલ છે.

૧. ટ્રસ્ટોનાં ટ્રસ્ટીઓમાં થતાં ફેરફાર રીપાર્ટો કે જેમાં કોઈ તકરાર નથી, કોઈ વાંધા નથી તેવા ફેરફાર રીપોર્ટો પણ અમુક અધિકારીઓ અને કર્મચારીઓ ખોટી કવેરીઓ રેઈઝ કરીને પેન્ડીંગ રાખવાનો અભિગમ ધરાવે છે. જેમાં ટ્રસ્ટીઓનાં પીરીયોડીકલ ઈલેકશન, ટ્રસ્ટીઓનાં અવસાનનાં કારણે માત્ર નામ કમી કરવાનાં ફેરફાર રિપોર્ટો પણ પેન્ડીંગ રાખવામાં આવે છે. અવસાનની ઈન્કવાયરી કરવામાં સમય કેટલો લાગે? તેમાં પણ જયારે અવસાનનો દાખલો રજૂ થાય પછી કામ પેન્ડીંગ રાખવાનાં કારણોસર રાખતા નથી. જેમાં વ્યક્તિનું અવસાન થતાં તેનું નામ કમી કરવાનું હોય તેવા ફેરફાર રીપોર્ટો પેન્ડીંગ રાખવા પાછળનો અર્થ શું? તેનું મનોમંથન ચેરીટી ડીપાર્ટમેન્ટએ કરવાનું રહે. પરંતુ આવી પરિસ્થિતિ લાંબો સમય સુધી અમલમાં રહે છે અને આવા કામ લગભગ ઘણા બધા અધિકારીઓ ધ્વારા પેન્ડીંગ રાખવામાં આવે છે.

૨. આ જ રીતે સ્થાવર મિલકત નોંધવામાં કે, સ્થાવર મિલકત કમી કરવામાં જે ડોકયુમેટ રજુ થાય, મિલકત વેચાણનાં કે, ખરીદીનાં દસ્તાવેજો રજૂ થાય તેનાં ફેરફાર રીપોર્ટો પણ એક કરતાં વધુ મુદતો માટે સુનાવણી માટે પેન્ડીંગ રાખીને કામ લંબાવવામાં આવે છે જે ટ્રસ્ટો માટે, ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ માટે ખુબ જ આઘાતજનક પરિસ્થિતિ છે. ટ્રસ્ટીઓને આવા કામોમાં ધકકા ખાતા રાખવાનો કોઈ જ કારણ નથી. યોગ્ય અભિગમ અપનાવવામાં આવે તે જરૂરી છે.

વી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની કલમ - ૫૭ અને ધી ગુજરાત પબ્લિક ટ્રસ્ટસ રૂલ્સ ૧૯૬૧ ની જોગવાઈઓ અનુસાર ફાળામાંથી મુકતી આપવામાં આવી છે તેવા ટ્રસ્ટો ઉપર કોઈ ન સમજી શકાય તેવા કારણોસર ફાળાની આકારણી કરી દેવામાં આવે છે અને ફાળો આકારણી થયા પછી તેમાં પૈસા એડવાન્સમાં ભરાવીને વાંધા અરજી રજુ કરવાનું કહેવામાં આવે છે અને આવી કામગીરી વર્ષો સુધી ચેરીટી ડીપાર્ટમેન્ટ દ્વારા ચલાવવામાં આવે છે અને ટ્રસ્ટોને જો તે લડાઈ આપવામાં ન માને તો આવી રકમ ભરી દેવાની ફરજ પાડવામાં આવે છે. લોકલ લેવલે જે વ્યક્તિઓ પોતાની શાખ, પોતાના નાણા અથવા લોકો પાસેથી નાણા ધન સ્વરૂપે મેળવીને પબ્લિક એટ લાર્જનો આવા બેઈઝીક જરૂરિયાતોમાં મદદરૂપ થઈ શકે તેવા કાર્યો કરતાં હોય તેના માટે જ ટ્રસ્ટની રચનાઓ થતી હોય ત્યારે તેવી સાર્વજનિક સંસ્થાઓને આવી ફાળાની રકમો આકારણી કરીને ચેરિટી કમિશ્નરો છેક હાઈકોર્ટ સુધી ધકકાઓ ખાતા કરી દેવાનું કોઈ કારણ સમજી શકાતું નથી. આવી રકમ પબ્લિક માટે લોકો દાન આપે છે છતાં આવી ફાળાની રકમ ઉઘરાવવામાં આવે છે જે બંધ કરાવવી જરૂરી છે.

કેટલાંક કર્મચારીઓ અને અધિકારીઓ સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી સમયે ટ્રસ્ટમાં મિલકત નથી તે ચકાસણી કરવા માટે મહીનાઓ અને વર્ષો સુધી ટ્રસ્ટની નોંધણી જ અટકાવી રાખે છે સૌરાષ્ટ્રની કચેરીઓનો ડિટેઇલ ઇન્સ્પેકશન મેળવવામાં આવે તો ઘણું બધુ બહાર આવે તેવી પરિસ્થિતિ છે.

જૈન અગ્રણીઓની પાંજરાપોળનાં કે ધાર્મિક હેતુઓ સાથે ટ્રસ્ટ નોંધણી માટે મુકવામાં આવે તો, ઈન્કવાયરીનાં ઓઠા હેઠળ આવી નોંધણીઓ પેન્ડીંગ રાખવામાં આવે છે. હવે હિન્દુ કે જૈન વ્યકિતઓ અને તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્રનાં કે ગુજરાતનાં લોકો પાંજરાપોળની પ્રવૃતિઓ સાથે સંસ્થાઓની રચના નહી કરે તો બીજું કોણ કરશે

વર્તમાનમાં ચેરીટી કમિશ્નર અને સરકારશ્રી ધ્વારા સાર્વજનિક ટ્રસ્ટોની મિલકત વેચાણ સંબંધે કેટલાંક નવા રીસ્ટ્રીકસન્સ મુકવામાં આવ્યા છે જેમાં મિલકતોનાં ભાવ નકકી કરવાની સત્તા કલેકટર સહીતની કમીટીને સોંપવામાં આવેલી છે. આ કાર્યવાહી સામે કે, કાર્યપધ્ધતી સામે કોઈ વાંધો કે, વિરોધ નથી. પરંતુ, આવી કાર્યવાહી નિશ્ચિત સમયમર્યાદામાં કરી આપવામાં આવે તે માટે જરૂરી પગલાં લેવાય તે આવશ્યક છે.

વર્તમાનમાં કેટલીક રજુઆતો એવી પણ આવી છે કે, ચેરીટી ડીપાર્ટમેન્ટમાં મોટાભાગનાં અધિકારીઓ જુદી જુદી જગ્યાએથી રીટાયર્ડ થઈને એક - એક, બે - બે વર્ષ માટે સેવાઓ આપવા માટે આવે છે. આ કાર્યવાહી સામે કોઈ વાંધો કે વિરોધ નથી. પરંતુ, નિયમીત અને કાયમી કે, લાંબાસમયની સમયમર્યાદાવાળા અધિકારીઓની નિમણુંક કરવામાં આવે તો, તેઓ એક તો ડીપાર્ટમેન્ટનાં ચેરીટી ડીપાર્ટમેન્ટમાં જે જે જગ્યાઓ ખાલી હોય તે જગ્યાએ લાંબા સમય માટે અગર કાયમી અધિકારીઓની ભરતીની પ્રક્રિયાઓ તાત્કાલીક હાથ ધરવામાં આવે તે માટે રજુઆતો છે. અગર એકી સાથે બે કે તેથી વધુ વર્ષ માટે નિમણુંક થાય તેવી રજુઆત છે.

૮. રાજકોટમાં ચેરીટી કમીશ્નરની કચેરીના સંયુકત ચેરીટી કમીશ્નરની પોસ્ટ ઉપર ઘણા સમયથી કાયમી નિમણુક કરવામાં આવેલ નથી. એડીશનલ ચાર્જથી આ જવાબદારી સોંપવામાં આવેલ છે. તાત્કાલીક અસરથી એડીશનલ ચાર્જને બદલે રેગ્યુલર ચાર્જના સંયુકત કમીશ્નરની નિમણુંક કરવામાં આવે.

તેવી માંગ છે તેમ ગ્રેટર રાજકોટ ચેમ્બેર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડકસ્ટ્રીઝના ઉપપ્રમુખ રમેશભાઇ ઝાલાવડીયા તથા માનદ સહમંત્રી સુનીલભાઇ ચોલેરાની યાદીમાં જણાવાયું છે.

# આ વર્ષે સિંહ ગણતરી પદ્ધતિમાં કેમેરા-જીપીએસનો ખાસ ઉપયોગથી સાચો અંદાજ આવશેઃ તખુભાઈ સાંડસુર

## સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓના ૫૮ તાલુકાઓમાં સિંહોનો વિહાર

રાજકોટ,તા.૧૩

દસમી મે ગુજરાતના તમામ સાવજોની ગણતરી કરવાનું કામ ઉત્સાહથી આરંભ કરવામાં આવ્યું. સાસણ ગીરમાં પોતાનું નિવાસ બનાવીને બેઠેલો એસિયાટિક લાયન હવે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ ૫૮ તાલુકો અને ૩૫૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં વિહાર કરે છે.સિંહ આપણી સૌરાષ્ટ્રની, કાઠીયાવાડની ધરાની આગવી ઓળખ છે. અનેક કહાનીઓ તેમના જીવનની સાથે જોડાયેલી છે.આ ડાલામથ્થો જયાં વિહાર કરે છે તે વિસ્તારના રહેવાસીઓના સદભાગ્ય જ ગણાય. પણ સરકારને તેમના પોષણ,વ્યવસ્થાપન વગેરે માટે પણ ગણતરી કરવી જરૂરી છે. તેથી સને ૧૯૩૬ માં સૌથી પહેલી ગણતરી કરવામાં આવેલી અને હવે અત્યારે થઈ રહેલી આ ગણતરી વસ્તી અંદાજ ૧૬ મો વસ્તી અંદાજ છે. અંદાજ એટલા માટે કહેવું જોઈએ કે આ તો વન્ય પ્રાણી છે તેથી ઘણી વખત તેને શોધવું એ પણ અઘરું પડતું હોય છે પણ તેમ છતાં વન્યજીવની સાથે સંકળાયેલા સૌ લોકો મહેનત કરીને તેને શોધીને સીધી ગણતરી કરે છે. એક જમાનો હતો કે જ્યારે કલર ઉપરથી ફુટ માર્ક ઉપરથી અને બીજી બધી રીતે પણ ગણતરીઓ થતી હતી. પણ ૨૦૨૫ માં યોજાયેલો આ અંદાજ થોડો અલગ પ્રકારનો એટલે છે કે તેને સમગ્ર એશિયાટિક લાયન લેન્ડસ્કેપને અલગ અલગ વિસ્તારોમાં, બીટમાં વહેંચવામાં આવ્યો છે. એ બીટમાં એક સાથે ગણતરી થાય તેથી તેમાં પરફેક્શન વધારે આવી શકે છે. તેથી તેને બીટ



કરેક્શન કાઉન્ટિંગ તરીકે ઓળખવામાં આવે છે. સાથે સાથે કેમેરા અને જીપીએસ માં પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ગણતરીમાં કુલ ૩૧૧૬ લોકો જેમાં ૮૦૦ થી વધારે સ્વયંસેવકો પણ છે તે બધા જોડાયેલા છે. ૧૧૨ જેટલા સબ ઝોનમાં બધા જ વિસ્તારને વહેંચવામાં આવ્યા છે. જ્યારે ૧૫ મી વસ્તી ગણતરી થઈ ત્યારે કુલ આઠ જેટલા વિસ્તારો સિંહને વિસ્તરવા માટે નક્કી કરવામાં આવેલાં.હવે કદાચ એકાદ વિસ્તાર નવો પણ ઉમેરાઈ શકે છે. તેથી આ વખતની વસ્તી ગણતરી એ થોડી અલગ રીતે થઈ રહી છે. અહીંયા વસ્તી ગણતરીના પશ્ચાદભુમાં જઈએ તો ૨૦૦૫માં સિંહોની સંખ્યા ૩૨૭,સને ૨૦૧૦ મા ૩૫૯, સને ૨૦૧૫માં ૪૧૧ અને છેલ્લે ૨૦૨૦ માં ૬૭૪ આમ આ આંકડા ઉપર નજર કરીએ તો દેખાય છે કે છેલ્લાં આંકડાઓ ને બાદ કરતા લગભગ ૧૦- ૧૨% નો વધારો પાંચ વર્ષે જોવા મળ્યો છે. પરંતુ છેલ્લે ૨૦૧૫ અને ૨૦૨૦ વચ્ચેનો સમયગાળો એ ૬૩% નો વધારો દેખાડે છે એટલે કે એ ખૂબ મોટો વધારો ગણી શકાય. હવે ૨૦૨૫ માં આંકડો ક્યાં પહોંચે છે તેના ઉપર સૌની નજર છે.વસતિ અંદાજ-૨૫ નો આખરી તબક્કો તા ૧૩-૫-૨૫ ના પુરો થશે.બાદમા આ આંકડાઓ રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવશે.

# શુક્રવારે વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક દંતયજ્ઞ અને રાહતદરે બત્રીસીનો કેમ્પ યોજાશે

રાજકોટ, તા.૧૩

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન દ્વારા આગામી તા.૧૬ને શુક્રવારના રોજ નિ:શુલ્ક દંત ચિકિત્સા અને રાહતદરે બત્રીસીના કેમ્પનું નંદ-મધુ ભવન, વાણીયા શેરી, બહુચર ધામ મંદિર પાસે મુ. લાઠી જિ.અમરેલી ખાતે રાખેલ છે.

લાઠી અને આસપાસના ગ્રામ્યજનો માટે દાંતના રોગોનું નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં રાજકોટ થી ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના ડો.જયસુખભાઈ મકવાણા અને તેમની ટીમ ડો. સંજય અગ્રાવત, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ સેવા આપશે. દાંતના દર્દીઓને તપાસી દવા આપવામાં આવશે અને જરૂર હશે તેમને દાંત આયુર્વેદની 'જાલંધરબંધ' વિધિથી કાઢી આપવામાં આવશે.

# એક કારનો ભૂક્કો-બીજી ફિલ્મી સીનની જેમ ફંગોળાઇ: પાંચના કરૂણ મોત

## ભાવનગર-ધોલેરા હાઇવે પર સ્કોર્પીયો અને કિયા કાર વચ્ચે બિહામણી ટક્કર: મહુવા ખોટકાના કામે આવેલા ડોબરીયા પરિવારના ચાર સભ્યના મૃત્યુ

(વિપુલ હિરાણી)
ભાવનગર, તા.૧૩

ભાવનગર-અમદાવાદ શોર્ટ રૂટ હાઈ-વે ફરી રક્તરંજિત બન્યો છે. હાઈ-વે પરના એક્સપ્રેસ-વે પર ધોલેરા નજીક સાંઢીડા ગામ નજીક ગઈકાલે સામ-સામે આવી રહેલી બે ફોર વ્હીલ કાર વચ્ચે જોરદાર ટક્કર થતાં એક જ પરિવારના ચાર સભ્યો સહિત બન્ને કારમાં સવાર પાંચ મુસાફરોના કમકમાટીભર્યા મોત થયાં હતા.જ્યારે ત્રણને ઈજા પહોંચતાં સારવારાર્થે ભાવનગર ખસેડાયા હતા.

અકસ્માત એટલો ભયાનક હતો કે જેમાં એક કારનો ભુક્કો બોલી ગયો હતો અને બીજી કાર ત્રણથી ચાર ગૂલાંટ મારી હાઈ-વેથી દૂર ફંગોળાઈ ગઈ હતી.

આ ગમખ્વાર અકસ્માત ની પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોલેરા-ભાવનગર હાઈ-વે પર સાંઢીડા ગામ નજીક ભાવનગર તરફથી આવી રહેલી જીજે.૦૧.ડબલ્યુબી.૧૯૧૭ નંબરની સ્કોર્પિયો કાર અને અમદાવાદથી ભાવનગર તરફ જઈ રહેલી જીજ.૦૪.ઈએ.૭૧૬૧ નંબરની કિયા



સેલટોસ કાર વચ્ચે અકસ્માત સર્જાતાં હાઈ-વે ચીચીયારીઓથી ગૂંજી ઉઠયો હતો. જયારે, બન્ને કાર વચ્ચે થયેલાં ધડાકાભેર અકસ્માતમાં કારમાં સવાર અશોકભાઈ ગોબરભાઈ ડોબરીયા (ઉ.વ.૫૦) તેમના ભાઈ ગૌરવભાઈ ગોબરભાઈ ડોબરીયા (ઉ.વ.૪૫)તેના પુત્ર તિર્થભાઈ ગૌરવભાઈ ડોબરીયા (ઉ.વ.૧૯)નું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે આ અકસ્માતમાં ગોરધનભાઈ ગોબરભાઈ ડોબરીયા (ઉ.વ.૭૨. રહે.અમદાવાદ) તથા દિશાબેન કિરીટભાઈ પરબતાણી (ઉ.વ.૪૦, રહે.પાલિતાણા)ને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન બન્નેનું મોત થતાં એક જ પરિવારના ચાર લોકોના મોત સાથે આ અકસ્માતમાં મૃતાંક વધીને પાંચ થયો હતો.

ઉપરાંત અકસ્માતમાં ઈજા પામનાર યાનાબેન કિરિટભાઈ પરબતાણી (ઉ.વ.૧૭) તથા નરેન્દ્રભાઈ ગોબરભાઈ ડોબરીયા (ઉ.વ.૬૧) તથા રામજીભાઈ ભાદાભાઈ ધેડીયા (ઉ.વ.૭૦)ને ઈજાઓ પહોંચી હતી. જેમને વધુ સારવારાર્થે ભાવનગરની ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. જ્યારે અકસ્માતની જાણ થતાં ધોલેરા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને રાહત અને બચાવ કામગીરી કરી હતી.

**મહુવા**

ઈજાગ્રસ્ત નરેન્દ્રભાઈ ડોબરીયાના જણાવ્યા અનુસાર ભાવનગર જિલ્લાના મહુવાના શાંતિનગર ગામે તેમના સહિત છ લોકો મરણોત્તર કામ પતાવી અમદાવાદ પરત જઈ રહ્યાં હતા. તેવામાં સાંઢીડા ગામ નજીક કંઈ સમજાય તે પહેલા જ સામેથી આવી રહેલી કાર સાથે ટક્કર થતાં તેમની કાર ત્રણથી ચાર ગુલાંટ મારી ગઈ હતી. બહારથી અન્ય લોકોએ દરવાજો તોડી તેમને અને અન્ય સાથી પરિવારજનોને બહાર કાઢી હોસ્પિટલમાં લાવ્યા હોવાનું જણાવ્યું હતું.

**અમદાવાદ ગયા હતા**

અકસ્માતમાં જીવ ગુમાવનાર દિશાબેન પરબતાણીના પુત્રી યાનાબેને ૧૦મું પાસ કરી લીધું હતું અને તેણીને આગળ સીએનો અભ્યાસ કરવાનો હોવાથી માતા-પુત્રી અમદાવાદ ખાતે કોચિંગ સેન્ટરમાં ઈન્કવાયરી માટે ગયા હતા. કોચિંગ ક્લાસ અંગે માહિતી મેળવી લીધાં બાદ બન્ને પાલિતાણા પરત આવી રહ્યાં હતા ત્યારે માતા-પુત્રીને અકસ્માત નડયો હતો.

## પાલીતાણાના માતા-પુત્રી કોચીંગ સેન્ટરની ઈન્કવાયરીમાં અમદાવાદ જઇ પરત ફરતા હતાં: કંપારી છોડાવી દેતો અકસ્માત

# ધારીમાં પોલીસે પકડેલા મૌલાનાના મદ્રેસા ઉપર બુલડોઝર ફેરવી દેવાયું

**હિમખીમડીપરામાં ગેરકાયદે મદ્રેસા બિલ્ડીંગ ઉભુ કરતા વહીવટી તંત્રએ સફાયો કર્યો : મૌલાના સામે હાલ અમદાવાદ એટીએસની તપાસ યથાવત : સરકારી જમીન ખુલી કરવામાં આવી**





**(મિલાપ રૂપારેલ)** અમરેલી તા.૧૩

થોડા દિવસ પહેલાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીએ નિર્દોષ પ્રવાસીઓ ઉપર હુમલો કર્યા બાદ સરકાર દ્વારા ગેરકાયેદસર ઘુસણખોરી કરનારા શખ્સો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવા માટે થઈ ઠેર ઠેર ચકાસણી હાથ ધરેલ હતી. આ તપાસણી દરમિયાન અમરેલીના સ્પે.ઓપરેશન ગ્રુપને અમરેલી જિલ્લાના ધારી ગામ નજીક આવેલ હિમખીમડી પરા વિસ્તારમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વોટ્સએપ ચેટ ગ્રુપમાં વાતચીત કરતા ઝડપાયેલા મૌલાના મોહમદફઝલ અબ્દુલજીજ શેખ પર જાણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી. અને બાદમાં અમદાવાદ ATS દ્વારા તપાસ ચાલુ હોય, ત્યારે ધારીના હીમખડીપરા વિસ્તારમાં આવેલ આ મૌલાના રહેતા હતા તે 'મદ્રેશા'નું બિલ્ડીંગ ગેરકાયદેસર રીતે ઉભું કરવામાં આવેલ હતું.

ધારીના હીમખડીપરા વિસ્તારમાં આવેલ આ મૌલાના રહેતા હતા તે 'મદ્રેશા'નું બિલ્ડીંગ ગેરકાયદેસર રીતે ઉભું કરવામાં આવેલ હતું. જે અંગે ધારી પ્રાંત અધિકારીની તપાસમાં આવતાં અને મદ્રેશાવાળા આ જગ્યાની માલિકી અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જતાં અને આ જમીન હેતુફેર થયેલી જમીન ઉપર ગેરકાયેદસર રીતે મદ્રેશા ઊભો થયેલ જણાતા અને જરૂરી ડોક્યુમેન્ટ મદ્રેસા દ્વારા પ્રસ્થાપિત ન થતા અને આ મદ્રેશાવાળી જગ્યા ખુલ્લી કરવા માટે આદેશ આવતાં આજે સવારે ૭ વાગ્યાથી વહીવટી તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી દાદાનું બુલડોઝર આજે મદ્રેશા પર ચાલ્યું હતું અને સમગ્ર વહીવટી તંત્ર આજે વ્હેલી સવારથી કામે વળગ્યું હતું. આ દબાણ દૂર કરવા માટે થઈ ધારીના પ્રાંત કલેક્ટર, ૨ ડીવાયએસપી, લોકલ ક્રાઇમ પોલીસ અને ધારી પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. મદ્રેશા ઉપર બુલડોઝર ફરે તે સમયે કોઈ અશાંતિ ન સર્જાઈ તે માટે પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# માવઠાથી ૭૦૦૦ હેકટરમાં કેરીના પાકને મોટું નુકસાન

## ખેતીવાડી વિભાગની ૧૬ ટીમો દ્વારા રિપોર્ટ તૈયાર કરાશે

રાજકોટ, તા.૧૩

છેલ્લા ચાર દિવસથી વલસાડમાં પડી રહેલ કમોસમી વરસાદના કારણે કેરીના પાકને વ્યાક પ્રમાણમાં નુકસાન થવા પામ્યું છે. બાગાયત વિભાગ અને ખેતીવાડી વિભાગ દ્વારા પાક નુકસાનીનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. તંત્રની ૧૬ ટીમો દ્વારા ૮૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમજ કમોસમી વરસાદને કારણે કેરીના પાકને વધુ નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. કમોસમી વરસાદને લઈ કેરીઓ આંબા



ઉપરથી ખરી પડી હતી. કેરીમાં અંદાજિત ૭૦૦૦ થી વધુ હેક્ટરમાં નુકસાન સામે આવ્યું છે. શેરડી, તુવેર અને અન્ય લીલોતરી શાકભાજીમાં પણ ભારે નુકસાન થયું છે. ૧૫ થી ૨૦ હેક્ટરમાં નુકસાન થયું હોવાની શક્યતાઓ વર્તાઈ રહી છે. સર્વે પૂર્ણ થયા બાદ નુકસાની અંગે રિપોર્ટ સરકારમાં મોકલાશે. રિપોર્ટને આધારે ખેડૂતોને વળતર માટેના પ્રયાસો હાથ ધરાશે.

વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારી એ.કે. ગરાસિયાએ જણાવ્યું હતું કે, ખાસ કરીને વરસાદ તેમજ વાવાઝોડના કારણે પાકને જે નુકસાન થયું. એમાં વહીવટી તંત્ર દ્વારા જે સૂચના મળી તે મુજબ ૧૬ ટીમોની રચના કરવામાં આવી છે. દરેક તાલુકમાં ૮૦ થી ૯૦ ટકા સર્વે પૂર્ણ કરી દીધો છે. આંબાવાડીયા કેર અને શાકભાજીના પાકોમાં નુકસાન થયું છે. બાકીના જે પાકો છે શેરડી અને ડાંગરમાં નહિવત નુકસાન થવા પામ્યું છે. આંબાવાડીમાં ૩૮ હજાર હેક્ટર છે. જેમાં ૩૩ ટકા કરતા વધારે નુકસાન છે. ફાઈનલ રિપોર્ટ આવ્યા બાદ જ એ પ્રમાણે આપણે નુકસાન બતાવીશું.

# મોરબી પાસે કન્ટેનર હેઠળ કચડાઇ જતા PSIનું કરૂણ મોત

## જાંબુડીયા નજીક એકટીવાને ટક્કર મારતા અકસ્માત: બી.આર.જાડેજાના મૃત્યુથી પોલીસ બેડામાં શોક: ડ્રાઈવર ભાગી ગયો

(જીગ્નેશ ભટ્ટ)
મોરબી, તા.૧૩

મોરબી જિલ્લાના હેડ કવાર્ટર ખાતે ફરજ બજાવતા પી.એસ.આઇ. પોતાનુ એક્ટિવા સ્કૂટર લઈને ફરજ ઉપરથી પરત પોતાના ઘરે આવી રહ્યા હતા દરમિયાન જાંબુડીયા ગામ પાસે ઓવરબ્રિજ નજીક ટ્રક કન્ટેનરના ચાલકે તેઓના સ્કૂટરને ટક્કર મારી હતી જેથી પીએસઆઈ તેના સ્કૂટર ઉપરથી નીચે રસ્તા ઉપર પડી જતાં ટ્રક કન્ટેનરના તોતિંગ વ્હીલ તેઓના મોઢા સહિતના શરીર ઉપરથી ફરી ગયા હતા જેથી વાહન નીચે કચડાઈ જવાના કારણે પીએસઆઇનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું.

આ બનાવ સંદર્ભે હાલમાં મૃતક પીએસઆઈના દીકરાએ ટ્રક કન્ટેનરના ચાલક સામે તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

જાણવા મળતી પ્રમાણે મૂળ ભુજના મોટા રૈયા ગામના અને હાલમાં મોરબી જિલ્લામાં હેડ કવાર્ટર ખાતે પીએસઆઇ તરીકે ફરજ બજાવતા અને તાલુકા પોલીસ લાઇનના કવાર્ટરમાં રહેતા બી.આર. જાડેજા એકટીવા સ્કૂટર લઈને મોરબી વાંકાનેર હાઇવે રોડ ઉપર આવેલ જાંબુડીયા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓના એકટીવા નંબર જીજે ૧ પીએ ૭૧૬૭ ને ટ્રક કન્ટેનર નંબર આરજે ૭ જીડી ૧૨૧૫ ના ચાલકે ટક્કર મારી હતી જેથી એક્ટિવા ઉપર જઇ રહેલા પીએસઆઈ બી.આર. જાડેજા રસ્તા ઉપર નીચે પટકાતાં તેના



માથા અને મોઢા ઉપરથી ટ્રક કન્ટેનરના તોતિંગ વ્હીલ ફરી ગયા હતા જેથી કરીને ટાયર નીચે કચડાઈ જવાથી પીએસઆઇને ગંભીર ઈજા થઈ હોવાથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું.

અકસ્માત સર્જીને ટ્રક કન્ટેનરનો ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો જેથી બનાવમાં મૃત્યુ પામેલ પીએસઆઇના મૃતદેહને પીએમ માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને આ બનાવની જાણ થતાં ડીવાયએસપી, પીઆઇ, પીએસઆઇ સહિતના અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા

આ બનાવ સંદર્ભે હાલમાં મૃતક અધિકારીના દીકરા મિતરાજસિંહ ભગવાનજી જાડેજા (૨૧)એ હાલમાં તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ટ્રક કન્ટેનર નંબર આરજે ૭ જીડી ૧૨૧૫ ના ચાલક સામે ફરિયાદ નોંધાવેલ છે. તેઓના પિતાની બપોરે ૧૨ થી રાતના ૮ વાગ્યા સુધી હેડ કવાર્ટર ખાતે નોકરી હતી જેથી તેઓ પોતાની ફરજ પૂરી કરીને ઘરે પાછા આવી રહ્યા હતા ત્યારે જાંબુડીયા ગામ પાસે ઓવરબ્રિજ નજીક ટ્રક કન્ટેનરના ચાલકે તેઓના સ્કૂટરને ટક્કર મારી હતી અને ત્યાર બાદ તેના પિતા રસ્તા ઉપર પડી જતાં તેના ઉપરથી ટ્રક કન્ટેનરના ચાલકે પોતાનું વાહન પસાર કરી દેતા ગભીર ઇજા થવાથી તેઓનું મોત નીપજયું હતું.

વધુમાં પોલીસ પાસેથી મળી રહેલ માહિતી મુજબ અકસ્માત સર્જીને નાસી ગયેલા ટ્રક કન્ટેનરના ચાલકને પકડવા માટે પોલીસે હાઇવે ઉપર તપાસ શરૂ કરી હતી તેવામાં મોરબી તાલુકાનાં ગાળા ગામ નજીક આવેલ હોટલ પાસેથી અકસ્માત સર્જનાર ટ્રક કન્ટેનર મળી આવેલ છે જો કે, તેનો વાહન ચાલક નાશી ગયેલ છે અને તે આરોપીનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓક આવી રહ્યો હોવાથી તેને પકડવા માટે તજવીજ ચાલી રહી છે.

# વીવીપીમાં ડિપ્લોમાં એન્જીનીયરીંગનો પ્રારંભ

## સંસ્કારયુકત શિક્ષણ અને પ્લેસમેન્ટ આપવા સંસ્થા કટિબધ્ધ

રાજકોટ,તા.૧૩

સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજની શરૂઆત કરનાર, ભારતની ''બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ'' ના રાષ્ટ્રીય એવોર્ડ સહિત અનેક એવોર્ડથી સન્માનિત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા આ વર્ષથી ડીપ્લોમાં એન્જીનીયરીંગની શરૂઆત રહી છે.

વી.વી.પી. દ્વારા મીકેનીકલ, ઈલેકટ્રીકલ, કેમીકલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને સિવિલ એન્જીનીયરીંગમાં ડીપ્લોમાં એન્જીનીયરીંગની શરૂઆત થઈ રહી છે. ૨૯ વર્ષોથી ''રાષ્ટ્રાય સ્વાહા ઈદં ન મમ- મારુ બધુ જ મારા રાષ્ટ્રને અર્પણ'' મૂળ મંત્ર સાથે કાર્યરત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજે ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ ક્ષત્રે શિરમોર સ્થાન પ્રાપ્ત કર્યુ છે.હવે ડીપ્લોમાં ક્ષેત્રે પણ વી.વી.પી. સંસ્કારયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ પ્લેસમેન્ટ આપવા કટિબધ્ધ છે. ૨૯ વર્ષમાં વી.વી.પી.ને એ ૨૧ જેટલા એવોર્ડ મેળવ્યા છે. વી.વી.પી. ૧૦૦ ટકા પ્લેસમેન્ટ આપવા કટિબધ્ધ છે. વી.વી.પી.ના વિદ્યાર્થીઓ



રીલાયન્સ, નયારા, મેટ્રીકસ, ઝાયડસ, આઈ.આર.એમ. એનર્જી, રોલેક્ષ, ઈ-ઈન્ફોચીપ, ટી.સી.એસ. મહિન્દ્રા, ઈન્ફોસીસ, પેલીકોન, ઈન્ટાસ, જયોતિ બોસ્ક, ઈ.પી.પી. , ફેરોમેટીક મીલેક્રોન, વિપ્રો, સિદ્ધી સિમેન્ટ, જેટકો વગેરે ૧૦૦થી વધુ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પસંદગી પામ્યા છે.

૩૨ પી.એચ.ડી. પૂર્ણ કરેલ પ્રાધ્યાપકો, ૩૦ પી.એચ.ડી. કરી રહેલ પ્રાધ્યાપકો અને માસ્ટર -ડીગ્રી ધરાવતા તમામ પ્રાધ્યાપકો દ્વારા જે રીતે ડીગ્રી એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષાણ આપવામાં આવી રહ્યું છે, એ જ રીતે ડીપ્લોમાં એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને પણ શ્રેષ્ઠ શિક્ષણ આપવા વી.વી.પી. કટિબધ્ધ છે.કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા અને મેનેજમેન્ટ કવોટા પ્રવેશ માર્ગદર્શન માટે વી.વી.પી.ની મુલાકાત લેવા સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ, ડો. નવીનભાઈ શેઠ તથા આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાએ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓને અનુરોધ કર્યો છે.મીકેનીકલ વિભાગના હેડ અને પ્રોફેસર ડો.નીરવ મણીયાર સીવીલ વિભાગના એસોસીએટ પ્રોફેસર અને હેડ ડો.જે.વી.મહેતા, પ્રચાર-પ્રસાર સમિતિના કન્વીનર ધવલભાઈ જોશી તથા સભ્ય કેતનભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

### આર્ટ ઓફ લીવીંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજીનો આજે જન્મદિન


# ધ્યાન માટે વૈરાગ્ય જરૂરી છે: શ્રી શ્રી રવિશંકરજી

## મનમાં કોઈપણ પ્રકારની ઈચ્છા ન હોય તેવી ઈચ્છા રાખવી એ પણ એક ઈચ્છા જ છે

રાજકોટ,તા.૧૩

આર્ટ ઓફ લીવીંગના પ્રણેતા અધ્યાત્મક ગુરુ શ્રીશ્રી રવિશંકરજીનો આજે જન્મદિન છે શ્રીશ્રી રવિશંકરજીના જન્મદિન નિમિતે ધ્યાન વિષયક એક ચિંતનાત્મક લેખ પ્રસ્તૃત છે

''મનમાં કોઈ પણ પ્રકારની ઇચ્છા ન હોય તેવી ઈચ્છા રાખવી એ પણ એક ઈચ્છા જ છે. અનંત ઇચ્છાઓને આધીન રહીને મનને કેળવવું સહેલું નથી. આ બેકાબૂ મનને નિયંત્રિત કરવા માટે ધ્યાન જરૂરી છે અને 'ધ્યાન' પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વૈરાગ્ય જરૂરી છે. ''



મન હંમેશાં આ દુનિયા તરફ રહે છે. જો તમે શાંતિથી બેઠા છો, તમારી આંખો ખુલી છે અથવા બંધ છે, તો જુઓ કે તમારું મન ક્યાં જાય છે. તમારું મન કંઈક જોવા દોડે છે, તમારે કોઈ દ્રશ્ય જોવું છે, એક વ્યક્તિ. એ જ રીતે મન ગંધ, સ્વાદ, શ્રવણ કે સ્પર્શ કે કોઈ વસ્તુને વાંચવા કે સાંભળવા દોડાદોડ કરે છે. આવા અનુભવની ઇચ્છા તમને વર્તમાન ક્ષણમાં રહેવા દેતી નથી. બસ એક ક્ષણ માટે તમે કહો છો કે દશ્યાવલિ ગમે તેટલી સુંદર કેમ ન હોય, એ જોવામાં મને કેટલો પણ રસ નથી, જમવાનું ગમે તેટલું સ્વાદિષ્ટ કેમ ન હોય, સમય નથી અને મને અત્યારે ભોજનમાં રસ નથી, સંગીત ગમે તેટલું સુંદર કેમ ન હોય, મને અત્યારે સાંભળવામાં રસ નથી. સ્પર્શ ગમે તેટલો સુંદર કેમ ન હોય, મને તેને અનુભવવામાં રસ નથી પદાર્થોની આ તૃષ્ણામાંથી થોડીક ક્ષણો માટે પણ પોતાની ઇન્દ્રિયોને મુક્ત કરવી એ જ વૈરાગ્ય છે, જ્યારે પણ તમે ઊંડાણપૂર્વક ધ્યાન કરવા માંગતાં હો, ત્યારે તમારું મન અનાસક્તિમાં હોવું જોઈએ. ત્યાગ વિના ધ્યાન શક્ય નથી; ઉદાસીનતા વિનાનું ધ્યાન તમને આરામ આપશે નહીં. ફસાયેલું મન એક પછી એક ઇચ્છાઓ પાછળ દોડવાથી કંટાળી જાય છે. તમે તમારી બધી ઇચ્છાઓ તરફ પાછું વળીને જુઓ છો, જ્યારે તે પૂર્ણ થઈ છે ત્યારે શું તેઓએ તમને ક્યારેય કોઈ દિલાસો આપ્યો છે ? ના, તેમણે બીજી કેટલીક ઇચ્છાઓને જન્મ આપ્યો છે. ત્યારે મન આ ઈચ્છાઓમાં લાગી જાય છે, તો આ ઈચ્છાઓ પણ કોઈ સંતોષ નથી આપતી, પરંતુ બીજી આશા આપે છે કે કંઈક વધુ છે. આ રીતે તમે ક્યાંય ન પહોંચે તેવા હીંચકામાં ગોળ ગોળ ગોળ ફરતા રહો છો તમને એવો ભ્રમ છે કે તમે દૂર ચાલ્યા ગયા છો, પણ તમે ક્યાંય પહોંચ્યા નથી. જીવન ઈચ્છાઓ પાછળ એવી દોડ બની જાય છે, જેમાં ભાગનાર પણ ક્યાંય પહોંચતાં નથી. જે મન ઇચ્છાઓથી ભરેલું છે તે ધ્યાનમાં પ્રવેશ કરી શકતું નથી.



આમાં બે પ્રકારના વિચારો છે, પહેલું એ કે મનમાં ઇચ્છા ન હોવી જોઈએ. મનમાં ઇચ્છા ન રાખવી એ પણ એક ઇચ્છા છે. આવી સ્થિતિમાં, કેટલાક લોકો તેમની ઇચ્છાઓને મારી નાખવામાં રોકાયેલા હોય છે, તેઓ પણ આમતેમ દોડતા રહે છે અને આવું કંઇ થતું નથી. ધ્યાનની કોઈ પણ ઇચ્છા અવરોધરૂપ હોય છે, શું તમે ક્યારેય કોઈની પાસેથી સાંભળ્યું છે કે તેઓ તેમના ધ્યાનમાં પ્રકાશ જુએ છે અથવા કોઈએ સ્વર્ગમાંથી આવીને તેનો હાથ પકડ્યો છે અને પછી તમે પણ તમારી આંખો બંધ કરો છો અને તે જ જોવાનું શરૂ કરો છો ? આ બધું ખોટું છે.

સુખની ઈચ્છા તમને દુઃખી કરી દે છે, ટેસ્ટ કરો કે જ્યારે પણ તમે દુઃખી હોવ ત્યારે તમારે તો ખુશીની ઈચ્છા જ હોય છે. સુખની ઝંખના દુઃખ લઈને આવે છે. જો તમે સુખ માટે તલપાપડ ન હો, તો તમે ખુશ છો. સુખ માટેની તમારી ઝંખના દુઃખને આમંત્રણ આપે છે. સુખની પરવા ન હોય ત્યારે મુક્તિ આપોઆપ મળે છે અને મુક્તિની પરવા ન હોય ત્યારે પ્રેમની પ્રાપ્તિ થાય છે. કાળજી ન રાખવી એ ખુશીનું પહેલું પગથિયું છે. બીજું પગલું છે પરમ અનાસક્તિ, જ્યારે તમને મોક્ષની પણ પરવા નથી હોતી, ત્યારે તમે મુક્ત થઈ જાઓ છો.

સુખ એ માત્ર મનની કલ્પના છે. તમે વિચારો છો કે તમારે જે જોઈએ છે તે બધું જ તમારી પાસે આવશે, તો તમે ખુશ થશો. તમારી પાસે જે જોઈએ તે બધું છે, તો પછી તમે ખુશ થશો ? સુખની આ ઝંખનાનો અંત લાવવો એ અનાસક્તિ છે. તેનો અર્થ એ નથી કે તમારે ઉદાસ થવું પડશે. એનો અર્થ એવો નથી કે આનંદ ન માણવો જોઈએ, પરંતુ જ્યારે મન સુખની ઇચ્છાથી મુક્ત થાય છે, ત્યારે તમે ધ્યાનમાં જાઓ છો. તો જ યોગ શક્ય છે.

તમારી કલ્પનાઓનો નાશ કરો. તમારાં બધાં સ્વપનો અને કલ્પનાઓને અગ્નિને સમર્પિત કરી દો. આ જમીન તમને ખાઈ જાય તે પહેલાં મુક્ત થાઓ. તમારા મનને જકડી રાખનાર વસ્તુઓથી છુટકારો મેળવો. સુખની આ ઝંખનામાંથી મુક્તિ મળે તો જ તમને સાચું સુખ પ્રાપ્ત થશે.

તમારા સુખનાં સાધનો તરત જ આનંદથી વંચિત રહી જાય છે; તમારી દરેક ઇચ્છાને સંપૂર્ણ સભાનતા અને એકાગ્રતાથી જુઓ અને યાદ રાખો કે તમે મૃત્યુ પામવાના છો. તમને મીઠાઈ ખાવાની ખૂબ ઈચ્છા છે, ઠીક છે, જો તમને એક ક્વિન્ટલ મીઠાઈ મળે છે, તો પછી તેમાં શું છે તે ધ્યાનથી જુઓ. તમે જોશો કે તેમાં કશું જ નથી.અને તારે શું જોઈએ છે, સુંદર દશ્યાવલિ ? બસ, સીન જોતા રહો, ક્યાં સુધી જોઈ શકશો ? ભલે તમે શ્રેષ્ઠ દશ્યાવલિ ભૂલી જાઓ, પરંતુ તમે ફક્ત થોડી ક્ષણો માટે સતત એક દ્રશ્ય જ જોઈ શકો છો. તમારી આંખો થાકી જાય છે અને તમારે તેમને બંધ કરવી પડે છે.

એ બધાની એક મર્યાદા હોય છે, પણ જો તમે મનને તપાસશો તો ખ્યાલ આવશે કે મન અમર્યાદિતની ઝંખના કરે છે. મન અનંત સુખ ઝંખે છે, જે પાંચ ઇન્દ્રિયો આપી શકતી નથી. તે અશક્ય છે, તમે એક જ વસ્તુ વારંવાર કરીને કંટાળી જાઓ છો. લાલચનો ડર તો એનાથી પણ વધારે ખરાબ છે. શું તમે આ સમજો છો ? કોઈ પણ વસ્તુ તમને કેવી રીતે લલચાવી શકે ? વૈરાગ્ય એ ઇન્દ્રિયોને દોષ આપ્યા વિના વસ્તુઓ પ્રત્યે આદર સાથે વ્યૂહાત્મક રીતે પોતાની જાતમાં સ્થાયી થવાની રીત છે.

# થાન-મુળીના ખનીજ ચોરો પાસેથી રૂા.૩૧૬ કરોડ વસુલવા તંત્રની નોટીસ

## મંજુરી વગર કુવા અને ખાડા ખોદનાર ભૂમાફિયા સામે પ્રાંત અધિકારીની કડક કાર્યવાહી: નોટીસ મળતા ૭ ગામોમાં દોડધામ મચી: થાનમાં ૧૭૧ અને મુળીમાં ૨૫૮ કુવાઓ ગેરકાયદેસર

(ફારૂક ચૌહાણ)
વઢવાણ,તા.૧૩

સુરેન્દ્રનગર જિલ્લાના થાન, મૂળી, ચોટીલા પંથકમાં ચાલતા ગેરકાયદે ખનન પર ચોટીલા પ્રાંત અને ટીમ સતત કાર્યવાહી કરી રહી છે. ત્યારે થોડા સમય દરમિયાન પહેલાં પાડેલા દરોડામાં થાન, મૂળી તાલુકાના મંજૂરી વગર ગેરકાયદે કૂવા ખોદતા વ્યક્તિઓની યાદી જાહેર કરાઇ હતી. તે યાદી મુજબ થાન, મૂળીના ૩૭૭ સરવે નંબરમાં ૪૩૧ ગેરકાયદે ખાડા ખોદ્યાનું બહાર આવતા જમીન માલિકોને ૩૧૬ કરોડ રૂપિયાની વસૂલાત માટે નોટિસ આપતા ભૂમાફિયાઓમાં દોડધામ મચી જવા પામી છે. તાજેતરમાં જે ભૂમાફીયાઓ સામે થાનગઢ તાલુકાના જામવાડી ભડુલા વિસ્તાર મૂળીના વગડીયા, ઉમરડા, કોટડા, ખંપાળીયા, વીજળીયા ગામોમાં મોટાપાયે કોઇ પણ પૂર્વ મંજૂરી વગર ગેરકાયદે કાર્બોસેલના કૂવાઓ ખોદી ખનન કરતા વ્યક્તિઓની યાદી થોડા દિવસો અગાઉ જાહેર કરાઈ હતી. ત્યારે ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણા દ્વારા ગેરકાયદે ખનન કરતા ૩૭૭ સર્વે નંબરોના ૪૩૧ કૂવાની સંખ્યા ધ્યાને આવી હતી. આથી આ શખસોને રૂ૩૦૦,૧૬,૦૦,૦૦૦ રૂપીયામાં ત્રણસો કરોડ સોળ લાખની વસૂલાત કરવાની નોટિસ પાઠવી હતી. જ્યારે વ્યક્તિઓની જમીનના બોજા દાખલ કરવાની તેમજ જમીન સરકાર ખાલસા કરવાની કાર્યવાહી હાથ ધરાશે તેવું જણાવ્યું હતું. આ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ભૂમાફિયાઓની ઊંઘ હરામ થવા સાથે દોડધામ મચી છે. જ્યારે પ્રાંત અધિકારીએ જણાવ્યું કે ખેતીની જમીનમાં ખેતીના હેતુના ઉપયોગ કરવાના હક્ક સરકારે ખાતેદારોને આપવામાં આવ્યા છે. તેમાં ગેરકાયદે ખનન કરી ખનીજ ચોરી કરવી એ ગુનો બને છે. જે ગેરકાયદે પ્રવૃતિઓથી ખાતેદારો પોતાની માલિકીની જમીન સરકાર ખાલસા થઇ શકે છે. આવી ગેરકાયદે પ્રવૃતિઓ ન કરવા અથવા આવી પ્રવૃતિ કરતા હોય તેવા વ્યક્તિઓની મદદ પણ ન કરવા તાકીદ કરી છે. થાનમાં ૧૭૧, મૂળીમાં ૨૫૮ ગેરકાયદે કૂવા પ્રાંત અધિકારીની કાર્યવાહીમાં થાન તાલુકામાં ૪૫ સર્વે નંબરમાં ૧૭૧ કૂવા ધ્યાને આવ્યા હતા. આથી રૂ.૧૧૦,૭૨,૦૦,૦૦૦ની રકમનો દંડ કરાયો છે. જ્યારે મૂળી તાલુકામાં ૩૩૧ સરવે નંબરમાં ૨૫૮ કૂવાઓમાં રૂ.૧૯૦,૪૪,૦૦,૦૦૦ની રકમની વસૂલાત અંગે નોટીસો આપવામાં આવી છે.

# ગર્ભસ્થ માતાઓ તેમજ બાળકોની આરોગ્ય સંભાળ સંદર્ભે એક દિવસીય કાર્યશાળા યોજાઈ

રાજકોટ,તા.૧૩

અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખા દ્વારા ગર્ભસ્થ માતાઓ તેમજ બાળકોની આરોગ્ય સંભાળ સંદર્ભે ખૂબ જ માહિતીસભર અને ઉપયોગી કાર્યક્રમ લલ્લુડી વોકળી ખાતે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભાવના જોશીપુરાના અધ્યક્ષ સ્થાને આયોજિત ઉદઘાટન સમારોહ યોજાયો હતો.

આ કેમ્પને સફળ બનાવવા માટે પરિષદના મંત્રી પ્રવિણાબેન જોશી, મેડિકલ ઓફિસર ડોક્ટર મૌલીબેન ગણાત્રા, ડોક્ટર



કૃપાબેન પંડ્યા, મહિલા વકીલ પારૂલબેન પંડ્યા, સ્થાનિક શાળાના પ્રાચાર્ય પ્રજ્ઞાબેન તેમજ, આરોગ્ય કર્મીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

## મારૂ પરિવારનું ગૌરવ: મહેક ધો.૧૨ ના સામાન્ય પ્રવાહમાં ૯૯.૮૫ PR સાથે ઉતીર્ણ



રાજકોટ, તા.૧૩

તાજેતરમાં ધો.૧૨ ના સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. ત્યારે શહેરની ધોળકિયા શાળામાં અભ્યાસ કરતી મનોજભાઈ મારૂ તથા મમ્મી જ્યોત્સનાબેન મારૂના પુત્રી મહેક મારૂ એ ધો.૧૨ ના સામાન્ય પ્રવાહમાં A ગ્રેડ સાથે ૯૯.૮૫ PR મેળવી ઝળહળતું પરિણામ હાંસલ કર્યું છે. સાથે તેણીએ ઓર્ગેનાઇઝેશન ઓફ કોમર્સ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. મહેક એ આ પરિણામનો શ્રેય સાતત્યપૂર્વક શરૂઆતથી જ કરેલ નિયમિત મહેનત, ધોળકિયા સ્કૂલના શિક્ષકોનું સચોટ માર્ગદર્શન તથા દાદા-દાદી અને માતા પિતાના આશીર્વાદને છે. આ સફળતા બદલ સમગ્ર મારૂ પરિવાર, સગા સ્નેહીજનો, ધોળકીયા સ્કુલના સંચાલકો તથા શિક્ષકો તેમજ મહેકના મિત્રો અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે.

## જૈન સમુદાયનું ગૌરવ

રાજકોટ,તા.૧૩



મોદી સ્કુલમાં અભ્યાસ કરતા યથાર્થ ભીમાણીએ ધો.૧૦ માં ૯૬.૨૨ પીઆર સાથે ઝળહળતું પરિણામ હાંસલ કરેલ છે. આ સાથે યથાર્થ એ સાયન્સમાં ૯૮ અને મેથ્સમાં ૮૯ માર્કસ મેળવ્યા છે. આ પરિણામ સાથે યથાર્થ એ જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે. યથાર્થ આગળ ધો.૧૧ સાયન્સમાં B ગ્રુપમાં પ્રવેશ લઈ પિતાના પગલે ડોક્ટર બનવા મહેનત આદરી છે.



# યુદ્ધની પરિસ્થિતિ વેળાએ ગરૈયા પરિવારે સૈનિક ફંડમાં ૫૧ હજારનું અનુદાન આપ્યું

## કલેકટરને લેખિત પત્ર સાથે ચેક અર્પણ કરાયો

રાજકોટ,તા.૧૩

વીંગ કમાન્ડર વ્યોમિકા સિંગ અને કોલ સોફિયા કુરેશી ને જોઈને વિચાર આવ્યો કે ઘરે બેઠા આપણે દેશ માટે શું કરી શકીએ ૧ આજે આપણે ઘરમાં સુરક્ષિત બેઠા છીએ જેનું કારણ છે આપણા દેશના સરહદ પરના સૈનિકો, જે પીતે પોતાના પરિવારને છોડી પોતાનો જીવ જોખમમાં મૂકી આપણી અને આપણા દેશની રક્ષા કરે છે તેના પ્રત્યે અને દેશ પ્રત્યે કંઈક કરવાની આપણી પણ ફરજ છે. બસ આ જ વિચારીને વાચા આપી ગરૈયા પરિવારે દીકરીઓના વિચારને વધાવી લીધો અને ભારત દેશના સૈનિક ફંડમાં ૫૧,૦૦૦ રૂપિયા નું અનુદાન આપવાનું અને આ દેશ અને ભગવાને આપણને જે આપ્યું છે એ. એટલે કે શ્રી બી.જી. ગરૈયા હોસ્પિટલ, મેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, દવા તથા ૪૦૦ માણસોને રહેવા જમવા માટેનો સમાવેશ થઈ શકે તેવું ગરૈયા નાનપીઠ નું કેમ્પસ ભારતના સૈનિકો તથા નાગરિકો માટે જ્યારે જરૂર પડે ત્યારે ઉપયોગ કરવા માટે આપવું તેવું ગરૈયા પરિવારના વડીલ વનરાજભાઈ ગરેયા, રામભાઈ ગરૈયા, એભલભાઈ ગરૈયા, મનોજભાઈ ગરૈયા, મેહુલભાઈ ગરૈયા તથા સંપૂર્ણ ગરૈયા પરિવારે આમ નક્કી કર્યું.

ગરૈયા પરિવારના વડીલ વનરાજભાઈ ગરૈયા અને ગરૈયા પરિવારની દીકરીઓએ રાજકોટના કલેકટર પ્રભવ જોશીને ૫૧,૦૦૦ નો ચેક અને લેખિતમાં પત્ર અર્પણ કર્યો જેને કલેકટર પણ હૃદય પૂર્વક આવકાર્યો.

ઉલ્લેખનીય છે કે કોરોના કાળમાં પણ ગરૈયા પરિવારે પોતાની ગરૈયા હોસ્પિટલ, ભોજન અને સંપૂર્ણ કેમ્પસ લોકોની સેવા માટે સરકારશ્રી ને અર્પણ કર્યું.

### ટેસ્ટ નિવૃતિ પણ હજુ ૨-૩ સીઝન વન-ડે-આઈપીએલમાં જોવા મળશે

# બ્રાન્ડ વિરાટ કોહલી વધુ શાર્પ બનશે

## ખુદ વિરાટ પણ હવે તેની બ્રાન્ડ ઈમેજને મોંઘી બનાવશેઃ અનેક નાની બ્રાન્ડને નોટીસ પર મુકી

'વો રેકોર્ડ દેખેંગે, મૈ આંસુ યાદ રખુંગી... વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ પર પત્ની અનુષ્કા શર્મા એ કરેલી ભાવુક પોષ્ટ સૌને સ્પર્શી ગઈ. ભારતીય ક્રિકેટના શ્રેષ્ઠ ખેલાડીઓમાં સ્થાન મેળવનાર વિરાટ કોહલીએ વ્હાઈટ ડ્રેસ-રેડબોલ ક્રિકેટને અલવીદા કરી છે. હજુ જો કે તે બે-ત્રણ સીઝન કે કદાચ તેથી વધુ એકાદ સીઝન વન-ડે અને આઈપીએલમાં રમતો જોવા મળશે તેની સાથે હવે માર્કેટમાં વિરાટ કોહલીની બ્રાન્ડ વેલ્યુના પ્રશ્નો પુછાવા લાગ્યા છે. આ ક્રિકેટર આગામી સમયમાં વિદેશ અને ખાસ કરીને લંડનમાં સ્થાયી થશે પણ એક કહેવત છે કે હીરો કદી ભુલાતા નથી અને કોહલી પણ યાદ રહેશે. હજું આઈપીએલની આખરી સીઝન બાકી છે અને આ સીઝનમાં વિરાટ કોહલીએ તેનું ફોર્મ બતાવ્યુ છે અને તેની ટીમ રોયલ ચેલેન્જર બેંગ્લોર માટે ૧૮ વર્ષમાં પ્રથમ ટાઈટલની સૌથી નજીકની તક મળી છે. તે જો ઝડપી લેવાશે તો કોહલીની બ્રાન્ડ વેલ્યુ વધી જશે. ભારતીય ક્રિકેટ કે એથલેટ જગતમાં વિરાટ જેવું ક્રિકેટ સ્કીલ અને માર્કેટીંગ-મોડલીંગનું કોમ્બીનેશન ભાગ્યેજ મળ્યુ છે. સચીન તેંડુલકર કે મહેન્દ્રસિંહ ધોની બન્નેની ઈમેજ અલગ છે. પણ વિરાટમાં સ્કીલ-ટાઈમીંગ-વ્યક્તિત્વ અને નેરેટીવ સર્જવાની જે ખુબી છે તે તેની બ્રાન્ડ વેલ્યુ વધારે છે. ક્રિકેટમાં તો અનેક ખેલાડીઓ પોતાની રમત પ્રત્યેની શ્રેષ્ઠતા દેખાડી ચૂકયા છે પણ બ્રાન્ડ તરીકે બહુ ઓછા સફળ થયા છે અને આવી ટેસ્ટ ક્રિકેટમાંથી વિદાય એ બ્રાન્ડ કોહલી પર હાલ કોઈ અસર કરશે નહી. તેણે જે ભાવુક પોષ્ટ લખીને વિદાય લીધી તેથી હાલ તેના પ્રત્યે ચાહકોની એક નવી લેયર સર્જાઈ છે. કોહલી તેની બ્રાન્ડ પ્રત્યે વફાર રહ્યો છે અને બ્રાન્ડ એ પણ



કોહલીની સાથે નાતો જાળવી રાખ્યો છે તેનુ શ્રેષ્ઠ ઉદાહરણ નાઈકી છે. જેણે ૧૭ વર્ષની વયે કોહલીને એન્ડરોલ કર્યો અને આજે પણ બન્ને સાથે જોડાયેલા છે પણ કોહલી હવે તેની બ્રાન્ડ ઈમેજને વધુ શાર્પ બનાવશે. જેમ સચીન તેંડુલકર નિવૃતિના વર્ષો બાદ પણ આજે ટોપ બ્રાન્ડ છે. વિરાટ દેશથી દુર રહીને પણ તે જાળવી રાખવા આતુર છે પણ દુનિયાના આ સૌથી મોંઘા ક્રિકેટર હવે આમ બ્રાન્ડ મેન બનવા માંગતો નથી અને તેથી તેણે અનેક બ્રાન્ડને જણાવી દીધુ છે કે તેમના કોન્ટ્રાકટ હવે રિન્યુ થશે નહી. કોહલી હવે રૂા.૧-૧૦ કરોડની પ્રતિ બ્રાન્ડ વેલ્યુ ધરાવે છે. જેમાં તે વધારો કરવો. જેમ બોલીવુડ કપલ રણવીરસિંઘ-દિપીકા પાદુકોણે એ પોતાની અલગ અને સંયુકત બન્ને બ્રાન્ડ બનાવી છે. તે કોહલી-અનુષ્કા બનાવી શકે છે. વાસ્તવમાં સચીન-ધોની-કોહલી-રોહીતજેવી સફળતા હાલ કોઈ મેળવી શકે તો તે શુભમન ગીલ છે પણ તેની પર્સનાલીટી કોહલી જેવી નથી અને ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં પણ તે આ હરોળમાં આવી શકે તેમથી તેની કોહલીની આસપાસ હાલ કોઈ હરીફ નથી. તેની પાસે ઓડી, મૈંત્રી, માન્યવર એમ.આર.એફ., હર્બલાઈન, વિવો, હિરો મોટો કોર્પ, નાઈકી સહિતની ૧૦ ટોચની બ્રાન્ડ છે તેથી કુલ બ્રાન્ડ વેલ્યુ રૂા.૧૯૦૦ કરોડની છે. તેના ૬૭.૮ મીલીયન ફોલોઅર્સ માઈક્રો બ્લોગીગ પ્લેટફોર્સ એકસ પર અને ઈન્સ્ટાગ્રામ જે નવા જનરેશનનું સૌથી લોકપ્રિય પ્લેટફોર્મ છે. તેના ૨૭૨ મીલીયન ફોલોઅર્સ છે તે પોતાની વનએઈટ સ્પોટસવેર બ્રાન્ડ ધરાવે છે તથા રેસ્ટોરા ચેઈન પણ છે તથા સ્પોર્ટસ સ્ટાર્ટઅપ એજીલીટાસમાં પણ તેનું રોકાણ છે તથા હવે તેણે પૂમા સાથે આઠ વર્ષની નવી ઈનિંગ્સ શરૂ કરી છે.

### બોલિવૂડ કપલ રણવીરસિંહ-દિપીકા-રણબીરકપુર-આલીયા ભટ્ટની માફક હવે વિરાટ-અનુષ્કાની જોડી પણ નવી ઈમેજ બનાવશે

## ભારતીય ટેસ્ટ-કેપ્ટન તરીકે હાઈએસ્ટ રન, સેન્ચુરી અને સ્કોર બનાવનાર કોહલીના અન્ય મોટા રેકોર્ડ

વિરાટ કોહલી ટેસ્ટમાં ભારત તરફથી સૌથી વધુ ૬૮ મેચમાં કેપ્ટન્સી કરી સૌથી વધુ ૪૦ જીત સાથે ભારતના ઇતિહાસમાં સૌથી સફળ ટેસ્ટ-કેપ્ટન છે. તેને આ દરમ્યાન ૧૭ હાર મળી અને ૧૧ મેચ ડ્રો રહી.

બોર્ડર-ગાવસકર ટ્રોફી ૨૦૧૮-૧૯માં ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતને પહેલી વાર ટેસ્ટ-સિરીઝ જિતાડી આપનાર કોહલીએ ૨૦૧૬થી ૨૦૨૧ સુધી સતત પાંચ વર્ષ સુધી ICC ટેસ્ટ-ટીમ રેન્કિંગ્સમાં નંબર-વન પર જાળવી રાખી ૨૦૨૧માં પ્રથમ વખત ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચાડયું હતું.

૨૦૧૫થી ૨૦૧૭ની વચ્ચે તેણે ભારતને સતત નવ ટેસ્ટ-સિરીઝમાં જીત અપાવી ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગના રેકોર્ડની બરાબરી કરી હતી.

૨૦૧૪-૧૫માં ઓસ્ટ્રેલિયા સામે પોતાની કેપ્ટન્સીની શરૂઆતમાં બન્ને ઈનિંગ્સમાં સેન્ચુરી ફટકારનાર પહેલો ભારતીય કેપ્ટન બન્યો હતો.

ટેસ્ટ-ક્રિકેટમાં ભારતીય પ્લેયર તરીકે અને ઓવરઓલ કેપ્ટન તરીકે સૌથી વધુ સાત ડબલ સેન્ચુરી અને સૌથી વધુ નવ ૧૫૦ પ્લસ રન ફટકારવાનો રેકોર્ડ ધરાવે છે કોહલી.

તેણે આ ફોર્મેટમાં પોતાનો અને ભારતીય કેપ્ટન તરીકે હાઈએસ્ટ ૨૫૪ રન અણનમ સ્કોર ૨૦૧૯માં સાઉથ આફ્રિકા સામે પુણેમાં કર્યો હતો.ભારતીય ટેસ્ટ-કેપ્ટન તરીકે તેના નામે સૌથી વધુ ૫૮૬૪ રન અને ૨૦ સેન્ચુરીનો રેકોર્ડ છે.

કોહલી ઓસ્ટ્રેલિયામાં હાઈએસ્ટ સાત ટેસ્ટ-સેન્ચુરી અને એક વિદેશી ટેસ્ટ-સિરીઝ (ઓસ્ટ્રેલિયા ૨૦૧૪-૧૫)માં હાઈએસ્ટ ચાર સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય પ્લેયર પણ છે.

તે ICC ટેસ્ટ-રેનિંગ્સમાં હાઈએસ્ટ ૯૩૭ રેટિંગ પોઈન્ટ ધરાવતો ભારતીય પ્લેયરનો રેકોર્ડ ધરાવે છે (૨૦૧૮)

ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ રન અને સેન્ચુરી કરવા મામલે તે સચિન તેન્ડુલકર (૧૫,૯૨૧ રન અને ૫૧ સદી), રાહુલ દ્રવિડ (૧૩,૨૬૫ રન અને ૩૬ સદી) અને સુનીલ ગાવસકર (૧૦,૧૨૨ રન અને ૩૪ સદી) બાદ ચોથા ક્રમે છે વિરાટ કોહલી

### નિવૃત્તિ લઈને રેડ બોલ-ક્રિકેટમાં કયા કયા રેકોર્ડ ચૂકી ગયો વિરાટ

વિરાટ કોહલી (૨૬૧૭ રન) વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત તરફથી સૌથી વધુ રન કરવા મામલે રોહિત શર્મા (૨૭૧૬ રન)થી ૯૯ પર પાછળ રહી ગયો.

વિરાટ કોહલી (નવ સદી) ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ-ક્રિકેટમાં હાઈએસ્ટ સેન્ચુરી કરવાનો ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર જેક હોબ્સ (૧૨ સદી)નો રેકોર્ડ તોડતા ચૂકી ગયો.

ભારત-ઇંગ્લેન્ડની ટેસ્ટ-સિરીઝ ઇતિહાસમાં વિરાટ કોહલી (૨૮ મેચમાં ૧૯૯૧ રન) ૨૦૦૦ રન કરનાર પાંચમો પ્લેયર બનતા નવ રનથી રહી ગયો.

ભારત-સાઉથ આફ્રિકા ટેસ્ટ ઈતિહાસમાં કોહલી (૧૬ મેચમાં ૧૪૦૮ રન) હાઈએસ્ટ રન ફટકારવાનો સચિન તેન્ડુલકરનો (૧૭૪૧ રન) રેકોર્ડ તોડતા તે ૩૩૪ રનથી પાછળ રહ્યો. ટેસ્ટ-કેપ્ટન તરીકે હાઈએસ્ટ ૫૩ જીત મેળવવાના સાઉથ આફ્રિકાના રોમ સ્મિથનો રેકોર્ડ પણ ન તોડી શક્યો ભારતની સફળ ટેસ્ટ-કેપ્ટન વિરાટ કોહલી (૪૦ જીત).

ટેસ્ટ-કેપ્ટન તરીકે સૌથી વધુ પચીસ સેન્ચુરીનો ગ્રેમ સ્મિથનો હાઈએસ્ટ રેકોર્ડ તોડતા પણ ચૂકી ગયો કોહલી (૨૦ ટેસ્ટ સદી).

## લોકો તારા રેકોર્ડ્સની વાત કરશે, પરંતુ હું એ આંસુઓને યાદ કરીશ, જે તેં ક્યારેય કોઈને બતાવ્યા નહીં

### વિરાટે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરતાં પત્ની અનુષ્કા શર્માએ લખી ઈમોશનલ પોસ્ટ



મુંબઈઃ વિરાટ કોહલીએ ૧૪ વર્ષ બાદ ટેસ્ટક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી એ વિશે પત્ની અને એક્ટ્રેસ અનુષ્કા શર્માએ પ્રતિક્રિયા આપીને ઈમોશનલ નોટ લખી છે. વિરાટ પત્નીને પોતાની સૌથી મોટી સપોર્ટર માને છે ત્યારે અનુષ્કાએ ક્રિકેટના મેદાન પર બન્ને સાથેની એક તસવીર શેર કરીને લખ્યું છે, 'લોકો રેકોર્ડ્સ અને માઈલસ્ટોનની વાત કરશે, પરંતુ હું એ આંસુઓને યાદ કરીશ જે તેં ક્યારેય બતાવ્યાં નહીં, એ લડાઈઓ જે કોઈએ જોઈ નહીં અને આ રમત પ્રત્યે તારો અડગ પ્રેમ. હું જાણું છું કે દરેક ટેસ્ટ સિરીઝ બાદ તું થોડો વધુ સમજદાર, થોડો વધુ નમ્ર બનીને પાછો ફર્યો અને તારી આ સફરમાં તને વિકાસ પામતો જોવો મારા માટે સૌભાગ્યની વાત રહી. મેં હંમેશાં એવું ઈમેજિન કર્યું હતું કે તું વાઈટ્સ પહેરીને ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈશ પણ તેં હંમેશાં તારા દિલની વાત સાંભળી છે એથી હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે માય લવ, તું આ ગુડ-બાયની દરેક ક્ષણ ડિઝર્વ કરે છે.'

## 'વિરાટ ઈંગ્લેન્ડ પ્રવાસની તૈયારી કરી રહ્યો હતો, બે મેચ રમવા માંગતો હતો', કોહલીની નિવૃત્તિ પર દિલ્હીના કોચે કર્યો મોટો ખુલાસો

ન્યુ દિલ્હી : દિલ્હીના મુખ્ય કોચ સરનદીપ સિંહ વિરાટ કોહલીના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિના નિર્ણયથી ખૂબ જ આશ્ચર્યચકિત છે. તેમણે ખુલાસો કર્યો કે આ દિગ્ગજ બેટ્સમેન ઇંગ્લેન્ડ પ્રવાસની તૈયારી કરી રહ્યો હતો. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ સોમવારે રેડ બોલ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેમણે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી.

**'વિરાટની નિવૃત્તિની જાહેરાતથી મને આશ્ચર્ય થયું'**

દિલ્હીના મુખ્ય કોચ સરનદીપે વિરાટના નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તેણે કહ્યું કે જ્યારે વિરાટ ૧૨ વર્ષ પછી રણજી મેચ રમવા આવ્યો ત્યારે તેણે કહ્યું હતું કે તે ઈંગ્લેન્ડ પ્રવાસ પર ત્રણ-ચાર સદી ફટકારવા માંગે છે. સરનદીપે જિયો હોટસ્ટાર પર કહ્યું, 'કોહલીની નિવૃત્તિની જાહેરાત સાંભળીને મને આશ્ચર્ય થયું.' રણજી મેચ પહેલા મેં તેની સાથે વાત કરી હતી, તેણે કહ્યું હતું કે તે રમવા માંગે છે અને મને વિકેટ વિશે પણ કહ્યું હતું. તેણે ઘણી ભાગીદારી બતાવી, મેં આવુ કોઈ મોટા ખેલાડી પાસેથી જોયું નથી જે લાંબા સમય સુધી ટેસ્ટ રમ્યા પછી રણજી રમવા આવે છે. તે સવારે ૯:૧૫ વાગ્યાને બદલે સવારે ૮:૦૦ વાગ્યે પ્રેક્ટિસ માટે મેદાન પર આવતો અને તે જીમ પણ કરતો.



**'તે ઇંગ્લેન્ડ પ્રવાસની તૈયારી કરી રહ્યો હતો'**

આ દરમિયાન, સરનદીપે જણાવ્યું કે વિરાટે ઇંગ્લેન્ડમાં ૨૦૧૮ ના તેના શાનદાર પ્રદર્શનનું પુનરાવર્તન કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. આ પ્રવાસ પર વિરાટે બે સદી અને ત્રણ અડધી સદીની મદદથી ૫૯૩ રન બનાવ્યા. સરનદીપે આગળ કહ્યું, 'તે ઇંગ્લેન્ડ પ્રવાસની તૈયારી કરી રહ્યો હતો.' તેણે મને કહ્યું કે તે ઇંગ્લેન્ડમાં ૨૦૧૮ ના પ્રદર્શનનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આપણે તેની તૈયારીમાં તે જોઈ શકીએ છીએ. અમને એવું કંઈ જોવા મળ્યું નથી જે દર્શાવે કે તે ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવા માંગે છે. હવે, બધાને આશ્ચર્ય થાય છે. આનું કારણ વિરાટ પોતે જાણતો હશે.

**શું કોહલી ઇન્ડિયા એ માટે બે મેચ રમવા માંગતો હતો?**

દિલ્હી ટીમના મુખ્ય કોચ સરનદીપે દાવો કર્યો હતો કે વિરાટ ઇન્ડિયા એ માટે બે મેચ રમવાનું આયોજન કરી રહ્યો હતો. આ પછી તે ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં પણ રમશે. તેમણે આગળ કહ્યું, 'અમે થોડા દિવસો પહેલા વાત કરી હતી અને મને એવું કંઈ દેખાયું નહીં જે તેની નિવૃત્તિ યોજનાઓનો સંકેત આપે.' તે આઈપીએલમાં શાનદાર ફોર્મમાં છે. મેં તેને પૂછ્યું કે શું તે તૈયારી માટે કાઉન્ટી ક્રિકેટ રમશે અને તેણે મને કહ્યું કે તે બે ઇન્ડિયા એ મેચ રમશે અને પછી ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચની તૈયારી કરશે. આ ખરેખર અદ્ભુત છે. તે રણજી દરમિયાન વાત કરી રહ્યો હતો કે હું ઇંગ્લેન્ડમાં ૩-૪ સદી ફટકારવા માંગુ છું.



## મુંબઈથી દિલ્હીની સફર દરમ્યાન કોહલીએ ટેસ્ટ-રિટાયરમેન્ટની પોસ્ટ મૂકી હતી

મુંબઈઃ ભારતના ધામ વિધાર પોતાની ૧૪ વર્ષની ટેસ્ટ-ક્રિકેટજર્નીના અંતની જાહેરાત કરી ત્યારે તે મુંબઈથી દિલ્હી જવા માટે ટ્રાવેલ કરી રહ્યો હતો. વિરાટે ગઈ કાલે પોતાની ટેસ્ટ-ક્રિકેટ રિટાયરમેન્ટની જાહેરાત કરી એના થોડા સમય પહેલાં બપોરે ૧૧થી ૧૧.૩૦ વાગ્યા દરમ્યાન મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર પત્ની અનુષ્કા શર્મા સાથે જોવા મળ્યો હતો. તેઓ પછીથી કોહલીના હોમ ટાઉન દિલ્હીના ઍરપોર્ટ પર જોવા મળ્યાં હતાં.

## 'વિરાટ કોહલી, રોહિત શર્મા-૨૦૨૭ ODI વર્લ્ડ કપ નહીં રમે': સુનિલ ગાવસ્કરનો સ્પષ્ટ મત

મુંબઈ : વિરાટ કોહલી અને રોહિત શર્મા ઇંગ્લેન્ડના પ્રવાસ પર ભારત માટે રમવા માટે તૈયાર દેખાતા હતા, કદાચ તેમના કરિયરમાં છેલ્લી વાર, પરંતુ શ્રેણી શરૂ થાય તે પહેલાં જ ફોર્મેટ છોડવાના કોલથી બધા ચોંકી ગયા. આ જોડી ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકી છે, તેથી એકમાત્ર ફોર્મેટ જેમાં તેઓ ભારતની શર્ટ પહેરીને જોવા મળશે તે છે વનડે. વિરાટ કોહલીએ જાહેરમાં ૨૦૨૭ વર્લ્ડ કપમાં રમવાની ઇચ્છા વ્યક્ત કરી છે, પરંતુ રોહિત ૫૦ ઓવરના વર્લ્ડ કપને જેટલું મહત્વ આપે છે તેટલું કોઈ પણ મહત્વ નથી. છતાં, ભારતીય ક્રિકેટના મહાન સુનીલ ગાવસ્કરને નથી લાગતું કે ૨૦૨૭ વર્લ્ડ કપ રોહિત અને વિરાટ માટે રમવું વ્યવહારીક રીતે શક્ય છે.

સ્પોર્ટ્સ ટુડે પરની વાતચીતમાં ,



ગાવસ્કરે કહ્યું કે આ બંનેની ૨૦૨૭ વર્લ્ડ કપની યોજનાઓ પસંદગીકારોની રમત પ્રત્યેની દ્રષ્ટિ પર ઘણો આધાર રાખશે.

''તેઓ રમતના આ ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. ફરીથી, પસંદગી સમિતિ કદાચ ૨૦૨૭ વર્લ્ડ કપ પર નજર રાખશે. તેઓ એ જોશે કે શું તેઓ ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ટીમમાં રહી શકશે? શું તેઓ જે પ્રકારનું યોગદાન આપી રહ્યા છે તે કરી શકશે?' તે પસંદગી સમિતિની વિચાર પ્રક્રિયા હશે. જો પસંદગી સમિતિને લાગે છે કે 'હા, તેઓ કરી શકે છે', તો તે બંને તેના માટે હાજર રહેશે,'' ગાવસ્કરે સોમવાર, ૧૨ મેના રોજ સ્પોર્ટ્સ ટુડેને જણાવ્યું.

જ્યારે ગાવસ્કરને પોતાનો અભિપ્રાય આપવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેમને નથી લાગતું કે વિરાટ કે રોહિતમાંથી કોઈ પણ ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ભારતીય ODI ટીમમાં હશે. ''ના, મને નથી લાગતું કે તેઓ રમશે. હું ખૂબ જ પ્રમાણિક છું. પણ, કોણ જાણે, આગામી એકાદ વર્ષમાં, જો તેઓ ફોર્મમાં રહેશે, અને જો તેઓ સેંકડો રન બનાવતા રહેશે, તો ભગવાન પણ તેમને છોડી શકશે નહીં,'' ગાવસ્કરે ભારપૂર્વક જણાવ્યું.

## માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે કોહલીએ ઑફર કરેલા દોરાના બંધનને યાદ કર્યું



મુંબઈઃ વિરાટ કોહલી દ્વારા ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાના સમાચાર મળ્યા બાદ સચિન તેન્ડુલકરે તેની સાથેની એક યાદગાર ઘટનાને યાદ કરી હતી. માસ્ટર બ્લાસ્ટરે કોહલી માટે એક સ્પેશ્યલ પોસ્ટમાં લખ્યું કે 'મુંબઈમાં ૧૨ વર્ષ પહેલાં મારી છેલ્લી ટેસ્ટ-મેચ દરમ્યાન તેં (વિરાટ કોહલી) મને તારા દિવંગત પપ્પા તરફથી મળેલો દોરો ઑફર કર્યો હતો. મારા માટે એ સ્વીકારવો શક્ય નહોતો, કારણ કે આ તારી અત્યંત અંગત યાદગીરી હતી.

જોકે તારી ભાવના મને સ્પર્શી ગઈ અને હું આજ સુધી એને ભૂલી શક્યાં નથી. મારી પાસે બદલામાં આપવા માટે કોઈ દોરો નથી, પણ મારી પ્રશંસા અને શુભેચ્છાઓ તારી સાથે છે. તારો વાસ્તવિક વારસો અસંખ્ય યુવા ક્રિકેટરોને રમત અપનાવવા માટે પ્રેરણા આપશે. તારી ટેસ્ટ-કરીઅર કેટલી અદ્ભુત રહી છે. તે ભારતીય ક્રિકેટને ફક્ત રન કરતાં ઘણું બધું આપ્યું છે. તે ઉત્સાહી ફેન્સ અને પ્લેયર્સની નવી પેઢી આપી છે.'

## વિરાટ કોહલી ૭ મેના રોજ નિવૃત્તિ લેવા માંગતો હતો, BCCIએ ઓપરેશન સિંદૂરને કારણે રાહ જોવા કહ્યું

ન્યુ દિલ્હી,તા.૧૩

સોમવારે પૂર્વ ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ કારકિર્દીમાં નિવૃત્તિની જાહેરાત કરી. ઇન્સ્ટાગ્રામ પર એક ભાવનાત્મક સંદેશ સાથે, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટને તેમની શાનદાર ટેસ્ટ ક્રિકેટ કારકિર્દીનો અંત લાવ્યો જેમાં તેમને અનેક શિખરો સર કરવા પડ્યા. વિરાટ કોહલીએ ૧૨૩ ટેસ્ટમાં ૪૬.૮૫ ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવીને પોતાની ટેસ્ટ કારકિર્દીનો અંત કર્યો. ૨૦૨૪ ના ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતની જીત બાદ ટી૨૦આઈ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધા બાદ, હવે, વિરાટ કોહલી ફક્ત વનડેમાં જ રમશે.

આ સ્ટાર બેટ્સમેનની નિવૃત્તિ ૭ મેના રોજ રોહિત શર્માના નિવૃત્તિ પછી નજીક હતી . ધ ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર વિરાટ કોહલી તે જ દિવસે સોશિયલ મીડિયા દ્વારા પોતાની



નિવૃત્તિની જાહેરાત કરવા માંગતો હતો. જોકે, અહેવાલ મુજબ, કોહલીને ''પોતાનું નિવેદન જાહેર કરતા પહેલા થોડા દિવસો રાહ જોવાની સલાહ આપવામાં આવી હતી, કારણ કે ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન સાથે લશ્કરી સંઘર્ષ પૂરજોશમાં ચાલી રહ્યો હતો.''

શનિવાર (૧૦ મે) ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થયા પછી, અહેવાલમાં જણાવાયું છે કે કોહલીએ બીસીસીઆઈ અને પસંદગીકારોને કહ્યું હતું કે તે ટૂંક સમયમાં પોતાનો નિર્ણય જાહેર કરશે અને સોમવારે ટેસ્ટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે તેના પરિવાર સાથે વધુ સમય વિતાવવાની ઇચ્છા આ નિર્ણય પાછળનું મુખ્ય પરિબળ છે. છેલ્લા એક વર્ષમાં, કોહલી ઘણીવાર તેની પત્ની અને અભિનેત્રી અનુષ્કા શર્મા , પુત્રી વામિકા અને પુત્ર અકાય સાથે રહેવા માટે ઇંગ્લેન્ડ ગયો છે. ઓસ્ટ્રેલિયામાં બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની ૧-૩થી હાર બાદ, બીસીસીઆઈએ એક નિર્દેશ મોકલ્યો હતો જેમાં પરિવારના સભ્યોને ટીમ સાથે કેટલા દિવસ રહેવાની મંજૂરી આપવામાં આવશે તે મર્યાદિત કરવામાં આવ્યું હતું. કોહલી દેખીતી રીતે આ નિર્ણયથી ખુશ ન હતો.



## ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લીધા બાદ વિરાટ સંત પ્રેમાનંદના આશિર્વાદ લેવા પહોંચ્યો

### સંત સાથે કોહલીએ આધ્યાત્મિક ચર્ચા કરી

મથુરા તા.૧૩

ક્રિકેટથી સન્યાસ લીધા બાદ વિરાટ કોહલી પરિવાર સાથે વૃંદાવનમાં સંત પ્રેમાનંદનાં આર્શીવાદ લેવા પહોંચ્યો હતો તેની સાથે એકટ્રેસ પત્નિ અનુષ્કા શર્મા અને બાળકો પણ હતા.આશ્રમ રાધેકેલીકુંજમાં લગભગ સાડા ત્રણ કલાક સુધી તેઓ રહ્યા હતા. આ દરમ્યાન તેમણે સંત પ્રેમાનંદજી સાથે આધ્યાત્મિક ચર્ચા કરી હતી. વિરાટ કોહલી સંત પ્રેમાનંદને ત્રીજીવાર મળવા પહોંચ્યા હતા આ પહેલા તે જાન્યુઆરી ૨૦૨૩ માં સંત પ્રેમાનંદને પહેલીવાર મળ્યા હતા. ત્યારબાદ આ વર્ષે ૧૦ જાન્યુઆરીએ તે વિરાટ સંત પ્રેમાનંદને મળ્યો હતો.

વિરાટે સોમવારે ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી હતી. આ પહેલા વિરાટે જયારે સંત પ્રેમાનંદને મળ્યા હતા ત્યારે તેમણે તેમને પૂછયુ હતુ કે અસફળતામાંથી કેવી રીતે બહાર નીકળવુ ત્યારે સંત પ્રેમાનંદે કહ્યું હતું કે અભ્યાસ ચાલૂ રાખો.

## તા.૧૭મીથી IPLના બાકીના મેચો રમાશે; ૩ જૂને ફાઈનલઃ ૬ મેદાનો પર જ મેચ યોજાશે

નવી દિલ્હીઃ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તનાવને કારણે અધુરી રહી ગયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની બાકી રહેલી મેચોનો ૧૭મીથી પ્રારંભ થશે. જયારે ફાઈનલ મેચ ત્રીજી જુને રમાશે. બીસીસીઆઈએ મોડી રાત્રે આ લીગના નવા કાર્યક્રમની જાહેરાત કરી હતી જેમાં બાકી રહેલી લીગ મેચો અલગ અલગ છ સ્ટેડીયમ પર રમાશે.



નવા કાર્યક્રમ મુજબ બાકીની મેચો બેંગ્લોર, જયપુર, દિલ્હી, લખનૌ, મુંબઈ અને અમદાવાદમાં રમાશે. ગુજરાત ટાઈટન્સ તેની બે મેચ ૨૨ અને ૨૩મી મે એ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે રમાશે જયારે એક મેચ ૧૮મી મે એ દિલ્હી કેપીટલ્સ સામે નવી દિલ્હી ખાતે રમાશે. ગુજરાત તેના ઘરઆંગણે ૨૨મીએ લખનૌ સુપર જાયન્ટસ અને ૨૫મીએ ચેન્નાઈ સુપર કીંગ્સ સામે રમાશે.

૨૯મી મે એ કવોલિફાયર-૧ અને ૩૦મીએ એલિમિનેટર મેચ રમાયા બાદ પહેલી જૂને બીજી કવોલિફાયર અને ત્રીજી જૂને ફાઈનલ મેચ રમાશે. જો કે આ માટેના સ્થળની હવે પછી જાહેરાત કરાશે.

બીસીસીઆઈએ આ અંગે ભારત સરકાર તથા વિવિધ સુરક્ષા એજન્સીઓ અને ફ્રેન્ચાઈઝીઓ તથા બ્રોડકાસ્ટર્સ સાથે લાંબી મસલત કર્યા બાદ સોમવારે સાંજે આ જાહેરાત કરી હતી.

ગયા સપ્તાહે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર તનાવ વધવાને કારણે પંજાબ કિંગ્સ અને દિલ્કે કેપીટલ્સ વચ્ચેની ધરમશાલા ખાતેની મેચ અધવચ્ચે અટકાવી દેવાઈ હતી. હવે આ મેચ ૨૪મી મે એ જયપુર ખાતે રમાશે. આ દરમિયાન બે રવિવાર આવતા હોવાથી બંને રવિવારે બે બે મેચ રમાશે. આ સિવાયના દિવસોમાં એક એક મેચ રમાશે.

### IPLનો નવો કાર્યક્રમ

| તારીખ | ટીમ | વિરુદ્ધ | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧૭ મે | બેંગ્લોર | કોલકાતા | બેંગ્લોર | ૭.૩૦ |
| ૧૮ મે | રાજસ્થાન | પંજાબ | જયપુર | ૭.૩૦ |
| ૧૮ મે | દિલ્હી | ગુજરાત | દિલ્હી | ૭.૩૦ |
| ૧૯ મે | લખનૌ | હૈદરાબાદ | લખનૌ | ૭.૩૦ |
| ૨૦ મે | ચેન્નાઈ | રાજસ્થાન | દિલ્હી | ૭.૩૦ |
| ૨૧ મે | મુંબઈ | દિલ્હી | મુંબઈ | ૭.૩૦ |
| ૨૨ મે | ગુજરાત | લખનૌ | અમદાવાદ | ૭.૩૦ |
| ૨૩ મે | બેંગ્લોર | હૈદરાબાદ | બેંગ્લોર | ૭.૩૦ |
| ૨૪ મે | ગુજરાત | ચેન્નાઈ | અમદાવાદ | ૭.૩૦ |
| ૨૫ મે | હૈદરાબાદ | કોલકાતા | દિલ્હી | ૭.૩૦ |
| ૨૬ મે | પંજાબ | મુંબઈ | જયપુર | ૭.૩૦ |
| ૨૭ મે | લખનૌ | બેંગ્લોર | લખનૌ | ૭.૩૦ |
| ૨૯ મે | | કવોલિફાયર-૧ | | ૭.૩૦ |
| ૩૦ મે | | એલિમિનેટર | | ૭.૩૦ |
| ૧ જૂન | | કવોલિફાયર-૨ | | ૭.૩૦ |
| ૩ જૂન | | ફાઈનલ | | ૭.૩૦ |

## IPLના બાકીના મેચ રમવા ઓસીઝ ક્રિકેટરો પાછા નહિ આવે?

### ખેલાડીઓ જ નિર્ણય લ્યે

નવી દિલ્હી તા.૧૩

ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધનાં માહોલને ધ્યાને રાખીને આઈપીએલ ફરી ૧૭મીથી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ ઓસ્ટ્રેલીયાનાં ખેલાડીઓ



તેમાં સામેલ નહિ થાય. ટુર્નામેન્ટ રમવા ફરી ભારત નહિં જવાના ખેલાડીઓના નિર્ણયને ઓસ્ટ્રેલીયન ક્રિકેટ બોર્ડે સમર્થન આપ્યુ છે. ભારત-પાક તનાવ બાદ આઈપીએલ સ્થગીત કરતાં ઓસી. ખેલાડીઓ સ્વદેશ પરત ફરી ગયા હતા. ટુર્નામેન્ટ ફરી શરૂ થઈ રહી છે. ત્યારે પરત જવુ કે કેમ તે વિશે દ્વિધા અનુભવી રહ્યા છે. ઓસી.ક્રિકેટ બોર્ડે જાહેર કર્યું છે કે ખેલાડીઓ જે નિર્ણય લે તેને સંપૂર્ણ સમર્થન આપશે. ખેલાડીઓની સુરક્ષા વ્યવસ્થાથી માંડીને તમામ મુદ્દાઓ પર ભારતીય બોર્ડ સાથેવાતચીત કરવામાં આવી છે. ૧૧ જુનથી દક્ષિણ આફ્રિક સામે ટેસ્ટ ચેમ્પીયનશીપનો પ્રારંભ થવાનો છે.એટલે ખેલાડીઓએ તે મુદ્દે પણ વિચારવાનું છે. પેટ કમીન્સ, હેઝલવુડ, ટ્રેવીસ હેડ તથા મીચેલ સ્ટાર્ક જેવા ખેલાડીઓ ટુર્નામેન્તમાં સામેલ છે મીચ માર્શ તથા ઈંગ્લીશને માટે તો મહત્વના પ્લેઓફ મેચ છે.લેન્ગર, પોન્ટીંગ, હેડન વગેરે પણ કોચ-કોમેન્ટેટરની ટીમમાં સામેલ છે.

# હિંમતઃ ભારતીય સેનાના પરાક્રમથી પરાજીત થયુ પાકિસ્તાન

પહેલગામમાં ૨૬ લોકોની નિર્મમ હત્યા બાદ ભારતે પાકિસ્તાનમાં આતંકી શિબિર પર કહેર મચાવ્યો હતો. ભારતીય સેનાઓનાં પરાક્રમથી પાકિસ્તાન પરાજીત થઈ ગયું. સોમવારે ઓપરેશન સિંદુરને લઈને ત્રણ સેનાઓના સંચાલન મહાનિર્દેશકોએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમ્યાન સ્ક્રીન પર એ તસ્વીરો રજુ કરાઈ, જે ભારતની તાકાતને દેખાડે છે.





**સાહસઃ** નવી દિલ્હીમાં સોમવારે પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યુ ભારતીય કેરિયર બેટલર ગ્રુપ



**સતર્કતાઃ** ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવને પગલે ભારતીય કાફલાની વાયુ રક્ષા પ્રણાલી પણ પુરી રીતે એલર્ટ મોડ પર હતી.

**સક્રિયઃ** પાકિસ્તાનની નાપાક હરકત પર નજર રાખવા માટે આકાશમાંથી પણ સતત વોચ રાખવામાં આવી જરા પણ હરકત થવા પર પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો.



**સામર્થ્યઃ** ભારતીય વાયુ સેનાના લડાયક વિમાન આસમાનમાં સતત સક્રિય રહ્યા અને સરહદ પર દરેક ગતિવિધીઓ પર નજર રાખવામાં આવી.



**જાગૃતઃ** ભારતે પાકિસ્તાનનાં હુમલાનો જોરદાર જવાબ આપ્યો છે.સોમવારે સ્ક્રીન પર આ તસ્વીરો રજુ કરાઈ હતી.

## સોનું મોંઘુ થયુ તો હવે....

# મહેંદીના ઘરેણાની ફેશન !



## મેકઅપ-આર્ટિસ્ટ પાસે ગળા, માથા અને કાન પર સાચા ઘરેણા જેવી કલરફૂલ મહેંદીની ડિઝાઈન બનાવી

મુંબઈ,તા.૧૩

લગ્નપ્રસંગોમાં મહિલાઓને સોનાના દાગીના પહેરવાનું બહુ ગમે છે, પણ આજકાલ સોનું એટલું મોંઘુ થઈ ગયું છે કે એનાં ઘરેણાં બનાવવાનું પરવડે એમ નથી. હવે જ્યારે ૨૪ કેરેટનું સોનું એક લાખ રૂપિયાને પાર જઈ ચૂક્યું છે ત્યારે કેટલીક મહિલાઓએ સોનાનાં ઘરેણાંના સ્થાને શણગાર માટે સસ્તો અને ક્રિએટિવ રસ્તો અપનાવવાનું શરૂ કર્યું છે.

એક મહિલા લગ્નમાં તૈયાર થઈને જવા માટે મેકઅપ આર્ટિસ્ટ પાસે પહોંચી હતી. ત્યાં મેકઅપ કરીને તેણે ગળા, માથા અને કાન પર અલગ-અલગ જગ્યાએ જાણે રિયલ ઘરેણાં હોય એવી મેંદીની ડિઝાઇન બનાવડાવી છે. હાથની મેંદી સુકાયા પછી તે નેકલેસ, બુટ્ટી, માંગટીકા અને નથણી જેવાં ઘરેણાંની મેંદી બનાવીને તૈયાર થઈ હતી. મહિલાનો આ જુગાડ લોકોને બહુ ગમ્યો તો નથી, પરંતુ કમેન્ટ્સમાં અનેક લોકોનું કહેવું હતું કે આ તો વધેલા સોનાના ભાવની સાઇડ-ઇફેક્ટ છે.

## ‘ઓપરેશન સિંદુર’ પછી દુનિયાની ચિંતા વધી !

# પાકિસ્તાન પરમાણુ હથિયારોની સુરક્ષા કરવામાં અસમર્થ !



## અમેરિકાને પાકિસ્તાનના લશ્કરી થાણા, એરબેઝ અને પરમાણુ શસ્ત્રોમાં વધુ રસ

નવી દિલ્હી : ભારતીય સેનાએ પાકિસ્તાનનાં આતંકી અડ્ડાઓને નિશાન બનાવ્યાં અને ત્યાંનાં સૈન્ય ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું. પોતાનાં પરમાણુ મથકોની સુરક્ષાની ચિંતાના કારણે પાકિસ્તાનને ભારત સામે ઘૂંટણિયે પડવું પડ્યું હતું, પરંતુ આ પછી દુનિયા સામે એક મોટો પ્રશ્ન ઊભો થયો છે કે શું પાકિસ્તાન પોતાનાં પરમાણુ હથિયારોની સુરક્ષા માટે સક્ષમ છે ? આતંકવાદીઓને આશ્રય આપવાનાં પાકિસ્તાનનાં ઈતિહાસને કારણે અમેરિકા સહિત અનેક દેશોની એક ચિંતા એ પણ છે કે, પાકિસ્તાનનાં પરમાણુ હથિયારો ખોટા હાથમાં ન જવા જોઇએ, જ્યારે તેનાં પરમાણુ મથકોની સુરક્ષાની ક્ષમતા પર પણ સવાલ ઉભા થઇ રહ્યાં છે.

વાસ્તવમાં ભારતીય સેનાએ પીઓકેથી પાકિસ્તાનની અંદર સેંકડો કિલોમીટર અંદર હુમલો કર્યો હતો અને હવાઈ અડ્ડાઓને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ખાસ કરીને પાકિસ્તાનનાં નૂર રફીકી, મુરીદ ખાન, સુકકર, સિયાલકોટ એરબેઝને થયેલાં નુકસાને દુનિયા સામે પાકિસ્તાનને ખુલ્લું પાડી દીધું હતું. નુર ખાન જેવાં કેટલાક એરબેઝ લશ્કરી પરિવહન અને હવાઈ બળતણ માટે મહત્વપૂર્ણ છે. તે પાકિસ્તાનનાં પરમાણુ શસ્ત્રોની સુરક્ષા અને સંચાલનની પદ્ધતિ પણ છે. સુક્કુર એરબેઝ પરમાણુ બેઝના દાયરામાં આવે છે.

**અમેરિકાને એરબેઝ આપવાનો ઈન્કાર**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં અમેરિકાની દિલચસ્પી અંગે ઘણાં પ્રશ્નો ઉભા થયા છે. અમેરિકાને ભારત કરતાં પાકિસ્તાનના લશ્કરી થાણા, એરબેઝ અને પરમાણુ શસ્ત્રોમાં વધુ રસ રહ્યો છે. અમેરિકા આ પહેલા પણ ઘણી વખત પાકિસ્તાનના સૈન્ય ઠેકાણા અને એરબેઝનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અફઘાનિસ્તાન, ચીન જેવા દેશોના દબાણને કારણે પાકિસ્તાન તેને ટાળી રહ્યું છે, જેનો પડઘો પાકિસ્તાનની સંસદમાં પણ ઘણી વખત સંભળાયો છે. પરંતુ આ વખતે હાલત જુદી દેખાય છે. ભારતના હાથે પાકિસ્તાનને સારો ફટકો પડ્યો છે, જે બાદ પાકિસ્તાનને અમેરિકાની સામે આજીજી કરવી પડી હતી. સાથે જ અમેરિકાને પાકિસ્તાનના કેટલાક સૈન્ય ઠેકાણા અને એરબેઝ પર કબજો કરવાની યોગ્ય તક મળી રહી હોય તેમ લાગી રહ્યું છે.

**સોશ્યલ મીડિયા પર જોરદાર અટકળો**

છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયા પર આ ખતરા (પાકિસ્તાનની પરમાણુ સુરક્ષા વ્યવસ્થા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નુકસાન) અંગે ઘણી અટકળો ચાલી રહી છે. સોશિયલ મીડિયા પર તો ત્યાં સુધી કહેવામાં આવ્યું હતું કે, નેશનલ ન્યૂક્લિયર સેફ્ટી એડમિનિસ્ટ્રેશનના ન્યૂક્લિયર ઇમરજન્સી સપોર્ટ એરક્રાફ્ટ પાકિસ્તાનમાં જોવા મળ્યાં છે. પાકિસ્તાનનાં કિરાણા હિલ્સ સ્થિત ન્યૂક્લિયર સ્ટોરેજ ફેસિલિટીમાં ભારતીય વાયુસેનાની કાર્યવાહી બાદ મોટી ગરબડ કે અકસ્માત સર્જાયો છે.

# પાકિસ્તાન સરહદની સુરક્ષા માટે ૨૦ હજાર બીએસએફ સૈનિકોની ભરતી થશે : એન્ટી ડ્રોન સિસ્ટમ મજબુત થશે

નવી દિલ્હી :

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ભારત પોતાની સંરક્ષણ અને દેખરેખ ક્ષમતાની ફ્રન્ટ લાઇનને વધુ મજબૂત બનાવશે. આંતરરાષ્ટ્રીય સરહદ પર દિવસ-રાત ચોકીદારી કરનાર સીમા સુરક્ષા દળ (બીએસએફ)ને આગામી દિવસોમાં લગભગ ૨૦,૦૦૦ વધારાનાં સૈનિકોનો વધારો મળે તેવી શક્યતા છે.

ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૬ બટાલિયન અને બે સેક્ટર ઊભા કરવાનાં પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી સાથે આગળ ધપાવવામાં આવ્યો છે. આ વિચાર એડવાન્સ સ્ટેજ પર છે. તેની જાહેરાત નાણાકીય જોગવાઈઓની સાથે તબક્કાવાર કરવામાં આવશે. બીએસએફને આંતરિક રીતે પોતાની ક્ષમતા વધારવા માટે કહેવામાં આવ્યું છે.

સર્વેલન્સ ક્ષમતા અને એન્ટી ડ્રોન ટેકનોલોજીને મજબૂત કરીને ગેપ ભરવા પર પણ ભાર મૂકવામાં આવશે. બોર્ડર પર બીઓપી (બોર્ડર પોસ્ટ)ને મજબૂત કરવાની સાથે વધુ બંકર પણ બનાવવામાં આવશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ‘અમારી એર ડિફેન્સ સિસ્ટમ ખૂબ જ મજબૂત છે, પરંતુ મોટી રેન્જને કારણે કેટલાક ગાબડાં પડી શકે છે.’ તેમને કેવી રીતે ભરવું તેના પર પણ કામ કરવામાં આવશે.



**એન્ટી ડ્રોન સિસ્ટમને મજબૂત બનાવાશે**

સૂત્રોએ જણાવ્યું કે, સરહદ પર તણાવ પહેલાં પણ પાકિસ્તાન તરફથી સર્વેલન્સ ડ્રોન, હથિયાર અને ડ્રગ્સ મોકલવામાં આવતા હતા, જે બીએસએફ પકડી પાડતા હતા. પરંતુ આ વખતે એક સાથે મોટી સંખ્યામાં ૪૦૦-૫૦૦ ડ્રોન મોકલવામાં આવ્યા હતા. જ્યારે મોટી સંખ્યામાં ડ્રોન ભેગા થાય છે, ત્યારે તે બધાને એક સાથે ટ્રેક કરવું મુશ્કેલ હોય છે.

સુરક્ષા રણનીતિના મામલે પાકિસ્તાનની આ રણનીતિને ધ્યાનમાં રાખીને એન્ટી ડ્રોન સિસ્ટમને પણ મજબૂત કરવામાં આવશે. અધિકારીએ જણાવ્યું કે, હાલમાં ચાલી રહેલાં તણાવને જોતાં બીએસએફે સીમા પર પોતાની તાકાત બનાવી રાખવાનો અને આંતરિક તૈયારીને મજબૂત કરવાનો નિર્ણય કર્યો છે, જેથી ભવિષ્યમાં દુશ્મનો કોઈ દુ:સાહસ ન કરે.

**ટેન્શન ખતમ થયાં બાદ પણ વ્યાપક તૈયારીઓ કરવી પડશે**

સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ સરહદ એકદમ ચિંતાજનક બની ગઈ છે. આ બોર્ડર દ્વારા આતંકીઓને ઘુસાડવાના પ્રયાસો થયાં છે. સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ સ્વીકારી રહી છે કે, જો તણાવ સંપૂર્ણપણે સમાપ્ત થઈ જાય તો પણ આપણે આપણી વ્યાપક તૈયારી રાખવી પડશે, કારણ કે પાકિસ્તાન તરફથી આતંકવાદી ગતિવિધિઓનો પડકાર તો રહેશે જ. ભારત સરકારે હવે નિર્ણય કર્યો છે કે, આતંકના કોઈપણ કૃત્યનો જવાબ યુદ્ધ તરીકે આપવામાં આવશે. તેથી, વધુ અસરકારક જવાબો માટેની તૈયારી દરેક સ્તરે કરવી પડશે. ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે યુદ્ધવિરામ થયું છે પરંતુ સરહદો પરનો તણાવ હજી સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી.



# દુલ્હનની ઈચ્છા પ્રમાણે દુલ્હો ૧૬ વ્હીલવાળી ટ્રકમાં દુલ્હનને ઘરે લાવ્યો ! : છે....ને...નમુના !

ભોપાલ,તા.૧૩

મોટા ભાગે લગ્ન પછી દુલ્હો પોતાની દુલ્હનને લગ્ન બાદ સારામાં સારા બેસ્ટ વાહનમાં બેસાડીને પોતાના ઘરે લઈ જતો હોય છે, પણ મધ્ય પ્રદેશના છિંદવાડામાં એક દુલ્હને તેના થનારા પતિ સામે શરત મૂકી હતી.કે પિયરથી વિદાઈ લઈને તે એવા જ વાહનમાં સાસરે આવશે જે પતિનું પોતાનું હોય, દુલ્હો તો એ સાંભળીને ખુશીથી ઉછળી પડયો. તેણે પોતાની ૧૬ પૈડાંવાળી ટ્રેલર ટ્રકને નવેલી દુલ્હનની જેમ ફૂલોથી સજાવી દીધી.

સોનું ટ્રાન્સપોર્ટર છે અને તેની પાસે પોતાની ટ્રકો છે અને તેની થનારી પત્ની સોનમ શિક્ષક છે.તેને પોતાની હેસિયત કરતાં વધુનો દેખાડો કરવો જરાય ગમતો ન હોવાથી તેણે આ શરત મૂકી ત્યારે પતિ સોનુ ખુશ થઈ ગયો હતો. તેણે ટ્રેલર ટ્રકને સજાવીને પોતે જ ડ્રાઈવર બનીને નાચતાં-ગાતાં એ ટ્રક ચલાવી અને નવીનવેલી દુલ્હને બાજુની સીટ પર બેસીને બરાબરની મજા માણી.

## લંડનની યુનિવર્સિટી ઓફ લિવર પુલનો અભ્યાસ..

# જાહેરાતો જોયા બાદ બાળકો જંકફૂડ વધારે દાબે છે ! બાળકો જમીને ૧૩૦ કેલરી વધુ લે છે : સ્વાસ્થ્ય બગડે છે !

## બ્રાન્ડ ફૂડનો લોગો ભૂખ વધારે છે !

લંડન : જો તમને લાગતું હોય કે બાળકો માત્ર સ્વાદના કારણે જંક ફૂડ ખાય છે, તો આ રિપોર્ટ તમને ચોંકાવી શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પાંચ મિનિટ સુધી જંકફૂડની જાહેરાતો જોયા બાદ બાળકો સરેરાશ ૧૩૦ કેલરી વધારે ખાય છે. જાહેરખબરો બાળકોને આકર્ષે છે એટલું જ નહીં, તેમની ભૂખ પણ વધારે છે. આ અભ્યાસ યુનિવર્સિટી ઓફ લિવરપૂલ દ્વારા કરવામાં આવ્યો છે. તેને યુરોપિયન કોંગ્રેસમાં ઓબેસિટી પર રજૂ કરવામાં આવી હતી. જેમાં સાતથી ૧૫ વર્ષની વયના બાળકોનો સમાવેશ થાય છે.

આ સંશોધનમાં એવું પણ જાણવા મળ્યું છે કે ટીવી, સોશિયલ મીડિયા, પોસ્ટર્સ કે પોડકાસ્ટ પર જાહેરાતો મૂકવામાં આવે તો પણ તેની અસર સરખી જ હોય છે.

માત્ર બ્રાન્ડનું નામ કે લોગો બતાવવાથી બાળકો વધુ ખાય છે. મુખ્ય સંશોધક પ્રોફેસર એમ્મા બોયલેન્ડે જણાવ્યું હતું કે, જાહેરાત હવે માત્ર ઉત્પાદનો વેચવાનો માર્ગ નથી, પરંતુ તે બાળકોની ભૂખ અને આરોગ્ય પર ઊંડી અસર કરી રહી છે.



### જંકફૂડના જોખમો

- મેદસ્વીપણું
- પાચનની સમસ્યાઓ
- દાંતનો સડો
- ઊંઘમાં ખલેલ
- હતાશા અને ચીડિયાપણું
- ડાયાબિટીસની શરૂઆત



## તંદુરસ્ત આહારને બદલે પિઝા-બર્ગર

આ રિસર્ચમાં બાળકોને પાંચ મિનિટનાં વીડિયો બે વખત બતાવવામાં આવ્યાં હતાં, એક વખત જંક ફૂડની એડ અને બીજી વખત સાદી જાહેરાત બતાવવામાં આવી હતી. ત્યારબાદ તેમને નાસ્તા અને બપોરનાં ભોજનમાં તંદુરસ્ત અને જંક ફૂડના વિકલ્પો આપવામાં આવ્યાં હતાં. આના પરિણામે, બાળકો નાસ્તામાં ૫૮ કેલરી વધુ ખાય છે અને બપોરનાં ભોજનમાં ૭૩ કેલરી વધારે ખાય છે, જે વધારાની ૧૩૦ કેલરી થઈ હતી.

## ભારતમાં હજુ પણ છૂટછાટ, બ્રિટનમાં કડકાઈની તૈયારીઓ

ભારતમાં થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૮૮.૬ ટકા જાહેરાતો ઉચ્ચ ચરબીયુક્ત, મીઠું અને ખાંડ ધરાવતાં ઉત્પાદનો માટે હતી. આ અભ્યાસ ૨૦૨૧માં પ્રકાશિત થયો હતો અને યુનિસેફ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

યુકેમાં ઓક્ટોબર ૨૦૨૫થી ટીવી અને ઓનલાઇન પ્લેટફોર્મ પર જંક ફૂડની જાહેરાત પર આંશિક પ્રતિબંધ લાગું કરવામાં આવશે. સરકારનો દાવો છે કે આ નીતિથી ૨૦ હજાર બાળકોને મેદસ્વિતાથી બચાવવામાં મદદ કરશે.





## કલાકના ૨૦૦ કી.મી.ની ઝડપે દોડશે!

# હવે આવશે ‘સ્ટાર વોર્સ’ની સ્પીડર બાઈકસ !

નવી દિલ્હી,તા.૧૩

‘સ્ટાર વોર્સ’ સ્પીડર બાઇક ટૂંક સમયમાં વાસ્તવિકતા બની જશે. પોલેન્ડની સ્ટાર્ટઅપ કંપની વોલોનોટે એક ફ્લાઇંગ બાઇક ડિઝાઇન કરી છે, જે પાંખો વગર જ ઉડે છે એટલું જ નહીં, તેની સ્પીડ ૨૦૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. કંપનીનો દાવો છે કે તે ‘સુપરબાઇક ફોર ધ સ્કાય’ છે! તેમાં ન તો હેલિકોપ્ટર જેવી બ્લેડ્સ છે, ન તો ડ્રોન છે, પરંતુ તે જેટ પ્રોપલ્શન ટેક્નોલોજીથી ઉડે છે. એટલે કે તે હવાને એટલી ઝડપથી નીચે તરફ ધકેલે છે કે તે પોતે જ હવામાં તરે છે. પ્રખ્યાત ‘સ્ટાર વોર્સ’ સ્પીડર બાઇકની જેમ જ જે ગુરુત્વાકર્ષણને અવગણે છે અને વીજળીની ગતિએ આગળ વધે છે.

### ફિલ્મોમાંથી વાસ્તવિકતા બની

સૌથી પહેલાં ફિલ્મ ‘રિટર્ન ઓફ ધ જેડી’માં સ્પીડર બાઈક્સ જંગલોમાં વીજળીની જેમ દોડતી જોવા મળી હતી. પાછળથી, હોવર-બેસ્ટ ટ્રાન્સપોર્ટ સમગ્ર શ્રેણીમાં કોઇને કોઇ સ્વરૂપે જોવા મળ્યું હતું. ‘રિપલસરલિફ્ટ’ની કાલ્પનિક ટેકનિકથી તે ગુરુત્વાકર્ષણને પાછળ છોડીને હવામાં ઊડતી હતી.

### એરબાઈક નિયમિત બાઈકની તુલનામાં સાત ગણી હળવી

એરબાઈકની રચના વોલોનોટના સ્થાપક ટોમસ્ઝ દ્વારા વર્ષોના પ્રયોગો પછી કરવામાં આવી હતી. તેના પ્રોટોટાઇપે ૨૦૨૩ માં પ્રથમ સફળ ઉડાન ભરી હતી. આ પછી, ઘણા પ્રયોગો કરવામાં આવ્યા છે. બાઇકમાં ખાસ સ્ટેબિલાઇઝેશન સિસ્ટમ અને ફ્લાઇટ કમ્પ્યુટર છે જે તેને હવામાં સંતુલિત રાખે છે. તે સામાન્ય બાઇક કરતાં સાત ગણી હળવી છે, કારણ કે તેનું સમગ્ર માળખું કાર્બન ફાઇબરથી બનેલું છે. કંપનીના જણાવ્યાં અનુસાર તે ‘સ્ટીલ્થ મોડ’માંથી બહાર આવી છે, પરંતુ તેની કિંમત કે માર્કેટ લોન્ચની તારીખ હાલ એક રાજ રાખવામાં આવેલ છે.

## ફેસબુક અને ગુગલ સર્ચના ભવિષ્ય પર પ્રશ્નાર્થ

# ગુગલ-મેટા-આઈફોન ઝાંખા પડી રહ્યા છે : ટેકનોલોજી ઝડપથી બદલાઈ રહી છે : નવો યુગ આવે છે



કેલીફોર્નીયા : ટેકનોલોજી ઝડપથી બદલાઈ રહી છે ત્યારે ફેસબુક, ગૂગલ સર્ચ અને આઈફોન જેવી સેવાઓના યુગનો અંત આવી રહ્યો છે તેની કલ્પના કરવી ઘણાં લોકો માટે મુશ્કેલ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે યુવાનો ફેસબુકથી પોતાને દૂર કરી રહ્યાં છે, નવીનતા ધીમી પડતાં આઇફોન જૂના થઈ રહ્યાં છે, અને ગૂગલ સર્ચને ચેટજીપીટી અને જેમિની જેવા એઆઈ ટૂલ્સથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે આ ત્રણેય હજુ પણ અબજો ડોલરની કમાણી કરી રહ્યા છે, પરંતુ તેમના પ્રભાવ અને ઉપયોગિતા પર સવાલ ઉઠવા લાગ્યા છે. છેલ્લા કેટલાક સપ્તાહોમાં, ગૂગલ અને મેટા સામેના અવિશ્વાસના મુકદ્દમાઓએ દર્શાવ્યું છે કે આઇફોન, ગૂગલ સર્ચ અને ફેસબુકની સફળતાને નંબર આપવામાં આવ્યો છે અને નવી પ્રોડક્ટ્સ ટૂંક સમયમાં જ તેનું સ્થાન લઈ શકે છે.

**ગુગલ સર્ચથી નિરાશ થઈ રહ્યાં છે યૂઝર્સ, રસ્તો પડકારજનક**

ગૂગલ સર્ચ ઈંજન, જે હજી પણ ૯૦% બજાર પર કબજો ધરાવે છે, તેને ઓપનએઆઈના ચેટજીપીટી, ગૂગલ જેમિની અને પર્પ્લેક્સિટી જેવા એઆઈ ટૂલ્સથી સખત સ્પર્ધા મળી રહી છે. જ્યારે એઆઈ સર્ચ બહાર આવ્યું ત્યારે આલ્ફાબેટના શેરમાં ૭ ટકાનો ઘટાડો થયો હતો અને ૨૦૦ અબજ ડોલરનું નુકસાન થયું હતું. ગૂગલ પર વધતી જાહેરાતો અને એલ્ગોરિધમ્સમાં ફેરફારથી વપરાશકર્તાઓ નિરાશ છે.

**આઈફોન પછી શું ?**

એપલ હવે તે યુગની તૈયારી કરી રહ્યું છે જ્યારે નવું ડિવાઇસ આઇફોનને બદલી શકે છે. કંપનીના સિનિયર વાઇસ પ્રેસિડન્ટ એડી કુએ તાજેતરમાં જ સ્વીકાર્યું હતું કે આઈફોન ભવિષ્યમાં આઈપોડ જેટલો જ જુનો થઈ શકે છે. એપલ પોતાની યોજનાઓને સાર્વજનિક નથી કરતી, પરંતુ સ્પષ્ટ છે કે કંપની મિક્સ્ડ રિયાલિટી હેન્ડસેટ, સ્માર્ટ ગ્લાસ અથવા AI જેવા નવા ઉપકરણો પર કામ કરી રહી છે. વિકસિત દેશોમાં આઈફોનની માંગ સ્થિર થઈ ગઈ છે અને તેના ફીચર્સ હવે જૂના થઈ ગયા છે.

**ફેસબુકની પકડ નબળી પડી, મેટા મૂંઝવણમાં**

મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે પણ સ્વીકાર્યું છે કે મિત્રો સાથે વાતચીત અને ફેસબુક પર સામગ્રી શેર કરવાનો દર ઘટી રહ્યો છે. યુવાનો હવે ઇન્સ્ટાગ્રામ અને ટિકટોક જેવા પ્લેટફોર્મ પર વધુ ધ્યાન આપી રહ્યા છે. મેટાવર્સ, જે મેટાએ મોટા સ્વપ્નો સાથે રજૂ કર્યું હતું, તે અપેક્ષિત અસર છોડવામાં નિષ્ફળ ગયું છે.

**ટેકનિકલ લીડરશીપની દોડમાં સામેલ નવા ખેલાડીઓ**

આઇફોન, ગૂગલ અને ફેસબુકનો દબદબો પડકારજનક છે, ત્યારે ઓપનએઆઇ અને એનવીડિયા જેવા નવા ખેલાડીઓ ટેક્નોલોજી લીડરશીપની રેસમાં ઝડપથી ઉભરી રહ્યાં છે. જ્યારે તેમનાં પર સ્પર્ધામાં ખલેલ પહોંચાડવાનો પણ આરોપ છે, તે સ્પષ્ટ છે કે તકનીકી વિશ્વ એક મોટા બદલાવમાંથી પસાર થઇ રહ્યું છે.

# માતાજીનો સાચો ભકત આને કહેવાય





સામાન્ય રીતે દક્ષિણ ભારતના ભાવિકો જાતને કષ્ટ આપીને પ્રભુને રીઝવવાની ઉપાસના કરતા હોય છે, પણ ગઈ કાલે અમ્રિતસરમાં દેવી મહા મરીઅમ્મન એટલે શીતળાદેવીની ઉપાસના માટે એક ખાસ સરઘસ નીકળ્યું હતું. એમાં પુરુષો ગલોફામાંથી ધાતુનો સળિયો આરપાર કરીને અને પીઠ પરની ચામડી પર હૂક લગાવીને કારમાં બિરાજમાન શીતળાદેવીની પ્રતિમાને ખેંચતા જોવા મળ્યા હતા, જયારે કેટલીક બહેનો દંડવત પ્રણામ કરતી એ સરઘસમાં જોડાઈ હતી અને દંડવત વખતે બીજા કેટલાક લોકો તેમના પર પાણી રેડીને તેમને શીતળ કરવાનો પ્રયત્ન કરતા હતા.

## આઈફોનમાં ટ્રુકોલર જેવુ લાઈવકોલર આવશે



નવી દિલ્હી : આઇફોન યૂઝર્સ માટે નવી કોલર આઇડી એપ ‘લાઇવકોલર’ લોન્ચ કરવામાં આવી છે. આ ટ્રુકોલર અને હિયા જેવી એપ્લિકેશન છે. તેનો હેતુ વપરાશકર્તાઓને કોઈ પણ એકાઉન્ટ વિના તેમના કોલ્સ પર રીઅલ ટાઇમમાં કોલરની માહિતી બતાવવાનો છે, જેથી કોલરને ઓળખી શકાય.

## આજે દેશ એ મિસાઇલ મેન એ.પી.જે. અબ્દુલ કલામને ફરી સલામી મારવી પડશે

# 'આ આકાશ અમારૂ છે'




**ફાયર એન્ડ ફર્ગેટ... ભારતીય દળોએ ઓપરેશન સિંદુરમાં જે કહાની લખી તે ભવિષ્યના યુધ્ધ માટે પણ એક પાઠય પુસ્તક બની જશે, પાકિસ્તાન સામેની આ મર્યાદિત લડાઇમાં ફકત ૮૬ કલાકમાં જે રીતે એર ઓપરેશન હાથ ધરાયા તેની પાછળની કહાની છેક ૧૯૮૦થી લખવાનું શરૂ થયું હતું અને તેની સ્કીપ્ટના રાઇટર હતા ડો.એ.પી.જે. અબ્દુલ કલામ જેણે ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના મારફત ભારતને એક બાદ એક એર ડિફેન્સ અને એર એટેક સહિતની સિસ્ટમ આપી તે આજે પાકિસ્તાન માટે ભારે થઇ પડી છે અને ચીનને પણ ચિંતા કરાવી રહી છે**





**બ્રહ્મોસ મિસાઇલ જેણે પાકિસ્તાનના નુરખાન એરબેઝને તબાહ કરી દીધુ અને અણુ હુમલા જેવી ધ્રુજારી પણ લાવી દીધી તેનો પ્રારંભ પણ ૧૯૮૦માં ડો.કલામના નેતૃત્વ હેઠળના ઇન્ટીગ્રેટેડ ગાઇડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગામથી શરૂ થયો અને આજે બ્રહ્મોસ એ ભારતનું બ્રહ્માસ્ત્ર બની ગયું છે વાત ત્યાંથી જ અટકતી નથી, શોર્ટ રેન્જ માટે પૃથ્વી તેમજ એન્ટીટેન્ક ગાઇડેડ મિસાઇલ સિસ્ટમ નાગ પણ આ પ્રોજેકટ હેઠળ આવરી લેવાયા અને હવે ભારતના શસ્ત્રોની ડિમાન્ડ વિશ્વ કરી રહ્યું છે, કોઇપણ પ્રસિધ્ધિ વગર કામ કરતી આપણી આ ડિફેન્સ ઇન્સ્ટીટયુટ પર સૈન્યનો ભરોસો પૂરેપૂરો સાબિત કર્યો**




**છેલ્લા સપ્તાહના યુધ્ધમાં જયારે આકાશ ડિફેન્સ સિસ્ટમ પાકિસ્તાન તરફથી આવતા ચાઇનીઝ અને તુર્કીઝ બનાવટના ડ્રોન અને મિસાઇલને તોડી રહી હતી ત્યારે સેંકડો કિલોમીટર દુર બેસેલા એક વ્યકિતના આંખમાં હર્ષના આંસુ હતા અને તે હતા આકાશ પ્રોજેકટના ડિરેકટર પ્રહલાદ રામારાવ જેની ફકત ૩૫ વર્ષની ઉંમરે આકાશ પ્રોજેકટ માટે ડો.એ.પી.જે. અબ્દુલ કલામે પસંદગી કરી અને આજે આકાશની કાબેલિયતથી વિશ્વભરના સંરક્ષણ નિષ્ણાંતો પણ આશ્ચર્યમાં પડી ગયા છે, ફકત ૩૦૦ કરોડનો પ્રોજેકટ અને ભારતીય વૈજ્ઞાનિકોની કાબેલિયત દેશને સુરક્ષિત હોવાનો વિશ્વાસ આપી ગઇ છે**

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com



હેપ્પીએસ્ક ઓફ માય લાઇફ... ભારતીય સૈન્ય જયારે ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાનના તમામ પ્રકારના હુમલાઓને તોડી પાડી રહ્યો છે ત્યારે સેંકડો કિલોમીટર દુર બેઠેલા એક વ્યકિતના આંખમાં હર્ષના આંસુ હતા. તેઓ પોતાની ખુશી વ્યકત કરવાનું ચૂકયા નહીં અને તે વ્યકિત છે પ્રહલાદ રામારાવ ભારતની એરડિફેન્સ સિસ્ટમમાં મહત્વની ભૂમિકા ભજવનાર આકાશ મિસાઇલના પ્રોજેકટના ઇન્ચાર્જ રહી ચૂકેલા આ ડિફેન્સ એન્ડ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)ના પ્રોગ્રામ ડિરેકટર એ સમય યાદ આવ્યો કે જયારે તેમની પસંદગી દેશના મિસાઇલ મેન તરીકે ઓળખાતા ડો.એ.પી.જે.અબ્દુલ કલામએ આ પ્રોજેકટ માટે કરી હતી અને ત્યારે તેમની ઉંમર ફકત ૩૫ વર્ષની હતી. કલામ ત્યારે ડીઆરડીઓના હેડ હતા અને ફકત રૂા. ૩૦૦ કરોડના ખર્ચે આ પ્રોજેકટ શરૂ થયો તે સમયે અનેક નિષ્ફળતા મળી હતી પરંતુ અંતે આજે તેની સફળતા ભારતના આકાશમાં જ ચડી છે. વિશ્વમાં ભાગ્યે જ મિસાઇલ સિસ્ટમ માટે આટલુ ઓછુ રોકાણ થયું હોય છતાં આટલી સફળ થઇ હશે. આકાશ એર ડિફેન્સ સિસ્ટમના નિર્માતા અને તેમની ટીમ આજે દુર બેસીને પણ નિહાળી રહી છે. અને ૨૦૦૯માં આ સિસ્ટમ સૈન્યને સુપ્રત થયા બાદ પછી પણ ડીઆરડીઓની સફર અટકી નથી.

ઓપરેશન સિંદુરમાં ભારતીય દળોએ એક જ સંદેશ આપ્યો છે 'આ આકાશ અમારૂ છે' અને ભારતની ઘરઆંગણે બનાવાયેલી સિસ્ટમ દેશના અવકાશી ક્ષેત્રમાં એક દિવાલ બનીને ઉભી રહી એટલું જ નહીં તુર્કીસ ડ્રોનથી લઇ ચાઇનીઝ મિસાઇલ અને પાકિસ્તાની એરક્રાફ્ટ પણ ભારતની એર ડિફેન્સ સામે નિષ્ફળ રહ્યા અને ગઇકાલે જ ડિરેકટર જનરલ ઓફ એર ઓપરેશન એર માર્શલ એ.કે.ભારતીએ કહ્યું કે ધ સ્કાય રીમેન અવર્સ... ભારતના લશ્કરી મથકો કે સૈન્ય સિસ્ટમ સુધી એક પણ તુર્કીસ ડ્રોન કે પાકિસ્તાની મિસાઇલ પહોંચી ન શકયા પાકિસ્તાની સૈન્યએ ચાઇના મેઇડ પીએલ-૧૫, એલઆર મિસાઇલ કે જે બહુ ઝડપથી રડારમાં પકડાતી નથી અને હવામાંથી હવામાં પ્રહાર કરી શકાય છે તે ઉપરાંત તુર્કીસ બનાવટના બાઇખર સહિતના ડ્રોનનો પણ ઉપયોગ કર્યો અને તેમાં મોટા ભાગના તોડી પાડવામાં સફળતા મળી. વાસ્તવમાં આકાશ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમની કહાની અત્યંત રસપ્રદ છે. શોર્ટ રેન્જ અને જમીન ઉપરથી હવામાં પ્રહાર કરી શકતી આ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ કદાચ હવે વિશ્વની ડિમાન્ડ બની જાય તો આશ્ચર્ય થશે નહીં ભારતીય બનાવટના બ્રહ્મોસ મિસાઇલ આજે પણ વિશ્વના અનેક સૈન્યમાં સ્થાન ધરાવતા થઇ ગયા છે. ફકત આકાશ જ નહીં તેની સાથે ડીઆરડીઓએ તૈયાર કરેલ રાજેન્દ્ર પીઇએસએ રડાર સિસ્ટમ પણ કદાચ વિશ્વમાં અજોડ બની રહી છે. ઇલેકટ્રોનિકલી સ્કેન કરી શકતી આ રડાર સિસ્ટમ એકીસાથે ૬૪ ટાર્ગેટ પર નજર રાખી શકે છે અને આઠ મિસાઇલને તે પોતે ડાયરેકશન આપી શકે છે એકી સાથે ચાર ટાર્ગેટને પણ તે વિંધી શકે છે અને તેના દરેક લોન્ચરમાં ત્રણ મિસાઇલ સામેલ હોય છે. આમ જે રીતે ભારતીય અવકાશી સામ્રાજય સ્થપાઇ ગયું છે તેથી કદાચ ગઇકાલે જ એરમાર્શલે કહ્યું તેમ ભવિષ્યની લડાઇ હજુ પણ વધુ અલગ હશે અને તે માટે ભારતીય દળો તૈયાર છે.

વાસ્તવમાં ભારત આ લડાઇ ફકત પાકિસ્તાન સામે નહીં પણ ચીન સામે લડી રહ્યું હતું. પાકિસ્તાન તરફથી જે રીતે ડ્રોન હુમલાની એક બાદ એક લેયર આવી રહી હતી અને જે રીતે અનમેન કોમ્બેટ એરીયલ વ્હીકલ પણ પાકિસ્તાને છોડયા હતા. તેની સામે 'આકાશ'એ જે મુકાબલો કર્યો તેમાં ચાઇનીઝ સ્કાય ડ્રોન-૫૦ પણ નાકામીયાબ સાબિત થયા વાસ્તવમાં ૨૦૨૩માં બ્રાઝીલીયન આર્મીએ પણ ભારત સરકારને આ મિસાઇલ સિસ્ટમ પૂરી પાડવા માટે વિનંતી કરી હતી અને બ્રાઝીયલન જનરલ આ માટે ભારતની મુલાકાત લઇ ગયા હતા એટલુ જ નહીં અર્જુન ટેન્ક અને એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર ધ્રુવની પણ વિદેશમાં માંગ વધી છે. આકાશ મિસાઇલ સિસ્ટમ એકીસાથે હેલિકોપ્ટર, ફાઇટર જેટ અનમેન કોમ્બેટ એરીયલ વ્હીકલને પણ એક સાથે ટાર્ગેટ કરી શકે છે. દુનિયાની તે એક જ એવી સિસ્ટમ છે કે એક સાથે ચાર ટાર્ગેટને વિંધી શકે છે અને તેથી જ આજે આકાશ માટે એમ કહેવાય છે કે સ્કાય ઇઝ ધ લીમીટ.

ભવિષ્યમાં યુધ્ધ અવકાશમાં જ વધુ લડાશે તે નિશ્ચિત છે અને તેમાં અવકાશી છત્ર માટે ઇઝરાયલના આર્યન ડોમ કે અમેરિકા જે તૈયારી કરી રહ્યું તે ગોલ્ડન ડોમ એટલે કે પૂરા આકાશને આ રીતે મિસાઇલ કે અન્ય પ્રકારના હવાઇ હુમલા સામે સુરક્ષિત થઇ શકાય તેમાં આકાશની ભૂમિકા ભારત માટે સૌથી મહત્વની બની ગઇ છે. આ વેપન સિસ્ટમ ફુલ્લી ઓટોમેટીક કલીક રીસ્પોન્સ દુનિયાભરની સિસ્ટમ સામે સ્પર્ધા કરે છે. ૨૦૨૩માં જયારે ભારતીય હવાઇ દળે અંતર શકિત એકસાઇઝ યોજી હતી તે સમયે જ આકાશ સિસ્ટમના ફાયર પાવરથી સૌ ચકિત થઇ ગયા હતા અને હવે તો તેની બે અપગ્રેડેડ વેરીયન્ટ પણ આવી ગઇ છે.

પાકિસ્તાનના નુરખાન એરબેઝને તબાહ કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર બ્રહ્મોસ મિસાઇલ માટે ગઇકાલે ઉતરપ્રદેશના લખનૌમાં એક ટેસ્ટીંગ સેન્ટર શરૂ થયું છે જેને બ્રહ્મોસ એર સ્પેસ તરીકે નામ અપાયું છે. ભારતીય દળોએ જયારે પાકિસ્તાનની એર પાવરને પંગુ કરવાનો નિર્ણય લીધો તો તેમાં બ્રહ્મોસની ભૂમિકા મહત્વની સાબિત થઇ છે. ચીન અને પાકિસ્તાનની કોઇપણ એર ડિફેન્સ સિસ્ટમ કરતા પણ આપણા બ્રહ્મોસ વધુ શકિતશાળી પુરવાર થયા છે. ફાયર એન્ડ ફર્ગેટ જેવી સ્થિતિ બ્રહ્મોસે સર્જી છે. એટલું જ નહીં કોઇપણ વેધર કંડીશનમાં તે ઉડી શકે છે. કટીંગ એન્ડ ટેકનોલોજીમાં ભારતે જે મહારથ હાંસલ કરી છે તે કદાચ હવે વિશ્વના અનેક દેશો માટે પણ પ્રશ્ન ઉભા કરી દેશે. ભારતમાં હૈદરાબાદ, નાગપુર, પિલાની, તિરૂવંથપુરમ અને લખનૌ એક પાંચ સ્થળે બ્રહ્મોસનું ઉત્પાદન શરૂ થયું છે. હજુ પાકિસ્તાન સામે બ્રહ્મોસ એનજી એટલે કે નેકસ્ટ જનરેશન વેરીયન્ટનો ઉપયોગ થયો તે અગાઉના ૨૯૦૦ કિલો વજનના બ્રહ્મોસ કરતા લગભગ અર્ધા વજનથી પણ ઓછા વજનનું એટલે કે ૧૨૯૦ કિલોગ્રામનું વર્ઝન ભારતના સુખોઇ જેટ વિમાન એકીસાથે ત્રણ બ્રહ્મોસ સાથે ઉડી શકે છે અને નૌકાદળ પાસે ૮ બ્રહ્મોસ મિસાઇલ કેરી કરી શકાય તેવી ક્ષમતા છે. રસપ્રદ બાબત એ છે કે આકાશ મિસાઇલની જેમ બ્રહ્મોસની પણ વિશ્વમાં ડિમાન્ડ સર્જાય છે. ૨૦૦૧માં ૧૨ જુને બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલનું પરીક્ષણ થયું અને તેની ક્ષમતા ઓપરેશન સિંદુરમાં દેખાડી દીધી વાસ્તવમાં છેક ૧૯૮૦માં દેશના મિસાઇલ મેન એ.પી.જે.અબ્દુલ કલામે ભારતના ઇન્ટીગ્રેટેડ ગાઇડેડ મિસાઇલ ડેવલપમેન્ટ પ્રોગામનું નેતૃત્વ કર્યુ હતું અને અગ્નિ શ્રેણી અણુશસ્ત્રો વહન કરી શકતા મિસાઇલથી લઇ આકાશ એર ડિફેન્સ સિસ્ટમ અને શોર્ટ રેન્જ માટે પૃથ્વી તેમજ એન્ટીટેન્ક ગાઇડેડ મિસાઇલ સિસ્ટમ નાગ પણ આ પ્રોજેકટ હેઠળ આવરી લેવાયા. બ્રહ્મોસ માટે રશિયન ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે પણ તે પૂરી રીતે ભારતીય બની ગયું છે અને ૩૫૦ કિલોમીટર સુધીના લક્ષ્યને બ્રહ્મોસ હાલ વિંધી શકે છે. સૌથી મહત્વનું એ છે કે તે લેન્ડ એર અને શીપ એ ત્રણેય સરફેસ પર કામ કરે છે.

### ઓપરેશન સિંદૂર બાદ પીએમ મોદીનું પ્રથમ વખત રાષ્ટ્રજોગ સંબોધન

# પાણી અને લોહી એકસાથે નહીં વહેઃ પરમાણુ બ્લેકમેઈલિંગ સહન નહીં કરીએ; પાકિસ્તાન વિરૂદ્ધ લશ્કરી કાર્યવાહી ફકત મુલત્વી રાખી છે, જો કોઈ હુમલો થશે તો યોગ્ય જવાબ આપીશું







## પાકિસ્તાને વિનંતી કરી એટલે લશ્કરી કાર્યવાહી રોકવામાં આવી છે, પરંતુ હાલ ભારતીય સેના સંપૂર્ણપણે એલર્ટ : ભારત માતા કી જય ત્રણ વખત બોલીને પીએમ મોદીએ સંબોધન પૂરું કર્યું

ન્યુ દિલ્હી ,તા.૧૩ પાકિસ્તાન સાથે યુદ્ધવિરામના ૫૧ કલાક પછી, પીએમ મોદીએ સોમવારે રાત્રે ૮ વાગ્યે રાષ્ટ્રને સંબોધન કર્યું. પોતાના ૨૨ મિનિટના ભાષણમાં, પ્રધાનમંત્રીએ પહેલગામ હુમલો, ઓપરેશન સિંદૂર, યુદ્ધવિરામ, આતંકવાદ, સિંધુ જળ સંધિ અને પીઓકે વિશે વાત કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આપણે તે આતંકવાદીઓને ખતમ કરી દીધા છે જેમણે આપણી માતાઓ અને બહેનોના સિંદૂર લૂછી નાખ્યા હતા. અમારા ઓપરેશનમાં ૧૦૦ થી વધુ ખતરનાક આતંકવાદીઓ માર્યા ગયા છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે પાકિસ્તાનની વિનંતી પર, ભારત લશ્કરી કાર્યવાહી રોકવા માટે સંમત થયું છે. ભારતે પાકિસ્તાન સામે ફક્ત લશ્કરી કાર્યવાહી મુલતવી રાખી છે. પાકિસ્તાનનું વલણ જોયા પછી અમે આગળની કાર્યવાહી નક્કી કરીશું. અમે પાકિસ્તાન સાથે ફક્ત આતંકવાદ અને પીઓકે પર જ વાત કરીશું.

**સંપૂર્ણ સંબોધન :**

પહેલગામ હુમલો : ૨૨ એપ્રિલે પહેલગામમાં આતંકવાદીઓએ બતાવેલી બર્બરતાએ દેશ અને દુનિયાને હચમચાવી દીધી હતી. પરિવારો અને બાળકોની સામે રજાઓ ઉજવી રહેલા નિર્દોષ લોકોની ક્રૂર હત્યા એ આતંકનો ખૂબ જ ભયાનક ચહેરો છે. આ પણ દેશની સંવાદિતા તોડવાનો ઘૃણાસ્પદ પ્રયાસ હતો. મારા માટે વ્યક્તિગત રીતે, આ પીડા અપાર હતી. આ આતંકવાદી હુમલા પછી, સમગ્ર રાષ્ટ્ર, દરેક નાગરિક, દરેક સમાજ, દરેક વર્ગ, દરેક રાજકીય પક્ષ આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવા માટે એક અવાજમાં ઉભા થયા.

**ઓપરેશન સિંદૂર**

આતંકવાદીઓને પોતાની દીકરીઓના કપાળ પરથી સિંદૂર કાઢવાના પરિણામોનો અહેસાસ થઈ ગયો છે

અમે ભારતીય દળોને આતંકવાદીઓનો સફાયો કરવા માટે છૂટ આપી હતી. આજે, દરેક આતંકવાદી અને દરેક આતંકવાદી સંગઠન જાણે છે કે આપણી બહેનો અને દીકરીઓના કપાળ પરથી સિંદૂર કાઢવાનું શું પરિણામ આવે છે. ઓપરેશન સિંદૂર માત્ર એક નામ નથી, તે દેશના કરોડો લોકોની ભાવનાઓનું પ્રતિબિંબ છે. ઓપરેશન સિંદૂર એ ન્યાયની અખંડ પ્રતિજ્ઞા છે. ૬ મેના રોજ મોડી રાત્રે અને ૭ મેના રોજ વહેલી સવારે, આખી દુનિયાએ આ પ્રતિજ્ઞાને પરિણામમાં પરિવર્તિત થતી જોઈ.

ભારતીય દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી માળખા અને તાલીમ કેન્દ્રો પર સચોટ હુમલા કર્યા. આતંકવાદીઓએ સપનામાં પણ કલ્પના કરી ન હતી કે ભારત આટલો મોટો નિર્ણય લઈ શકે છે. જ્યારે ભારતના મિસાઇલો અને ડ્રોનથી પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો થયો, ત્યારે આતંકવાદી સંગઠનોની ઇમારતો જ નહીં પરંતુ તેમનું મનોબળ પણ ડગમગી ગયું.

## દુનિયાભરમાં થતા આતંકવાદી હુમલાઓ પાકિસ્તાન સાથે જોડાયેલા છે

બહાવલપુર અને મુરીદકે જેવા આતંકવાદી ઠેકાણા એક રીતે વૈશ્વિક આતંકવાદની યુનિવર્સિટીઓ રહ્યા છે. દુનિયામાં ગમે ત્યાં મોટા આતંકવાદી હુમલા થયા હોય, પછી ભલે તે ૯/૧૧ હોય કે લંડન ટ્યુબ બોમ્બ વિસ્ફોટ હોય કે ભારતમાં મોટા આતંકવાદી હુમલા હોય, તે બધા આ આતંકવાદી ઠેકાણાઓ સાથે જોડાયેલા રહ્યા છે.

આતંકવાદીઓએ આપણી બહેનોના સિંદૂરનો નાશ કર્યો હતો, તેથી ભારતે આ આતંકવાદના મુખ્યાલયોનો નાશ કર્યો. આ હુમલાઓમાં ૧૦૦ થી વધુ ખતરનાક આતંકવાદીઓ માર્યા ગયા છે. છેલ્લા અઢી થી ત્રણ દાયકાથી પાકિસ્તાનમાં ઘણા આતંકવાદી માસ્ટર મુક્તપણે ફરતા હતા. જેઓ ભારત વિરુદ્ધ કાવતરું ઘડતા હતા. ભારતે તેમને એક જ ઝાટકે બરબાદ કરી દીધા.

મિત્રો, ભારતના આ પગલાથી પાકિસ્તાન ઘેરા નિરાશામાં ડૂબી ગયું. હું નિરાશાથી ઘેરાયેલો હતો. મને ગુસ્સો આવ્યો. આ ગભરાટમાં, તેણે બીજી એક હિંમત કરી; આતંકવાદ સામે ભારતની કાર્યવાહીને ટેકો આપવાને બદલે, પાકિસ્તાને ભારત પર જ હુમલો કરવાનું શરૂ કરી દીધું.

પાકિસ્તાને આપણા ગુરુદ્વારા, ઘરો, મંદિરો અને શાળાઓને નિશાન બનાવ્યા. પાકિસ્તાને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા પરંતુ આમાં પાકિસ્તાન પોતે પણ ખુલ્લું પડી ગયું. દુનિયાએ જોયું કે કેવી રીતે પાકિસ્તાનના ડ્રોન અને મિસાઇલો ભારત સામે તણખાની જેમ પડી ગયા. ભારતની વાયુ સંરક્ષણ પ્રણાલીએ તેમને આકાશમાં જ નષ્ટ કરી દીધા.

પાકિસ્તાન સરહદ પર હુમલો કરવા માટે તૈયાર હતું, પરંતુ ભારતે પાકિસ્તાનની છાતી પર હુમલો કર્યો. ભારતના ડ્રોન, મિસાઇલોએ ચોકસાઈથી પ્રહાર કર્યા. પાકિસ્તાન વાયુસેનાના એરબેઝને નુકસાન પહોંચાડ્યું, જેના પર તે ખૂબ ગર્વ અનુભવે છે. શરૂઆતના ત્રણ દિવસમાં, પાકિસ્તાન એટલી હદે નાશ પામ્યું કે તેણે કલ્પના પણ નહોતી કરી.

આપણી એકતા આપણી સૌથી મોટી તાકાત છે; આપણે બધા આતંકવાદના તમામ સ્વરૂપો સામે એક થઈને લડીશું. આ ચોક્કસપણે યુદ્ધનો યુગ નથી, પરંતુ તે આતંકવાદ સામેના યુદ્ધનો પણ યુગ નથી. આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા એ એક સારા વિશ્વની ગેરંટી છે. જે રીતે પાકિસ્તાની સેના અને સરકાર આતંકવાદને પ્રોત્સાહન આપી રહી છે, તે એક દિવસ પાકિસ્તાનનો જ નાશ કરશે.

જો પાકિસ્તાન ટકી રહેવા માંગે છે તો તેણે તેના આતંકવાદી માળખાનો નાશ કરવો પડશે, આ સિવાય શાંતિનો બીજો કોઈ રસ્તો નથી.

## બુદ્ધ પૂર્ણિમા : શાંતિ માટે શક્તિ અને સમૃદ્ધિ જરૂરી છે

દેશવાસીઓ, આજે બુદ્ધ પૂર્ણિમા છે, ભગવાન બુદ્ધે આપણને શાંતિનો માર્ગ બતાવ્યો છે. શાંતિનો માર્ગ પણ શક્તિમાંથી પસાર થાય છે. માનવજાત શાંતિ અને સમૃદ્ધિ તરફ આગળ વધે, દરેક ભારતીય શાંતિથી જીવી શકે, વિકસિત ભારતનું સ્વપન પૂર્ણ થાય, તે માટે ભારત શક્તિશાળી હોવું જરૂરી છે. જરૂર પડે ત્યારે આ શક્તિનો ઉપયોગ કરવો મહત્વપૂર્ણ છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતે આ જ કર્યું છે. હું ફરી એકવાર ભારતીય સેના અને સશસ્ત્ર દળોને સલામ કરું છું.

## આતંકવાદ સામેની લડાઈમાં ઓપરેશન સિંદૂર ત્રણ રેખાઓ દોરી ગયું છે-

પહેલું: જો કોઈ આતંકવાદી હુમલો થશે, તો યોગ્ય જવાબ આપવામાં આવશે. અમે અમારી રીતે અને અમારી પોતાની શરતો પર જવાબ આપીશું. આતંકવાદી મૂળિયાં જ્યાં પણ ઉભરી આવશે ત્યાં અમે કડક કાર્યવાહી કરીશું.

બીજું: ભારત કોઈપણ પરમાણુ બ્લેકમેલ સહન કરશે નહીં. ભારત તેના આડમાં ખીલી રહેલા આતંકવાદી ઠેકાણાઓ પર ચોક્કસ અને નિર્ણાયક હુમલો કરશે.

ત્રીજું: આપણે આતંકને સમર્થન આપતી સરકાર અને આતંકના માસ્ટર્સને અલગ અલગ સંસ્થાઓ તરીકે નહીં જોઈએ. ઓપરેશન સિંદૂર દરમિયાન, જ્યારે પાકિસ્તાની સેનાના ઉચ્ચ અધિકારીઓ માર્યા ગયેલા

આતંકવાદીઓને વિદાય આપવા માટે ઉમટી પડ્યા ત્યારે દુનિયાએ પાકિસ્તાનનું કદરૂપું સત્ય જોયું. આ રાજ્ય પ્રાયોજિત આતંકવાદનો મોટો પુરાવો છે. અમે ભારત અને તેના નાગરિકોને કોઈપણ ખતરાથી બચાવવા માટે નિર્ણાયક પગલાં લેવાનું ચાલુ રાખીશું. અમે યુદ્ધના મેદાનમાં દર વખતે પાકિસ્તાનને હરાવ્યું છે. ઓપરેશન સિંદૂરએ એક નવું પરિમાણ ઉમેર્યું છે. અમે નવા યુગના યુદ્ધમાં અમારી શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ કામગીરી દરમિયાન અમારા ભારતમાં બનેલા શસ્ત્રોની અધિકૃતતા સાબિત થઈ. દુનિયા જોઈ રહી છે કે ૨૧મી સદીના યુદ્ધમાં ભારતમાં બનેલા સંરક્ષણ સાધનોનો સમય આવી ગયો છે.

## માર ખાધા બાદ પાકિસ્તાને દુનિયાને યુદ્ધવિરામની અપીલ કરી

ભારતની આક્રમક કાર્યવાહી પછી, પાકિસ્તાન બચવાના રસ્તા શોધવા લાગ્યું, પાકિસ્તાન વિશ્વભરમાં તણાવ ઓછો કરવા માટે વિનંતી કરી રહ્યું હતું અને ખરાબ રીતે માર ખાધા પછી, કોઈ મજબૂરીમાં, ૧૦ મેના રોજ બપોરે, પાકિસ્તાની સેનાએ અમારા ઉત્રદ્દખધનો સંપર્ક કર્યો. ત્યાં સુધીમાં આપણે આતંકવાદના માળખાને ભારે નુકસાન પહોંચાડી દીધું હતું, આતંકવાદીઓને મારી નાખ્યા હતા અને આતંકવાદી ઠેકાણાઓને ખંડેરમાં ફેરવી દીધા હતા.

જ્યારે પાકિસ્તાને અપીલ કરી અને કહ્યું કે તે હવે કોઈ આતંકવાદી પ્રવૃત્તિઓ કે લશ્કરી સાહસમાં સામેલ નહીં થાય, ત્યારે ભારતે તેના પર વિચાર કર્યો. હું ફરીથી કહી રહ્યો છું કે અમે ફક્ત પાકિસ્તાનના આતંકવાદી અને લશ્કરી ઠેકાણાઓ સામે બદલો લેવાની કાર્યવાહી મુલતવી રાખી છે. આગામી દિવસોમાં, અમે પાકિસ્તાનના દરેક પગલાને ભવિષ્યમાં તે કેવું વલણ અપનાવે છે તેના આધારે માપીશું. ભારતની વાયુસેના, સેના, નૌકાદળ, બીએસએફ, અર્ધલશ્કરી દળો એલર્ટ પર છે. સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક પછી, ઓપરેશન સિંદૂર એ આતંકવાદ સામે ભારતની નીતિ છે.

## લોહી અને પાણી એકસાથે વહેશે નહીં

ભારતનો દષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ છે - આતંક અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં, આતંક અને વેપાર એકસાથે ચાલી શકે નહીં. પાણી અને લોહી પણ એકસાથે વહી શકતા નથી. હું વિશ્વ સમુદાયને એ પણ કહેવા માંગુ છું કે અમારી જાહેર નીતિ એવી રહી છે કે જો પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે તો તે ફક્ત આતંકવાદ પર જ થશે; જો કોઈ વાત થશે તો તે ફક્ત પીઓકે પર જ થશે.

### સામાન્ય રીતે ૨૪ સપ્તાહ સુધીના ગર્ભમાં જ ગર્ભપાતની મંજુરી અપાય છે

# રાજકોટમાં દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાના ૩૩ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજુરીઃ દેશમાં પ્રથમ કિસ્સો

## ૧૩ વર્ષની સગીરા પર પાડોશીએ દુષ્કર્મ ગુજાર્યું હતુંઃ ગર્ભપાત પ્રક્રિયામાં પીડીયુ હોસ્પિટલના સૌથી સિનીયર ગાયનેકોલોજીસ્ટને હાજર રાખવા હાઈકોર્ટની સુચના

અમદાવાદ, તા.૧૩

દેશમાં પ્રથમ વખત આવેલા એક હુકમ માં રાજકોટમાં બળાત્કારનો ભોગ બનેલી ૧૩ વર્ષની પીડિતાનો ૩૩ સપ્તાહનો ગર્ભ દૂર કરવાનો આદેશ કર્યો હતો. સામાન્ય રીતે મેડિકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી અમેન્ડમેન્ટ બીલની જોગવાઇ હેઠળ સામાન્ય સંજોગોમાં ૨૪ સપ્તાહ સુધીના ગર્ભના ગર્ભપાતની મંજૂરી હોય છે પરંતુ રાજકોટની એક ૧૩ વર્ષીય સગીરા કે જે ખુદ તેના પાડોશી દ્વારા જ દુષ્કર્મનો ભોગ બની હતી અને ૩૩ સપ્તાહનો ગર્ભ ધરાવી રહી હતી, તેને



ગર્ભપાત કરાવવા ગુજરાત હાઇકોર્ટે મંજૂરી આપી હતી. આ બાબતે હાઇકોર્ટે આદેશ કર્યો હતો કે પીડિતાના વાલીને ગર્ભપાતના જોખમો વિશે માહિતગાર કરીને આ પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઇએ પીડિતાના મેડિકલ રિપોર્ટને ધ્યાનમાં લઇ સગીરાના ગર્ભના ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી હતી. એટલે કે હાઇકોર્ટે પીડિતા અને તેના વાલીને ગર્ભના ગર્ભપાતના જોખમ સહિતના પાસાઓની તેઓ સમજી શકે તે ભાષામાં જાણકારી આપી તેઓની લેખિતમાં સહી મેળવ્યા બાદ ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવા હુકમ કર્યો હતો.

રાજકોટની પીડીયુ જનરલ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ભારત-પાક. વચ્ચે તનાવને પગલે સુકામેવાનો સ્વાદ બગડયોઃ૨૦ ટકાનો ભાવ વધારો

## અફઘાનિસ્તાનથી પાકિસ્તાન પહોંચેલા સુકામેવાના ૧૨૦ ટ્રકો ફસાઈ જતા પુરવઠો રોકાઈ ગયો

નવી દિલ્હી તા.૧૩

ભારત-પાકિસ્તાન વચ્ચે વધેલા તનાવથી અસર થયેલ વ્યાપારીક સબંધોના કારણે અફઘાનીસ્તાનથી ભારતમાં આવતા ડ્રાયફ્રુટસ (સુકો મેવા)ના પુરવઠાને અસર પડી છે.

ભારત તરફથી લગાવવામાં આવેલ




પ્રતિબંધથી પાકિસ્તાન પહોંચી ચુકેલા ડ્રાયફ્રુટસનાં ૧૨૦ થી વધુ ટ્રક રસ્તામાં ફસાઈ ગયા છે.

અફઘાનીસ્તાનથી મોટી માત્રામાં આયાત થતાં સુકામેવાની સપ્લાયને વિઘ્ન આવતા દિલ્હીની જથ્થાબંધ બજારોમાં તેનાં ભાવોમાં લગભગ ૧૫ થી ૨૦ ટકાનો વધારો થઈ ચૂક્યો છે. દેશમાં ખાદી બાવલીમાં રોજનાં લગભગ ૫૦ ટ્રક માલ આવે છે તેમાં બદામ, લાલ કિસમીસ, અંજીર, પિસ્તા વગેરેનો સમાવેશ થાય છે.

આ સુકામેવાની આયાત અફઘાનીસ્તાનથી થાય છે. જોકે બદામ, અખરોટ અને પિસ્તાની આયાત અમેરિકાથી પણ થાય છે. જયારે કાજૂ આફ્રિકી દેશોમાંથી આવે છે. ભારતમાં તુર્કીએ ઈરાન, અને ઉઝબેન્કસ્તાનથી પણ ડ્રાયફ્રુટ મંગાવવામાં આવે છે. પરંતુ

(અનુસંધાન છઠ્ઠા પાને)






(૧) મૃતક ચોલાબેનનો ફાઈલ ફોટો,(૨) તેમનો નિષ્પ્રાણ દેહ,(૩) સિવિલ હોસ્પિટલ પહોંચેલ મૃતકનાભાઈ સહિતના પરિવારજનો (૪) બનાવ વખતે હાજર પાડોશી મહિલાનું નિવેદન નોંધતી પોલીસ,(૫) ઉમિયા કૃપા મકાન જયાં બીજા માળે મૃતક રહેતા હતા.(૬) ઘટના સ્થળે લોહીના નીશાન અને તે રૂમ જેમાં મૃતક રહેતા હતાં.

# રાજકોટના યુનિવર્સિટી રોડ પર ઘરમાં ઘુસી કેન્સર હોસ્પિટલની નર્સની હત્યા

**અમદાવાદ જિલ્લાના દશક્રોઈના કુહા ગામના મૂળ વતની ૫૩ વર્ષીય ચૌલાબેન પટેલ ૪ મહિના પહેલા જ અમદાવાદ સિવિલમાંથી બદલી પામી રાજકોટ આવેલા**

**યુનિ. રોડ પર ઋષિકેશ સોસાયટીમાં ભાડાના મકાનમાં ઉપરના માળે રહેતા, આરોપી કાનજી વાંજા પાછળ જ રહેતો હોય, અગાશી ટપી આવ્યો હોવાનું અનુમાન**

**મોડી રાત્રે પોણા બાર વાગ્યાં આસપાસ ઘટના બનતા પોલીસ દોડી ગઈ, આરોપી સકંજામાં, કાનજીને પણ હાથ અને પગમાં છરી લાગી**

રાજકોટ, તા.૧૩

રાજકોટના યુનિવર્સિટી રોડ પર ઘરમાં ઘુસી કેન્સર હોસ્પિટલની નર્સની હત્યા કરાતા ચકચાર મચી ગઈ હતી. અમદાવાદ જિલ્લાના દશક્રોઈના કુહા ગામના મૂળ વતની ચૌલાબેન ત્રિભોવનદાસ પટેલ(ઉં. વ.૫૩) ૪ મહિના પહેલા જ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી બદલી પામી રાજકોટ સિવિલ કેન્સર હોસ્પિટલ ખાતે ફરજ પર આવેલ. યુનિ. રોડ પર ઋષિકેશ સોસાયટીમાં ભાડાના મકાનમાં ઉપરના માળે રહેતા હતા. આરોપી કાનજી ભીમજી વાંજા પાછળ જ રહેતો હોય, અગાશી ટપી આવ્યો હોવાનું અનુમાન છે. મોડી રાત્રે પોણા બાર વાગ્યાં આસપાસ ઘટના બનતા પોલીસ દોડી ગઈ હતી. આરોપીને સકંજામાં લીધો હતો. કાનજીને પણ હાથ અને પગમાં છરી લાગી હોય, સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

બનાવની જાણ થતા દશક્રોઈ અમદાવાદથી મૃતકના પરિજનો રાજકોટ દોડી આવ્યા હતા. પોલીસે ચૌલાબેનનો મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. ચૌલાબેન યુનિવર્સિટી રોડ પર ઋષિકેશ સોસાયટી શેરી નંબર ૨ માં કોલકી ગામના મૂળ વતન અને હાલ રાજકોટ રહેતા સુરેશભાઈ ગોધાણી ના મકાનમાં ભાડે રહેતા હતા. બે માળના મકાનમાં નીચેના મળે નીલમબેન અને પિયુષભાઈ દલસાણીયા એમ બે પતિ પત્ની રહેતા હતા. ઉપરના બીજા માળે ચૌલાબેન રહેતા. નીચેના માળે રહેતા નીલમબેને જણાવ્યા મુજબ, ગઈકાલે રાત્રે ૧૧:૪૫ વાગ્યે તે અને તેમના પતિ પોતાના રૂમમાં સૂતા હતા ત્યારે ઉપરના માળેથી જોરદાર ધબધબનો અવાજ આવ્યો હતો. બંને પતિ-પત્નીએ બહાર નીકળીને શેરીમાંથી ચૌલા બેનને અવાજ કર્યો હતો. જોકે ઉપરના માળે રૂમના દરવાજામાંથી આરોપી કાનજી બહાર નીકળ્યો હતો અને તેના હાથમાંથી લોહીના ટીપા પડી રહ્યા હતા. જે જોઈ તમે કોણ છો તમે અહીંયા કેમ આવ્યા તેમ નિલમબેને પૂછ્યું હતુ. પિયુષભાઈ આરોપી કાનજીને પકડી તેનો ફોટો પાડી લીધો હતો. દેકારો થતા આસપાસના પાડોશીઓ પણ દોડી આવ્યા હતા. એટલી વારમાં ચોલાબેન પણ રૂમની બહાર નીકળ્યા હતા. ચૌલા બેને પાણી માંગતા નીલમ બેને તેને પાણી પીવડાવ્યુ હતું પરંતુ ચોલા બેને કહ્યું કે આરોપીએ તેનું ગળું દબાવ્યું હોવાથી તે

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ૧ જુને ચૌલાબેનનો ફરી બદલીનો ઓર્ડર હતો

મૃતકના પરિવારજનોએ જણાવ્યા મુજબ, ચૌલાબેન બદલી પામી રાજકોટની યુનિવર્સિટી રોડ પરની કેન્સર હોસ્પિટલમાં કીમીયોથેરાપી વિભાગમાં ફરજ બજાવતા હતા. ચૌલાબેન પોતે પણ પરત અમદાવાદ બદલી કરાવવા માંગતા હતા અને પરિવારજનોનો પણ આગ્રહ હતો. જેથી બદલી થવા ભલામણ કરતા ચૌલાબેનને રાજકોટ કેન્સર હોસ્પિટલમાંથી પરત અમદાવાદ બદલી થવાનો ૧ જુનનો ઓર્ડર હતો.

## અમદાવાદથી બદલી થઈ ત્યારે જ અમે કહ્યું હતું કે, નોકરી છોડી દે પણ ચૌલા ન માનીઃ મૃતકના ભાઈ



મૃતકના ભાઈ શિવાંગભાઈ પટેલ

મૃતક ચૌલાબેનના મોટાભાઈ શિવાંગભાઈએ કહ્યું કે, ચૌલાબેન વર્ષોથી સરકારી કાયમી નર્સ તરીકે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નોકરી કરતા હતા. ૪ મહિના પહેલાં જ અમદાવાદથી બદલી થઈ ચૌલાબેન રાજકોટ સિવિલ કેન્સર હોસ્પિટલ યુનિવર્સિટી રોડ ખાતે ફરજ પર હાજર થયા હતા. ચૌલાબેન અપરણિત હતા. સુખી સંપન્ન પરિવારમાંથી આવતા હોવાથી હવે આગળ નોકરી ન કરવા તેમના ભાઈએ તેમને સમજાવેલ. પરંતુ પીએફ સહિતના લાભોને ધ્યાનમાં રાખી ચૌલાબેને નોકરી ન છોડવા નકકી કર્યુ હતું. અને રાજકોટ આવી ભાડાના મકાનમાં એકલા રહેતા હતા.

## આરોપીએ બળજબરી કરતા ચૌલાબેને પ્રતિકાર કરેલો, કોઈ સંબંધ હતો કે નહીં તે જાણવા સીડીઆરથી તપાસ

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળ્યું છે કે, આરોપી અગાઉથી જ ચૌલાબેનને ઓળખતો હતો. બંનેનાં ઘર એક બીજાને અડીને આવેલ છે. આરોપી તેને માસી કહી સંબોધતો હતો. ગઈકાલે રાત્રે દરવાજો ખખડાવતા ચૌલાબેને દરવાજો ખોલ્યો હતો. આરોપીએ બળજબરી કરવા પ્રયત્ન કરતા ચૌલાબેને જે હાથમાં આવ્યું તે તિક્ષણ વસ્તુ આરોપીને મારી દીધેલ. જોકે આરોપીએ તે તિક્ષણ વસ્તુ ઝુટવી ચૌલાબેનને છાતીમાં ત્રણ ઘા મારી દીધેલ.

જોકે આરોપી કાનજી ભીમા વાંજા (ઉં.વ.૩૪, ધંધો છુટક મજુરી, રહે. રૂષિકેશ સોસાયટી શેરી નં.૩, સરકારી આર્યુવેદીક હોસ્પિટલ વાળી શેરી યુનિ. રોડ રાજકોટ, મુળ રહે. મેઈન બજાર વિસ્તાર, સિંધાજ, સિંહજ, જુનાગઢ) રટણ કરી રહ્યો છે કે, તેને મૃતક સંબંધ હતો. ઘણા વખતથી પરિચયમાં હતો. તેને બોલાવ્યો એટલે ગયો હતો. એટલે પોલીસે હકીકત જાણવા હવે

(અનુસંધાન છઠ્ઠા પાને)

# માર્કેટ યાર્ડની હડતાળનો અંતઃ કાલથી ખુલી જશે

## ૧૪૬ કમિશન એજન્ટોના ફસાયેલા રૂા.૧૭.૧૯ કરોડ સહિયારા પ્રયાસોથી રિકવર કરવા સહમતીઃ ૩ માસની મહેતલ

રાજકોટ તા.૧૩

રાજકોટ માર્કેટ યાર્ડમાં એકાદ સપ્તાહથી ચાલતી હડતાળનો છેવટે અંત આવ્યો છે. યાર્ડ સતાવાળાઓ તથા વેપારીઓ-કમીશન એજન્ટોની સંયુકત બેઠકમાં સમાધાન થયુ હતું. કાચી પડેલી પેઢીમાં ફસાયેલા નાણાંની રિકવરી માટે સહીયારા પ્રયાસો કરવાનું નકકી થયુ હતું.

માર્કેટ યાર્ડની પેઢી જે.કે.ટ્રેડર્સના બીપીન ઢોલરીયા તથા નિલેશ ઢોલરીયા ૧૭.૧૯ કરોડ રૂપિયા ચુકવ્યા વિના નાસી જતા કમીશન એજન્ટોએ ગત સપ્તાહથી કામકાજનો બહિષ્કાર શરૂ કરી દીધો હતો. જીરૂની ખરીદી પેટેના આ નાણાં ૧૪૬ કમીશન એજન્ટોએ લેવાના હતા. સંચાલકો વિરૂદ્ધ વિધીવત ફરિયાદ દાખલ કરાતા પોલીસે બન્નેની રાજસ્થાનથી ધરપકડ કરીને રીમાંડ મેળવ્યા હતા. સંચાલકો પકડાઈ જવા છતાં લેણી રકમનું શું થશે? તે મુદ્દે કમીશન એજન્ટોએ કામકાજનો બહિષ્કાર ચાલુ જ રાખ્યો હતો ત્યારે આજે યાર્ડના ચેરમેન જયેશ બોઘરા તથા વેપારીઓ-કમીશન એજન્ટોની સંયુકત બેઠક રાખવામાં આવી હતી. પેઢી સાથેનાં નાણાંકીય વ્યવહારો, પોલીસ તપાસમાં ખુલેલી પ્રાથમિક વિગતો, સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી.કાચી પડેલી પેઢીનો ઉંચામાં માલ તથા રકમ લેણા નિકળતા હોવા ઉપરાંત માલ મિલકતના પણ ગણીત મંડાયા હતા અને તેના આધારે રિકવરી માટે સહિયારા પ્રયાસો કરવાનું નકકી થયુ હતું.

ત્રણ-ચાર મહિનામાં ઉકેલ આવી જશે તેવો વિશ્વાસ વ્યકત થયો હતો. યાર્ડમાં વેપાર બંધ રાખવાથી ખેડુતોને નુકશાન જશે. ચોમાસું માથે છે અને ખેડૂતો પાસે કાલ પડયો છે તેના વેચાણની તક મળે તે માટે હરરાજી-વેપાર શરૂ કરવાનો વ્યુહ વ્યકત થયો હતો.

માહિતગાર સુત્રોએ કહ્યું કે કાચી પડેલ પેઢીની માલ મિલકતમાંથી ઉપરાંત પોલીસ રિકવરી કરે તો તે રકમથી ૧૪૬ કમીશન એજન્ટોનો શક્ય એટલો નાણાંકીય વહિવટ ત્રણ-ચાર મહિનામાં ઉકેલની બાહેંધરી સાથે હડતાળનાં અંત લાવવા સહમતી થઈ હતી.

યાર્ડનાં ચેરમેને કહ્યું કે સંયુકત બેઠકમાં સમાધાન થઈ ગયુ છે. આવતીકાલથી યાર્ડમાં હરરાજી સહિતનાં કામકાજો ફરી શરૂ થઈ જશે.ઘઉં, ચણા, મગફળી, જીરૂ, ધાણા, તુવેર સહીતની ચીજોની મોટી આવકો થવાની શક્યતા છે અને આગોતરી વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે.

# પિતાએ ઠપકો આપતા વાવડીના રંગમહેલ એપા.માં રહેતા ૧૭ વર્ષીય મંથન કયાડાએ ઝેરી દવા પી આપઘાત કર્યો

### મૃતક ધો.૧૧માં અભ્યાસ કરતો, એકના એક પુત્રના આપઘાતથી પરિવારમાં શોક છવાયો

### ઘર પાસે આવેલી દુકાન પાસે ઘઉંમાં નાખવાનો પાવડર પી મંથને પોતાના પિતાને જાણ કરી હતી

રાજકોટ, તા.૧૩

શહેરના વાવડી વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય સગીરે પિતાના ઠપકા બાદ ઝેરી દવા પી આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી ગઈ છે. મંથન કયાડાએ ઘર પાસે આવેલી દુકાન નજીક ઝેરી દવા પી પોતાના પિતાને ફોન કરી પોતે ઝેર પી ગયો હોવાનું



જણાવ્યું હતું. પાડોશીઓએ આવી મંથનને હોસ્પિટલમાં ખસેડ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે પોલીસ સૂત્રોએ આપેલી માહિતી મુજબ મંથન જગદીશભાઈ કયાડા (ઉંમર વર્ષ ૧૭, રહે રંગ મહેલ એપાર્ટમેન્ટ વાવડી ગામ ૮૦ ફુટ રોડ)એ તારીખ ૧૨ / ૫ ના રોજ રાત્રે ૯:૩૦

(અનુસંધાન છઠ્ઠા પાને)


## શ્રદ્ધાંજલિ



**સ્વ. હેમાબેન આચાર્ય**

(ભુતપુર્વ આરોગ્ય મંત્રી)
પૂર્વ ડિરેક્ટર કો.કો. બેંક – જૂનાગઢ
સ્વ.તા.૧૧/૦૫/૨૦૨૫, રવિવાર

લોકોની વચ્ચે રહી, લોકોની સેવા કરતા, પ્રજાના દુઃખે દુઃખી, પ્રજાના સુખે સુખી.... પ્રખર રાષ્ટ્રવાદી અને સાચા અર્થમાં લોક પ્રતિનિધિ, લોક સેવક અને માતૃતુલ્ય ''મા''ને ભાવભીની શ્રદ્ધાંજલિ...

લી.
ડોલરભાઈ કોટેચા
(પૂર્વ ચેરમેનશ્રી)

સાગરભાઈ કોટેચા (ચેરમેનશ્રી) | આશિષભાઈ માંકડ (એમ.ડી.) | સુજલભાઈ દોશી (વા.ચેરમેનશ્રી) | રાજેશભાઈ મારડિયા (સી.ઈ.ઓ)

તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કર્મચારી ગણ
ધી. જૂનાગઢ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લી. (0%NPA)


# મનસુખ સાગઠીયાની ૨૧ કરોડની સંપતિ ટાંચમાં લેતી ED

### રાજકોટના TRP ગેમઝોન અગ્નિકાંડના આરોપી સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠીયા સામે અગાઉ એસીબીએ આ પ્રમાણસર મિલકતનો કેસ કર્યો હતો

### સાગઠીયાની મિલકતો જપ્તીમાં લીધાના EDના હુકમની નકલ રાજકોટની ખાસ એસીબી કોર્ટમાં મોકલાઈઃ સંપતિ ટ્રાન્સફર અંગેનો કોઈ હુકમ ન કરવા સ્પે.પીપી એસ.કે.વોરા મારફત અરજી કરાઈ



મનસુખ સાગઠીયા/ એસ.કે.વોરા કેસના સ્પે.પીપી

રાજકોટ,તા.૧૩

ટીઆરપી ગેમઝોનના કેસમાં મુખ્ય સહઆરોપી ટાઉન પ્લાનીંગ અધિકારી મનસુખ સાગઠીયાની રૂા.૨૧ કરોડની મિલ્કત પ્રિવેન્સન ઓફ મની લોન્ડરીંગ એકટની કલમ-૫ હેઠળ જપ્તીમાં લીધા બાદ, ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમની કલમો હેઠળ આગની કોઈ કાર્યવાહી ન કરવા દિલ્હીની એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટે રાજકોટની એ.સી.બી ખાસ અદાલતને લેખીત અરજ કરેલ છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ ઓફીસર મનસુખ ધનજી સાગઠીયાની વરવી ભુમિકા જણાઈ આવતા તેઓ સામે એક સાથે ૩ ફોજદારી કેસો નોંધાયેલા હતાં. જેમાં ભ્રષ્ટ્રાચાર નિવારણ કાયદા હેઠળ એક કેસ અને ભારતીય દંડ સહિતા હેઠળ બે કેસો છે આ કેસોની તપાસ દરમ્યાન જણાવયેલ હતું. કે ટી.પી.ઓ. મનસુખ સાગઠીયાએ ૨૮ કરોડની પ્રમાણસર મિલ્કતો ધારણ કરેલ છે. જે તેઓએ પોતાના પત્ની અને પુત્રના નામે વસાવેલ હતી તથા એક સ્થાવર મિલ્કતમાં તેમના પુત્ર કેયુરએ અલ્કેશ રણછોડભાઈ ચાવડા

(અનુસંધાન છઠ્ઠા પાને)


**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

**મેટોડા GIDC**
**જોઈએ છે**
ડ્રાઈવર (ફૂલ ટાઈમ)
ઓફીસ વર્ક સાથે
૧૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી
ગાડી : ઈનોવા – અશોક દોસ્ત
આકર્ષક પગાર
બાયોડેટા ફકત વોટસએપ કરવો
9099911381

આકર્ષક પગાર થી અનુભવી સ્ટાફ આવકાર્ય છે
જોઈએ છે
VMC Programmer - Mitsubishi System
CNC Programmer - Siemens System
મશીન ફિટર
(૧૧ થી ૭ દરમ્યાન રૂબરૂ મળો)
DHS METCO PRO SYS
Survey No. 246 P/2, Near Bhumi Industrial Estate, behind Gram Swaraj Mandal, Anand Liner Gate, Veraval (Shapar), Rajkot 360 024
M - 63599 10495/ 99090 49997
Email - contact@divinegroup.com
Sale


PRASHANT REQUIREMENT
We are one of India's leading ISO 9001:2015, ISO 14001:2015 and ISO 45001:2018 certified export oriented foundry, requiring for our Rajkot based plants :
MACHINE SHOP NPD ENGINEER (2)
BE/Diploma Mech /ITI or equivalent, Exp. 1 to 5 years
FOUNDRY QC ENGINEER (2)
BE/Diploma Mech or Metallurgical/ITI or equivalent
Exp. 2 to 4 years
QC LINE INSPECTOR (3)
BE/Diploma Mech /ITI or equivalent, Exp. 0 to 3 years
Interested candidates may submit detailed resume to
Email : hr@prashantcast.co.in WhatsApp : 90230 52958
Drishty-25
PRASHANT CASTECH (P) LTD
Mavdi Main Road, Opp. Anand Bungalow Chowk, Rajkot-360 004

# ભાજપ સંકલન બાદ વધુ એક વખત નેહલ શુકલએ સાંજે ‘સળગતા’ પ્રશ્નો મૂકયા : બે વર્ષના ટેન્ડરની કુંડળી માંગી!

## ફાયર એનઓસીની અરજી અને નિયમો પૂછતા શાખામાં દોડધામ : સતત બીજા બોર્ડમાં બોલ્ડ સવાલો રજૂ..

રાજકોટ, તા. ૧૩

મ્યુનિ. કોર્પોરેશનના આગામી તા.૨૦ના રોજ મળનારા જનરલ બોર્ડ માટે ગઇકાલે સવારે ભાજપના કોર્પોરેટરોએ પ્રશ્નો રજૂ કરી દીધા બાદ વધુ એક વખત ભાજપના ‘બોલ્ડ’ કોર્પોરેટર ડો. નેહલ શુકલએ સાંજે પોતાના બે પ્રશ્નો અલગથી રજૂ કર્યા છે. દર વખતે એજન્ડાના દિવસે સવારે થતા શાસક પક્ષના અનોપચારીક સંકલનમાં પ્રશ્નોત્તરી અને સભ્યોના નામો પાર્ટી ફિકસ કરતી હોય છે ત્યારે ફરી નગરસેવકે સાંજે પ્રશ્નો ઇન્વર્ડ કરાવતા ભાજપમાં ચૂંટણી વર્ષમાં માવઠા જેવી રાજકીય ચર્ચાઓ ચાલુ રહી છે.



વોર્ડ નં.૭ના કોર્પોરેટર અને સ્ટે.કમીટીના સભ્ય ડો. નેહલ શુકલ સમિતિની મીટીંગમાં પણ દરખાસ્તોનો એકસ-રે કાઢીને સાથી પદાધિકારીઓ તથા અધિકારીઓને પણ વિચારતા કરી દેવા માટે ચર્ચામાં રહેતા હોય છે. ગત બોર્ડમાં પણ તેમણે જાહેર હિતના પ્રશ્ન પાર્ટી સંકલન બાદ સાંજે રજૂ કર્યા હતા. આ પ્રશ્નો લોકોને માહિતી મળે તેવા હોવા છતાં પદાધિકારીઓને કરંટ લાગી જાય તેવા પણ હોય છે. મેયર સમયમર્યાદામાં આવતા કોઇ પણ પ્રશ્ન સ્વીકારવાના હોય છે તેવું સ્પષ્ટ કહે છે.

દરમ્યાન ગત સાંજે કોર્પોરેટરે સેક્રેટરીને પત્ર લખીને બે પ્રશ્ન પૂછયા છે. મનપામાં ફાયર એનઓસી મેળવવા અંગેના સંપૂર્ણ નિયમો, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ એનઓસી મેળવવા અંગેની કેટલી અરજી પેન્ડીંગ છે અને કેટલી નામંજૂર કરવામાં આવી તેની વિગતો માંગી છે. બીજા પ્રશ્નમાં કોર્પોરેટરે વધુ એક વખત ટેન્ડરની કાર્યવાહીને રડારમાં લીધી છે. મ્યુનિ. કોર્પો. દ્વારા છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ સુધીમાં કોર્પો.ની વિગત શાખા દ્વારા રૂા. ૨૦ લાખ કે તેથી વધુ રકમના બહાર પડાયેલા ટેન્ડર અને મંજૂરી અંગેની વિગતો પૂછી છે. ટેન્ડર જે તારીખે પ્રસિધ્ધ કર્યુ હોય તે તારીખ, ત્યારબાદ ટેકનીકલ ચકાસણી અને પ્રાઇઝ ખોલવાની તારીખ, વર્કઓર્ડર આપવાની તારીખ, ટેન્ડરથી અધિકૃત થયેલ એજન્સીને તે ટેન્ડરની રકમનું જેટલીવાર ચુકવણું કરવામાં આવ્યું હોય તેની તારીખ સાથેની વિગતો શાખાવાઇઝ પૂછી છે.

ટેન્ડર, રી-ટેન્ડર, કામની મુદત, ઉપરાંત વધારાના ૧૦ ટકા પેમેન્ટ મામલે તેમણે ગત બોર્ડમાં પણ સવાલ પૂછયો હતો જેનો સ્પષ્ટ અને સીધો જવાબ ન મળ્યાનું કાગળ પર દેખાયું હતું. છતાં આ વખતે તેમણે વધુ એક વખત ટેન્ડર અને ફાયર એનઓસી માટે લોકોને થતી દોડાદોડીની સ્થિતિનું સત્ય બહાર લાવવા પ્રયાસ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ભુતકાળમાં કાયમ માટે જે તે સ્ટે. કમીટીના ચેરમેન જ પ્રશ્નોત્તરી અંગેનું સંકલન કરતા હતા. પરંતુ બે બોર્ડથી આ મામલો મેયરે સંભાળી લીધો છે. આ બંને બોર્ડમાં ભાજપના કોર્પોરેટરે સાંજે પ્રશ્ન રજૂ કર્યા છે.

## નવા પ્રમુખને પણ નવો અનુભવ!

રાજકોટ, તા. ૧૩

ગત જનરલ બોર્ડ વખતે પણ કોર્પોરેટર નેહલ શુકલએ સાંજે પ્રશ્ન રજૂ કર્યા હતા. મનપા ભાજપમાં વ્યવસ્થા થઇ ગયા બાદ સમયમાં આવેલા પ્રશ્નનો મેયરે બોર્ડ અધ્યક્ષ તરીકે સ્વીકાર કર્યો હતો. હવે નવા પ્રમુખે ચાર્જ સંભાળ્યો છે. પ્રમુખ માધવ દવેને પણ આ નવો અનુભવ ચૂંટણી વર્ષમાં થઇ ગયો છે. પ્રમુખનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે સભ્યએ સાંજે પ્રશ્ન મૂકયાની જાણ કરી છે. તેઓ હાલ તિરંગા યાત્રાના કાર્યક્રમમાં વ્યસ્ત છે. આ મામલે તેઓ બાદમાં સભ્ય સાથે વિસ્તૃત ચર્ચા કરશે. છતાં સભા અધ્યક્ષ તરીકે તેમણે મેયરને મામલો જોઇ લેવા કહ્યું છે.

### વડાપ્રધાનનાં સંબોધન બાદ કેન્દ્રીય ગૃહમંત્રીનો હુંકાર

# ભારતના કોઈપણ દુશ્મનોને બક્ષવામાં નહિં આવેઃ ઓપરેશન સિંદુર પહેલગામ હુમલાનો જવાબઃઅમીત શાહ

## વડાપ્રધાન મોદીએ આતંક સામે લક્ષ્મણરેખા દોરી છે, આકાઓ પર પ્રહાર થશે

નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ ઓપરેશન સિંદૂરના સંદર્ભમાં રાષ્ટ્રને સંબોધન કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે X પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, રાષ્ટ્ર આપણા સશસ્ત્ર દળોની બહાદુરીને સલામ કરે છે. જે આપણા દુશ્મનોનો નાશ કરે છે અને ભારતની ઢાલ છે. અમે આપણા સંરક્ષણના પ્રથમ હરોળ, BSFના બહાદુર જવાનોને પણ સલામ કરીએ છીએ. આપણા દળોની બહાદુરી આપણા ગૌરવશાળી ઇતિહાસમાં હંમેશા માટે અંકિત રહેશે. આપણા નિર્દોષ ભાઈઓના આત્માઓને ન્યાય અપાવવામાં તેમના અનુકરણીય નેતૃત્વ બદલ હું પીએમ મોદીને અભિનંદન આપું છું. વારંવાર પીએમ મોદીએ ઘણી વખત સાબિત કર્યું છે કે ભારતના કોઈ પણ દુશ્મન બક્ષવામાં આવશે નહીં.

‘ઓપેરશન સિંદૂર’માં અમિતભાઈ શાહએ આંતરિક સુરક્ષાના એક એક પોઈન્ટ પર પળેપળની નજર રાખી રહ્યા હતા. તેમજ સતત BSF, CRPF અને બીજી પર મિલીટરી સાથે સંપર્કમાં હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે દેશના અર્ધલશ્કરી દળોના વડાઓ સાથે સતત તેઓ સંપર્કમાં હતા. તેમજ અમિતભાઈ શાહે BSF અને CISF ના DG સાથેની વાતચીતમાં દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી. ગૃહમંત્રીની બીએસએફ ડીજી સાથેની વાતચીતનો સ્પષ્ટ અર્થ એ છે કે હવે આંતરરાષ્ટ્રીય સરહદ પર પણ પાકિસ્તાનની




કાર્યવાહીનો યોગ્ય જવાબ આપવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સરહદ પર BSF તૈનાત છે અને ઘણી જગ્યાએ એવી માહિતી છે કે પાકિસ્તાન તરફથી તણાવ વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ઓપરેશન સિંદૂર હેઠળની સૈન્ય કાર્યવાહીને જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ ગણાવ્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે ભારત હવે ચૂપ રહેશે નહીં. ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું કે, અમને અમારા સશસ્ત્ર દળો પર ગર્વ છે. ઓપરેશન સિંદૂર એ અમારા નિર્દોષ ભાઈઓની ક્રૂર હત્યાનો ભારતનો યોગ્ય જવાબ છે. ભારત અને તેના નાગરિકો પરના કોઈપણ હુમલાનો યોગ્ય જવાબ આપવા માટે મોદી સરકાર સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

### ભારતનો હુમલો આવતા પાક સૈન્ય વડા મુનીર બે કલાક બંકરમાં છુપાઈ રહ્યા

# પાકના નુરખાન હવાઈમથક પરના હુમલાનો નિર્ણય ખુદ એર ચીફ માર્શલ એ.પી.સિંઘે લીધો હતોઃ દોભલે લીલીઝંડી આપી

નવી દિલ્હી તા.૧૩

ભારતે છેડેલા ઓપરેશન સિંદુરમાં હવાઈ હુમલાએ મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમાં ભારતીય હવાદળના વડા એર ચીફ માર્શલ અમરપ્રીતસિંઘ એ પાકિસ્તાનમાં નુરખાન એરબેઝ કે જે રાવલપીંડી ખાતેનું પાક હવાઈદળનું મુખ્ય મથક છે. તેને ખાસ ટાર્ગેટ કરવા નિર્ણય લીધો હતો. ડિફેન્સ સૂત્રોના જણાવ્યા મુજબ એર ચીફ માર્શલે આ હુમલામાં વ્યક્તિગત રીતે પાઈલોટની પસંદગી કરી હતી. આ ઓપરેશન અત્યંત જોખમી હતું. છેક પાકની અંદર જઈને તેના મુખ્ય એરબેઝને તબાહ કરવાનું હતું અને સલામત પરત આવવાનું હતું. તેઓએ આ ઓપરેશનમાં સામેલ પાઈલોટને એક સંદેશ મોકલ્યો વી શુડ ગો ફોર ધ કિલ એટલે કે આપણે ખતમ કરવા પહોંચવાનું છે. નેશનલ સિકયોરિટી એડવાઈઝર અજીત દોવેલે મિશનમાં આગળ વધવા મંજુરી આપી હતી. પાકિસ્તાનના મહત્વપૂર્ણ એર ફેસેલીટી આ વિસ્તારમાં આવી હતી. ઉપરાંત અહી પાકિસ્તાનના હવાઈદળની સ્કવોડ્રન પણ તૈનાત હતી. એરિયલ એટલે કે હવામાં ઈંધણ ભરી શકાય તે યુનિક પણ આવેલું હતું અને પાકિસ્તાનના સ્ટેટેજીક પ્લાન ડિવિઝનનું હેડકવાટર પણ અહી છે અને આથી

### પાઈલોટની પસંદગી પણ ખુદ એર ચીફ માર્શલે કરીઃ કહ્યુ આપણે ખતમ કરીને આવવાનું છે



પાકિસ્તાન માટે નુરખાન એરબેઝનો હુમલો ખૂબજ આઘાત આપી ગયો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ હુમલા બાદ પાકિસ્તાનના સૈન્ય વડા જનરલ અસીમ મુનીરને બંકરમાં લગભગ બે કલાક સુધી છુપાઈ રહેવાની ફરજ પડી હતી અને બાદમાં તેમના સતાવાર નિવાસથી તેમને ખસેડીને અન્ય લોકેશન પર સુપ્રત કરાયા હતા. આ હુમલાએ પાકિસ્તાનને ડિપ્લોમેટીક કટોકટીમાં પણ મુકી દીધુ હતું. પાકિસ્તાનના વિદેશ વિભાગના સીનીયર અધિકારીઓએ તુર્તજ અમેરિકા, સાઉદી અરેબીયા, તુર્કી અને ચાઈનામાં સંપર્ક કરીને યુદ્ધ ખતમ કરાવવા મદદ માંગી હતી અને નુરખાન હવાઈમથક પરનો હુમલો એ પાકિસ્તાનને સીધો સંદેશ આપવા માટે હતો કે આકાશમાં ભારતનું રાજ છે અને રહેશે.

# મોરબી પાસે કન્ટેનર હેઠળ કચડાઈ જતા PSIનું કરૂણ મોત

## જાંબુડીયા નજીક એક્ટીવાને ટક્કર મારતા અકસ્માતઃ બી.આર.જાડેજાના મૃત્યુથી પોલીસ બેડામાં શોકઃ ડ્રાઈવર ભાગી ગયો

(જીજ્ઞેશ ભટ્ટ)

મોરબી, તા.૧૩

મોરબી જિલ્લાના હેડ કવાર્ટર ખાતે ફરજ બજાવતા પી.એસ.આઇ. પોતાનુ એક્ટિવા સ્કૂટર લઈને ફરજ ઉપરથી પરત પોતાના ઘરે આવી રહ્યા હતા દરમિયાન જાંબુડીયા ગામ પાસે ઓવરબ્રિજ નજીક ટ્રક કન્ટેનરના ચાલકે તેઓના સ્કૂટરને ટક્કર મારી હતી જેથી પીએસઆઈ તેના સ્કૂટર ઉપરથી નીચે રસ્તા ઉપર પડી જતાં ટ્રક કન્ટેનરના તોતિંગ વ્હીલ તેઓના મોઢા સહિતના શરીર ઉપરથી ફરી ગયા હતા જેથી વાહન નીચે કચડાઈ જવાના કારણે પીએસઆઇનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું.

આ બનાવ સંદર્ભે હાલમાં મૃતક પીએસઆઈના દીકરાએ ટ્રક કન્ટેનરના ચાલક સામે તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

જાણવા મળતી પ્રમાણે મૂળ ભુજના મોટા રૈયા ગામના અને હાલમાં મોરબી જિલ્લામાં હેડ કવાર્ટર ખાતે પીએસઆઇ તરીકે ફરજ બજાવતા અને તાલુકા પોલીસ લાઇનના કવાર્ટરમાં રહેતા બી.આર. જાડેજા એક્ટીવા સ્કૂટર લઈને મોરબી વાંકાનેર હાઇવે રોડ ઉપર આવેલ જાંબુડીયા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓના એક્ટીવા નંબર જીજે ૧ પીએ ૭૧૬૭ ને ટ્રક કન્ટેનર નંબર આરજે ૭ જીડી ૧૨૧૫ ના ચાલકે ટક્કર મારી હતી જેથી એક્ટિવા ઉપર જઇ રહેલા પીએસઆઈ બી.આર. જાડેજા રસ્તા ઉપર નીચે પટકાતાં તેના



માથા અને મોઢા ઉપરથી ટ્રક કન્ટેનરના તોતિંગ વ્હીલ ફરી ગયા હતા જેથી કરીને ટાયર નીચે કચડાઈ જવાથી પીએસઆઇને ગંભીર ઈજા થઈ હોવાથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું.

અકસ્માત સર્જીને ટ્રક કન્ટેનરનો ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો જેથી બનાવમાં મૃત્યુ પામેલ પીએસઆઇના મૃતદેહને પીએમ માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને આ બનાવની જાણ થતાં ડીવાયએસપી, પીઆઇ, પીએસઆઇ સહિતના અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ હોસ્પિટલે દોડી આવ્યા હતા

આ બનાવ સંદર્ભે હાલમાં મૃતક અધિકારીના દીકરા મિતરાજ સિંહ ભગવાનજી જાડેજા (૨૧)એ હાલમાં તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ટ્રક કન્ટેનર નંબર આરજે ૭ જીડી ૧૨૧૫ ના ચાલક સામે ફરિયાદ નોંધાવેલ છે. તેઓના પિતાની બપોરે ૧૨ થી રાતના ૮ વાગ્યા સુધી હેડ કવાર્ટર ખાતે નોકરી હતી જેથી તેઓ પોતાની ફરજ પૂરી કરીને ઘરે પાછા આવી રહ્યા હતા ત્યારે જાંબુડીયા ગામ પાસે ઓવરબ્રિજ નજીક ટ્રક કન્ટેનરના ચાલકે તેઓના સ્કૂટરને ટક્કર મારી હતી અને ત્યાર બાદ તેના પિતા રસ્તા ઉપર પડી જતાં તેના ઉપરથી ટ્રક કન્ટેનરના ચાલકે પોતાનું વાહન પસાર કરી દેતા ગભીર ઇજા થવાથી તેઓનું મોત નીપજયું હતું.

વધુમાં પોલીસ પાસેથી મળી રહેલ માહિતી મુજબ અકસ્માત સર્જીને નાસી ગયેલા ટ્રક કન્ટેનરના ચાલકને પકડવા માટે પોલીસે હાઇવે ઉપર તપાસ શરૂ કરી હતી તેવામાં મોરબી તાલુકાનાં ગાળા ગામ નજીક આવેલ હોટલ પાસેથી અકસ્માત સર્જનાર ટ્રક કન્ટેનર મળી આવેલ છે જો કે, તેનો વાહન ચાલક નાશી ગયેલ છે અને તે આરોપીનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓક આવી રહ્યો હોવાથી તેને પકડવા માટે તજવીજ ચાલી રહી છે.

# અમેરિકામાં કાર અકસ્માતમાં એક ગુજરાતી સહિત બે ભારતીયના મોત

પેનસિલ્વેનિયા (અમેરિકા) તા.૧૩

અમેરિકાના પેનસિલ્વેનિયાની લેન્કેસ્ટર કાઉન્ટીમાં ગત સપ્તાહે એક માર્ગ અકસ્માતમાં એક ગુજરાતી સહિત બે ઈન્ડિયન સ્ટૂડન્ટ્સના મોત થઈ ગયા હતા. જ્યારે એક યુવક ઘવાયો હતો. મૃતક ૨૩ વર્ષીય સૌરવ પ્રભાકર અને ૨૦ વર્ષીય માનવ પટેલ ઓહાયોમાં કલીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના સ્ટૂડન્ટ્સ હતા. પોલીસના જણાવ્યા મુજબ, મે ૧૦એ લેન્કેસ્ટર કાઉન્ટીના પેનસિલ્વેનિયા ટર્નપાઈક પર તેમની કાર રસ્તા પરથી ઉતરી ગઈ અને એક ઝાડ સાથે અથડાયા બાદ પુલ સાથે ટકરાઈ ગઈ હતી.ન્યૂયોર્કમાં સ્થિત કોન્સુલેટ જનરલ ઓફ ઈન્ડિયાએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે અને આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારોને મદદનું આશ્વાસન આપ્યું છે. કોન્સુલેટે એક્સ પર પોસ્ટ કરી હતી કે, ’કમનસીબ માર્ગ અકસ્માત વિશે જાણીને ઘણું દુઃખ થયું, જેમાં કલીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના બે ઈન્ડિયન સ્ટૂડન્ટ માનવ પટેલ અને સૌરવ પ્રભાકરના મોત થઈ ગયા.’પેન્સિલવેનિયા પોલીસે જણાવ્યું હતું કે, અકસ્માત ૧૦ મે, શનિવારે સવારે લગભગ ૭ કલાકે ઈસ્ટ કોકેલિકો ટાઉનશિપમાં રીડિંગ ઈન્ટરચેન્જ પાસે પૂર્વની તરફ જતી લેન પર થયો હતો. જ્યારે વાહન ટર્નપાઈકથી દૂર એક ઝાડ સાથે અથડાઈ ગયું અને પછી એક પુલ સાથે જઈને ટકરાયું. લેન્કેસ્ટર ઓનલાઈનના રિપોર્ટ મુજબ, સૌરવ પ્રભાકર કાર ચલાવી રહ્યો હતો.

# માવઠાથી ૭૦૦૦ હેકટરમાં કેરીના પાકને મોટું નુકસાન

## ખેતીવાડી વિભાગની ૧૬ ટીમો દ્વારા રિપોર્ટ તૈયાર કરાશે

રાજકોટ, તા.૧૩

છેલ્લા ચાર દિવસથી વલસાડમાં પડી રહેલ કમોસમી વરસાદના કારણે કેરીના પાકને વ્યાક પ્રમાણમાં નુકસાન થવા પામ્યું છે. બાગાયત વિભાગ અને ખેતીવાડી વિભાગ દ્વારા પાક નુકસાનીનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. તંત્રની ૧૬ ટીમો દ્વારા ૮૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમજ કમોસમી વરસાદને કારણે કેરીના પાકને વધુ નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. કમોસમી વરસાદને લઈ કેરીઓ આંબા ઉપરથી ખરી પડી હતી. કેરીમાં અંદાજિત ૭૦૦૦ થી વધુ હેક્ટરમાં નુકસાન સામે આવ્યું છે. શેરડી, તુવેર અને અન્ય લીલોતરી શાકભાજીમાં પણ ભારે નુકસાન થયું છે. ૧૫ થી ૨૦ હેક્ટરમાં નુકસાન થયું હોવાની શક્યતાઓ વર્તાઈ રહી છે. સર્વે પૂર્ણ થયા બાદ નુકસાની અંગે રિપોર્ટ સરકારમાં



મોકલાશે. રિપોર્ટને આધારે ખેડૂતોને વળતર માટેના પ્રયાસો હાથ ધરાશે.

વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારી એ.કે. ગરાસિયાએ જણાવ્યું હતું કે, ખાસ કરીને વરસાદ તેમજ વાવાઝોડના કારણે પાકને જે નુકસાન થયું. એમાં વહીવટી તંત્ર દ્વારા જે સૂચના મળી તે મુજબ ૧૬ ટીમોની રચના કરવામાં આવી છે. દરેક તાલુકમાં ૮૦ થી ૯૦ ટકા સર્વે પૂર્ણ કરી દીધો છે. આંબાવાડીયા કેર અને શાકભાજીના પાકોમાં નુકસાન થયું છે.

# પત્નીને છરી લઈ કહ્યું કે તું મને ગમતી નથી, તને જાનથી મારી નાખીશ

## પ્રેમ લગ્નમાં દગો મળ્યો, પતિ અન્ય યુવતી સાથે વાત કરવા લાગ્યો, ટપારતા મારમારતો.માધાપર ચોકડી પાસે ધ સ્પેસ એપાર્ટમેન્ટમાં રહેતી પરિણીતાએ પતિ વિરુદ્ધ ફરીયાદ નોંધાવી

રાજકોટ.તા.૧૩

માધાપર ચોકડી પાસે ધ સ્પેસ એપાર્ટમેન્ટમાં રહેતી મીનલબેન (ઉ.વ.૩૩)એ પતિ મહેશ મગનભાઈ મેર વિરૂધ્ધ મારઝુડ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ત્રાસ આપ્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જેમાં જણાવ્યું છે કે ૨૦૨૨માં જૂનાગઢના યુવક સાથે લગ્ન થયા બાદ ત્રણેક મહિના પછી છૂટાછેડા લઈ લીધા હતા. ૨૦૧૮માં લો કોલેજમાં અભ્યાસ દરમિયાન આરોપી સાથે પરિચય થતાં ૨૦૨૩માં કોર્ટમાં લગ્ન કરી લીધા હતા. પતિએ ત્રાસ આપવાનું શરૂ કરતાં ૨૦૨૩માં છૂટાછેડા લીધા હતા.

ત્યાર પછી પતિએ માફી માંગી લેતાં અને હવે હેરાન નહીં કરે તેવી ખાત્રી આપતાં ૨૦૨૪માં ફરીથી કોર્ટમાં લગ્ન કર્યા હતા. લગ્નજીવન દરમિયાન પતિ અવાર-નવાર કોઈ મહિલા સાથે વાતચીત કરતો હોવાની શંકા જતાં પૂછતાં ઝઘડો કરી મારઝુડ કરતો હતો. તેની સાથે કામ કરતાં પિયુષભાઈ અને અન્યોએ પણ પતિને સમજાવ્યા હતા.ગઈ તા.૧૫ના રોજ પતિ અન્ય મહિલા સાથે વાત નહીં કરવા સમજાવતાં છરી લઈ કહ્યું કે તું મને ગમતી નથી, તને જાનથી મારી નાખીશ. બાદમાં તેને ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી તે વખતે સિવીલમાં સારવાર લીધી હતી. બાદમાં પતિ વિરૂધ્ધ અરજી કર્યા બાદ ફરિયાદ નોંધાવી હતી.

# મુંબઈનાં અનેક ભાગોમાં એકાએક ભારે વરસાદઃ‘ચલો એલર્ટ’

## જોગેશ્વરી, કાંદીવલી, મલાડ, વિલેપાર્લે સહિતના અનેક વિસ્તારોમાં પાણી ભરાયાઃ ટ્રાફીકજામ

મુંબઈ તા.૧૩

ભારતના આર્થિક પાટનગર એવા મહાનગર મુંબઈમાં આજે સવારે ઓચિંતો કમોસમી વરસાદ ખાબકતાં અનેક ભાગોમાં જળબંબાકાર જેવી હાલત સર્જાઈ હતી અને અણધાર્યા વરસાદથી મુંબઈગરાઓ મુશ્કેલીમાં મુકાયા હતા. હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે.

મુંબઈનાં કાંદીવલીમાં સૌ પ્રથમ ભારે વરસાદ નોંધાયો હતો ત્યારબાદ ગોરેગાંવ અંધેરી, જોગેશ્વરી, મલાડ, વિલેપાર્લે અને સાંતાક્રુઝમાં પણ વરસાદ પડયો હતો.એકાએક વરસાદ ખાબકતાં રાહદારીઓ તથા વાહન ચાલક મુશ્કેલીમાં મુકાયા હતા. કલ્યાણ અને થાણેમાં પણ વરસાદ વરસ્યાના અહેવાલ હતા. વરસાદને પગલે લોકોએ ગરમીમાં રાહત મેળવી હતી પરંતુ જળબંબાકાર અને ટ્રાફીક જામથી મુશ્કેલી સર્જાઈ હતી.

# ગર્ભસ્થ માતાઓ તેમજ બાળકોની આરોગ્ય સંભાળ સંદર્ભે એક દિવસીય કાર્યશાળા યોજાઈ

રાજકોટ,તા.૧૩

અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખા દ્વારા ગર્ભસ્થ માતાઓ તેમજ બાળકોની આરોગ્ય સંભાળ સંદર્ભે ખૂબ જ માહિતીસભર અને ઉપયોગી કાર્યક્રમ લલ્લુડી વોકળી ખાતે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભાવના જોશીપુરાના અધ્યક્ષ સ્થાને આયોજિત ઉદઘાટન સમારોહ યોજાયો હતો.

આ કેમ્પને સફળ બનાવવા માટે પરિષદના મંત્રી પ્રવિણાબેન જોશી, મેડિકલ ઓફિસર ડોક્ટર મૌલીબેન ગણાત્રા, ડોક્ટર




કૃપાબેન પંડ્યા, મહિલા વકીલ પારૂલબેન પંડ્યા, સ્થાનિક શાળાના પ્રાચાર્ય પ્રજ્ઞાબેન તેમજ, આરોગ્ય કર્મીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.



# યુદ્ધની પરિસ્થિતિ વેળાએ ગરૈયા પરિવારે સૈનિક ફંડમાં ૫૧ હજારનું અનુદાન આપ્યું

## કલેકટરને લેખિત પત્ર સાથે ચેક અર્પણ કરાયો

રાજકોટ,તા.૧૩

વીંગ કમાન્ડર વ્યોમિકા સિંગ અને કોલ સોફિયા કુરેશી ને જોઈને વિચાર આવ્યો કે ઘરે બેઠા આપણે દેશ માટે શું કરી શકીએ ૧ આજે આપણે ઘરમાં સુરક્ષિત બેઠા છીએ જેનું કારણ છે આપણા દેશના સરહદ પરના સૈનિકો, જે પીતે પોતાના પરિવારને છોડી પોતાનો જીવ જોખમમાં મૂકી આપણી અને આપણા દેશની રક્ષા કરે છે તેના પ્રત્યે અને દેશ પ્રત્યે કંઈક કરવાની આપણી પણ ફરજ છે. બસ આ જ વિચારીને વાચા આપી ગરૈયા પરિવારે દીકરીઓના વિચારને વધાવી લીધો અને ભારત દેશના સૈનિક ફંડમાં ૫૧,૦૦૦ રૂપિયા નું અનુદાન આપવાનું અને આ દેશ અને ભગવાને આપણને જે આપ્યું છે એ. એટલે કે શ્રી બી.જી. ગરૈયા હોસ્પિટલ, મેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, દવા તથા ૪૦૦ માણસોને રહેવા જમવા માટેનો સમાવેશ થઈ શકે તેવું ગરૈયા નાનપીઠ નું કેમ્પસ ભારતના સૈનિકો તથા નાગરિકો માટે જ્યારે જરૂર પડે ત્યારે ઉપયોગ કરવા માટે આપવું તેવું ગરૈયા પરિવારના વડીલ વનરાજભાઈ ગરૈયા, રામભાઈ ગરૈયા, એભલભાઈ ગરૈયા, મનોજભાઈ ગરૈયા, મેહુલભાઈ ગરૈયા તથા સંપૂર્ણ ગરૈયા પરિવારે આમ નક્કી કર્યું.

ગરૈયા પરિવારના વડીલ વનરાજભાઈ ગરૈયા અને ગરૈયા પરિવારની દીકરીઓએ રાજકોટના કલેકટર પ્રભવ જોશીને ૫૧,૦૦૦ નો ચેક અને લેખિતમાં પત્ર અર્પણ કર્યો જેને કલેકટર પણ હૃદય પૂર્વક આવકાર્યો.

ઉલ્લેખનીય છે કે કોરોના કાળમાં પણ ગરૈયા પરિવારે પોતાની ગરૈયા હોસ્પિટલ, ભોજન અને સંપૂર્ણ કેમ્પસ લોકોની સેવા માટે સરકારશ્રી ને અર્પણ કર્યું.

# વીવીપીમાં ડિપ્લોમાં એન્જીનીયરીંગનો પ્રારંભ

## સંસ્કારયુકત શિક્ષણ અને પ્લેસમેન્ટ આપવા સંસ્થા કટિબદ્ધ

રાજકોટ,તા.૧૩

સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજની શરૂઆત કરનાર, ભારતની ‘‘બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ‘‘ ના રાષ્ટ્રીય એવોર્ડ સહિત અનેક એવોર્ડથી સન્માનિત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા આ વર્ષથી ડીપ્લોમાં એન્જીનીયરીંગની શરૂઆત રહી છે.



વી.વી.પી. દ્વારા મીકેનીકલ, ઈલેકટ્રીકલ, કેમીકલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને સિવિલ એન્જીનીયરીંગમાં ડીપ્લોમાં એન્જીનીયરીંગની શરૂઆત થઈ રહી છે. ૨૯ વર્ષોથી ‘‘રાષ્ટ્રાય સ્વાહા ઈદં ન મમ-મારુ બધુ જ મારા રાષ્ટ્રને અર્પણ‘‘ મૂળ મંત્ર સાથે કાર્યરત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજે ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ ક્ષેત્રે શિરમોર સ્થાન પ્રાપ્ત કર્યુ છે.હવે ડીપ્લોમાં ક્ષેત્રે પણ વી.વી.પી. સંસ્કારયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ પ્લેસમેન્ટ આપવા કટિબધ્ધ છે. ૨૯ વર્ષમાં વી.વી.પી.ને એ ૨૧ જેટલા એવોર્ડ મેળવ્યા છે. વી.વી.પી. ૧૦૦ ટકા પ્લેસમેન્ટ આપવા કટિબધ્ધ છે. વી.વી.પી.ના વિદ્યાર્થીઓ રીલાયન્સ, નયારા, મેટ્રીકસ, ઝાયડસ, આઈ.આર.એમ. એનર્જી, રોલેક્ષ, ઈ-ઈન્ફોચીપ, ટી.સી.એસ. મહિન્દ્રા, ઈન્ફોસીસ, પેલીકોન, ઈન્ટાસ, જયોતિ બોસ્ક, ઈ.પી.પી. , ફેરોમેટીક મીલેક્રોન, વિપ્રો, સિદ્ધી સિમેન્ટ, જેટકો વગેરે ૧૦૦થી વધુ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પસંદગી પામ્યા છે.

૩૨ પી.એચ.ડી. પૂર્ણ કરેલ પ્રાધ્યાપકો, ૩૦ પી.એચ.ડી. કરી રહેલ પ્રાધ્યાપકો અને માસ્ટર -ડીગ્રી ધરાવતા તમામ પ્રાધ્યાપકો દ્વારા જે રીતે ડીગ્રી એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, એ જ રીતે ડીપ્લોમાં એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને પણ શ્રેષ્ઠ શિક્ષણ આપવા વી.વી.પી. કટિબધ્ધ છે.કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા અને મેનેજમેન્ટ કવોટા પ્રવેશ માર્ગદર્શન માટે વી.વી.પી.ની મુલાકાત લેવા સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ, ડો. નવીનભાઈ શેઠ તથા આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાએ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓને અનુરોધ કર્યો છે.મીકેનીકલ વિભાગના હેડ અને પ્રોફેસર ડો.નીરવ મણીયાર સીવીલ વિભાગના એસોસીએટ પ્રોફેસર અને હેડ ડો.જે.વી.મહેતા, પ્રચાર-પ્રસાર સમિતિના કન્વીનર ધવલભાઈ જોશી તથા સભ્ય કેતનભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

# મારૂ પરિવારનું ગૌરવઃ મહેક ધો.૧૨ ના સામાન્ય પ્રવાહમાં ૯૯.૮૫ PR સાથે ઉતીર્ણ



રાજકોટ, તા.૧૩

તાજેતરમાં ધો.૧૨ ના સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. ત્યારે શહેરની ધોળકિયા શાળામાં અભ્યાસ કરતી મનોજભાઈ મારૂ તથા મમ્મી જ્યોત્સનાબેન મારૂના પુત્રી મહેક મારૂ એ ધો.૧૨ ના સામાન્ય પ્રવાહમાં A ગ્રેડ સાથે ૯૯.૮૫ PR મેળવી ઝળહળતું પરિણામ હાંસલ કર્યું છે. સાથે તેણીએ ઓર્ગેનાઇઝેશન ઓફ કોમર્સ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. મહેક એ આ પરિણામનો શ્રેય સાતત્યપૂર્વક શરૂઆતથી જ કરેલ નિયમિત મહેનત, ધોળકિયા સ્કૂલના શિક્ષકોનું સચોટ માર્ગદર્શન તથા દાદા-દાદી અને માતા પિતાના આશીર્વાદને છે. આ સફળતા બદલ સમગ્ર મારૂ પરિવાર, સગા સ્નેહીજનો, ધોળકીયા સ્કુલના સંચાલકો તથા શિક્ષકો તેમજ મહેકના મિત્રો અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે.

# જૈન સમુદાયનું ગૌરવ

રાજકોટ,તા.૧૩



મોદી સ્કુલમાં અભ્યાસ કરતા યથાર્થ ભીમાણીએ ધો.૧૦ માં ૯૬.૨૨ પીઆર સાથે ઝળહળતું પરિણામ હાંસલ કરેલ છે. આ સાથે યથાર્થ એ સાયન્સમાં ૯૮ અને મેથ્સમાં ૮૯ માર્કર્સ મેળવ્યા છે. આ પરિણામ સાથે યથાર્થ એ જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે. યથાર્થ આગળ ધો.૧૧ સાયન્સમાં B ગ્રુપમાં પ્રવેશ લઈ પિતાના પગલે ડોક્ટર બનવા મહેનત આદરી છે.